
# પ્રતિક્રમણ સૂત્ર ચિંતનિકા




લબ્ધિ દીક્ષા શતાબ્દિ ગ્રંથમાલા

૧૫




શ્રી લબ્ધિ વિક્રમ ગુરુ કૃપાએ ભવ્ય જિર્ણોદ્ધાર
શ્રી ઉવસગ્ગહરં તીર્થ
શ્રી પાર્શ્વનાથ પ્રભુ
શ્રી કુલ્પાક તીર્થ
શ્રી માણિક્યસ્વામિ
શ્રી ભરૂચ તીર્થ
શ્રી મુનિસુવ્રતસ્વામિ
પ. પૂ. આ. શ્રી રાજયશસૂરીશ્વરજી મ.સા.
શ્રી પ્રેરણા તીર્થ અમદાવાદ
શ્રી ગોડી પાર્શ્વનાથપ્રભુ
શ્રી બનારસ તીર્થ
શ્રી પાર્શ્વનાથ પ્રભુ

# શ્રી લબ્ધિ
# પ્રતિક્રમણ સૂત્ર ચિંતનિકા

ગ્રંથમાલા - ૧૫

: દિવ્યાશિષદાતા :

પૂ. પા. ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ. સા.

: સંપાદક :

પ. પૂ. આચાર્યદેવ રાજયશસૂરીશ્વરજી મ. સા.

: લેખિકા :

પૂ. સા. રત્નચૂલાશ્રીજી મ. સા. ના નિશ્રાવતી
પૂ. સા. વાચંયમાશ્રીજી મ. સા. (પૂ. બેન મ.સા.)

: પ્રકાશક લાભાર્થી :

શ્રી ઝવેરચદ પ્રતાપચંદ સુપાર્શ્વનાથ જૈન સંઘ
વાલકેશ્વર, મુંબઈ.

: પ્રકાશક :

શ્રી લબ્ધિ વિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર
T-7-A, શાંતીનગર, આશ્રમરોડ, અમદાવાદ-૧૩.

પ્રથમાવૃત્તિ - સંવત - ૨૦૫૯

નકલ - ૨૦૦૦

પુસ્તક પ્રકાશનના લાભાર્થી
**શ્રી ઝવેરચંદ પ્રતાપચંદ સુપાર્શ્વનાથ જૈન સંઘ**
વાલકેશ્વર, મુંબઈ.

પ્રાપ્તિ સ્થાન :-
**શ્રી લબ્ધિ વિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર**
T-7-A, શાંતીનગર, આશ્રમરોડ, અમદાવાદ-૧૩.

**શ્રી સોલારોડ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ**
શ્રી આદિનાથ જિનાલય, ચિત્રકુટ પાસે,
સોલારોડ, અમદાવાદ.

**ડો. સુરેશભાઈ મહેતા**
જૈન ધર્મ ફંડ પેઢી, શ્રીમાળી પોળ, ભરૂચ.(ગુજરાત)

મુદ્રક :
**ધરણીધર પ્રીન્ટીંગ પ્રેસ**
૪૨, ભદ્રેશ્વર સોસાયટી, શાહીબાગ રોડ, અમદાવાદ.
ફોન - ૬૬૩ ૧૦ ૭૪

શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ નિર્મિત જિન મંદિરના રજત પરિકરયુક્ત મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ





# શેઠ ઝવેરચંદ પ્રતાપચંદ
# શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રય

૧૦૧, ન્યુ ઈંદ્ર ભવન, વાલકેશ્વર રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬.

# શ્રી પ્રતિક્રમણ સૂત્ર ચિંતનિકા

પુસ્તક પ્રકાશન લાભાર્થી
શ્રી ઝવેરચંદ પ્રતાપચંદ સુપાર્શ્વનાથ જૈન સંઘ
વાલકેશ્વર, મુંબઇ-૬.

: પ્રેરિકા :
પૂ. વિદુષી સાધ્વીવર્યા રત્નચૂલાશ્રીજી મ.સા.

: લેખન :
શાસનસેવિકા પૂ. સાધ્વીવર્યા વાચંયમાશ્રીજી (પૂ. બેન મ.)

અનુમોદક
શ્રી લબ્ધિ - વિક્રમસૂરીશ્વરજી સંસ્કૃતિ કેંદ્ર
(શાંતિનગર, અમદાવાદ.)

# અંતરના આશીષ

ધર્મની કંઈક સ્પષ્ટ ભૂમિકા થતી ગઈ એમ પ્રતિક્રમણ કરવાનું મન થતું ગયું. રોજ પ્રતિક્રમણ કરતો હતો. કોઈએ પૂછયું. હું પણ રોજ પ્રતિક્રમણ કરું છું. પણ રોજના એકના એક સૂત્રોથી થોડો કંટાળો આવે છે. આ તેમની મુંઝવણ, હું ઝબકી ગયો. મેં કહ્યુ કંટાળો કેમ આવે ? તમે એક વાત મનમાં સ્થિર કરો. પ્રતિક્રમણના મોટા ભાગના સૂત્રો એ ગણધર ભગવંતોની રચના છે. અહો ! આ ખ્યાલજ આત્માને આનંદમય બનાવી દે તેવો છે. ગણધર ભગવંતની કૃતિ આપણે મુખે બોલવાની કેવી આનંદમય પરિસ્થિતિ છે.

એક વખત પૂ. ગુરુદેવ વિક્રમ સૂ. મ. મને કોઈ પાઠ આપતાં કહ્યું "રાજા ! બધી વાત ખરી પણ આગમોની ભાષા અને એના શબ્દો સીધા આત્માને સ્પર્શી જાય છે." ખબર નહીં, પૂ. ગુરુદેવની વાણીમાં શું પ્રભાવ હશે. મને આવશ્યક સૂત્રો બોલવા ખૂબ ગમે છે. મને સમય મળ્યો હોય અને ચૈત્યવંદનમાં કે પ્રતિક્રમણમાં એકલો હોઉં તો એક મસ્તી પેદા થઈ જાય છે. તેમાંય લબ્ધિની સંગીતમયતા એ સૂત્રોના પાઠ સંગીતમાં ગાવાનું શીખવી દીધું છે. ગીત-સંગીત સહીત સૂત્રોના ઉચ્ચારણો આત્મામાં એક અનુપમ આલ્હાદ પૂરો પાડે છે.

શિષ્યનું ઘડતર તો ગુરુની ગોદમાં જ થાય છે. હું મારી અંદર કોઈપણ સંસ્કાર જોઉં છું ને ગુરુ મ. ની યાદ સ્વાભાવિક થઈ જાય છે. વિક્રમસૂરિ મ. તો વાત્સલ્યમયી માતા હતી. એકવાર એક પત્રકાર અમદાવાદના ઉપાશ્રયમાં વંદન માટે આવ્યાં હતા. પૂ. ગુરુદેવને એમણે બાળ સાધુઓ સાથે વાત કરતાં નિર્મળ વિનોદ કરતાં, અપાર

વાત્સલ્ય કરતા અને-સાથે સાથે આત્માને જગાવીદે તેવી હિતશિક્ષા આપતા જોયા. આ પત્રકારનો ત્યાં કોઈ પ્રતિભાવ ખબર ન પડ્યો પણ થોડા દિવસોમાં વર્તમાનપત્રમાં સહુએ વાંચ્યું. "બાળ સાધુઓની ઉછેરણી જોવી હોય તો શાંતિનગરના ઉપાશ્રયમાં જાવ" આવી વાત્સલ્યમયી ગુરુમાતાએ ખૂબ પ્રેમથી ઘણા સુંદર સંસ્કારો આપ્યા છે. પૂજ્ય ગુરુદેવ કહેતા "રાજા હું તને ભણાવી શકું કે ભણાવવાનો સમય ન આપી શકું પણ તું મારી પાસે બેસી રહે એ પણ ઘણું છે. તારી ગ્રહણ શક્તિ છે. કોઈની પણ સાથે તત્વચર્ચા તાલે તને લાભ થાય જ છે." અને આવી અનેક ચર્ચાઓની મને યાદ છે. પણ શાંતાક્રૂઝની ચર્ચાઓ કદી ભૂલી શકુ એમ નથી. ત્યાં સુશ્રાવક પ્રવીણભાઇ અમરચંદ ઝવેરી નિયમિત આવતા હતા. ધંધાની નિવૃતિ બાદ ધર્મ-અભ્યાસનો અદમ્ય ઉત્સાહ હતો. અને પૂ. ગુરુદેવની સાથે આવશ્યક સૂત્રોની ચર્ચા થતી ત્યારથી એક મજબૂત અભિગમ મનમાં બેસી ગયો સૂત્રના પ્રત્યેક શબ્દો - તેના ક્રમો તેમાં આવતા ભાવો દરકેનું આગવું મહત્વ છે. એ પછી તો વર્ષો બાદ એવો અવસર આવ્યો કે પ્રવીણભાઈ ખુદ સાયન અને દાદરમાં વિશંતિ - વિંશિકા ની વાચનાઓ લેવા આવતા. પૂ. ગુરુ.મ. પાસે બેસે. ગુરુ મહારાજ મને કહે તું જ અર્થ પર વિવેચન કર. અને એ વિવેચનો મને પોતાને અને સહુને રસ તરબોળ કરી દેતા હતા.

"સજ્ઝાય સમો નત્થિ તવો" એવું કહેવાય છે. સ્વાધ્યાય એ તપ છે. એવું સાચું જ કહેવાય છે. પણ સ્વાધ્યાય એ આનંદ છે. એ મુખ્ય વાત છે. ઘણીવાર દશવૈકાલિક કે ઉત્તરાધ્યયનનો પાઠ કરું છું. અને મન આનંદથી ઉભરાઇ જાય છે. શારીરિક અસ્વસ્થતાથી શિષ્ય શિષ્યા વર્ગમાં જેટલી ચાહના છે એટલી વાચનાઓ હું આપી નથી

શકતો. પણ વાંચના લીધાબાદ સહુના ચહેરા પર કોઇ દિવ્યલોકના પ્રવાસનો આનંદ ટપકતો હોય છે. મને જાણે શરીરના અણુઅણુમાં કોઇ દિવ્ય સંચાર થતો હોય તેવું લાગે છે.

જો મારા સ્વરમાં સ્વર મેળવી શકે એવા સાધુભગવંતો હોય અને અર્થની સભાનતા પૂર્વક આગળનો પાઠ થતો હોય તો નંદીસૂત્રની વાત આત્મામાં રમવા માંડે છે.નંદીસૂત્રમાં કહ્યું છે "સજ્ઝાય નંદી ઘોસસ્સ" સ્વાધ્યાય રૂપ નંદીઘોષ સાધુજનોમાં ચાલુ જ હોય છે. આવો સ્વાધ્યાય કરતાં આનંદની અનુભૂતિ કરવી એ સાધુપણાનો અનેરો લ્હાવો છે. ના, સાધુનો અધિકાર છે. .

★ *સ્વાધ્ય સાધુનો અધિકાર છે...*

★ *સ્વાધ્યાય કરતાં મગ્ન થવું એ સાધુનો અધિકાર છે.*

★ *સ્વાધ્યાય કરતાં પરમાનંદથી ઉભરાઈ જવું એ સાધુપણાનો અધિકાર છે.*

### *"ન વૈ સુખં રાજ રાજસ્ય"*

સ્વાધ્યાયએ લોક-વ્યાપારની પરાંગમુખતાથી જ થાય છે. પ્રશમરતિકાર કહે છે. સાધુના સ્વાધ્યાય આદિ જેવું સુખ રાજાઓના રાજા ચક્રવર્તીઓને પણ હોતું નથી. સ્વાધ્યાય જાણે અરિહંત પરમાત્માના ધર્મચક્રવર્તીપણાના આપણને સીધા જ વારસદાર બનાવી દે છે. એટલે જ આગમસૂત્રો પર કોઇ ચિંતન - મનન કરે તો ખૂબ અનુમોદના થાય છે.

સાધ્વીવર્યા વાચંયમાશ્રી એક સિદ્ધહસ્ત લેખિકા છે. તે નિર્વિવાદ છે. દશવૈકાલિક, ઉત્તરાધ્યયન અને આચારાંગની ચિંતનિકાઓએ જૈનોના તમામ સંપ્રદાયોમાં પરમ આદર પાત્રતા પ્રાપ્ત કરી છે.

ઘણા વખતથી તેમનું લેખન કાર્ય બંધ હતું. આ વખતે કહ્યું શ્રી

સુપાર્શ્વનાથ ઉપાશ્રય દરિયાતટ પર છે. કંઈક લખજો. અને એમણે *"પ્રતિક્રમણ સૂત્ર ચિંતનિકા"* લખી. પ્રકરણો જોયા છે. ચિંતન તો છે જ. લેખન શૈલી અંગે તો તેમની 'કમલ-પરાગ' પુસ્તિકાની પ્રસ્તાવનામાં લગભગ ૪૦ વર્ષ પૂર્વે શાંતિકુમાર ભટ્ટ મુંબઈ સમાચારના તંત્રીએ જે લખ્યું હતું તે આજે પણ સાચું છે. એમની લેખની જાણે ગદ્ય-પદ્ય હોય એવો અનુભવ થાય છે. કર્તા - કર્મ - ક્રિયાપદ યથેચ્છ સ્થાને મુક્ત પણે વિહાર કરતા લાગે છે.

બહુધા ટુંકા વાક્યો મનને તોષ આપે છે. *"પ્રતિક્રમણ સૂત્ર ચિંતનિકા"* જ્યારે પ્રકાશિત થઈ રહી છે ત્યારે મારું ચિંતન પ્રતિક્રમણ યોગ પર આવી રહ્યુ છે. અનેક વિધ પ્રવૃત્તિમાં ધ્યાન અપાતું નથી. પણ પ્રતિક્રમણનો એક યૌગિક સાધનાના રૂપમાં પણ આલ્હાદજનક અનુભવ જનજનમાં જાગે તે માટે ઘણું કરવાનું બાકી છે. આ દિશામાં અનેક મુનિવરો - અનેક સંપ્રદાયોના મહાત્માઓ ચિંતન - મનન અને પ્રયોગ કરી રહ્યા છે તેવું જાણ્યું છે આ બધાનું સંકલન અને સ્વાનુભવની તન્મયતા જરૂર આત્મામાં કંઈક જગાડશે.

આ ચર્ચા હું અહીં ન કરતાં અહીં જ વિરામ કરીશ પણ આ પુસ્તિકાના પ્રકાશન વખતે મારા પૂજ્ય ગુરુદેવ કેટલા પ્રસન્ન હોત તેવી કલ્પના કરું છું. બસ વિક્રમ અને લબ્ધિની કૃપા આ લેખિકા પર પણ વરસો. માતા સરસ્વતીની અને પદ્માવતીની કૃપા વરસો. અને લબ્ધિ સમુદાયના બહુમાન્ય જૈનં જયતિ શાસનમ્ ના જયનાદને વિસ્તારવા તેમના તનમાં સ્વસ્થતા - મનમાં પ્રસન્નતા અને આત્મામાં પવિત્રતાના પ્રવાહો વહેતા રહો એ જ આશીષ....

***આચાર્ય વિજય રાજયશસૂરિ***

ગોડીજી જૈન ઉપાશ્રય - કા. સુ. - ૧૨, વિ. સં. ૨૦૫૯ તા. ૧૫ - ૧૧ - ૦૨

# મારી વાત

દીક્ષા જીવનની ૫૩મી વસંત આવી રહી છે. મુંબઇ તરફનો વિહાર ચાલી રહ્યો હતો. વસઇનો બ્રીજ ક્રોસ કરતાં મૃત્યુ એક આંગળ દૂરથી સલામ કરી ગયું. પણ ચિંતનના ચક્રો પારાવાર પેદા થયા. જીવન યાત્રાના કેટલા ઉપકારી ? સંયમયાત્રાના કેટલા ઉપકારી ? ભવયાત્રાને ભાવયાત્રા બનાવવામાં કેટલા ઉપકારી ? ઉપકારીનું લીસ્ટ કરવા બેસું તો લાગ્યું પેન અને પેપર ઓછા પડશે. જીંદગીનો સમય ખૂબ ઓછો પડશે. અંતે થયું નાની નોંધ કરૂં ?

ત્રિકાલા બાધિત-ત્રિજગત્ ગુરૂ શાસન સિવાય કૃતજ્ઞભાવ પ્રગટે નહિ. આત્મસાધનાનો અનુપમ માર્ગ પ્રાપ્ત થાય નહિ. શાસનની સ્મૃતિ શું કરૂં ? સદા શાસનને ચરણે સમર્પિત રહું એ જ જીવનવ્રત બને....

વિ.સં. ૨૦૦૬માં સંયમ લીધું. પ્રભુ શાસન ગમ્યું, પણ દિલ તો વિ.સં. ૨૦૦૭માં વાત્સલ્ય વારિધિ પૂ. દાદા ગુરૂદેવ લબ્ધિસૂરીશ્વરજી મ.સા. ના દર્શન-વંદન કર્યા અને તેજઃ પુંજ ગુરૂદેવના ચરણે હૃદય સમર્પિત થઇ ગયું. તર્ક-વિતર્ક-વિતંડાવાદ-ગાંધીયુગની ભયંકર અસર મગજમાં વિચારોનું દ્વંદ્વ-યુધ્ધ ચાલે. પૂ.પા. ગુરુદેવ વિક્રમ સૂ.મ.સા.ની ધીર-ગંભીર-શાંત-મહાશાંત જીવન શૈલી નિહાળી. બસ એમ જ થાય, જન્મ જન્મ આ મહાપુરૂષના ચરણ અને શાસનમાં રહીયે. પૂ. ગુરૂદેવે જીવનમાં આદેશ તો ક્યારેય કર્યો

ઉપદેશ-પ્રેરણા-વાત્સલ્ય દ્વારા શાસ્ત્ર જ્ઞાનના પાન કરાવ્યા. વર્તમાન ગુરૂદેવ પૂ.આ.દેવ ***રાજયશ સૂ.મ.સા.*** નું ગુરૂ ચરણે સમર્પણ ખૂબ નિકટથી નિહાળ્યું. શાસન ગૌરવ-સમુદાય ગૌરવ - વ્યક્તિમાત્રનું ગૌરવ કરવાની વિશિષ્ટ પધ્ધતિએ દિલ દિમાગનો કબ્જો લીધો.

શાસ્ત્ર વાંચન-શાસ્ત્ર સ્વાધ્યાય-શાસ્ત્ર અર્થ મનમાં ગુંજિત થવા લાગ્યા. અમારા ગુરૂમૈયા **પૂ.સા. સુવ્રતા શ્રી મ.સા.**ની પ્રભુ ભક્તિ અને અમારા સંસારી - સંયમી માતૃશ્રીનું કડક અનુશાસન સાધુ જીવનની મહત્તા- અનુપમતા સમજાવા લાગી. મારા વડીલ પૂ. ભગિની વિદુષી સાધ્વી **રત્નચૂલાશ્રી મ.સા.** ની આગમ લીનતા - આગમ-શાસ્ત્રમયતા - નિખાલસતા - સરળતા મારા જીવનના આદર્શ અને લક્ષ્ય બન્યા. લઘુ ભગિની **સા. શુભોદયા**ની પુણ્યમયતા - મધુરતા કઠીન વિહાર કરી પલ્લિવાલ પ્રદેશની ઉધ્ધાર વૃત્તિ મારા મનને રૂચિ ગયા. અમારૂં વિશાલ સાધ્વી મંડળ એક આદર્શ આર્યા મંડળ છે. રોજ ત્યાં જ્ઞાન-ધ્યાન-અભ્યાસ-સ્વાધ્યાય-તપનો નંદિઘોષ ચાલે છે. વિનયથી વ્યવહાર કરે છે. સમર્પણથી ધન્ય બને છે. આ સાધ્વી મંડળને અભ્યાસ કરાવતાં વાંચના આપતા આગમ સૂત્રોના પદો દિલમાં રમવા લાગ્યા. પૂજ્ય કૃપાએ લેખિની ચાલવા લાગી. આ સાલ પણ અમદાવાદથી વિહાર સમયે પૂ. ગુરૂદેવે પ્રેરણા કરી - કંઇક લખજો.

મુંબઇ સુપાર્શ્વનાથ જૈન સંઘના નૈસર્ગિક સૌંદર્યયુક્ત શાંત વાતાવરણવાળા ઉપાશ્રયમાં ચૈત્ર વદ-૧ (એકમ)ના આવ્યા. પ્રાતઃકાળની આવશ્યક ક્રિયા - પ્રભુ દર્શન બાદ પ્રતિક્રમણ સૂત્ર ઉપર ચિંતનનું આલેખન કાર્ય પ્રારંભ કર્યું.

આ ચિંતન આલેખન કરતાં મુખ્યતયાએ મને મારો આત્મા જ સામે દેખાયો છે. તેથી આ લેખન આત્મ સંવેદન સ્વરૂપ બન્યું છે.

આ લેખન દ્વારા આત્મદર્શન-આત્મિક અવસ્થા દર્શન કરવા પ્રયત્ન કર્યો છે. આ પ્રયત્ન મને પરમાત્મમય બનાવે એ જ ભાવના વેગવતી રહી છે. પરમાત્મ ભાવને પામવાનો એક નમ્ર પુરૂષાર્થ છે.

જે વિચારો આવ્યા તે આલેખ્યા છે. પણ ઘણી ક્ષતિ હશે ! ક્યાંય પણ ભૂલ હશે !! ભૂલ મારી છે. ભૂલ અલ્પજ્ઞતાથી, પ્રમાદથી છે. સારૂં સુંદર જે કંઇ પણ તે પૂજ્યોની કૃપા છે. પુનઃ પુનઃ પ્રભુને, પૂજ્યોને એક જ પ્રાર્થના, આપના ચરણ અને શરણમાં રાખજો. મારા અપરાધની ક્ષમા કરજો. હૃદયના ભાવો કેવળજ્ઞાનીને સ્પર્શવા આતુર છે પણ... જ્ઞાનાવરણીય કર્મ રૂક જાની આલબેલ વગાડે છે. અપરાધ મારા અને ઉપકાર પૂજ્યોના. પુનઃ પુનઃ ઉપકારની સ્મૃતિ કરતાં વિરમું છું. આ સાથે નત મસ્તકે વંદના કરૂં છું.અમારા તારક ગુરૂદેવે અનેક પ્રકારના કાર્યમાં વ્યસ્ત હોવા છતાં આ પુસ્તક સંપાદન કરી આપવાની કૃપા કરી. તેમજ સાધ્વી લક્ષ્યયશાશ્રી તથા સાધ્વી પ્રસન્નયશાશ્રીએ પ્રેસકોપી કરી સુંદર સહકાર આપ્યો છે, અને સાધ્વી દિવ્યયશાશ્રીએ પ્રુફ સંશોધન કર્યું છે.

**ગુરૂ ચરણરેણુ**

**આર્યા વાચંયમાશ્રી (બેન મ.)**

શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય, પાયધુની - મુંબઇ - ૩.

તા. ૯ - ૧૦ - ૨૦૦૨ આ. સુ. - ૪ - ૨૦૫૮

## *પ્રકાશકીય...*

શ્રી લબ્ધિ - વિક્રમસૂરીશ્વર કેંદ્ર તરફથી અનેક વિશિષ્ટ પુસ્તક પ્રકાશન થાય છે. જનતા જનાર્દનની સેવામાં વિશિષ્ટ સાહિત્ય રજુ કરવું અમારી નેમ છે. ગુજરાતી - હિંદી - અંગ્રેજી - સંસ્કૃત - પ્રાકૃત ભાષામાં સાહિત્ય પૂ.પા.ગુરૂદેવ **વિક્રમ સૂરીશ્વરજી મ.સા.**નાદિવ્યાશિષે વર્તમાન પૂ. ગુરૂદેવ **રાજયશસૂરીશ્વરજી** મ.સા.ની નિશ્રામાં તૈયાર થાય છે.

પૂજ્યશ્રીની નસ - નસમાં જિન ભક્તિ છે. ગુરૂ આજ્ઞા - કૃપા તેઓના પ્રાંણ છે. શાસનના રહસ્યને પાર પામવા તેઓશ્રી પાસે ઋતુંભરા પ્રજ્ઞા છે. વર્તમાન કાળના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને સમજવા - સમજાવવા એક આગવી અનુપમ શાસ્ર પરિકર્મિત નિર્મળ બુદ્ધિ તથા અપાર વાત્સલ્ય - કરૂણા છે. છતાં પૂજ્યશ્રી ભીમ-કાંત ગુણના સ્વામી છે. એક આંખમાં અપાર વાત્સલ્ય અને બીજી આંખમાં અનુપમ શાસન છે. શાસન સાપેક્ષ ચતુર્વિધ સંઘના યોગ-ક્ષેમ કરે છે. પ્રત્યેક આત્માની વિશિષ્ટ શક્તિ માટે સદા માર્ગ-દર્શન આપે છે.

પૂ. દાદા ગુરૂદેવ **લબ્ધિસૂરીશ્વરજી મ.સા.** - પૂ. ગુરૂદેવ **વિક્રમસૂરીશ્વરજી મ.સા.** તથા પૂ. ગુરુદેવ **રાજયશસૂરીશ્વરજી મ. સા.** ની સેવા કરવાનો અનુપમ લાભ સાધ્વી **વાચંયમાશ્રીજી મ.સા.**(બેન મ.) ને મળ્યો છે.

ત્રંણે પૂજ્યોનું શિક્ષણ - સંસ્કાર - વાત્સલ્ય પૂ. બેન મ.સા.ને પ્રાપ્ત થયું છે. પૂ. ગુરૂદેવના આશીર્વાદ અને પ્રેરણાથી તાજેતરમાં

**"પ્રતિક્રમણ સૂત્ર ચિંતનિકા"** લેખન કાર્ય પૂ. બેન મ.સા. કર્યું છે.

ગ્રંથ અંગે કંઇ લખવું તેના કરતાં ચતુર્વિધ સંઘ આ વાંચન કરે અને તેઓ જ ન્યાય આપે તે યથાયોગ્ય રહેશે...

પૂ. વિદુષી સાધ્વીવર્યા **રત્નચૂલાજી મ.સા.**ના સાંનિધ્યમાં વિશાળ સાધ્વી સમુદાય વિશિષ્ટ તપ - ત્યાગ - જ્ઞાન - ધ્યાનની આરાધના કરી રહેલ છે. વિશિષ્ટ શક્તિશાળી સાધ્વી લેખન દ્વારા સંઘની સેવા કરવા તત્પર બને એવી અમારા સૌની નમ્ર પ્રાર્થના...

શ્રી પ્રતિક્રમણ સૂત્ર ચિંતનિકા ગ્રંથની ૨૦૦૦ કૉપી પ્રકાશન માટે વિશાળ ધન રાશિ, મુંબઇ - વાલ્કેશ્વર - સુપાર્શ્વનાથ શ્રી ઝવેરચંદ પ્રતાપચંદ જૈન સંઘના જ્ઞાન ખાતામાંથી રકમ પ્રાપ્ત થઇ છે. ત્યાંના શાસનપ્રેમી ટ્રસ્ટી ***શ્રી કીર્તિભાઈ ચોક્સી, શ્રી બીપીનભાઈ ઝવેરી તથા શ્રી શૈલેષભાઈ ઝવેરી***નો હાર્દિક આભાર માનીએ છીએ. તેમના શ્રુત ભક્તિ - ગુરૂ-ભક્તિની હાર્દિક અનુમોદના.

આ ગ્રંથ પ્રકાશન માટે શ્રી ધરણેન્દ્રભાઇ કાપડિયાએ સુંદર ચીવટ તથા અપૂર્વ ધૈર્ય રાખ્યું છે.

પ્રાન્તે, આ ગ્રંથનું વાંચન કરી પ્રતિક્રમણ જેવી અતિ આવશ્યક ક્રિયામાં સૌ આગળ વધે. એજ હાર્દિક શુભાશા...

***શ્રી લબ્ધિ - વિક્રમ સૂરીશ્વરજી સંસ્કૃતિ કેન્દ્ર તરફથી...***

*મેનેજીંગ ટ્રસ્ટી રાજેન્દ્રભાઈ એ. દલાલ. સિકંદ્રાબાદ.*

*શ્રી દિનેશભાઈ એસ. શાહ. કોઈમ્બતુર.*

તા. ૫-૯-૨૦૦૩. ગુરૂવાર, જે.સુ.પ. સોલા રોડ...

# અનુક્રમણિકા...


| પદ | સૂત્ર | પા.નં. |
|---|---|---|
| (૧) નમો | (૧) નવકારમંત્ર | ૧ |
| (૨) છત્તીસગુણો ગુરુમજ્ઝ | (૨) પંચિંદિયસૂત્ર | ૪ |
| (૩) ઈચ્છામિ | (૩) ઈચ્છામિ ખમાસમણો | ૮ |
| (૪) ખમાસમણો | (૪) ઈચ્છામિ ખમાસમણો | ૧૧ |
| (૫) દેવગુરુપસાય | (૫) સુગુરુ સુખશાતાપૃચ્છા | ૧૫ |
| (૬) અહં ન જાણામિ | (૬) સુગુરુ વંદન સૂત્ર | ૨૦ |
| (૭) પડિક્કમામિ | (૭) ઈરિયાવહિયાસૂત્ર | ૨૪ |
| (૮) પાયચ્છિત્ત કરણેણં | (૮) તસ્સઉત્તરી સૂત્ર | ૨૮ |
| (૯) અપ્પાણં વોસિરામિ | (૯) અન્નત્થ સૂત્ર | ૩૨ |
| (૧૦) તિત્થયરા મે પસીયંતુ | (૧૦) લોગસ્સ સૂત્ર | ૩૬ |
| (૧૧) ગરિહામિ | (૧૧) કરેમિ ભંતે સૂત્ર | ૪૦ |
| (૧૨) છિન્નઈ અસુહં કમ્મં | (૧૨) સામાયિક પારવાનું સૂત્ર | ૪૪ |
| (૧૩) દુરિત તિમિર ભાનુ | (૧૩) સકલ કુશલવલ્લી | ૪૯ |
| (૧૪) થુણિજ્જઈ નિચ્ચ વિહાણિ | (૧૪) જગચિંતામણિ સૂત્ર | ૫૩ |
| (૧૫) નમો જિણાણં જિઅભયાણં | (૧૫) નમુત્થુણં સૂત્ર | ૫૮ |
| (૧૬) વંદામિ | (૧૬) ઉવસગ્ગહરં સ્તોત્ર | ૬૩ |
| (૧૭) દેવ ! દિજ્જ બોહિં | (૧૭) ઉવસગ્ગહરં સ્તોત્ર | ૬૮ |
| (૧૮) હોઉ મમં તુહપ્પભાવઓ ભયવં | (૧૮) જયવીયરાય સૂત્ર | ૭૪ |
| (૧૯) ભત્તીઈ વંદે સિરિવધ્ધમાણં | (૧૯) કલ્લાણકંદં સ્તુતિ | ૭૮ |
| (૨૦) સંસાર દાવાનલદાહ નીરં નમામિ વીરં | (૨૦) સંસારદાવા સ્તુતિ | ૮૩ |
| (૨૧) ધમ્મસ્સ સાર મુવલબ્ભ કરે પમાયં | (૨૧) પુક્ખરવર સૂત્ર | ૮૮ |
| (૨૨) નમો સયા સવ્વ સિધ્ધાણં | (૨૨) સિધ્ધાણં બુધ્ધાણં સૂત્ર | ૯૩ |

| | | |
|---|---|---|
| (૨૨)નમો સયા સવ્વ સિધ્ધાણં | (૨૨)સિધ્ધાણં બુધ્ધાણં સૂત્ર | ૯૩ |
| (૨૩)સમદિટ્ઠિ સમાહિ ગરાણં | (૨૩)વૈયાવચ્ચગરાણં સૂત્ર | ૯૭ |
| (૨૪)દુજ્ઝાઓ દુવ્વિચિંતિઓ | (૨૪)સવ્વસવિ સૂત્ર | ૧૦૨ |
| (૨૫)અણિગુહિઅ બલવીરિઓ પરક્કમઈ | (૨૫)અતિચાર આલોચના સૂત્ર | ૧૦૭ |
| (૨૬)ચઉવીસ જિણ વિણિગય કહાઈ વોલંતુ મે દિઅહા | (૨૬)વંદિત્તુ સૂત્ર | ૧૧૨ |
| (૨૭)જવણિજ્જં ચ ભે | (૨૭)વાંદણા સૂત્ર | ૧૧૭ |
| (૨૮)ભાવઓ ધમ્મ નિહિઅ નિયચિત્તો | (૨૮)આયરિય ઉવજ્ઝાએ | ૧૨૨ |
| (૨૯)જેસિં સુય સાયરે ભત્તિ. | (૨૯)સુઅદેવયા થુઈ | ૧૨૬ |
| (૩૦)શિવં સદા સર્વ સાધૂનામ્ | (૩૦)શ્રુત દેવતા સ્તુતિ | ૧૩૧ |
| (૩૧)અખ્ખુયાયાર ચરિત્તા | (૩૧)અઙ્ઢાઈજ્જેસુ | ૧૩૫ |
| (૩૨)જયદેવિ! વિજયસ્વ | (૩૨)લઘુશાંતિ | ૧૪૦ |
| (૩૩)સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉં | (૩૩)ચઉક્કસાય સૂત્ર | ૧૪૫ |
| (૩૪)જેસિં નામ ગ્ગહણે પાવ પ્પબંધા વિલયં જંતિ | (૩૪)ભરહેસર સજ્ઝાય | ૧૫૦ |
| (૩૫)મન્હ જિણાણં આણં | (૩૫)મન્હજિણાણંઆણંસજ્ઝાય | ૧૫૫ |
| (૩૬)જિનવર નામે મંગલ કોડ | (૩૬)સકલતીર્થ વંદના | ૧૬૦ |
| (૩૭)એવં અદીણ મણસો અપ્પાણ મણુ સાસઈ | (૩૭)સંથારા પોરિસિ | ૧૬૫ |
| (૩૮)ભક્ત્યા નિત્યં પ્રપદ્યે શ્રુત મહ મખિલં સર્વ લોકૈકસારં | (૩૮)સ્નાતસ્યા સ્તુતિ | ૧૭૦ |
| (૩૯)ભવ્યાનાં વિદધાતુ વાંછિત ફલં શ્રી વીતરાગો જિનઃ | (૩૯)સકલાર્હત સ્ત્રોત | ૧૭૫ |
| (૪૦)મમય દિસઉ સંજમે નંદિં | (૪૦)અજિત શાંતિ સ્તવ | ૧૮૦ |
| (૪૧)મનઃ પ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે | (૪૧)મોટી શાંતિ | ૧૮૫ |

## ૧

# નમો

જૈન શાસનના મંત્ર શાસ્ત્રનો પહેલો શબ્દ

**નમો**

નમો શબ્દ - શબ્દ નથી... પણ મંત્ર શાસ્ત્રનો મહાન ગ્રંથ છે. જૈનાગમનું રહસ્ય છે. જીવન સફળતાનું મહાન સાધનાબીજ છે.

નમો શબ્દ સાધકને એક રહસ્ય ઉદ્‌ઘાટન ક્રિયા દર્શાવે છે.

નમો શબ્દનું ઉચ્ચારણ પણ માન-મોહનીય કર્મના ક્ષપોપશમ વિના અશક્ય છે.

નમો શબ્દ નમ્રતા ગુણદ્યોતક છે.

નમો - નમસ્કાર

નમો આરાધનાનો જ મુખ્ય ઉદેશ છે. ખુદના આત્માને જ યોગ્ય બનાવવાની પ્રક્રિયા 'નમો'માં રહેલી છે.

આત્મા નમ્ર બને એટલે સૌનો સહજ વિનય ... સૌના આત્માનો આદર બહુમાન...

**નમ્ર વ્યક્તિ પ્રત્યેક વ્યક્તિના દેહના દર્શન નહિ પણ આત્માના દર્શન કરે છે.**

**આત્માના દર્શન થાય એટલે પુદ્‌ગલના બંધન તૂટે.**

**આત્માના દર્શન એટલે જ્ઞાનશક્તિના દર્શન**

**આત્માના દર્શન એટલે પરમાત્મ શક્તિના બીજના દર્શન**

**આત્માના દર્શન એટલે નિજાનંદની મસ્તીનો અનુભવ**

નમ્રતા ગુણ ગુણનું પાવર હાઉસ છે. નમ્રતા ગુણમાં એક અનોખી શક્તિ છે. વ્યક્તિમાં રહેલ ગુણનો જ સંપર્ક કરાવે છે. દોષને દૂર કરાવે છે.

દરેક ધર્મ અને દરેક મંત્રની આમ્નાય - વિધિ અલગ-અલગ પ્રકારની હોય છે. પણ દરેક ધર્મ અને દરેક મંત્ર માટે પ્રાયઃ સાધકની યોગ્યતા સમાન કહી છે.

જૈન શાસન યોગ્યતા અને પ્રક્રિયા બંને બતાવે છે.

મહાનુભાવ ! તું પ્રથમ નમસ્કાર કર...

મહાનુભાવ ! તું પ્રથમ નમ્રતા પ્રાપ્ત કર.

નમ્રતા વગર તારી સાધના સિદ્ધ નહી થાય. નમસ્કાર કર્યા વગર સાધક મહાત્માના સદ્ગુણનો સંપર્ક નહીં કરી શકે.

સમસ્ત ગુણ સમુદાયની ચાવી નમ્રતા છે. નમ્રતા આપણા ગુણવૈભવને સમૃધ્ધ કરે છે; વિકાસ કરે છે અને પ્રગતિના પંથે લઇ જાય છે.

નમ્રતા દ્વારા જ મહાપુરુષોની કૃપા પ્રાપ્ત થાય છે. નમ્રતા દ્વારા જ મહાપુરુષના ગુણવૈભવમાંથી ગુણની સંપત્તિ પ્રાપ્ત થાય છે.

વ્યક્તિ જેને નમે તેના જેવો થાય. નમ્ર વ્યક્તિ આત્મ સ્વભાવથી વ્યક્તિ માત્રનો ચાહક અનુમોદક અને આરાધક હોય છે.

હું અને મારામાં મુંઝાયેલ હોય તેના હૃદયમાં મારા તારાના સંકુચિત ભેદ હોય.

નમ્ર વ્યક્તિએ તો હું અને મારાના ઉઠમણા કર્યા છે.

**નમ્ર વ્યક્તિ સદા-સર્વદા સૌના ઉપાસક - આરાધક હોય છે.**

નમ્ર બનવાની સૌને ઝંખના થાય. પણ નમ્ર બનાય કેવી રીતે?

ભલા સાધક ! નમોનું ગણિત અલગ પ્રકારનું છે. નમો ગુણ ખમો વગર આવતું નથી.

આપણે નમો - નમ્રતા લાવવી હોય તો સૌથી પહેલા નમ્રતાની સગી મોટીબેન સમતાને લાવવી પડે. જયાં સમતા આવે છે ત્યાં નમ્રતા દોડી આવે છે. સમતા વગર હાર્દિક સહજ નમ્રતા સિદ્ધ થતી નથી.

સમતા-નમ્રતાને સહાયક છે. - સમતાપૂર્વકની નમ્રતા મોક્ષમાર્ગની સાધિકા છે.

પ્રભુ ! નમસ્કાર મહામંત્રના લાખો કરોડો જાપ કરૂં તારી પૂજા-ઉપાસના કરું મને મદ-માન-અભિમાન-અહં સતાવે. અહંમાં ચકચૂર થઈ મારા નાથ અર્હં તને હું ભૂલી જઉં ? તારી આજ્ઞાને ચૂકી જાઉં ?

અહં દ્વારા મેં બહુરૂપી જેવા કેટલા વેશ ભજવ્યા મારા આત્માની અહંમેજ ભવાઈ કરી છે.

હું અને મારું નું નાટક હવે બંધ કરવું છે. નમ્રતાનો ચમત્કાર સર્જવો છે. નમ્રતા ગુણ માટે પ્રભુ પાસે - ગુરુદેવ પાસે - ગુણીજનો પાસે વડીલો પાસે - નતમસ્તકે યાચના કરું છું.

ઓ અનંતગુણી અરિહંત પરમાત્મા ! હું ભિક્ષુક છું. હું યાચક છું. આપ દાનવીર છો. આપ દાનવીરમાં પણ ચિંતામણિ રત્નતુલ્ય છો.

મને આપો નાથ ! મારા મનોરથ પૂર્ણ કરો .... નમ્રતા આપો... નમન કરું ... બસ ... તમારા આ સેવકને સદા નમ્ર રાખજો... સ્વાર્થ - સમય - સંયોગ અને લાચારી નમ્ર બન્યાનો અહીં ઈશારો છે. આ અધોગામી નમ્રતાને છોડીને પરમાર્થ-પરાર્થ અને પ્રકાશ તરફ લઈ જતી નમ્રતાનો 'નમો' ખ્યાલ રાખવાનો અનુરોધ અદ્ભૂત છે.

નમ્રતા - વિનમ્રતાના આરાધક બનાવો એ જ પુનઃ પુનઃ પ્રાર્થના....

★ ★ ★ ★ ★

૨

# છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ

છત્રીશ ગુણવાળા મારા ગુરુ હો ... મારે ગુરુ જોઈએ. નગુરાનું ક્યારેય કલ્યાણ ન થાય. ગુરુ મારા જીવનના પથપ્રદર્શક છે... માર્ગદર્શક છે... મારા જીવન નૈયાના સુકાની છે.

વ્યક્તિના દેહને - નામને - કીર્તિને ગુરુ કરવાના નથી. માનવાના નથી. પણ વ્યક્તિમાં રહેલ વ્યક્તિત્ત્વને - ગુણને ગુરુ તરીકે સ્વીકારવાના છે, માનવાના છે.

**ગુરુ એટલે વિચરતું - વિહરતું - જ્ઞાનનું મૂર્ત સ્વરૂપ -**

ગુરુ જ્ઞાનની ફક્ત વાતો ન કરે. પણ જ્ઞાનને આત્મસાત્ કરે ... ગુરુ જ્ઞાન મેળવનાર અને આપનાર...

ગુરુ જ્ઞાનની અસ્ખલિત પ્રવાહયુક્ત જ્ઞાન ગંગોત્રી છે. ગુરુમાં બે-ચાર-પાંચ-પચ્ચીસ મર્યાદિત ગુણો નથી હોતા. ગુરુવર તો જ્ઞાનના મોટાશિખર છે. ગુરુવર અનંત - અનંત ગુણના સ્વામી છે.

ગુરુના ગુણ અનંત અને પંચિંદિય સૂત્રમાં કહ્યું, "છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ"...... મહાનુભાવ ! શાસ્ત્રની પરિભાષા સમજવા આપણે ખૂબ નાના બાળક છીએ. આપણી લીમીટેડ જ્ઞાનની ફૂટપટ્ટી દ્વારા અનંતગુણી ! ગુણસાગર ! શાસ્ત્રકારના રહસ્યનો તાગ પામી શકીએ?

ગુરુ અનંત ગુણી... પણ સાધક ! તું સમજી શકે... તારા ઉપર ઉપકાર કરી શકે તેવા તારા ગુરુના મુખ્ય ગુણ ૩૬... ૩૬ ગુણ જ ગુરુમાં નહિ પણ ૩૬ ગુણવાળા તો મારા ગુરુ હોવા જ જોઇએ.

ગુરુના અનંતગુણ- પણ તે ગુણને હું સમજી ન શકું. વિચારી ના શકું ! મહાપુરુષને સમજવા હું ઘણો વામણો.

વામન વિરાટને જોઇ ન શકે ! સ્પર્શી ના શકે તો સમજી કેવી રીતે શકે ?

પંચિંદિય સૂત્રમાં ગુરુના જે ૩૬ ગુણ બતાવ્યા છે. તેમાં ૧૮ ગુણ ગુરુતત્ત્વની રક્ષાકારક છે. ૧૮ ગુણ ગુરુતત્ત્વની વૃધ્ધિ કરનાર છે. સંખ્યાની દષ્ટિએ અનંતગુણ – આ ૩૬ ગુણના ગુણવત્તાના જ પેટાભેદ છે. આ ૩૬ ગુણ – અનંતગુણની જનની છે. આ ૩૬ ગુણ; ગુણબીજક છે.

ઓ ગુરુદેવ ! પાંચ ઇન્દ્રિયને કાબુ રાખવા દ્વારા આપે જગતના સમસ્ત સ્પર્શ - રસ - ગંધ - રૂપ - શબ્દની ફોજ ને રૂક જા કહી દીધું... મારે તમારી જરૂર નથી.... તમારો સહાયક તરીકે ઉપયોગ કરવાની કલાં મને આવડે છે. પણ તમે મારા માલિક નહિ બની શકો. મારી ઉપર તમારું સામ્રાજ્ય નહિ જમાવી શકો.

સ્પર્શ-રસ-ગંધ-રૂપ શબ્દને મેં તો મારા જ્ઞાન-દર્શન ચારિત્રની આરાધનામાં સહાયક બનાવી દીધા છે. પાંચ ઇન્દ્રિય ઉપર કંટ્રોલ કરવા નવ બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરું છું. બ્રહ્મચર્ય વ્રતોનો રાજા છે. તેના રક્ષણ માટે ૯ નવ કિલ્લાનું સંરક્ષણ ખૂબ જરૂરી છે.

હું વિજાતીય સાથે નિવાસ ના કરું. મને એ સહવાસ જ પસંદ ન આવે. જેનો સહવાસ પસંદ નહિ તેની કથા તો દૂર જ રહી... જેની કથા કરવી નહિ. તેની સાથે બેસ-ઉઠ નહિ. - તેનું નિરીક્ષણ - ચિંતન નહિ - આગળ-પાછળ ક્યાંય તેના સ્વરોનું શ્રવણ નહિ - મારા બ્રહ્મચર્યના સુંદર પાલન માટે મારા સંસારી - પૂર્વજન્મની પ્રીત કે સ્મૃતિ નહિ. પ્રણીત-માદક ઇંદ્રિય પુષ્ટ થાય તેવો આહાર ન કરું. મને દેહ ના ગમે તો દેહના શણગાર શાના ગમે ? દેહની શોભાથી દૂર રહું.

હું તો હંમેશા બ્રહ્મમાં ચર્યા કરું - જ્ઞાનમાં રત રહું - જ્ઞાનની મસ્તીમાં આત્મામાં નિવાસ કરું - કોઇપણ વ્યક્તિ ચાહે તે સ્ત્રી હોય કે પુરુષ હોય - હું ક્યારેય તેના દેહને જોવું નહિ - મારા ગુરુદેવે તથા જિનાગમે જાણે એક સંજયદૃષ્ટિ આપી છે. દેહ ના દેખાય પણ દેહનો અધિષ્ઠાતા નિરંજન - નિરાકાર - શિવસમા જીવના દર્શન કરું - પ્રત્યેક વ્યક્તિમાં હું ભાવ સિદ્ધના દર્શન કરું છું. - આ મારા ગુરુવરની ગૌરવગાથા છે.

વિષય દૂર જાય છે એટલે ક્રોધ-માન-માયા અને લોભની ચોકડીને હટ્યા વગર છૂટકો નથી. શાસ્ત્રજ્ઞાનની જાગૃત ચોકી હંમેશા આજુ-બાજુ રહે છે એટલે કષાયો મારા ગુરુના આત્મ મંદિરને અભડાવતા નથી.

મારા ગુરુવર સદા તત્પર છે - અહિંસા - સત્ય - અચૌર્ય - બ્રહ્મચર્ય અને નિષ્પરિગ્રહ મહાવ્રતના પાલનમાં - સંસારના કોઇ પદાર્થ પ્રત્યે તેમને રાગ નથી. પોતાના શરીરને પણ ધર્મકાય બનાવી ધર્મ સાધનામાં સહાયક બનાવ્યું છે.

પંચ મહાવ્રતને ઉજ્જ્વળ રાખવા જ્ઞાનાચાર - દર્શનાચાર - ચારિત્રાચાર - તપાચાર - વીર્યાચારમાં પોતે ઉદ્યત રહે છે. બીજામાં પાંચ આચારનું પ્રવર્તન કરાવે છે. - મારા ગુરુવરનું દિવ્ય સાન્નિધ્ય એવું છે કે પંચાચાર સાક્ષાત્ જોઇ શકાય છે. મારા ગુરુવરનો પવિત્ર વ્યવહાર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત છે.

તેઓ નિરર્થક બેસતાં નથી - ઉઠતાં નથી - બોલતાં નથી - નિરર્થક કશું લેતા નથી. - મૂકતાં નથી - દેહને ટકાવવા પરિમિત જ આહાર લે છે. મન-વચન અને કાયાના દુષ્ટ વ્યવહારને સંયમિત કરે છે. યોગને અયોગનું સાધન બનાવે છે.

ઓ ગુરુવર ! મને હવે કંઇક શાસ્ત્રની વાત સમજાવવા લાગી. ૩૬ ગુણ દ્વારા આપ ૩૬ ગુણ નિધિ - ૩૬ ગુણ રાશીના સ્વામી છો. આપ અનંતગુણના સમ્રાટ છો.

ઓ ગુણસમ્રાટ ગુરુદેવ ! આપના સેવકની વિનંતિ સ્વીકારો !મને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશમાં લઇ જાવ - હું શિષ્ય - આપ ગુરુદેવ. મને તત્ત્વ સમજાવો. તત્ત્વનું જ્ઞાન આપો. મારો મોહ વિષ હટાવો - હું શિષ્ય આપનો - સદ્‌ગુણોનો સ્વામી બનાવો એજ પ્રાર્થના...

★ ★ ★ ★ ★

3

# ઇચ્છામિ

હું ઈચ્છું છું. હું ચાહું છું. મને ગમે છે. મારી ભાવના છે. મારી ઝંખના છે. ઈચ્છા - ચાહના - ઝંખના પૂર્ણ કરવા આકાશ-પાતાળ એક કરાય છે. **જીવ સટોસટીના ખેલ ખેલાય છે**

મહાભારત કે ભરત બાહુબલીના યુધ્ધ નાના છે. પણ ઈચ્છાનું યુધ્ધ - ઈચ્છાનો રણ સંગ્રામ મહારથીને હંફાવી દે છે. થકવી દે છે.હારી-થાકી માનવ ખુદ વિનાશને નોતરે છે.

પણ... આ ઈચ્છા - મહેચ્છા - મહત્ત્વાકાંક્ષા શાથી પેદા થાય ? કર્મના ઉદયે ... ક્યા કર્મના ઉદયે ઈચ્છા થાય... મોહનીય કર્મના ઉદયે - મોહનીય કર્મની માયાજાળ દશ મસ્તકવાળા રાવણની સંહારલીલા જેવી ભયંકર છે.

ઈચ્છા ક્યારે પૂર્ણ થતી નથી - એક ઈચ્છા પૂર્ણ કરો ત્યાં જાદુઇ ચિરાગની જેમ લાખો કરોડો ઈચ્છાનું તાંડવ ખડું થાય. કઇ ઈચ્છાને સંતોષવી - ઈચ્છા - અનંત ... ઈચ્છાની આગ અનંત... ઈચ્છાની પૂર્ણાહુતિ ક્યારેય ન થાય...

તમે ઈચ્છા મોહનીય કર્મથી પેદા થાય તેમ કહો અને ધર્મશાસ્ત્રમાં પણ ઈચ્છાને સ્થાન છે - ઈચ્છામિ ખમાસમણો - ઈચ્છામિ પડિક્કમિઉં... ઈચ્છામિ ઠામિ કાઉસગ્ગં... આ શું સમજાતું નથી. ઘણા કહે છે. ધર્મ ઈચ્છાથી કરવાનો કોઇના કહેવાથી નહિ. કોઇના આગ્રહથી નહિ -આમ પરસ્પર વિરૂધ્ધ ચાલતી વાતો મને બિલકુલ સમજાતી નથી.

અમારા સૂરિપુરંદર હરિભદ્ર સૂ.મ.સા. પણ ત્રણ યોગ દર્શાવે

છે. ઈચ્છાયોગ - વચન યોગ - સામર્થ્ય યોગ

તારી વાત સાવ ખોટી નથી. વિચારવા જેવી છે.

વિષને હણવા વિષ જોઈએ. તેમ અનંત અનંત મોહનીય કર્મની ઈચ્છાઓને નાથવા - કાબુમાં લેવા એક ધર્મ ઈચ્છાની જ્યોત જગાવવાની છે.

પૂ. હરિભદ્ર સૂ.મ. ફરમાવે છે ઈચ્છા યોગથી ધર્મનો પ્રારંભ થાય છે. વચનયોગથી ધર્મનું - ઈચ્છાનું - આત્માનું રહસ્ય પ્રાપ્ત થાય છે અને સામર્થ્ય યોગથી ધર્મશિખરનું આરોહણ થાય છે. ઈચ્છાને ઓળંગી જવાય છે.

ધર્મક્રિયાનો પ્રારંભ - ધર્મભાવનો પ્રારંભ કરતાં સાધક બોલે છે. **ઈચ્છામિ** - વંદન કરતાં ઈરિયાવહિયા કરતાં - આલોચના કરતાં - પ્રતિક્રમણ કરતાં - કાઉસ્સગ્ગમાં રહેતા - પચ્ચક્ખાણ લેતાં સર્વસ્થળે સાધક ઘોષ કરે છે - ઈચ્છામિ હું ઈચ્છું છું. હું ચાહું છું. હવે મને એક ધર્મ ઈચ્છા પ્રગટ થઈ છે. મારી અંતરની શુભ ભાવનાઓથી આરાધના કરીશ.

હું કોઈપણ ધર્મક્રિયા કોઈના દબાણથી કરતો નથી. કોઈનું અનુકરણ કરવા કરતો નથી. ગતાનુગતિક કરતો નથી. પણ અંતરમાં તમન્ના છે. ભાવના છે. વીતરાગ માર્ગને અનુસરવાને એટલે પ્રત્યેક ક્રિયા કરતાં હું પોકાર કરું છું. ઈચ્છામિ ... ઈચ્છકાર... ઈચ્છાકારેણ ... જૈન શાસનમાં યમને ધર્મ કહ્યો નથી. સંયમને ધર્મ કહ્યો છે. વિષય - કષાય ઉપર કાબુ રાખે તે ઠીક જ છે. પણ સમજી વિચારી વિષય કષાય તરફ જતી ઈચ્છાઓને કાબુમાં રાખવી તે સંયમ છે. સંયમ જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે.

પ્રભુ ! આપની કૃપાએ વીતરાગના ધર્મના હાર્દને સમજ્યા પછી મને

ગુરુને વંદન કરવાનું મન થાય છે. દેવના વંદન કરવાની ઇચ્છા થાય છે. પચ્ચક્ખાણ કરવાની ઇચ્છા થાય છે. પાપથી પાછા હટવાની ઈચ્છા થાય છે. કાઉસ્સગ્ગ કરવાનું મન થાય છે.

સામાયિક - ચતુર્વિંશતિસ્તવ - વંદન - પ્રતિક્રમણ - કાઉસ્સગ્ગ - પચ્ચક્ખાણ સવારે અને સાંજે કરવાનું મન થાય છે.

આપની પાસે સૂત્ર લેવાનું મન થાય છે. આપની પાસે અર્થ વિચારવાનું મન થાય છે. આપની પાસે આશીર્વાદ લેવાનું મન થાય છે. આપની હિતશિક્ષા ગ્રહણ કરવાનું મન થાય છે - તેથી મારી નાભિમાંથી નાદ પ્રગટ થાય છે. "ઇચ્છામો અણુસટ્ઠિં" હે ભગવાન ! હું આપના અનુશાસનને ઇચ્છું છું.

ભગવંત ! મારા અંતરની એક આરજુ છે. હું દરેક બાબતમાં એક જ શબ્દ બોલું છું. ઇચ્છામિ.... ઇચ્છામિ... પણ મારા અંતરની વાત જુદી છે. હું અણસમજું છું. એટલે સુયોગ્ય ભાષા નથી આવડતી પણ મારું દિલ ખૂબ કોમળ છે. આપની કૃપા આપના જ્ઞાને હું આપના શરણમાં રહેવા ઇચ્છું છું. પણ બોલું છું ઇચ્છામિ... ભગવંત મને માફ કરજો. મારે મારી ઇચ્છાનું સામ્રાજ્ય ચલાવવું નથી. હું આપની આજ્ઞા ઇચ્છું છું. આપની આજ્ઞા મારું કલ્યાણ કરશે. મંગળ કરશે એવો મારો આત્મવિશ્વાસ છે. બોલુ છું. ઇચ્છામિ પણ મારો ભાવ છે આપના તપ-ત્યાગ-જ્ઞાન ધ્યાનથી પવિત્ર વાતાવરણ દ્વારા મને ધન્ય બનાવો.

ગુરુદેવ ! મારા શબ્દ સામું ન જુઓ, પણ મારા ભાવને આપ નિહાળો. "આપની આજ્ઞાનું પાલન કરી પવિત્ર બનું" એ જ મારો આશય છે.

સ્વીકારજો આપના ચરણમાં આ શિષ્યને...

★ ★ ★ ★ ★

૪

# ખમાસમણો

## ક્ષમાશ્રમણ

બે પ્રતિક્રમણ સૂત્રનો મહામંગલમય શબ્દ **ખમાસમણો** - ક્ષમાશ્રમણ - શાસ્ત્રમાં ક્યાંય નમ્રતાશ્રમણ - સરળતાશ્રમણ - સંતોષશ્રમણ શબ્દ વાંચવામાં આવતો નથી. સ્થળે - સ્થળે સૂત્રે - સૂત્રે એક જ શબ્દ આવે છે. ખમાસમણો - ક્ષમાશ્રમણ.

ગુરુદેવને વંદન કરવા જેવી વિશિષ્ટ વિધિમાં સાધુના - લાખો કરોડો વિશેષણોને બદલે એક જ વિશેષણ - હે ક્ષમાશ્રમણ - હું વંદન કરવા ઇચ્છું છું.

શ્રમ-મહેનત... વ્યક્તિ બૌધ્ધિક બને પછી મહેનત ઓછી અને ચિંતન વધારે.

વ્યક્તિ મૂર્ખ - બૌધ્ધિક સ્તર નીચું હોય ત્યારે ચિંતન ઓછું અને મહેનત વધારે એમ કહેવાય.

પણ... ભૌતિકતા અને આધ્યાત્મિકતાનું ગણિત અલગ પ્રકારનું છે. અને બાહ્ય પ્રવૃત્તિ અને આંતરિક પ્રવૃત્તિનું ગણિત અલગ છે. બાહ્યપ્રગતિ અને આધ્યાત્મિક પ્રગતિનું ગણિત અલગ છે.

વિશ્વ ઉપર વિજય કરવો સહેલો છે. પણ ખુદના મનના ઉપર વિજય મેળવવો અતિ દુર્લભ છે.

બાહ્ય પ્રગતિ બાહ્ય સાધન પર નિર્ભર છે. તરાપ મારવાથી બાહ્ય સાધન પ્રાપ્ત થઇ શકે છે પણ આધ્યાત્મિક પ્રગતિ આંતરિક ગુણો ઉપર નિર્ભર છે.

જૈન શાસનનું પ્રત્યેક સૂત્ર આત્મજાગૃતિની કોલબેલ સમું છે.

વંદન ક્ષમાશ્રમણને...

વંદન ક્ષમાશ્રમણ થવા માટે...

વંદનની મહામાંગલિક વિધિ આત્માના અદ્ભુત ગુણની પ્રાપ્તિ માટે... વંદન એક એવા મહાત્માના ચરણે જેમને આત્મગુણની સિદ્ધિ સાધી છે.

અલ્પજ્ઞ - અલ્પજ્ઞાની આપના અનંત ગુણોની એક ગુણ દ્વારા સ્તુતિ વંદના કરું.

મહાત્મા આપ ક્ષમાશ્રમણ.....

આપ ક્ષમાશ્રમણ એટલે જ મારા આદર્શ.

**તીર્થંકર પરમાત્માના શાસનમાં બે વ્યક્તિનું મિલન નથી.**

**બે આત્માનું મિલન છે.**

આત્મ મિલનની પ્રક્રિયા સામાન્ય નથી. ઉર્ધ્વગમન કરાવનાર અદ્ભુત - અનુપમ પ્રક્રિયા છે.

**ભગવંત ! ગુરુવર ! આપ મહાત્મા ! વંદનીય ! પૂજનીય ! નમનીય !**

આપ નમસ્કારને યોગ્ય !

આપ આદરને યોગ્ય !

આપ બહુમાનને યોગ્ય !

આપ વંદનને યોગ્ય !

હું આપનો અનુયાયી ! આપનો ઉપાસક ! આપના ચરણનો નમ્રસેવક !

મને ખબર છે. આપે પ્રસિધ્ધિથી દૂર રહી એક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. સંસારના અનંત - અનંત જીવો જ્યાં હાર ખાઇ ગયા છે; ગોથું ખાઇ ગયા છે; ફરી વિજય માટે પ્રયત્ન કરતાં નથી ત્યાં આપ વિજયી બન્યા છો.

ઓ ક્ષમાશ્રમણ મહાત્મા ! મને સમજાવો આપના વિજયની

વિશિષ્ટ કથા - વાર્તા ...

ભલા સાધક ! આત્મગુણો શ્રમવગર સિદ્ધ થતાં નથી. એક દિવસની મહેનતથી મળતા નથી... અનંતવાર અંતરની અભિલાષા જાગે છે ત્યારેઆત્મગુણની પ્રાપ્તિ થાય છે. પણ ક્ષમાગુણની એક વિશિષ્ટતા છે તે સહકુટુંબ સહપરિવાર આવે છે. એક ગુણ ... અનંતગુણની લાંબી હારમાળા લઈને આવે છે.

**ક્ષમાગુણ... સાધના માર્ગનો પ્રાથમિક ગુણ છે. સિદ્ધિનું સોપાન છે.** પણ સૌથી અધિક વિશિષ્ટતા છે. ક્ષમા જ્ઞાનના અનુપમ દ્વાર ઉદ્‌ઘાટન કરે છે - આત્મચેતનાને જાગૃત કરે છે. આત્મચેતના જાગૃત થતાં ગુણોની લાંબી કતાર હાજર થઈ જાય છે.

ઓ સાધક ! તને વંદન કરવાનું મન થયું. તું પણ અનંતગુણી છે. ક્ષમાનો શ્રમ કરી તું પણ તારા અનંતગુણનું ઉદ્‌ઘાટન કર... પણ ક્ષમાની સિદ્ધિ અને ક્ષમાનો ઢોંગ અલગ છે. કાયર પાસે ક્ષમા શોભતી નથી. નિર્બળ પાસે ક્ષમા વામણી બને છે. ક્ષમા વીરનું ભૂષણ છે.

ક્ષમા...... સાચી ક્ષમા......... પ્રાણી માત્ર પ્રત્યેના પ્રેમ - સહાનુભૂતિ - આદરમાંથી જન્મે છે. ક્ષમાળુની દૃષ્ટિ કોઈ સીમિત વ્યક્તિ - સીમિત પરિસ્થિતિ માટે નથી. વિશ્વના સમસ્ત જીવ પ્રત્યે મૈત્રી ભાવના, વિશ્વની પ્રત્યેક પરિસ્થિતિ પ્રત્યે માધ્યસ્થ ભાવ પ્રગટ થાય ત્યારે આત્મિક ક્ષમા પ્રગટ થાય છે.

મને જન્મદાતા માતા અલગ હોઈ શકે. તને જન્મદાતા માતા અલગ હોઈ શકે. પ્રત્યેક વ્યક્તિના દેહની જનેતા - અલગ-અલગ હોય.

પણ પ્રત્યેક સાધકની માતા - પ્રત્યેક ધર્મની માતા - એક જ છે. ક્ષમા... ક્ષમા માતાનો પુત્ર જ ધર્મનો આરાધક - સાધક થઈ શકે છે.

ક્ષમા માતાનો પુત્ર જ અનંતગુણનો ધારક બની શકે છે.

**ક્ષમા સિદ્ધ કરવાનો પ્રયત્ન એટલે**

**આત્મશાંતિની અદ્‌ભુત ક્રિયા.....**

વિશ્વના સમસ્ત જીવોનો શાંતિના મહાસાગરમાં મહાલવાની પ્રક્રિયા... ક્ષમાશીલ ખુદ શાંતિનો દેવીદૂત છે. સૌને શાંતિના દેવીદૂત બનવાનો માર્ગ ચીંધે છે.

ઓ ક્ષમાશ્રમણ .

ઠંડુ જલવાળું સરોવર તો દૂર હોય છે. પણ તેનો દૂરથી આવતો પવન પણ પથિકને શાંતિ-શાતા અર્પે છે. મહાત્મા ! સાચું કહું આપના સાંનિધ્યમાં એક દેવી તત્ત્વ છે. એક આભા છે. એક પ્રભા છે. આપના વાતાવરણે મને ક્ષમાનો ચાહક બનાવ્યો તેથી જ આપના ચરણમાં નતમસ્તકે વંદન કરી પુનઃ પુનઃ આરજુ કરું છું.

ઓ મારા ગુરુદેવ ક્ષમાશ્રમણ..!

આપનો-ઉપાસક પણ ક્ષમાશ્રમણ બને... ક્રોધ અને ક્રોધના સમસ્ત કાંટાઓને દેશવટો આપવાની શક્તિ પ્રદાન કરો... મારી ક્રોધની દાસ્તાન આપની પાસે શું કહું ? એ કાળીકથની કહેતાં પણ શરમાઉં છું. લજાઉં છું. ક્રોધ-ગુસ્સો-આવેગ-આવેશ મને ક્યાં આવે શું ન કરાવે મારું શું લઈ લે - પ્રભુ ! પ્રભુ ! ઓ ગુરુદેવ ! આપના બાળકને બચાવી લો, ક્રોધની જ્વાળાથી ... બસ મને ક્ષમાના અમૃતકુંડમાં સ્નાન કરાવો...

હે ક્ષમાશ્રમણ ગુરુદેવ ! મત્થએણ વંદામિ...

★ ★ ★ ★ ★

# દેવ-ગુરુ પસાય

પ્રશ્નનો ઉત્તર હોય છે. શંકાના સમાધાન હોય છે. પ્રત્યેક પ્રશ્ન પાછળ એક આગવું રહસ્ય હોય છે. કોણ પ્રશ્ન પૂછે છે? શા માટે પ્રશ્ન પૂછે છે? પ્રશ્નકારનો આશય શું છે? આ બધું સમજી વિચારીને ઉત્તર અપાય છે. આ બધી વાતો સામાન્ય છે.

હકીકત તો મજાની એ છે ઉત્તર આપનાંર કોણ છે? કોઈએ કોઈપણ આશય - ભાવનાથી પ્રશ્ન પૂછયો. પણ ઉત્તર આપનાર વિચારે છે. મારે જવાબ મારી યોગ્યતા - મારી પાત્રતા અને મારા સ્થાનને અનુરૂપ જ અપાય.

જેમ પ્રશ્નકારના પ્રશ્નથી વ્યક્તિત્ત્વ જાણી શકાય છે. તેમ ઉત્તર આપનાર મહાનુભાવના ઉત્તરથી તેનું વ્યક્તિત્ત્વ સમજી શકાય છે.

પ્રાયઃ પ્રશ્ન માહિતી માટે - જિજ્ઞાસા માટે હોય છે. જીવન વ્યવહાર માટે હોય છે. તત્ત્વજ્ઞાનના આદાન-પ્રદાન માટે હોય છે.

વિશ્વમાં સુપ્રસિદ્ધ છે - ગુરુ ગૌતમસ્વામીના પ્રશ્ન અને પરમાત્મા મહાવીરના ઉત્તર. આ પ્રશ્નોત્તરનો અનુપમ ગ્રંથ..... ભગવતી સૂત્ર - વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ... ૨૫૦૦ વર્ષથી અધિક સમય વ્યતીત થઈ ગયો. પણ આ ગ્રંથ લાખો કરોડો જિજ્ઞાસુઓને તત્ત્વજ્ઞાનના પરમ રહસ્ય સમર્પે છે. ગણધર ભગવંતના પ્રશ્ન અને પરમાત્મા મહાવીરના ઉત્તર તે પાંચમું આગમસૂત્ર.

સાધકને જીવનચર્યા માટેના પ્રશ્ન અને ઉત્તરનું સૂત્ર તે ઈચ્છકાર. પ્રશ્નકાર શરૂઆત કરે છે. હું ઈચ્છું છું. ગુરુદેવ! આપની રાત્રિ સુખપૂર્વક

પસાર થઇ ? આપનો તપ સુખપૂર્વક ચાલે છે ? આપનું શરીર પીડારહિત છે ? હે ભગવંત ! આપની સંયમયાત્રા સુખપૂર્વક ચાલી રહી છે ?

જીવન તો પશુ-પક્ષીનું પણ છે. માનવનુંય છે અને મહામાનવનુંય છે. દિવસો - રાત્રિ - પક્ષો - મહિના - વર્ષોને યુગો તો પસાર થતાં રહે છે. કાળની ગતિ વણથંભી છે. કાળ ઉપર કોઇ આજ્ઞાનું સામ્રાજ્ય જમાવી તેને રોકી શકતું નથી.

જીવવું અલગ છે ! જીવનને યાત્રા બનાવવી અલગ છે ! જીવનને સંયમયાત્રા બનાવવી તે સાધના છે. જીવનને સુખમય સંયમયાત્રા બનાવવી તે ફક્ત જીવન કળા નહિ સર્વોત્તમ કળા છે. ફક્ત સાધના નથી. સિધ્ધિ છે.

સામાન્ય વ્યક્તિને પૂછે તમારી રાત્રિ સુખપૂર્વક પસાર થઇ ? તુરંત જવાબ મળશે. અરે ભાઇ ! રાત્રિ માટે શું પૂછવાનું ? આપણે તો સુતાને સીધી રાત. ઘસઘસાટ ઊંઘી નાખ્યું. કુંભકર્ણના સહોદર બની રાત્રિ પસાર કરી લીધી.

સામાન્ય વ્યક્તિની અર્ધી જીંદગી નીંદમાં જાય છે. જેની અર્ધી જીંદગી નીંદમાં જાય તેને અર્ધી જીંદગીમાં જાગૃતિ આવે ? ક્યારેય ન આવે. આખી જીંદગી ઘેનમાં - અજ્ઞાનમાં પસાર થાય.

સાધુની રાત્રિ... મહાત્માની રાત્રિ... નીંદ માટે નહિ. ગપ-સપ માટે નહિ. પ્રમાદ માટે નહિ. શરીરને જરૂર હતી તેટલી નીંદ લેવાની - મનની પ્રસન્નતા થાય તેટલી નીંદ લેવાની. સાધુની નીંદ જાગૃતિ માટે. તેથી જ સાધુ નીંદ લેતા પહેલાં મનની શાંતિની પ્રક્રિયા સમી સંથારા પોરિસીની પ્રાર્થના કરે છે.

જાગતાં - જીવનચર્યા કરતાં વીતરાગ ન બની શક્યો. પ્રભુ ન

બની શક્યો. પણ સુતાં પહેલાં માનસિક ભૂમિકા એવી તૈયાર કરું - વીતરાગિતાનો અનુભવ કરું - રાગી છતાં રાગરહિત બનું. દ્વેષી છતાં દ્વેષ રહિત બનું ? દેહ છતાં વિદેહી બનું ? એક ગીત મસ્તીથી લલકારું.

"એગો મે સાસઓ અપ્પા"

સાધુ નીંદ લે પણ તપ કરવા માટે !

તપ કરવા માટે નીંદ હોય કે પચ્ચક્ખાણ. ભલા માનવ ! મેં તને ઘણીવાર કહ્યું તું તારા વ્યવહાર - પ્રવૃત્તિ અને વૃત્તિથી મહાત્માને માણવાની કે નિહાળવાની કોશિશ કરીશ તો જરૂર ભૂલો પડીશ.

મારા ભોળા શિષ્ય !

**આપણે શરીર માટે નીંદ લઈએ - સાધુ તપ માટે નીંદ લે.**

સાધુ સદા બાહ્ય - અભ્યંતર તપમાં નિમગ્ન હોય... સાધુ રાત્રિના ધ્યાનની પ્રક્રિયાથી જીવન ધન્ય બનાવે છે. સાધુ રાત્રિના સ્વાધ્યાયથી અર્થના વિચારથી મનની શાંતિ - પ્રસન્નતા અને મનની નિરોગિતા પ્રાપ્ત કરે છે.

તનને સ્વસ્થ રાખવા અન્નની જરૂરત છે..... એ વાત સંસારીની.... તનને સ્વસ્થ રાખવા ઔષધની જરૂરત આ વાત અજ્ઞાનીની..

તનને સ્વસ્થ રાખવા મનને શાંત રાખવું આ વાત સાધકની

**તનને સ્વસ્થ રાખવા મનને ધ્યાનમાં રાખવું; શુભ વિચારમાં રાખવું; શુભ અધ્યવસાય - પરોપકારની ભાવનામાં રાખવું તે મહાત્માની વાત.**

મહાત્માની રાત્રિ ધ્યાન - સ્વાધ્યાય - શુભ ચિંતન - પ્રાર્થનાથી પૂર્ણ થાય એટલે તપ પણ સુખપૂર્વક થાય.

તપનો એકાસણા - બિયાસણા જેટલો સીમિત અર્થ કરવાનો નથી.

પણ કોઈપણ ક્રિયા જેનાથી કર્મો ના બંધાય, બંધાયેલ કર્મો ખરી જાય, જેનાથી આત્મગુણોની પુષ્ટિ થાય તે તપ.

સાધુની પ્રત્યેક ગતિ વિધિ તપ છે. તપ સુખપૂર્વક થયો એટલે શરીર રોગરહિત બને ! શરીર આધિથી દૂર છે. કારણ સાધુને માનસિક શાંતિ છે.

સાધુએ શિષ્ય - ભક્ત - જગત સૌને સહાયક રૂપે સ્વીકાર્યું છે. તેમને જગતની કોઈપણ પરિસ્થિતિ - વ્યક્તિ પીડા કરી શકતું નથી. મન નિરાબાધ છે. મન નિરાબાધ તો તન નિરાબાધ. તન-મન નિરાબાધ તો જીવનયાત્રા અને જીવનયાત્રા તેનું સંયમ - તેની સંયમયાત્રા. પ્રશ્નકારે ચાર પ્રશ્ન પૂછયા.

**પણ મહાત્મા એક મીઠો - મધુરો સુંદર જવાબ આપે છે. દેવ-ગુરુ પસાય.**

આપની રાત્રિ સુખપૂર્વક પસાર થઈ..... "દેવગુરુ પસાય."

આપનો તપ સુખપૂર્વક પસાર થયો..... "દેવગુરુ પસાય."

આપનું શરીર નિરોગી રહ્યું..... "દેવગુરુ પસાય."

આપની સંયમયાત્રા સુખપૂર્વક ચાલી રહી છે. " દેવગુરુ પસાય"

સાધુ ફક્ત દેવ-ગુરુ પસાય શબ્દ બોલતાં નથી. પણ જેમ સંપૂર્ણ ભોજન કરેલ હાશ - ઓડકાર ખાય છે. તેમ સાધુ કહે છે. તારા મૂળ ચાર પ્રશ્ન છે. પણ ચાર લાખ કે ચાર કરોડ પ્રશ્ન હશે. દિવસે - રાત્રે - જાગતાં - સૂતાં - સભા વચ્ચે - એકાંતમાં સર્વત્ર સર્વનો એક જવાબ છે.

**"દેવગુરુ પસાય."**

ભલા મહાનુભાવ ! તું કેમ હસે છે ? પ્રશ્ન તમને પૂછું. જીંદગી તમારી, પુરુષાર્થ તમારો, સિધ્ધિ તમારી, અને જવાબ દેવગુરુ પસાય. આ વાત મને સમજાતી નથી. આજે સાચું કહું ક્યારેય નહિં સમજાય. સ્પષ્ટ કહી દઉં છું મને ખોટું સાંભળવાની આદત નથી. મહેરબાની કરી મને ખોટું ના સમજાવો.

આપનો પુરુષાર્થ... આપની મહેનત..... આપનું આયોજન..... આપનું સંયોજન..... અને આપ કહો દેવગુરુ પસાય.

શા માટે તમારા વ્યક્તિત્વને ગૌણ કરો છો? આ મને જરા પણ સમજાતું નથી. મારા મગજમાં બંધ બેસતું નથી.

ભલા ભાઇ !

તારી વિચારણાની પધ્ધતિ અલગ છે. મારી વિચારણાની પધ્ધતિ અલગ છે. તું સ્વકેન્દ્રી છે. હું સર્વજ્ઞકેન્દ્રી છું. તું સિધ્ધિમાં ફક્ત તારા પુરુષાર્થને જ મુખ્ય સ્થાન આપે છે. તેથી મારી વાત સમજતાં તને જરૂર વાર લાગશે. પણ મને શ્રધ્ધા છે. તું મારી વાત અવશ્ય સમજીશ.

સાધક ! મારા ગુરુવરની ... મારા પ્રભુની કૃપાનું હું શું વર્ણન કરું? સમસ્ત શબ્દો વાપરું તો પણ તેઓની કૃપાનું હું વર્ણન ન કરી શકું.

મારા દેવ ! મારા ગુરુની મહેરબાની કૃપા - પ્રસાદ - અનુગ્રહ ન હોત તો હું જીવનને જ ન સમજી શકત... જીવન વગર સંયમજીવન ક્યાંથી મળે ?

સંયમયાત્રા સફળતાના પંથે... સુકાની ગુરુવરના સહારે... મારા ગુરુએ મારી જીવન નૈયાના સઢ સંભાળ્યા છે. નહીંતર રાગદ્વેષના ઝંઝાવાતમાં અટવાઇ જાત... હું..... હું નથી. મારું કોઇ અસ્તિત્વ નથી. વ્યક્તિત્ત્વ નથી. હું તો મારા ગુરુદેવની કૃપા-પ્રસાદને વ્યક્ત કરતું એક ચેતનવંત આત્મા છું. તેથી ૩ા કરોડ રોમરાજીમાંથી પ્રગટ થતો મારો અંતરનાદ છે...... "દેવ ગુરુ પસાય."

દેવ ગુરુના સામ્રાજ્યમાં વિજયી છું. વીતરાગી બનવાનો મારો મનોરથ સફળ થાવ એજ પુનઃ પુનઃ પ્રાર્થના...

★ ★ ★ ★ ★

૬

# અહં ન જાણામિ

"હું જાણતો નથી..."

શબ્દ કે વાક્ય એક જ હોય છે પણ તેના અર્થ અનેક હોય છે અહીં **અહં ન જાણામિ** શબ્દ અંતરની આરજુ છે. ગુરુદેવના ચરણે ખુદના આત્માની સાચી રજુઆત છે.

અંતરમાં રહેલ 'અહં' સર્વસ્થળે સર્વપરિસ્થિતિમાં ગાજતો હોય છે. અનેક આત્મા સમક્ષ કહ્યું છે અને કહેતાં ગૌરવ અનુભવ્યું છે. "હું બધું જાણું છું. મને બધી ખબર છે. મને શું ખબર ન હોય! તમે મને બુધ્ધુ - મૂર્ખ ન સમજતાં આંખના ઈશારામાં હું બધું સમજી જાઉં છું."

સાચા જ્ઞાનીને કહેવું પડતું નથી. હું જ્ઞાની છું. મને ખબર છે. કારણ તેઓની પ્રવૃત્તિ રીતભાત-બોલવા-ચાલવા-બેસવા-ઉઠવાની પધ્ધતિથી ખબર પડી જાય છે. આ કોઈ વિદ્વાન છે કે આ કોઈ બેસમજ આત્મા છે.

જ્ઞાન નથી - અંતરની સમજ નથી. જિજ્ઞાસાવૃત્તિ નથી. છતાં સૌની સામે દેખાવ કરવો છે. હું સમજુ છું. - બુધ્ધિમાન છું. તે વાત-વાતમાં કહે છે મને ખબર છે. મને બધી સમજ પડે છે.

પ્રભુ! ગુરુદેવ! મારું અજ્ઞાનનું નાટક અનાદિથી ચાલે છે. અજ્ઞાને મને મારું આત્મસ્વરૂપ ન સમજવા દીધું. પ્રભુ! તમારા આત્મ જ્ઞાનના વૈભવના દર્શન ન કરવા દીધા. મને ગુરુના જ્ઞાન સામ્રાજ્યમાં મહાલવા ન દીધો. મારા અજ્ઞાનની કરુણ કથની ઘણી લાંબી છે. શું કહું? શું ના

કહું? અનંત જ્ઞાનીનો સંપર્ક ન કરી શક્યો. તેનાથી વધારે કરુણ દાસ્તાન શું હોઇ શકે.

પ્રભુ - પ્રભુ ! મારા અંતરને અભિમાનનો એરુ આભડ્યો છે. અભિમાનના કારણે નાક ફુલાવી ફર્યા કરું છું. જ્યાં જ્ઞાની - વિદ્વાન - તત્ત્વચિંતક સમજદાર આત્મા હોય ત્યાંથી હું ગચ્છન્તિ કરી જાઉં છું. અજ્ઞાનીના ટોળામાં ઘુસી જઇ બરાડા પાડું છું. તમે મને શું સમજો છો? મને બનાવવાનો પ્રયત્ન કરો છો? પણ હું કંઇ મૂર્ખ નથી. મારી બુધ્ધિ તમને સૌને પામી શકે છે.

અજ્ઞાની હંમેશા ટાઇટલ લઇને ફરે છે. પણ જ્ઞાની શાંત-સ્વસ્થ નમ્ર થઇને વિચરે છે. સમજદાર વ્યક્તિને તેમનું નામ પૂછવામાં આવે તો પણ તેઓ ખૂબ વિચાર કરીને જવાબ આપે છે.

સમજદાર સંસારી પ્રથમ પોતાનું નામ ન કહે પણ એમ કહે મારા વડીલોનું આ ઉત્તમકુળ છે. સમજદાર સાધુ હોય તો કહે ફલાણા ધર્માચાર્યનો હું શિષ્ય છું.

૧૪૪૪ ગ્રંથના મહાન રચયિતા સૂરિ પુરંદર આચાર્ય ભગવંત હરિભદ્ર સૂ.મ. પ્રત્યેક ગ્રંથની પ્રશસ્તિમાં લખે "યાકિની મહત્તરા સૂનુ હરિભદ્રસૂરિ"

હરિભદ્ર સૂરિ મહારાજ જ્ઞાનનિધિ હતા. જ્ઞાનના મહાન ઉદધિ હતા. ચૌદ વિદ્યાના પારંગત હતા. તેઓનો સંકલ્પ જેનો અર્થ મને ન આવડે અને મને અર્થ સમજાવે તેમનો હું શિષ્ય

બ્રાહ્મણ કુલ... જન્મથી વિદ્યા વ્યસન... રાજ્યમાન્ય પુરોહિત... યાકિની મહત્તરા ઉચ્ચારણ કરી રહેલ એક શ્લોકનો અર્થ ન સમજતાં સાધ્વીજીની સેવામાં અર્થ શીખવા ગયા. આત્માની યોગ્યતા -

ભાવિની ભવ્યતા નિહાળી. મહત્તરા સાધ્વીજીએ હરિભદ્ર પુરોહિતને આચાર્ય પાદના ચરણમાં મોકલ્યા.

અર્થ સમજાવ્યા આચાર્ય ભગવંતે પણ આજીવન સ્મૃતિ-કૃતજ્ઞતા સમર્પણ યાકિની મહત્તરાના ચરણે કર્યું.

હરિભદ્ર સૂરિ મહારાજ ની દીર્ઘદૃષ્ટિ - આંતરદૃષ્ટિ આ ધર્મમાતાના પુણ્ય - પ્રભાવે જિનશાસનને પામી શક્યા - ભૂલ્યા ભુલાય નહિ - વિસર્યા વિસરાય નહિ. જ્યાં સુધી કેવલજ્ઞાન પ્રાપ્ત ન થાય. મોક્ષ ન થાય ત્યાં સુધી મારા ધર્મ જનેતા યાકિની મહત્તરા...

આ છે જ્ઞાનીઓની અનેરી મહત્તા...

ગુરુદેવ !

મારા અહંના તોફાન શું કહું. મારા ધર્માચાર્ય. મારા માતાપિતા મારા ઉપકારીને પણ કહી દઉં. મને ભણાવ્યો મને વિદ્વાન બનાવ્યો તેમાં કાંઇ નવાઇ નથી કરી, જગતમાં તમારે કીર્તિ મેળવવી હતી. મારો શિષ્ય વિદ્વાન છે. મારો પુત્ર શિક્ષિત છે. તમારી કીર્તિ લાલસાનો મને પ્યાદુ બનાવ્યો. હું તમારી બધી રાજરમત જાણું છું.

અજ્ઞાનના અંધારામાં અટવાતા - રખડતા - પછડાતા એક દિવસ મારા ભાગ્યનો સૂર્યોદય થયો. અંધકારના પડલ હટવા લાગ્યા. જ્ઞાની ગુરુએ મારો હાથ પકડ્યો. મારી પીઠ ઉપર હાથ ફેરવી મને વાત્સલ્ય આપ્યું. મેઘગંભીર વાણીએ લલકાર્યો.

"ઓ મહાનુભાવ ! તું આત્મા છે. તું ચૈતન્ય સ્વરૂપ છે. તું ચિદાનંદમય છે. શુધ્ધજ્ઞાન એ તારો પોતાનો ગુણ છે. તારામાં રહેલ અનંતજ્ઞાન નિધિનું ઉદ્‌ઘાટન કરું ! અવળા ફેરા છોડી દે... સવળા ફેરા ફર...

મહાત્માની વાણી સાંભળી હું ઉભો રહી ગયો. ભ્રમણ અટક્યું. અંતરમાંથી એક ઉંડી વાત સમજાવા લાગી. આ જ્ઞાનપૂંજ ગુરુદેવ જ મારા અજ્ઞાનના અંધેરા ઉલેચી શકે. આ જ્ઞાની ગુરુની પ્રભા - આત્મા જ મારા આત્મજ્ઞાનને પ્રાપ્ત કરાવશે. ગુરુના ચરણનો સેવક બની ગયો. ગુરુના જ્ઞાનમય આભામંડલમાં ઉપસ્થિત થયો ત્યાં જ રહી ગયો.... પણ .... પણ.... અજ્ઞાન. - અહં વારંવાર ડોકીયા કરવા લાગ્યું. જ્ઞાની સાથે મેં તો સરસા - સરસી કે ચડસા-ચડસી શરૂ કરી દીધી. જાણે દ્વંદ્વ યુધ્ધના દાવપેચ રમવા લાગી ગયો. - પણ જ્ઞાનનિધિ ગુરુદેવના વાત્સલ્યપૂર્ણ નયનોમાંથી નીતરતી કૃપાએ ભીંજાઇ ગયો - મેં ગુરુ સાક્ષીએ કબૂલ કર્યું. 'તુબ્મે જાણહ - અહં ન જાણામિ' આપ જ મારા અપરાધોને જાણો છો. આપ જ અપરાધથી દૂર રાખવાની પ્રક્રિયાને જાણો છો. આપ જ મને એ અવરોધોથી દૂર કરી મારા વિકાસને સાધવાની કલા જાણો છો. આપ જ મારામાં પ્રકાશ પાથરી શકો. મારી કબુલાત છે. સ્વીકારજો મારી શરણાગતિ - આપ શરણાગત વત્સલ છો.

ગુરુદેવ ! હવે મારો જીવનમંત્ર બનશે અને એ મંત્રનો હું અજપાજાપ કરીશ. તુબ્મે જાણહ અહં ન જાણામિ. મારો અજપાજાપ મને સિધ્ધ સાધક બનાવે એ જ અંતર ઇચ્છા.

★ ★ ★ ★ ★

૭

# પડિક્કમામિ

હું પ્રતિક્રમણ કરું છું :-

હું પીછેહઠ કરું છું. હું પાછો વળું છું. હવે હું આગળ નહિ વધુ. મને લાગે છે ક્યાંક માર્ગ ભૂલ્યો છું. જરૂર પંથ ભૂલ્યો છું - હવે આગળ વધુ તો ખરેખર ભૂલ ભૂલામણીમાં અટવાઇ જઇશ.

**પડિક્કમામિ શબ્દ આત્મસંશોધનનો અનુપમ પંથ છે.**

- હું પાછો ફરુ છું. શબ્દનું રહસ્ય જં એ છે કે મેં ક્યાંક ભૂલ કરી છે. પણ હવે સદ્‌ગુરુકૃપાએ આત્મજાગૃતિ પેદા થઈ છે. જેથી હું ઉન્માર્ગનો ત્યાગ કરું છું.

પ્રતિક્રમણ-પીછેહઠ વિશ્વમાં અનેક કાયરો કરે છે. સંપૂર્ણ વિચારણા બાદ આગળ-પાછળનો વિચાર કર્યા વગર પાગલ બની દોડનાર સૌને પીછેહઠ - પ્રતિક્રમણ કરવું પડે. પણ બહારના માર્ગથી દોડાદોડ પરથી નહિ. અંતરની ઉલ્ટી દોડાદોડ - રાગ દ્વેષની ભૂલ ભૂલામણીમાં અજ્ઞાન અંધારે અટવાતો સાધક પીછે હઠ નથી કરતો, સન્માર્ગે આગળ ધપે છે. ખોટા પણ પકડાયેલા માર્ગથી પાછા ન વળવું એ હઠ છે. એ મૂર્ખતા છે. સાધકે પ્રાજ્ઞ બનવાનું છે. સરળ બનવાનું છે. અને તેથી જ જે ક્ષણે ખ્યાલ આવે તેજ ક્ષણે પક્ષને પલટી દેવાનો છે. "પડિક્કમામિ" વિજયઘોષણા છે... આગેકૂચ છે... વિજય યાત્રા છે. હવે હું પડિક્કમામિ - પ્રતિક્રમણ કરું છું.

બહારની ભૂલ ભૂલામણીથી માર્ગ પર આવવું સુલભ છે. પણ આંતર દ્વંદ્વમાં આંતર જગતની રાગ-દ્વેષની ગલીખુંચીમાંથી પીછે હઠ કરવી - પ્રતિક્રમણ કરવું ખૂબ ખૂબ દુર્લભ છે. પ્રતિક્રમણ મહારથી કરી શકે, પ્રતિક્રમણ મહાત્મા કરી શકે. કાયરનું કામ નહિ. પ્રતિક્રમણ તો શૂરાનો પંથ છે. શૂરવીર - બહાદૂર જ પ્રતિક્રમણ કરી શકે.

બાહ્ય જગતમાં વિજય-હારના દાવપેચ ચાલ્યા જ કરતાં હોય. જગત એ તો શતરંજની રમત છે. તેમાં નિત્ય કોઈનો વિજય નથી. નિત્ય કોઈની હાર નથી. જગતના ખંધા લોકો તો કહે પાનાની રમત - જુગારના ખેલ - સટ્ટાનો વ્યાપાર - રેસની દુનિયા એ તો હંમેશા હાર અને વિજયનો શંભુમેળો છે. ત્યાં પૂછવાનું નહિ કોણ હાર્યો. કોણ વિજયી થયો. બસ ફક્ત હસવાનો ઢોંગ કરી મસ્તીથી બોલે રમત પૂરી થઈ.

પ્રભુ ! ગુરુદેવ ! મારી આંખ સામે એક આગવું દશ્ય દેખાય છે. બાહુબલીએ રણમેદાનમાં મુઠ્ઠી ઉગામેલી લાગે એક ક્ષણમાં મહારાજા ભરત ચક્રવર્તી હતા ન હતા થઈ જાત. પણ મહાત્મા બાહુબલીએ ઉગામેલ મુઠ્ઠી ક્રોધથી ઉગામેલ મુઠ્ઠી વૈરથી ઉગામેલી મુઠ્ઠીનું પ્રતિક્રમણ કર્યું.

પ્રભુ ! ઋષભદેવ તમે પ્રથમ તીર્થંકર પ્રથમ મુનિ. આ અવસર્પિણી કાળમાં પ્રથમ ધર્મ તીર્થ પ્રવર્તક. તમારો પ્રભુ પુત્ર થઈ ગોત્રદ્રોહ કરું ? ભ્રાતૃદ્રોહ કરું ? વડીલ ભાઈનો હત્યારો બનું? બાહુબલીએ આત્મ બલી બની પ્રતિક્રમણ કર્યું. ઉગામેલી મુઠ્ઠીથી લોચ કર્યો. મહાત્મા બાહુબલી માટે રણમેદાન - પ્રતિક્રમણનું પવિત્ર સ્થળ બની ગયું. બાહુબલીએ ફક્ત માથાનું મુંડન ન કર્યું. પણ ક્રોધ-માન-માયા-લોભ-વેરઝેર-ઈર્ષ્યા-અસૂયાથી પ્રતિક્રમણ કર્યું.

ગુરુદેવ ! મારી આંતરકથા..... આંતરવ્યથા શું કહું ? મારી કથા કહેતા હું લજ્જા પામુ છું. આપના સાંનિધ્યમાં રહ્યો મને પ્રતિક્રમણ ખૂબ ગમે છે. ઘણીવાર પ્રતિક્રમણ કરું છું પણ હું ઘાંચીના બળદ જેવો છું. ફરી ફરી પાછા એના એજ રાગ-દ્વેષ અને અજ્ઞાનના ચક્કરમાં અટવાઈ જાઉં છું. મારું પ્રતિક્રમણ નિષ્ફળ જાય છે. હું હારી જાઉં છું. થાકી જાઉં છું. નિરાશ થઈ કિં કર્તવ્યં મૂઢ બની જાઉં છું. પ્રતિક્રમણ ભૂલી જાઉં છું. પ્રભુ મને રસ્તો બતાવો. મને પંથ બતાવો.

સાધક ! અજ્ઞાન એ જ અંધકાર છે. ત્યાં ભૂલભૂલામણી હોય જ. પ્રતિક્રમણ કર પણ જ્ઞાનનો દીપક લઈ જીવન માર્ગે સંચરજે... ફક્ત પડિક્કમામિ શબ્દ ના બોલ. ફક્ત પ્રતિક્રમણની ક્રિયા ના કર. પણ જ્ઞાનના દીપક દ્વારા નિહાળ કે પ્રતિક્રમણથી મારા આત્મગુણોની પ્રગતિ કેટલી ? પ્રતિક્રમણથી મારા ક્રોધની અગ્નિજવાળા કેટલી શમી ગઈ ? મારા આત્માએ પ્રતિક્રમણ દ્વારા સમતાકુંડમાં કેટલીવાર સ્નાન કર્યું ? પ્રતિક્રમણ દ્વારા ૧૮ પાપસ્થાનકથી કેટલો વિરામ પામ્યો ? પ્રતિક્રમણ દ્વારા મેં કેટલા બાહ્ય અને અભ્યંતર કર્મબંધના કારણોને અટકાવ્યાં.

પ્રભુ ! મારી આત્મકથની કહું. પ્રતિક્રમણમાં મેં ફક્ત શબ્દોચ્ચાર જ કર્યો. ૧૮ પાપસ્થાનકના નામ બોલી ગયા પણ એકવાર પણ મેં વિચાર કર્યો નથી. આ પાપ છે. આ પાપનું મેં આચરણ કર્યું છે. મારે આ પાપથી પીછેહઠ કરવાની છે. મેં તો પોપટપાઠ કર્યા છે. સૂત્રોના ઉચ્ચારણ દ્વારા જીભને જ શ્રમ આપ્યો છે. જીભની કસરત કરી છે. પ્રભુ! તમારા બાળ પાસે એક તો સાચું પ્રતિક્રમણ કરાવો. ઓ પ્રભુ ! હું ગમે તેવો છું. પણ ઉપેક્ષાને પાત્ર નથી... મારી ઉપેક્ષા ન કરો..

સાધક ! કોઈની અપેક્ષા કે કોઈની ઉપેક્ષા તને પ્રતિક્રમણના માર્ગે નહિ લાવી શકે - પ્રતિક્રમણ પહેલાં તું એક પ્રતિજ્ઞા કર. હું કોઈ દિવસ કોઈ જીવની ઉપેક્ષા નહિ કરું; કદાચ ઉપેક્ષા કરીશ તો મારી જ કારણ, મારા દોષોને... મારા દુર્ગુણોને... મારી ભૂલોને... મારા અપરાધોને મોકળું મેદાન ન મળી જાય.

ખુદના અપરાધ ખ્યાલમાં રહે.

**જગતના અપરાધ વીસરવાની કળા તે જ પ્રતિક્રમણ છે.**

**પ્રતિક્રમણ તો આત્મચિંતનનો અનુપમ રાહ છે.**

"અહો કષ્ટં... અહો કષ્ટં.. તત્ત્વં તુ ન જ્ઞાયતે કિંચિત્" આ પ્રભવસ્વામીના શિષ્યોના શબ્દ એ શય્યંભવ ભટ્ટે પ્રતિક્રમણ કર્યું. અને ભટ્ટમાંથી ભટ્ટારક પૂજ્યપાદ બન્યા. તિન્નાણં તારયાણં બન્યા.

પ્રતિક્રમણ સામાન્ય સાધના નથી. એક અદ્‌ભુત યૌગિક પ્રક્રિયા - સાધના છે. પ્રભાત અને સંધ્યા દિવસ અને રાત્રિ બંનેને પવિત્ર કરવાની આત્મ સાધનાની અનુપમ વિધિ છે.

પ્રભુ ! પડિક્કમામિ... પૌદ્‌ગલિક દશામાંથી આધ્યાત્મિક દશા તરફ પગ માંડું. પડિક્કમામિ..... વિભાવદશામાંથી સ્વભાવદશા તરફ ગમન કરું.

પડિક્કમાંમિ... સરાગી અવસ્થામાંથી વીતરાગી દશા તરફ ગમન કરું. પ્રભુ ! મારી પ્રત્યેક ક્રિયા પ્રતિક્રમણ બનો.... બસ... પ્રભુ, મને નિજાત્મદશા, સ્વભાવદશા તરફ લઈ જાવ એ જ પ્રાર્થના...

★ ★ ★ ★ ★

## ૯

# પાયચ્છિત્ત કરણેણં

પ્રાયશ્ચિત કરવા દ્વારા

પ્રાયઃ કરીને ચિત્ત શુધ્ધિ થાય તે પ્રાયશ્ચિત. ઘણું કરીને મનના મેલ જેનાથી ધોવાય તે પ્રાયશ્ચિત.

ગરમી લાગી સ્નાન કર્યું. મેલ લાગ્યો સ્નાન કર્યું. ગંદકી અડી ગઇ સ્નાન કર્યું. અસ્પૃશ્યનો સ્પર્શ થઇ ગયો. સ્નાન કર્યું. ગંગા-યમુના ગયો તો સ્નાન કર્યું. સોમનાથ ગયો તો દરિયામાં ડુબકી મારી.

મને અહેસાસ થયો પવિત્ર થઇ ગયો. જલથી શું શુદ્ધ થાય; દેહ કે આત્મા? જલમાં દેહને શુધ્ધ કરવાની તાકાત છે. જલથી પવિત્ર થવાતું હોય તો માછલી પવિત્ર બની જાય. માછીમાર પવિત્ર બની જાય. દેહને શુધ્ધ કરવા જલ જરૂરી છે.આત્માને શુધ્ધ કરવા પ્રાયશ્ચિત જરૂરી છે.

સ્નાન શાનાથી કરવું? કઇ વિધિથી કરવું? કેટલા જળથી કરવું? કેવા જળથી કરવું ? ક્યારે કરવું ? આ બધું આપણને જ્ઞાન છે અને ન હોય તો જ્ઞાન મેળવીએ. દેહ પવિત્ર હશે શુધ્ધ હશે. દેહની માવજત કરી હશે તો વ્યક્તિત્વ વિકસિત થશે અને સંસારમાં સફળ થઇશું. આ આપણી મનોવૃત્તિ છે. ક્યારેક તો શાંત સ્વસ્થ બની વિચારીએ ચિત્ત શુધ્ધિ મનની પવિત્રતા એ જ આત્માનો આધાર છે. પુંડરીક પાસે મનની પવિત્રતા હતી. એક દિવસના ચારિત્રમાં મોક્ષ. કંડરીક પાસે મનની પવિત્રતા ન હતી..... તો વર્ષો બાદ પણ સાતમી નારકીની સજા મળી.

ગુરુદેવ ! મારે પ્રાયશ્ચિત કરવું છે. મારા મનની શુધ્ધિ કરવી છે. મારું મન નિર્મળ બનાવવું છે. મારું મન વિમળ બનાવવું છે. શું મને ના

બતાવો પ્રાયશ્ચિતની વિધિ? "કૃપા કરો" ! બતાવો ! મારી આત્મશુધ્ધિનું અભિયાન. આત્મશુધ્ધિનો, હું ચાહક છું, અનુમોદક છું.

પ્રભુ ! પ્રાયશ્ચિત કેવી રીતે કરાય ? પ્રાયશ્ચિત ક્યારે કરાય ? પ્રાયશ્ચિત કોની પાસે કરાય ? પ્રાયશ્ચિતની વિધિ શું ? પ્રાયશ્ચિતના લાભ શું ? પ્રાયશ્ચિત શાનુ શાનું કરવાનું ?

સાધક ! તારી પ્રશ્નોતરી ઘણી સારી છે. પણ પ્રશ્ન પરંપરા પાછળ તારો આશય શુધ્ધ છે ? પવિત્ર બનવાની તને તાલાવેલી છે ?

જિનશાસનમાં પ્રાયશ્ચિતનું ખૂબ મહત્ત્વ છે. સવારથી પ્રારંભ કરી રાત્રિ સુધીની દરેક ક્રિયા પ્રત્યેક વાણી પ્રત્યેક વિચાર પ્રત્યેક અધ્યવસાયમાં જાગ્રત રહીને પૂછવાનું છે. મારું મન પ્રાયશ્ચિતમાં છે મારું મન પવિત્ર છે. વિશુધ્ધ છે.

તારી જિજ્ઞાસા છે એટલે વાત કરું. જિનશાસનના પ્રાયશ્ચિત્તના મુખ્ય પ્રકાર ૧૦ છે. તેના ભેદ-પેટાભેદ અનેક છે. જેટલી મન-વચન-કાયાની દુઃપ્રવૃત્તિ છે. તેટલા પ્રાયશ્ચિતના સ્થાન છે.

વ્યક્તિ-વ્યક્તિએ પ્રાયશ્ચિતના સ્થાન અલગ છે. પ્રાયશ્ચિતના પ્રકારો અલગ છે. જેટલીવાર મનની મલિનતા થઇ તેટલી વાર પ્રાયશ્ચિત કરવાનું.

તસ્સ ઉત્તરી તો પ્રાયશ્ચિત પાઠ છે. કાઉસ્સગ્ગ પ્રાયશ્ચિત છે. તપ પ્રાયશ્ચિત્ત છે. સ્વાધ્યાય પ્રાયશ્ચિત્ત છે. મનને નિર્મળ કરતી દરેક પ્રક્રિયા પ્રાયશ્ચિત છે.

જિનશાસનમાં તસ્સઉત્તરીસૂત્રથી પ્રારંભ કરી અનેક નાના મોટા ગ્રંથોમાં પ્રાયશ્ચિતનું વિધાન છે. મહાનિશીથ સૂત્રનું ૧ લું અધ્યયન સલ્લુધ્ધરણં શલ્યોધ્ધાર પ્રાયશ્ચિત્ત અંગેનો એક અનુપમ ગ્રંથ છે.

મિચ્છામિ દુક્કડં થી પ્રારંભ કરી પારાંચિત પ્રાયશ્ચિત સુધીના શાસ્ત્રમાં વિધાન છે.

શાસ્ત્રમાં આલોચના અને પ્રાયશ્ચિત અલગ છે. ગુરુ સમક્ષ આપણા પાપો પ્રગટ કરવા તે આલોચના છે. આપણી ભૂલો અપરાધની શુધ્ધિ માટે જે પવિત્ર ક્રિયા ચિત્ત નિર્મળ કરવાની પ્રક્રિયા તે પ્રાયશ્ચિત છે.

પ્રાયશ્ચિત આપનાર આચાર્ય ભગવંત કેટલા ગંભીર કેટલા ગીતાર્થ અને કેટલા ઉદાર હોય. પ્રાયશ્ચિત્ત લેનારની જાહેરાત ના કરે - પ્રાયશ્ચિત્તની જાહેરાત ના કરે - ક્યા અપરાધનું પ્રાયશ્ચિત કર્યું તેની પણ ક્યારેય જાહેરાત ના કરે.

પ્રાયશ્ચિત્ત લેનાર આત્માને વિશ્વાસ છે. કદાચ મારી જન્મદાતા મારી ભૂલની જાહેરાત કરી દેશે. પણ પ્રાયશ્ચિત આપનાર મહાપુરુષ મારા પાપની જાહેરાત નહિ કરે, પણ પ્રાયશ્ચિત્ત દ્વારા મારા આત્માની શુધ્ધિ કરશે કે બીજીવાર મો ારો આત્મા અશુધ્ધ જ નહિ થાય.

૧૮ દેશના અધિપતિ કુમારપાલ મહારાજે કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મ. પાસે પ્રાયશ્ચિત્ત લીધું. પ્રભુ ! ઘેબર ખાતા જુના સંસ્કાર જાગ્રત થઇ ગયા. મેં આરોગ્યા ઘેબર પણ સ્વાદ આવ્યો વિચિત્ર. ગુરુદેવ! ગુરુદેવ! આપ સર્વજ્ઞ છો. મારા પાપનું પ્રાયશ્ચિત્ત આપો.

રાજન્ કુમારપાલ ! બત્રીસ દાંતે પાપ કર્યું. તો બત્રીસ દાંત તોડી નાંખ પ્રભુ ! આજ્ઞા શિરસાવંદ્ય - કુમારપાલ મહારાજા - પત્થર લઇ દાંત તોડવા પ્રયત્ન કરે છે. - ગરવા ગુરુવર કુમારપાલનો હાથ પકડે છે. વિશુધ્ધ આત્મા તારું પ્રાયશ્ચિત્ત થઇ ગયું.

મહાન્ ગુરુવરે મહાન્ ભક્તના આત્માની વિશુધ્ધિ માટે વીતરાગ સ્તોત્રના વીસ પ્રકાશ અને યોગશાસ્ત્રના બાર પ્રકાશની રચના કરી. બત્રીસ દાંતની શુધ્ધિ માટે પ્રાતઃકાળે આ બત્રીસ પ્રકાશના સ્વાધ્યાય પછી જ અન્નજળને મુખમાં પ્રવેશ મળતો હતો.

પ્રાયશ્ચિત્તના અનેક વિધાન, પણ પ્રાયશ્ચિત્ત - લેનાર આત્માની

યોગ્યતા દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ તથા સંઘયણ જોઇ ગુરુ પ્રાયશ્ચિત્ત આપે.

પાટણનું એક જ્ઞાનમંદિર એક પુણ્યાત્માને મળેલ પ્રાયશ્ચિત્તમાંથી થયેલ સર્જન છે.

**પશ્ચાતાપ પૂર્વક થયેલ પ્રાયશ્ચિત્ત આત્માની શુધ્ધિ કરે છે**

પાપ થઇ ગયા બાદ આત્માને અકળામણ મુંઝામણ ગભરામણ થાય એટલે અપરાધ પછી પશ્ચાતાપ થાય અને પશ્ચાતાપથી થયેલ પ્રાયશ્ચિત્ત આત્મશુધ્ધિનું સાધન બને.

પાપ અંગે મનમાં દુ:ખ બળાપો ન હોય. કોઇ પ્રાયશ્ચિત્ત લેવાનું સૂચન કરે - એકવાર નહિ બેવાર નહિ અનેકવાર ત્યારે મનમાં ચંડ - પ્રચંડ ગુસ્સાનો આવેગ આવે અને મહાત્મા ચંડકૌશિક બને. પોતે બળે સૌને બાળે - અપરાધી - નિરપરાધી સૌની હિંસા.

પ્રાયશ્ચિત્ત હ્રદયની શુધ્ધિથી લેવાનું, ખુદના અપરાધનું લેવાનું, પ્રાયશ્ચિત્ત સરળતાથી લેવાનું, આપણા આત્માને પાપથી હલકો કરવા લેવાનું.

લક્ષ્મણા સાધ્વીજીએ પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું. પણ સરળતા ન રાખી તો આત્મશુધ્ધિ ના થઇ.

પ્રભુ ! મારા દિનની શુધ્ધિ માટે - રાત્રિની શુધ્ધિ માટે પક્ષ માસ ૪ માસ ૧૨ માસ મારા ભવની શુધ્ધિ માટે મારા ભવોભવની શુધ્ધિ માટે અનંત અનંત જન્મના પાપની શુધ્ધિ માટે મારા આત્મગુણોની વૃધ્ધિ માટે આપને વિનંતી કરું છું. મને પ્રાયશ્ચિત્ત આપો. "સાહુ હુજ્જામિ તારિઓ" "ઓહરિઅ ભરૂવ્વ ભારવ હો." હું પ્રાયશ્ચિત કરી હલકો ફૂલ થઇ જાઉં...

★ ★ ★ ★ ★

૯

# અપ્પાણં વોસિરામિ

હું મારા આત્માને વોસિરાવુંછું.

હું આત્માને વોસિરાવું છું એટલે શું ? હું મારા આત્માનો ત્યાગ કરું છું. મારા આત્માને છોડું છું. શું આત્મા છોડી શકાય ? આત્મા કોઇ એવી ત્યાગથી એનું અસ્તિત્વ મીટાવી શકાય.ચીજ એવા પદાર્થ કે વસ્તુ છે કે તેનો ત્યાગ કરી શકાય.

ભલા માનવ ! અધ્યાત્મ જગતમાં તું બાળક છે. ૬ મહિનાના બાળકમાં જે સમજ હોય તે તારામાં નથી. ભૌતિક જગતની વાતોમાં તું નિષ્ણાત છે. પણ આધ્યાત્મિકતા અને આધ્યાત્મિક જગતને સમજવું સહેલું નથી. ખૂબ અઘરું છે.

ગુરુદેવ ! આપની વાતનો સંપૂર્ણ સ્વીકાર કરું છું. હું તો શબ્દોનો ગુલામ છું. મને સમજાતું નથી. "અપ્પાણં વોસિરામિ" નો અર્થ. આત્માને છોડવાનો, કોણ આત્માને છોડી શકે. આ તો કેવી બેહુદી વાત છે. આત્માને છોડવાનો અને દેહને રાખવાનો. મને મુંઝાવો નહિ. મને તો ખૂબ ગભરામણ થાય છે. આ ધર્મમાં મને તો ખૂબ ગભરામણ થાય છે. આ ધર્મમાં આત્માને છોડવાનો અને શું દેહના જતન કરવાના ? ના; એમ ન હોઇ શકે. મહાત્માઓએ ક્યારેય દેહના જતન્ન કર્યા નથી. દશવૈકાલિક સૂત્રની પેલી શાસ્ત્રપંક્તિ મને વારંવાર યાદ આવે છે.

**"અપ્પા ખલુ સયયં રક્ખિઅવ્વો"**

ઓ ગુરુદેવ ! આપને ઘણા શિષ્ય છે મને ખબર છે. આપના

બધા શિષ્ય બુધ્ધિમાન છે. આપના આંખના ઈશારામાં સમજી જાય છે. પણ હું એવો બુધ્ધુ મૂર્ખ શિષ્ય છું મને તત્ત્વ સમજાતું નથી. મારું મન ભૂલું પડી જાય છે. મારા જેવા અજ્ઞાનીને સીધુ સમજાવો. કૃપા કરો મને ના લટકાવો.

દશવૈકાલિક સૂત્રમાં કહ્યું "હંમેશા આત્માનું રક્ષણ કરો." અન્નત્થ સૂત્રમાં કહ્યુ "અપ્પાણં વોસિરામિ" - પ્રભુ આપ મારી મર્યાદા - મારા અજ્ઞાનને સમજો છો. આપની મારા પર કૃપા ન હોત તો આપને પ્રશ્ન પણ ન પૂછી શકત. ગુરુદેવ ! "અણુગ્ગહં કુજ્જા" "દયા કરો દયા કરો."

સાધક ! તારી ભાવનાને હું વંદન કરું છું. તારી ધીમે ધીમે પણ પ્રગતિ થઇ રહી છે.શાસ્ત્રપદો તારા હૈયામાં રમવા લાગ્યા છે. તું ચિંતનના પંથે પ્રગતિ કરે છે. આજે તને એક વાત સમજાવું છું પ્રશ્ન પૂછવો એ પણ સ્વાધ્યાય છે.

મારા જ્ઞાની ગુરુ ! આપ મારી મશ્કરી ના કરો મને અજ્ઞાનીને માર્ગ બતાવો-માર્ગદર્શન કરાવો. પ્રશ્ન અણસમજ કે અજ્ઞાનથી પૂછાય છે. આપ તેને સ્વાધ્યાય કહો છો ?

ભલા સાધક ! પ્રશ્ન ક્યારે થાય ? વસ્તુ જાણવાની જિજ્ઞાસા થઇ તો તેં આત્મા માટે પ્રશ્ન કર્યો, તેં શાસ્ત્રજ્ઞાન માટે પ્રશ્ન કર્યો. તારા હૈયામાં જ્ઞાનની ઉંડી ઝંખના જાગી. સમજ વગર તને ચેન ન પડ્યું તેથી પ્રશ્ન પૂછયો. પુણ્યશાળી પૃચ્છના સ્વાધ્યાય આપણા અધ્યાત્મજ્ઞાનના પાયા મજબૂત કરે છે. આપણે ત્યાં પંચમાંગ ભગવતી સૂત્ર વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ દ્રવ્યાનુયોગનો મહાનગ્રંથ છે. ભગવતી સૂત્ર શું છે ? પ્રશ્નોત્તરનો

અનુપમ ગ્રંથ ગૌતમપૃચ્છા - હીર પ્રશ્ન - સેન પ્રશ્ન - વિવિધ પ્રશ્નોત્તર - વીર પ્રશ્નોત્તર - લબ્ધિ પ્રશ્ન અનેક પ્રશ્નોત્તર ગ્રંથ છે. તને ખ્યાલ હશે ગુજરાતીની કહેવત પૂછતાં પંડીત થવાય. શાંત થઇ ને મારી વાત સાંભળ.

જિનશાસનમાં એકાંત નથી. અનેકાંત છે. પરમાત્મા મહાવીર આપણા આરાધ્ય પૂજ્ય પણ પરમાત્મા મહાવીર પ્રભુના ૨૭ ભવથી જ્ઞાન મેળવવાનું, સમજ મેળવવાની પણ આદર્શ તો તેમના તીર્થંકર નામ કર્મ બાંધવાના ભવોનો રાખવાનો તેમ અપ્પાણં વોસિરામિ એ વાક્ય પણ અનેકાંતમય છે. મારા અજ્ઞાન અને અજ્ઞાની આત્માનો ત્યાગ કરું છું. મારા આત્માએ અધ્યવસાય દ્વારા જે કર્મબંધ બાંધ્યા તે બધા કર્મબંધના નિમિત્તોનો ત્યાગ કરું છું.

**આત્મા સૌના સમાન છે. પણ મહાત્મા તથા પરમાત્મા વંદનીય છે સ્મરણીય છે અને અનુકરણીય છે.....**

જે આત્માએ આત્મગુણ વિકસિત કર્યો તે પૂજનીય દેહને શું છોડવાનો ? એ તો છૂટવાનો છે. દેહ એક જન્મથી બીજા જન્મમાં સાથ નહિ આપે - પુદ્ગલની માયા - મમતા આત્માને દુષિત કરે છે. આત્માને કર્મબંધ કરાવે છે. તેથી પાપમય આત્માને વોસિરાવો અને જ્ઞાનમય - ધર્મમય - વિશુધ્ધિમય આત્માને સ્વીકારવાનો. આપણે આત્માને કર્મથી ભિન્ન પણ માનીએ છીએ. કર્મથી અભિન્ન પણ માનીએ છીએ.

સિધ્ધાત્મા-સંપૂર્ણ નિરંજન નિરાકાર - જ્ઞાન સ્વરૂપ સંપૂર્ણ જ્ઞાન સ્વરૂપ છે. બાકી સમસ્ત આત્માના આઠ રૂચક પ્રદેશ શુધ્ધ છે. તેથી જ પુનઃ પુનઃ પ્રભુને પ્રાર્થના કરીએ છીએ. મેં અશુધ્ધ આત્મ અધ્યવસાયનો

ત્યાગ કર્યો છે. હવે મારા આત્માને શુધ્ધ અધ્યવસાયમાં સ્થાપન કરું છું.

ઠાણેણં - મોણેણં - ઝાણેણં એટલે શું ? મેં કાયાને હલન-ચલન ઈધર-ઉધર પરિભ્રમણનો ત્યાગ કરવા કહ્યું છે. વચનને તો મૌનના મહાસાગરમાં નિમગ્ન થવા આદેશ આપ્યો છે. આ વાણીના ઉધમાત અને ઉલ્કાપાત તને પણ ખબર છે ને ?

પ્રભુ ! હું જાણું છું મંથરાની વાણી દ્વારા રામાયણ સર્જાયું. દ્રૌપદીની વાણી દ્વારા મહાભારત સર્જાયું અને મારી વાણી દ્વારા તો આ ભવભ્રમણ સર્જાયું પ્રભુ મને આગળ ફરમાવો.

વત્સ ! સાંભળ. કાયા સ્થિર બની. વચન સ્થિર બન્યું. હવે મન મહા મર્કટને પ્રભુના ધ્યાનમાં રોકી દેવાનું.

પાપમય આત્માનો ત્યાગ કરવા મન-વચન-કાયા આ ત્રણ યોગને ધર્મધ્યાનમાં જોડી દેવા. ધ્યાનયોગમાં આગળ વધ આર્ત-રૌદ્ર ધ્યાનનો ત્યાગ કર - ધર્મધ્યાન શુક્લધ્યાનને સિધ્ધ કર.

અપ્પાણં વોસિરામિનો અર્થ અનુપમ છે.

**આત્માને વિશુધ્ધ કરવાના રાજમાર્ગે જલ્દીથી સંચર.**

**આત્માની ચરમ અવસ્થા મોક્ષ પ્રાપ્ત કર**

અન્નત્થ સૂત્ર એક અદ્‌ભૂત સૂત્ર છે. કાઉસ્સગ્ગનું પચ્ચક્ખાણ છે. ભલા સાધક ! સિધ્ધિ પ્રાપ્ત કર એ જ તારા ગુરુના અંતરના આશીર્વાદ - મારો મંગળઘોષ છે. પ્રભુ ! પ્રભુ ! ધન્યોઽહં...કૃત પુણ્યોઽહં... આજ આપના આશીર્વાદે ધન્ય બન્યો.

★ ★ ★ ★ ★

# તિત્થયરા મે પસીયંતુ

તીર્થંકર પ્રભુ ! મારા ઉપર પ્રસન્ન થાવ.

ઘણાને ખુશ કર્યા... ઘણાને ખુશ કરવા પ્રયત્ન કર્યો...

ઘણાની ખુશી મેળવવા રાત-દિવસ એક કર્યા...

કોઈ મારી ઉપર ખુશ થયું પણ મારી પ્રીતિ બદલાઈ ગઈ...

કોઈએ મારા ઉપર પ્રેમ કર્યો પણ મને તેના ઉપર દ્વેષ થયો...

એકાંતના ઓરડે બેસી મારી પ્રેમ કથાને વિચારું છું... તો ધ્રુસકે ધ્રુસકે રડી પડું છું... સાચું કહું પ્રેમ એ તો અદ્‌ભુત નિર્મળ પ્રક્રિયા છે.

પ્રેમના નામે સ્વાર્થનું નાટક ભજવ્યું... સ્વાર્થની ગલી ખુંચીમાં અટવાયો. પ્રેમ એ તો પરમ શુધ્ધ અવસ્થા છે. જ્યાં આત્મા સાથે આત્માનું મિલન હોય... ગુણી સાથે ગુણીનું મિલન હોય...

પણ; વાસનાની જ્વાળામાં શેકાયો અને પ્રેમ પ્રેમ પોકાર્યો.

સાચે મારા જેવા સ્વાર્થીના કારણે પ્રેમ વગોવાયો...

પ્રેમ શબ્દથી લોકો શંકા-કુશંકા કરવા લાગ્યા. પ્રેમી તો ધિક્કાર પાત્ર બન્યા, પણ પ્રેમ શબ્દ ય ધિક્કાર પાત્ર બન્યો.

સ્વાર્થ, વાસના, કામના અંતરમાં રાખી પ્રેમનો અંચળો ઓઢ્યો. પણ, એક ધન્ય દિને તીર્થંકર પ્રભુના દર્શન થયા...

પ્રભુના ચરિત્રો વાંચ્યા... પછી તો એવી લગન લાગી...

મારૂં કામ પણ ભૂલાવા લાગ્યું મારૂં નામ પણ વીસરાવા લાગ્યું - ચોવીસ તીર્થંકર પ્રભુનું નામ સ્મરણ કરવા લાગ્યો.

પ્રભુના નામ સ્મરણની મસ્તી જાગી... મારૂં પ્રભાત પણ પ્રભુના નામ સ્મરણથી પ્રારંભ થાય. સંધ્યા પણ પ્રભુના નામ સ્મરણથી ધન્ય બનવા લાગી. રાત-દિવસ જ્યારે જુઓ ત્યારે મારા મનમંદિરની અંદર એક સતત જાપ ચાલુ રહેવા લાગ્યો.

**'ચઉવીસં પિ જિણવરા તિત્થયરા મે પસીયંતુ'** મંત્ર પદ મારા મનનું માલિક બની ગયું.

પ્રભુ ! હું સ્થિર થઇ ગયો... અટકી ગયો... હું શું સાચે પ્રાર્થના કરૂં છું. "તિત્થયરા મે પસીયંતુ"

તીર્થંકર ! પ્રભુ મારા પર પ્રસન્ન થાવ. દિલની ઝંખના છે. હતી અને રહેશે. મારે તીર્થંકર પ્રભુને પ્રસન્ન કરવા છે. તીર્થંકર પ્રભુની કૃપા પ્રાપ્ત કરવી છે. મનમાં મથામણ ચાલી રહી છે. તીર્થંકર પ્રભુ ! મારા પર પ્રસન્ન થાય... મારી કઇ યોગ્યતા... કઇ લાયકાત કે હું કહી શકું કે પ્રભુ ! મારા પર પ્રસન્ન થાવ. મંત્રી બનવું... મહામંત્રી બનવું...ઉપરાષ્ટ્રપતિ બનવું... રાષ્ટ્રપતિ બનવું ખૂબ સહેલું પણ તીર્થંકર પ્રભુના કૃપા પાત્ર બનવું દુર્લભ...

રાજ-રાજેશ્વર - ચક્રવર્તીના પદ-પદવી મારા મનનું આકર્ષણ કરતા નથી. દુનિયાના દરેક પદ ફક્ત પુણ્યના ખેલ છે. પુણ્ય પૂર્ણ થાય એટલે બાજી ખતમ... ગઇ કાલનો સમ્રાટ આજે ગલીમાં ભીખ માંગતો ફરતો હોય...

પ્રભુ ! સંસારના સમસ્ત માન-સન્માન-પદ-પદવીના આશા અરમાન મારા અંતરના ખુણેથી અલોપ થઇ ગયા છે. એક જ આશા... એક જ અરમાન છે. તિત્થયરા મે પસીયંતુ... પણ આ આશા અરમાન પૂર્ણ કરવા મેં કેટલા મહારથીઓના દરવાજા ખખડાવ્યા... કેટલા

મહાત્માઓના ચરણની રજ લીધી...

મહોપાધ્યાય યશોવિજયજી મ.સા.ની સાથે વાર્તાલાપ ઇચ્છયો પણ તેઓ મારી સાથે બોલ્યા નહીં પણ આકાશવાણી જેવો શબ્દ સંભળાયો 'ભક્તિ ભાગવતી બીજં...'

પૂ. દાદા ગુરુદેવ લબ્ધિસૂરીશ્વરજી મ.સા. ની મારા હૃદય મંદિરમાં પ્રતિષ્ઠા કરી પ્રાર્થના કરી...

ઓ દાદા ગુરુદેવ ! મેં આપણા લાડ જોયા છે... વ્હાલ જોયા છે... આપનો રોષ પણ જોયો છે... સંતોષ પણ જોયો છે.

આપના ભીમકાંત ગુણ જોયા છે.. આપ તો મને કંઇ બતાવો... "જરા જિનવરને જપતો જા..." બસ, આમ મને સમજાવીને ચાલ્યા જાવ છો... કંઇ નહિ હું આનંદઘનજી ને પૂછવા જઇશ...

ઓ આનંદઘનજી મહાત્મા ! આપ તો મારા સવાલનો જવાબ આપો... મારી મહેચ્છા પૂર્ણ થશે... તીર્થંકર પ્રભુ પ્રસન્ન થશે... મસ્ત મહાત્માએ તો મારા માટે કોયડા જેવો જવાબ આપ્યો...

"પ્રીત સગાઇ રે નિરુપાધિક કહી... સોપાધિક ધન ખોય..." હું સ્તબ્ધ બની ગયો... ત્યાં જ "તાંવ કાયં" કરી સ્થિર ઉભો રહી ગયો... પ્રભુ ! મારી પ્રીત માટે પૂછો છો... નથી લાલચ, લોભ, આશા, અપેક્ષા તીર્થંકર પ્રભુની કૃપાની ભાવના છે.

બસ, પ્રભુ ! તારા જેવો મને બનાવી લે, તારામાં સમાવી લે... આંખ બંધ કરી ધ્યાન લગાવી બેસી ગયો બધા જ બહારના વ્યાપાર બંધ કરી દીધા. પણ આ શું પ્રભુ ! અલપ-ઝલપ દેખાય છે અને અદૃશ્ય થઇ જાય છે. મારે તીર્થંકર પ્રભુની કૃપા જોઇએ.

દેવ ! મહાદેવ ! મારા મનો મંદિરમાં પ્રભુ પ્રતિષ્ઠા થાવ. પ્રતિષ્ઠા

મંત્ર બોલવા પધાર્યા. અમારા તારક ગુરુદેવ વિક્રમસૂરીશ્વરજી મ.સા... ઓ ગુરુદેવ ! આપે તો મને મંત્ર દીક્ષા અને મંત્ર શિક્ષા આપી. મારી સાધનાની ગતિ પ્રગતિનો માર્ગ બતાવ્યો. ગુરુદેવ એટલે ગુરુદેવ. વાત્સલ્યનું વરવું રૂપ, જિનશાસનનું પરમ ગૌરવ.

ગુરુદેવ ભક્તિનું જીવંત પ્રતીક... ભક્તામર માં મસ્ત.

"તુભ્યં નમઃ... તુભ્યં નમઃ... તુભ્યં નમઃ.... તુભ્યં નમઃ....."

ગુરુદેવ... મને વિચારવા દો...શું વિચારૂં ? સમજવું છે સમજાતું નથી. તુભ્યં નમઃ એકવાર નહિ ૪ વાર... ભક્તિ ગંગામાં સ્નાન કરો... ચાર ઘાતિકર્મનો ક્ષય કરો...તીર્થંકર પ્રભુનો અનુગ્રહ પ્રાપ્ત થશે. ઓ ગુરુવર ! આપ સાચા તારક..... માર્ગદર્શક.....આપે માર્ગ બતાવ્યો; તીર્થંકર પ્રભુની કૃપાનો. ભક્તિ ભાગીરથીમાં સ્નાન કરો....આપ કૃપા એ રાગદ્વેષના દ્વંદ દૂર કરવા છે. તીર્થંકર બનવું છે... તીર્થંકરની કૃપા પ્રાપ્ત કરવી છે.

પ્રભુ ! સ્વાર્થ વિસર્જનની કળા આપો...

પ્રભુ ! પરમાર્થમય બનવાની શક્તિ આપો...

પ્રભુ ! પરોપકારનું વ્યસન આપો...

પ્રભુ ! એટલું તો આપો ... કૃતજ્ઞ બનું...

કૃતઘ્ન ન બનું ... મારો અનાહતનાદ પ્રભુ સાંભળો 'તિત્થયરા મેં પસીયંતુ'

★ ★ ★ ★ ★

# ગરિહામિ

હું ગુરુ સમક્ષ મારા પાપોનો સ્વીકાર કરૂં છું... પાપ થવું એ સર્વ સામાન્ય હકીકત છે પણ પાપને ભૂલ રૂપે સ્વીકારવું એ કઠીન હકીકત છે. તેમાં પણ ગુરુ સમક્ષ ખુદના પાપોની કબૂલાત કરવી તે ભયંકર કઠણ છે.

માનવ માત્ર માનનો ચાહક .. પૂજક છે... વ્યક્તિ સર્વત્ર સર્વ પ્રસંગમાં અન્યની ભૂલ જુએ છે... અન્યની ભૂલ શોધે છે... ખુદનો ગુન્હો બીજાને નામે ચઢાવતાં જરા પણ સંકોચ થતો નથી... કારણ દરેક વ્યક્તિને કહેવું છે... ભૂલ મારી ન થાય... બીજા અજ્ઞાનીની થાય...

જિનશાસન કહે છે... અપરાધ... ગુન્હો, ભૂલ પાપ ના થાય તે તીર્થંકર પ્રભુ ... સર્વજ્ઞ વીતરાગ... બાકી છદ્મસ્થ, પ્રમાદી, અજ્ઞાની અવિવેકીથી ભૂલ થાય... અપરાધ થાય... ગુન્હો થાય... પાપ થાય. ધન્ય છે પ્રભુ શાસન અહીં ગુરુ ગૌતમસ્વામી પોતાની ભૂલ કબૂલ કરે અને આનંદ શ્રાવકને મિચ્છામિ દુક્કડમ્ આપે છે.

ચંડરુદ્રાચાર્ય જેવા મહાન્ ગુરુ પણ કેવલજ્ઞાની શિષ્યને કહે... 'ક્ષમસ્વ મે અપરાધં'

પરમાત્મા મહાવીર પ્રભુના પ્રથમ આર્યા ૩૬ હજાર શિષ્યાના ગુરુણી ચંદનબાલાજી પણ મહાસતી મૃગાવતીજી ને કહે મારો અપરાધ ક્ષમા કરો...

**જિનશાસનમાં ક્ષમા માંગે તે મહાન્...**
**ખુદની ભૂલનો સ્વીકાર કરે તે મહાન્...**

જિનશાસનમાં ખુદના અપરાધના સ્વીકાર માટે બે વાક્યનો પ્રયોગ થાય છે.

ભંતે ! નિંદામિ ... ભંતે ! ગરિહામિ...

નિંદામિ... પછી ગરિહામિ શબ્દ ખૂબ ઉંડાણ ભર્યો છે. શાસ્ત્રમાં એક પણ શબ્દ અધિક નથી આવતો...

આત્મશુધ્ધિનું પ્રથમ પગથિયું છે. નિંદામિ...

પોતાના પાપોનો પોતાની આત્મસાક્ષીએ સ્વીકાર કરવો... મારાથી ખોટું થઇ ગયું... મારૂં વર્તન ગુનાહિત છે. મારો અપરાધ છે... મેં અયોગ્ય આચરણ કર્યું છે... મારાથી આવું આચરણ ન થાય...

આ પ્રથમ પ્રક્રિયા આત્મમંથનની છે... આત્મ ચિંતનની છે. પણ, આત્માને વિશુધ્ધ કરવા પુનઃ આત્મા પાપમાં ન લેપાય એટલા માટે બીજું પગથિયું ચઢવું ખૂબ જરૂરી છે...

આત્મમંથન આત્મચિંતન દ્વારા પોતાની અયોગ્ય લાગેલ પ્રવૃત્તિનો ગુરુ સમક્ષ સ્વીકાર કરવો. આત્માને વિશુધ્ધ બનાવવા આ પ્રક્રિયા અત્યંત જરૂરી છે...

નમ્ર બની ... સરળ બની... સદ્ગુરુની સમીપ આવી ગુરુના ચરણકમળની ઉપાસના કરી બે હાથજોડી શિર ઝૂકાવી શુધ્ધ આત્મા વિશુધ્ધ થવા કહે છે...

હે ભંતે ! હે ગુરુવર ! ગરિહામિ... મેં અજ્ઞાનથી અવિવેકથી અનેક પાપ કર્યા છે. મારી આત્મસાક્ષીએ ચિંતન-મનન નિદિધ્યાસન કરતાં સમજાયું છે. મારી ભૂલ છે... મારો અપરાધ છે.

હે તારક ! હે ઉધ્ધારક ! હે રક્ષક ! પૂજ્યપાદ મારા થયેલ અપરાધ પાપ-ગુન્હો આપની સમક્ષ કબૂલ કરૂં છું... મને સમજાયું છે; મારું માનવું છે કે આપ જ મને શુધ્ધ-વિશુધ્ધ પરમશુધ્ધ કરી શકશો મારી ભૂલ

આપ સમક્ષ કબુલ કરું છું. તેમાં નવાઇ નથી કરતો... કંઇ અપૂર્વ કે અલૌકિક કરતો નથી..

પણ, ગુરુદેવ ! આપ મને જાણ્યા પછી સમજ્યા પછી અપૂર્વ અને અલૌકિક કરવાના છો. આપ ક્યારેય પાપીનો તિરસ્કાર કરતા નથી. પાપીની ઉપેક્ષા કરતા નથી..: પણ, પાપીને પુણ્યશાળી બનાવો છો. અપવિત્રને પવિત્ર બનાવો છો. અશુધ્ધને .. વિશુધ્ધ બનાવો છો. રાગીને વિરાગી બનાવો છો... વિરાગીને વિતરાગી બનાવો છો. ભંતે! "ગરિહામિ".. હું મારા પાપોની આપની પાસે કબુલાત કરૂં છું તે પણ મારા આત્માના મંગલ માટે.. .આપને મારી અયોગ્યતામાં રસ નથી. આપ તો મારા આત્માને યોગ્ય બનાવવા કિમિયાગર છો...

ગુરુદેવ ! ફરમાવો... પાપ કર્યું... ગુન્હો કર્યો... પણ, આપના ચરણમાં ... શરણમાં આવી અભયના વરદાન માંગુ છું... હે ગુરુદેવ! હવે ક્રોધ, માન, માયા, લોભ મને તોફાની નો સરદાર ના બનાવે...

ગુરુદેવ ! રૂપ, રસ, ગંધ, સ્પર્શ શબ્દ મને ના સતાવે... મારા એકલાની તાકાત નથી... વિષય - કષાયની ગુંડા ટોળી ઉપર હું વિજય મેળવી શકું ? આપના સાંનિધ્યમાં જ વિષય - કષાય મારાથી દૂર ભાગશે આપ જ મને બચાવી શકશો.

ઓ તારક ગુરુદેવ ! ઓ ઉધ્ધારક ગુરુદેવ ! આપ જ મારા આત્માના જતન કરી શકશો... આપ જ મારા ગુણોના રખવૈયા બની શકો છો... મારી તાકાત પરિમિત છે. મારા શુભ અધ્યવસાય પરિમિત છે. પતનની ખાઈમાં ફરી ન પટકાવું એટલે આપના ચરણમાં આવી મેં બૂમ પાડી... મારી વાત મેં મુક્ત કંઠે કરી... મારી ભૂલોની કબુલાત કરી... આપ પાસે પાપથી ડરીને આવ્યો છું પણ આપ ડરાવનાર નાયક નથી પણ આપ તો મારા જેવા અનેક શિષ્યના વાત્સલ્યમય ગુરુદેવ

છો... કેટલાય સાધકો મારા કાનમાં કહી જાય છે. ભલા ગુરુબંધુ હવે રડ પણ નહિ... ડર પણ નહિ... બૂમાબૂમ પણ ના કર... શાંત બની જા...

પૂ. ગુરુદેવની વાત્સલ્ય પૂર્ણ દૃષ્ટિ તારા મનના અધ્યવસાયમાં ફેરફાર કરશે. ગુરુદેવના વાત્સલ્ય પૂર્ણ હસ્ત સ્પર્શમાં તાકાત છે.. તારા અનંત ગુણોનું ઉદ્‌ઘાટન થશે... તેં જે ગરિહામિ કહ્યું છે તે હવે તારે ફરી નહિં બોલવું પડે...

હું આશ્ચર્યમાં છું... હું અહો ભાવમાં છું. પૂ. ગુરુદેવ ! આપની પાસે શું કહું... "સુહ ગુરુ જોગો તવ્વયણ... સેવણા આભવમખંડા..." બસ, આપની સેવા... આપની આજ્ઞાનું આરાધન અને આપની કૃપા મોક્ષ ન મળે ત્યાં સુધી સતત મળતાં રહે. આપના સાંનિધ્યમાં રાખજો... આપ અર્જુનમાલીના ઉધ્ધારક...ચંડકૌશિકના તારક... દઢપ્રહારીના રક્ષક... પ્રભુ ! મારી જાત અને ભાતનું શું વર્ણન કરૂં ? જવા દો... એ બધી વાત આપ સમજો છો... જાણો છો... છતાં આપના ચરણમાં સ્વીકાર્યો છે. હું આપનો શિષ્ય છું... ભક્ત છું... ઉપાસક છું.... ગુરુદેવ! આપના ચરણ કમલ 'અત્તહિયટ્ઠાયે ઉવસંપજ્જિત્તાણં વિહારામિ... બસ એકવાર કહી દો... મારો શિષ્ય છે... આપના બે શબ્દ સાંભળવા ચાતકની જેમ રાહ જોવું છું...

"ઓમ્ ઈતિ પ્રતિપદ્યસ્વ...નાથ ! ન અતઃ પરં બ્રુવે..." પછી ચૂપચાપ મૌન કરી આપની સેવામાં બેસી જઈશ. ગુરુદેવ ! ના ઠુકરાવતા... ના હડસેલતા... શિષ્ય ! તું તરવાને યોગ્ય છે...

નિત્થારગ પારગહોહ...

"પ્રભુ ! ઈચ્છામો અણુસટ્ઠિં !" મને હિતશિક્ષા ફરમાવો...

★ ★ ★ ★ ★

૧૨

# છિન્નઇ અસુહં કમ્મં

અશુભ કર્મ છેદાય છે.

અશુભ કર્મનો નાશ અશુભ કર્મ દૂર થવા...

અશુભ કર્મનું ઉન્મૂલન થવું તેનાથી ઉત્તમ પ્રક્રિયા શું હોઈ શકે?

જિનશાસનની પ્રત્યેક ક્રિયા... પ્રત્યેક આરાધના... પ્રત્યેક ઉપાસનાથી જો કંઇ ઈચ્છનીય - પ્રાર્થનીય હોય તો બે જ વસ્તુ ...

મારા કર્મનો નાશ હો... મને શુધ્ધ દશાની પ્રાપ્તિ હો... જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી આત્માનું ઉર્ધ્વગમન થતું નથી... આત્માને ઉર્ધ્વગમન કરવું હોય તો કર્મનો સાથ-સંગાથ છોડવો જ જોઈએ. કર્મની દોસ્તી આત્માના વિકાસમાં અવરોધક છે.

શાસ્ત્રકાર ખૂબ સુંદર ફરમાવે છે...

"છિન્નઈ અસુહં કમ્મં ... સામાઈય જત્તિઆવારા"

જેટલી વાર સામાયિક થાય તેટલીવાર અશુભકર્મનો છેદ થાય છે...

પ્રભુ ! તપથી કર્મ ખપે... ધ્યાનથી કર્મ ખપે... પણ, સમતાથી કર્મ ખપે એ વાત તો કોઈ અદ્ભુત અને આશ્ચર્યજનક કહેવાય...

ભલા સાધક ! સામાયિક એટલે સમતાનો લાભ. સામાયિક થાય એટલે રાગ-દ્વેષ ને રુક જાવનો આદેશ મળે... આત્મામાં રાગ-દ્વેષને પ્રવેશ જ પ્રાપ્ત ન થાય...

રાગ-દ્વેષ નહિ તો કર્મબંધ ક્યાંથી ?

સમતા-સમત્વ પ્રાપ્ત કરવા વ્યક્તિને આંતરમુખ બનવું પડે છે. બાહ્ય જગત સાથે છેડો-નાતો છોડવો પડે છે. સમસ્ત જગતના સંબંધોને જીવોને બાય-બાય વિદાય આપી દેવી પડે છે...

જિનશાસન તો સ્પષ્ટ કહે છે તમારે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું છે ? તમારે શ્રાવક બનવું છે ? તમારે સાધુ બનવું છે ? તમારે કેવલજ્ઞાન પ્રાપ્ત કરવું છે? તો સૌ પ્રથમ સમતા સાથે દોસ્તી કરો. સમતા સાથે મિત્રતા કરો...

**સમતા સાથે મિત્રતા એટલે જગત અને જગત જીવો માટે ક્યારેય ફરિયાદ નહિ...**

હું જયાં સુધી કોઇની ફરિયાદ કરૂં છું... કોઇને ખરાબ કહું છું.. કોઇનું અપમાન કરૂં છું... કોઇનો તિરસ્કાર કરૂં છું... ત્યાં સુધી સમતા મારા આત્મ મંદિરમાં પ્રવેશ કરતી નથી. સમતાએ આત્મમંદિરમાં પ્રવેશ કર્યો. એટલે પ્રશ્નો ઓછા... પ્રવૃત્તિ ઓછી ! શંકા ઓછી ! વ્હેમ ઓછો ! ધાંધલ-ધમાલ તો દૂર જ ભાગી જાય...

**સમતા એટલે અનંત તીર્થંકર સાથે સંબંધ કરાવનાર આધ્યાત્મિક શક્તિ**

ગુરુદેવ ! અમને તપની વિધિ ખબર છે... જપની વિધિ ખબર છે. પૂજાની વિધિ ખબર છે... પ્રતિક્રમણની વિધિ ખબર છે. પણ સમતા પ્રાપ્તિની વિધિ ખબર નથી.

પ્રભુ ! સાચું કહું... સમતાની અગત્યતા લાગી નથી.

સાધક ! તું પાણીની અગત્યતા ન સમજે એટલે શું પાણીનું મૂલ્ય ઓછું ! તું હવાની અગત્યતા ન સમજે એટલે હવાનું મૂલ્ય ઓછું ! અધ્યાત્મ જગતનો પ્રારંભ સમભાવથી થાય છે. અનંતાનુબંધી કષાય ન

જાય તો અપૂર્વકરણ ન થાય, અને અપૂર્વકરણ ન થાય તો અપુનર્બંધક અવસ્થા પ્રાપ્ત ન થાય. અપુનર્બંધક અવસ્થા ન થાય તો ગ્રંથિભેદ ન થાય અને ગ્રંથિભેદ ન થાય તો અનિવૃત્તિકરણ ન થાય અને અનિવૃત્તિકરણ ન થાય તો સમ્યક્ત્વ - શ્રધ્ધા ન આવે.

ગુરુદેવ ! ગુરુદેવ ! હું તો મુંઝાઇ ગયો. આપ શાસ્ત્રજ્ઞ છો... શાસ્ત્રવિદ્ છો. શાસ્ત્ર વાંચો છો. શાસ્ત્રમય જીવો છો એટલે શાસ્ત્રની પરિભાષા આવડે. મને આમાં કાંઇ ન સમજાય...

ઓ ગુરુદેવ ! કૃપાળુ કૃપા કરો...

મને મારી ભાષામાં સમજાવો. ભલા સાધક ! ચાલો ત્યારે તને તારી ભાષામાં સમજાવું. રસોઇની બધી વાનગી તૈયાર થઇ ગઇ છે... બધા જ મસાલા... બધું જ રસોઇમાં છે... પણ ધીમે રહીને કોઇ બોલ્યું ! ઉઠો ભાઇ ... ઉઠો... જમી લીધું ! આ રસોઇ કોણ ખાય મીઠા વગરની રસોઇ... મીઠા વગરની રસોઇની કોઇ કિંમત નથી. તેમ સમતા વગરની કોઇ સાધનાની કિંમત નથી. પ્રત્યેક આરાધના-સાધના-સમતાથી સિધ્ધ થાય છે. સમતા એક એવી આત્મસિધ્ધિ છે. જ્યાં જરા પણ ક્ષોભ પેદા થતો નથી. ચંચળતા પેદા થતી નથી... ઉતાવળ પેદા થતી નથી... આવેગ અને આવેશ પેદા થતો નથી... સમભાવી આત્મા કહે છે... તમે એક નહિ... એક લાખ વ્યક્તિ સાથે મળીને આવો... ખૂબ કોલાહલ કરો... ધાંટા પાડો.. મને મારો ... મારૂં તાડન કરો... તર્જન કરો... મરણાંત ઉપસર્ગ કરો પણ જો મારી પાસે સમતા રહી તો મારો વિજય નિશ્ચિત છે... હાર તમારી છે.

ગજસુકુમાલ મુનિવરે સમતા સહચરી દ્વારા સોમિલ સસરાને કહી

દીધું - તમારી તાકાત હું જાણું છું. તમે મારા માથા ઉપર સળગતા અંગારાની ભઠ્ઠી મૂકી... પણ તમારી ભૂલ તમને ખ્યાલમાં ન આવી. મારા હૃદયમાં સમતાના સામ્રાજ્ય છે. તેથી મારૂં શિર... મારૂં મસ્તક હિમાલય કરતાં પણ ઠંડુ છે. તમે મારા વાળ પર ભઠ્ઠી મૂકી શક્યા છો... મારા માથા પર ભઠ્ઠી મુકી શક્યા છો... મનમાં નહિ... મારૂં મન તો સમતા સાથે લીન બની ગયું છે. સસરાજી ! તમે હો કે ... જગત હોય ... હું કોઈ સાથે ફરિયાદ કરતો નથી... મારે તો સમતા સાહેલીના કારણે સૌ સાથે મૈત્રી છે. સૌ સાથે આત્મીય સંબંધ છે... તમારી ભઠ્ઠીની જ્વાલાએ મારામાં શુકલ ધ્યાનની જ્વાલા પ્રગટાવી છે.. હું બળતો નથી...જલતો નથી... બળી રહ્યા છે મારા કર્મો... બળી રહી છે વિભાવ દશા. તમે કેટલા ઉપકારક... મારા આત્મ સ્વભાવને શુધ્ધ કર્યો... મારી આત્મશુધ્ધિના સહાયક !

સ્વાગત... સ્વાગત... હાર્દિક સ્વાગત.........

પ્રભુ ! પ્રભુ ! સમતાના સહાયે ગજસુકુમાલ મુનિવર મોક્ષ પામ્યા. સમતાના આટલા સદ્ગુણ ...

સાધક ! મારા નાના લાડલા શિષ્ય ! તને સાચું કહું ? જરા કડવું તો લાગશે... તને જ્ઞાની કહેવરાવુ ગમે છે ! તપસ્વી બનવું ગમે છે... તને દુનિયાના બધા પદ અને પદવીનો મોહ છે કારણ, તેમાં ક્યાંય તુરત પરીક્ષા નથી... પણ, સમભાવી સમતાવાન્... શાંત સ્વભાવી બનવું ગમતું નથી... કારણ તમે શાંત સ્વભાવી ! આખી દુનિયા ક્ષણે ક્ષણે તમારી પરીક્ષા કરશે અને પરીક્ષામાં વિજય કે હાર... સંબોધ સિત્તરીમાં હરિભદ્ર સૂરીશ્વરજી મ.સા. ફરમાવે છે.

સેયંબરોય આસંબરો.. બુધ્ધો અહવ અન્નોવા,
સમભાવ ભાવિ અપ્પા, લહેઇ મુક્ખં ન સંદેહો

ચાહે શ્વેતામ્બર હો કે દિગમ્બર હો... બુધ્ધ હો કે વૈષ્ણવ હો મોક્ષને કોંઇ પંથ કોઈ વ્યક્તિ સાથે સંબંધ નથી.. સંબંધ છે ફક્ત સમતા સાથે..

સમભાવી આત્મા મોક્ષ મેળવે છે... તેમાં સંદેહ નથી. પ્રત્યેક ગુણ ગુણ જ છે... પણ દરેક ગુણ બાદ થોડી જાગૃતિ ન રહી તો ગુણ સાથે દોષ પણ પ્રવેશ કરી જાય છે. જેમ જ્ઞાન આવ્યું અને જાગૃતિ ન રહી તો અભિમાન પ્રવેશ કરી જાય. તપ કર્યો અને ખ્યાલ ન રહ્યો તો માયા પ્રવેશ કરી જાય... સમતા ગુણ એટલો મહાન છે ત્યાં એક પણ દુર્ગુણ પ્રવેશ કરી શક્તો નથી...

ગુરુદેવ ! આપ કેટલા કરૂણા ભીના છો... મને કેટલું સારૂં સમજાવ્યું. સામાયિક દ્વારા સમતાનો લાભ... અને સામાયિક જેટલીવાર થાય તેટલીવાર અશુભ કર્મનો છેદ... હું તો અનેક સામાયિક કરીશ. જેટલી સામાયિક થશે એટલા મારા કર્મ નાશ પામશે.

પ્રભુ ! આપે મને સમજાવ્યું... તેથી મને આત્મપ્રકાશ લાધ્યો. ક્રિયા ઓછી થશે કે વધતી પણ મારો સ્વભાવ જ શાંત... સમતામય બનાવી દઇશ... સમતા મમતાને દૂર કરશે અને પ્રભુ ! તમારો આ ભક્ત પવિત્ર બની જશે... પરમાત્મા બની જશે...

શું છે ! આપની કૃપા .... વાત્સલ્ય !

ધન્ય ગુરુ ! ધન્ય થયો આપની કૃપા થી...

★ ★ ★ ★ ★

# દુરિત તિમિર ભાનુ

હે પ્રભુ ! તમે પાપના અંધકાર દૂર કરવા સૂર્ય સમાન છો...

અંધકાર અને પ્રકાશ શાશ્વત્ વિરોધાભાસી તત્ત્વ... એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે તેમ અંધકાર અને પ્રકાશ સાથે ના રહી શકે ! જ્યાં અંધકાર ત્યાં પ્રકાશ નહિ અને જ્યાં પ્રકાશ ત્યાં અંધકાર નહિ..... જ્યાં રાત્રિ ત્યાં દિન નહિ અને જ્યાં દિન ત્યાં રાત્રિ નહિ... જ્યાં રાગ ત્યાં સુખ નહિ અને જ્યાં સુખ ત્યાં રાગ નહિ.. જ્યાં સમજ ત્યાં સુખ... જ્યાં સુખ ત્યાં સમજ... જ્યાં અજ્ઞાન ત્યાં અંધકાર... જ્યાં જ્ઞાન ત્યાં પ્રકાશ..... જ્યાં પાપ ત્યાં પુણ્ય નહિ... જ્યાં પુણ્ય ત્યાં પાપ નહિ..... જ્યાં કર્મ ત્યાં ધર્મ નહિ...જ્યાં ધર્મ ત્યાં કર્મ નહિ...

પ્રભુ ! તમારી સ્તુતિ કરતાં... સ્તવના કરતાં... ભક્તિ કરતાં ગીત ગાતા મન ગદ્ગદ્ થઈ જાય છે... વાણી વિરામ પામી જાય છે. નયન તારામાં લીન બની જાય છે...

પ્રભુ ! તું હી... તું હી ... એક જ પોકારી ઉઠાય છે. સાચું કહું પ્રભુ ! આ સંસાર સામે બળવો થઈ જાય છે... તમે મારી સાથે રહ્યા... મારા બન્યા... મેં મારા માન્યા... પણ અંતે સંસારે એનું રૌદ્રરૂપ પ્રગટ કર્યું... અને મારા કાનમાં કહ્યું સાધક ! તું ભુલ્યો ... અમે તો તારા વિરોધપક્ષના સરદાર છીએ. સર સેનાધિપતિ છીએ... અમે આત્માના પક્ષકાર નહિ... અમે તો પાપના પક્ષકાર... અજ્ઞાનના પક્ષકાર... વિષય

કષાય ના પક્ષકાર... પ્રભુ ! પ્રભુ ! મારા શત્રુથી ખૂબ ગભરાયો... ભાગું પણ ભૂલો પડું છું... દોડું છું... પણ પડી જાઉં છું... લડું છું પણ હારી જાઉં છું... પ્રભુ ! હવે હું ખૂબ થાકી ગયો... શું કરૂં ? કિં કર્તવ્ય મૂઢ થઇ માથે હાથ દઇ બેસી ગયો... બસ મારી જીંદગી... માનવની જીંદગી વ્યર્થ જશે... ત્યાં પ્રભુ ! તમે મારા માનસ ચક્ષુ સામે ખડા થયા... હું આશ્ચર્ય ચકિત બની ગયો... ભાવ વિભોર બની ગયો... બોલી ઉઠ્યો... "દર્શનં દેવંદેવસ્ય"... આ તો ખારા સમુદ્રમાં મીઠી વીરડી... અનંત અનંત રાગી વચ્ચે એક-વીતરાગીના દર્શન... અનંત અજ્ઞાની વચ્ચે એક મહાજ્ઞાનીના દર્શન... અનંત અનંત સ્વાર્થી વચ્ચે એક પરમાર્થ પુંજના દર્શન...

પ્રભુ ! ઓ મારા નાથ ... દર્શનાત્ દુરિત ધ્વંશી... મારા નયન પાવન થયા... મારૂં હૃદય નિર્મળ થયું નાથ ! માલિક ! તારા દર્શન જરૂર મારા પાપ પલાયન... મારા પાપોને હવે દેશવટો લીધા વિના છુટકો નહિ... ગઇકાલે હું પાપી હતો... ગયા ભવમાં પાપી હતો... પણ આ જન્મમાં આજથી પાપી નહિં... મારા પાપોને બિસ્તરા-પોટલા લઇ ભાગવું જ પડશે.

પ્રભુ ! તમે પ્રકાશ્યા... અજવાળું ફેલાયું... અંધારું ઉલેચાયું.. આ ઘોર અંધકાર ભરી જીવનયાત્રામાં આ પ્રકાશના પુંજ... પ્રભુ ! તમે જ મારા સૂર્ય ! ભાનુ ! દિવાકર ! ભાસ્કર ! કેટલા નામે પ્રભુ તમારી સ્તુતિ કરૂં ? અજ્ઞાન હટ્યું... જ્ઞાનનો પ્રકાશ આવ્યો... યથાર્થ પરિસ્થિતિના દર્શન થયા... ખોટાને સાચું માની મારી જિંદગીને હરામ બનાવી રહેલ.. દેહને આત્મા સમજી આળપંપાળ વધારી દીધેલ... સત્તા ઘેલો બની સમજને દૂર ધકેલી, મદ-માન અભિમાનમાં ચકચૂર

બનીગયેલ. પ્રભુ આપના દર્શન થતાં થયું ... લાખો કરોડો સૂર્ય એક સાથે ભેગા મળે અને જે પ્રકાશ પ્રાપ્ત ન થાય તે હે ! નાથ ! તમારા દર્શનથી થયો.

**અણસમજ એ જ અજ્ઞાન... સમજ એજ જ્ઞાન...**

અટવાયો... અથડાયો... કૂટાયો... અણસમજ... અજ્ઞાન... મારી ખોટી માન્યતા... મિથ્યા ભ્રમણમાં ભૂલો પડેલ... પ્રભુ ! મારા પાપના અંધેરા તમે ઉલેચ્યા... હવે હું કોઇનાથી ડરીશ નહિં... કોઇને ડરાવીશ નહિં... અજ્ઞાન અંધકાર ... મિથ્યાત્વ અંધકાર... મારી પાપ પુણ્યની વ્યાખ્યા બદલાઇ ગઇ... સાચું કહું... આધ્યાત્મિક જગત માં પ્રવેશ કરતાં મારૂં મન મને પૂછે છે... બોલ ભલા ભાઇ ! પુણ્ય કોને કહેવાય... પાપ કોને કહેવાય... ભૌતિક જગતમાં ઋધ્ધિ... સિધ્ધિ... માલ મિલ્કત... એશ આરામદાયક જીંદગીને પુણ્ય કહેવાય...

આધ્યાત્મિક જગત માં સાચી માન્યતા... સાચી સમજ... સારૂં જીવન સૌને મંગલ કલ્યાણ દાયક જીવવું તેને પુણ્ય કહેવાય. પ્રભુ ! મારા હૃદયમાં પાપ પુણ્યની વ્યાખ્યા બદલાઇ ગઇ છે. આપના ઉપદેશનાં... આપના શાસ્ત્રના ... આપનાં દર્શને... મારી દૃષ્ટિ બદલાઇ ગઇ... દૃષ્ટિ બદલાતા પ્રભુ મારી સૃષ્ટિ બદલાઇ ગઇ...

**સાધન સામગ્રીનો અભાવ તે જ પાપ નહિ... પાપનું ફળ હોય તો પણ પુણ્ય બાંધી શકે.**

**સાધન સામગ્રીનો દુરુપયોગ કરવો તે ખરૂં પાપ કારણ કે તે ભયંકર પાપો પેદા કરી શકે.**

**પાંચ ઇન્દ્રિયનો અભાવ તે પાપ નહિ... પાંચ ઈન્દ્રિયનો દુરુપયોગ કરવો તે પાપ.**

પ્રભુ ! તમારા પ્રકાશમાં મેં મારી જીવન શૈલી બદલી નાંખી છે... હાથ સાથે સમજુતી કરી છે. તમારે મને દાનમાં સહાયક થવાનું છે. પરોપકારમાં સહાયક થવાનું છે... પગને વોર્નિંગ આપી છે... તમે મને યાત્રામાં સહાયક થાવ... ભવ ભ્રમણમાં નહિ... નેત્રો... આંખોને તો સ્પષ્ટ કહી દીધું છે... તમારા વગર ચાલશે. પણ તમારો દુરુપયોગ તો નહિ થવા દઉં, તમે મને પ્રભુ દર્શનમાં સહાયક થાવ...

શાસ્ત્રજ્ઞાન મેળવવા મદદ કરો... જીવદયામાં સહાયક કરો... આ સિવાય કંઇ આડું અવળું અયોગ્ય કર્યું...તો તમે સહાયક નહીં વિઘાતક છો. મિત્ર નહીં શત્રુ છો.

મને તો કોઇની સાથે બોલવાનું ય મન થતું નથી અને કોઇની સામે જોવાનું ય મન થતું નથી... એક જ પદ નીકળે છે. દુરિત તિમિર ભાનુ... શ્રેયસે શાંતિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથ.

પ્રભુ ! મારૂં શ્રેય કરો... કલ્યાણ કરો...

પ્રભુ ! તમે શ્રેયસ્કર છો... કલ્યાણકર છો ... પ્રભુ મને કલ્યાણપથનો પથિક બનાવો... કલ્યાણ માર્ગનો મુસાફર બનાવો...

પ્રભુ ! પ્રભુ ! હવે એટલો ભક્તિમાં લીન બની ગયો છું ... વાણી વિરામ પામે છે... ક્યારેક અંતઃ સ્ફુરણા થાય છે... તું હી... તુંહી ... તુરત એક ઉંડાણમાંથી અવાજ સંભળાય છે.

**જો હી હૈ રૂપ તેરા ... વોહી હૈ રૂપ મેરા...**

પ્રભુ ! ભેદ હટાવો ... હું લલકારૂં... સોઽહં ... સોઽહં... ભક્તની કાકલુદી... ભક્તની આરજુ... સોઽહં...સોઽહં...

★ ★ ★ ★ ★

૧૪

# થુણિજ્જઇ નિચ્ચ વિહાણિ

પ્રાતઃકાળમાં હું નિત્ય સ્તુતિ કરું છું.

પ્રભુની સ્તુતિનો શ્રેષ્ઠ સમય કયો ?

અંતરથી એવો જવાબ આવે...

પ્રભુની ભક્તિના ભાવ જાગ્યા તે સમય...

ભોજન માટે સમય હોય... ભજન માટે પણ સમય ? ભજન તો ચોવીશ કલાક કરી શકાય... દિવસ રાત ગમે ત્યારે કરી શકાય આમ મનમાં અનેક વિચારધારા ચાલે...

સમય એ પણ એક ખૂબ મોટી વસ્તુ છે...

કાળચક્ર ... ઋતુચક્ર ... રાશિચક્ર ... નક્ષત્ર ચક્ર...

સમસ્ત જ્યોતિષ શાસ્ત્ર સમયનું જ મહત્ત્વ દર્શાવે છે... ધર્મ કર્મના વ્યવહાર સમયને આધારિત છે... પ્રકૃતિની પ્રફુલ્લિતતા સમયને આભારી છે... ફળોનો રાજા કેરી ગર્મીમાં જ પાકે છે... સમસ્ત વનરાજી સમયના આધારે વિકસિત થાય છે...

પક્ષીઓનું પરિભ્રમણ પણ ઋતુને આધારે છે. સૂર્યની ગતિ પણ ઋતુઓને આભારી છે... સમસ્ત તીર્થંકર પ્રભુના જન્મ પણ મધ્યરાત્રિ એ જ થાય છે. સમસ્ત ધાર્મિક ક્રિયાનો પ્રારંભ બહુધા મધ્યાહ્ન પહેલા કરાય છે... પ્રભુ પ્રવેશ - પ્રભુ પ્રતિષ્ઠા - દીક્ષા - પદ-પદવી આ બધું પણ મુહૂર્ત પ્રમાણે કરાય છે.

પાત્ર વાપરવા... લોચ કરવા... નવા કપડા પહેરવા... જ્ઞાન આપવું... વિહાર કરવો... ચાતુર્માસ પ્રવેશ કરવો... દરેક માટે નિશ્ચિત નક્ષત્રો છે... દિન છે... સમય છે...

પાક્ષિક - ચઉમાસી - સંવત્સરી - પર્વારાધન પણ નિશ્ચિત દિન ... નિશ્ચિત સમયે કરાય છે...

જૈન શાસનમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને મહત્ત્વ આપ્યું છે. એક દ્રવ્ય - ક્ષેત્ર - કાળ- ભાવમાં કર્મ બંધાય છે... બીજા દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવમાં કર્મની નિર્જરા થાય છે... અધ્યવસાય અને આત્માની શુભભાવનાની વૃધ્ધિ હાનિમાં કાળ-સમય પણ ખૂબ મોટું કારણ છે.

અવસર્પિણીના બીજા આરામાં તીર્થંકર ન જ થાય... ત્રીજા આરામાં એક તીર્થંકર થાય. ચોથા આરામાં ત્રેવીસ તીર્થંકર થાય.. ચોથા આરામાં જન્મેલ જીવ મોક્ષે જઇ શકે. પાંચમાં આરામાં જન્મેલ જીવ મોક્ષે ન જઇ શકે...

મહાવિદેહ ક્ષેત્રમાં કાયમ ચોથો આરો. ભરત ક્ષેત્ર, ઐરાવત ક્ષેત્ર ઉપર કાળચક્રનો અદ્‌ભુત પ્રભાવ... કલ્પવૃક્ષ અદશ્ય થઇ જાય. વ્યક્તિના વ્યવહાર - વર્તન અને સ્વભાવ બદલાઇ જાય.

કુલકરના સમયમાં શિક્ષા નીતિ હકાર; મકાર અને ધિક્કાર...પાંચમાં આરાના જીવો માટે અનેક પ્રકારની ક્રૂર અને વિચિત્ર દંડ નીતિ.

ગુરુદેવ ! આત્મા ઉપર અને જગત ઉપર આટલો ભયંકર કાળનો પ્રભાવ... આત્મશક્તિના વિકાસમાં કાળ સહાયક પણ બને ને ? સાધક ! આત્માને અને પુદગલને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય કાળ અને પુદ્‌ગલ સહાયક પણ થઇ શકે છે...

જિનશાસ્ત્રમાં ક્યાંય એકાંતવાદ નથી. સર્વત્ર અનેકાંતવાદ છે. આ મુખ્યવાત સમજી તું આગળ વધજે. નહિતર તને ક્ષણે ક્ષણે મુંઝવણ અને અકળામણ થશે... અકળામણ માં તું ક્યાંક અથડામણ કરી દઇશ.

શાસ્ત્ર અને વ્યવહારમાં દિન અને રાત્રિના અનેક અલગ કર્તવ્ય બતાવ્યા છે... પ્રભાત અને સંધ્યાના અલગ કર્તવ્ય બતાવ્યા છે. જગચિંતામણિ સૂત્રનું **થુણિજ્જઇ નિચ્ચ વિહાણિ** પદનો ૧૧માં વર્ષે અભ્યાસ કર્યો. ત્યારથી મનમાં પ્રશ્ન થતો. પ્રાતઃકાળમાં પ્રભાતમાં પ્રભુની સ્તુતિ કરવાની ... પ્રશ્ન થાય પણ પ્રશ્ન રજુ કરવાની આવડત નહિ. હિંમત નહિ... મનમાં ખૂબ મથામણ થાય... ક્યારેક તર્કવાદી મન કહી દે ... સવારે જપ-જાપ પ્રભુ સ્તુતિ કરી લીધી. આખોદિવસ નહિ કરવાની... જગચિંતામણિમાં છે ને થુણિજ્જઈ નિચ્ચ વિહાણિ... ત્યાં ભીતરમાં રહેલું ભક્તિપ્રિય મન પોકારી ઉઠે... જગચિંતામણિ સૂત્રના રચયિતા ગુરુ ગૌતમ સ્વામી... ગુરુ ગૌતમ સ્વામીના પદના આપણી સીમિત બુધ્ધિથી અર્થ ન કરાય...

મહાપુરુષોની વાણી ગંભીર હોય... પ્રેરક હોય... ઉપદેશક હોય... તારક હોય...

થુણિજ્જઇ નિચ્ચ વિહાણિ પદે ઘણીવાર મારા મનનો કબ્જો લઇ લીધો છે. દેવગુરુકૃપાએ જ્યારે નિચ્ચ અને વિહાણિ શબ્દ ના રહસ્ય ઉદ્ઘાટન થયા ત્યારે લાગ્યું. શાસ્ત્રના શબ્દોનું રટન કર્યા કરવું...

એ પાઠ - એ પુનરાવર્તન... એ સ્વાધ્યાય દ્વારા જ રહસ્યાર્થ ખ્યાલમાં આવશે... ન સમજાયું એટલે છોડી દેવું નહિ... પણ તે વસ્તુમાં પારંગત થવા મહેનત કરવી...

પ્રભુ સ્તુતિ પ્રારંભ કરવાનો સમય બ્રાહ્મ મુહૂર્ત પ્રાતઃકાળ કેટલો સુંદર સમય... સૂર્યોદય પહેલાની ૪ ઘડી - ૯૬ મિનિટ પંખીનો ય કલરવ શરૂ ન થયો હોય... જગત ના બધા આસુરી વ્યક્તિ ઉંઘમાં હોય... ત્યારે વિશ્વના સર્વધર્મના સંત-મહંત મહાત્માઓ પ્રભુ સાથે વાર્તાલાપમાં લાગી ગયા હોય... મન મસ્તિષ્કમાંથી અમૃતભાવના ઝરણા વહી રહ્યા હોય... મંદ પવન શરીર મનને પ્રફુલ્લિત કરી રહ્યો હોય ત્યારે... પરમાત્માના સ્મરણ-સ્તુતિ ભક્તિ દ્વારા પુણ્યાત્મા ધન્ય બની રહ્યા હોય...

જેનો પ્રાતઃકાળ પ્રભાત પ્રભુના સ્મરણથી પ્રારંભ થાય તેનો આખો દિવસ પ્રભુના ધ્યાન દ્વારા ધન્ય બને... પ્રભુના ધ્યાન દ્વારા દિન ધન્ય બને તો રાત્રિ પણ ધન્ય બને... જેના દિન અને રાત્રિ પ્રભુના ધ્યાન દ્વારા ધન્ય બને તેનું જીવન પણ ધન્ય બને.

થુણિજ્જઇ = સ્તુતિ કરૂં છું...

નિચ્ચ = નિત્ય હંમેશા...

વિહાણિ = પ્રાતઃકાળમાં

શાસ્ત્રની વાત ક્યારેય અધૂરી ના હોય... અપૂર્ણ ન હોય... નિચ્ચ-નિત્ય શબ્દ એ તો આપણને અનુપમ જાગૃતિ આપે છે. ઓ મારા શિષ્ય ! તારો ઉત્સવ પ્રેમ, પર્વ પ્રેમ હું જાણું છું. એક દિવસ માટે ... કો'ક દિવસ માટે તું બધું જ કરી શકે છે; જેટલા કલાક કરવાનું હોય તેટલા કલાક કરે... જે વિધિ... જે પધ્ધતિએ આરાધન કરવાની હોય તે બધું જ કરી શકે છે. પણ રોજ કરવાનું આવે એટલે પીછે હઠ કરવાનો...

નિત્ય પ્રાતઃકાળમાં પ્રભુ સ્તુતિ કરનાર વ્યક્તિને પ્રભુના સિવાય જગતની કોઇપણ વ્યક્તિ કે પદાર્થોનું બંધન ન હોય. જગત ના સર્વજીવો

સાથે જે નાતો છોડી શકે. જગતના બધા પ્રલોભનો છોડી શકે તે પ્રાતઃકાળે નિયમિત ઉઠી પ્રભુ સ્તુતિ કરી શકે.

મનમાં જરા પણ રાગ-દ્વેષ, વૈમનસ્ય આવે તો નિંદ મોડી આવે અને નિંદ કસમયે આવે તો પ્રાતઃકાળની નિત્ય સાધના અખંડિત કેવી રીતે ચાલે ? સાધના માર્ગનું ગણિત અલગ છે. ૧ ને ૧ = ૨ અને પછી ૨ ને ૨ = ૪ એમ વૃધ્ધિ પામે છે. પણ સમય બદલાયો... દિવસ બદલાયો... એટલે પુનઃ શરૂઆત.

સાધકની ભક્તિ મસ્તી સૂર્ય ઉદય અને અસ્ત જેવી નિત્ય અને નિયમિત હોય.. નહિ સમયમાં ફેરફાર... નહિ નિયમિતતામાં ફેરફાર.. પ્રભુ ! હૃદયમાં ભક્તિ છે. પણ મારામાં અનિશ્ચિતતા, અનિયમિતતા છે. મને કાળ જયી બનાવો... નિત્ય નિયમિત સમયે ભક્તિ કરૂં... ધન્ય બનું એજ આશિષ...

વાલકેશ્વર સુપાર્શ્વનાથમાં એક પ્રભુ ભક્ત પુણ્યાત્મા છે... ૩૦ વર્ષથી સવારે ૪-૩૦ વાગે જિંનમંદિરે આવે ૮-૩૦ વાગે ઘરે જાય... પ્રભુ ભક્તિમાં દેહ... કાળ કોઈ કારણ તેમને અવરોધ કરી શકતા નથી. પ્રભુ મારો પ્રાતઃકાળ નિત્ય આપની ભક્તિથી ધન્ય બનો.

★ ★ ★ ★ ★

૧૫

# નમો જિણાણં જિઅભયાણં...

જેમણે સર્વ ભયો જીતી લીધા છે તે જિનેશ્વર પ્રભુને નમસ્કાર... નમો જિણાણં... જિનેશ્વર પ્રભુને નમસ્કાર... આટલું પદ તો મનમાં બેસી જાય છે... પણ જિઅભયાણં પદ બોલતાં મન વિચારે ચઢી જાય છે.

ભયને જિતનાર નિર્ભય... બહાદૂર... સાહસિક પણ વંદનીય પૂજનીય કેમ ! આપણા જેવા અલ્પજ્ઞની અવળચંડાઈ એવી હોય છે. આપણા મગજમાં બેસે ઉતરે તે સાચું ... બીજું બધું ખોટું... પ્રભુ ! મને મારી અલ્પ બુધ્ધિ છે એવું સમજાતું નથી. મહાન્ વિદ્વાન આત્મા હોય કે સર્વજ્ઞ હોય દરેકને મારા બુધ્ધિના માપદંડથી માપું છું. મારા મગજમાં સમજાય તો જ સારૂં અને સાચું કહું છું. પણ, સર્વજ્ઞ પરમાત્માએ ફરમાવેલ સત્યને સમજવાની કોશિશ કરતો નથી.

મારા અહંની એક વાત કરૂં... કોઈ મહાત્માના પ્રવચન શ્રવણ કરવા જઉં ત્યાં મને સમજાયું તો કહું મહાત્મા જ્ઞાની છે... મને પ્રવચનમાં ન સમજાયું તો કહું મહારાજ સાહેબ ખાસ કંઈ જ્ઞાની નથી... ઠીક છે...મારા બૌધ્ધિકસ્તરથી મહાત્માને માપુ છું પણ, એક જ્ઞાની આત્માએ મને વિચારવાનો માર્ગ આપ્યો. જ્યારે જ્યારે પ્રવચન શ્રવણ કરીને હું આવું એટલે પૂછે આજે કેવું વ્યાખ્યાન હતું ત્યાં... હું જવાબ આપું સર્વશ્રેષ્ઠ... એટલું મજાનું મને ખૂબ આનંદ આવ્યો. મને બધું સમજાયું...

વ્યાખ્યાન બહુ સરસ... બહુ સરસ... જ્ઞાની આત્મા જરા હસી લે, પણ ક્યારેક હું બૂમ પાડું આજે તો વ્યાખ્યાનમાં ગયા પણ કંઇ ન સમજાયું... મારો એક કલાક ખોટો બગડ્યો. કલાકમાંથી ૫ મિનિટ પણ રસ ન આવ્યો. જ્ઞાની આત્મા તે દિવસે કાંઇ ન બોલે... બીજે દિવસે મને કહે ચલો ધર્માત્મા ! આજે આપણે પેલા મહાત્માનું વ્યાખ્યાન શ્રવણ કરવા જઇએ. મને મારૂં અભિમાન ઘવાતું લાગે. આ તે કેવા વિચિત્ર છે. હું કહું છું આ મહારાજ સાહેબનું વ્યાખ્યાન જરા ય સમજાય એવું નથી ત્યારે વ્યાખ્યાનમાં જવાની વાત કરે છે. કેવા વિચિત્ર... મને આ પધ્ધતિ સમજાતી નથી... મારા મોઢાંની રેખા બદલાઇ જાય છે. જ્ઞાની આત્મા મારા ખભે હાથ મૂકી કહે છે કેમ પુણ્યશાળી ! શું દ્વિધામાં છો ? વિચારમાં ખોવાઇ ગયા છો. આમ તમારા મુખના રંગ કેમ બદલાઇ ગયા - તમારૂં સહજ હાસ્ય ક્યાં ખોવાઇ ગયું ?

મહાત્મા ! હવે હું તમારી સાથે વાત ન કરૂં એમ મનમાં થાય છે. તમે પણ કેવા વિચિત્ર છો !!! હું કહું વ્યાખ્યાન સારૂં ત્યારે આવતા નથી અને હું કહું વ્યાખ્યાન સમજાયું નહિં ત્યારે આવો છો... તમારી વિચિત્રતા જોઇ હું તો વિચારમાં પડી ગયો... તમારી સાથે શું વાત કરવી ?

પુણ્યશાળી ! તારી પ્રવચન શ્રવણ કરવાની ભાવના... તમન્નાની અનુમોદના... પણ ભલા આરાધક ! એક મિનિટ વિચાર કર... તને સમજાય તે સારું એટલે તારા સ્ટાન્ડર્ડનું વ્યાખ્યાન, તારી બુધ્ધિમાં સમજાય તેવું વ્યાખ્યાન... પણ, પેલા ગુરુદેવ દ્રવ્યાનુયોગના વિદ્વાન હોય... અનેક શાસ્ત્રની વાત આવે છ દ્રવ્યના ગુણધર્મની, તેની અવસ્થા, તેના પરિવર્તન, જગત્ અને કાયની વાત આવે નય-નિક્ષેપાની વાત આવે... જ્ઞશરીર અને ભવ્યશરીરની વાત આવે. નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવના

અનેક ભેદની વાત આવે. કર્મબંધ, કર્મના પ્રકાર સ્કંધ-દેશ-પ્રદેશ-વર્ગણા-મહાસ્કંધ આવી વાત આવે ન્યાયની વાત ચાલતી હોય તો ઉંડી વાત આવે... તારા સ્ટાન્ડર્ડ થી આગળની વાત તને ન સમજાય. એટલે એમ કહે મારો કલાક બગડ્યો ! ના... એમ કહે આજે મને ન સમજાયું હજું હું ઢબુ નો ઢ છું... જ્ઞાન અનંત મેળવવાનું છે... તારી સાથે યોગદૃષ્ટિથી વાત કરૂં તો તારામાં તારા દૃષ્ટિ નો ય વિકાસ થયો નથી. તારા દૃષ્ટિ આવે તે પણ એવું કહે **"શાસ્ત્ર ઘણા મતિ થોડી શિષ્ટ કહે તે પ્રમાણ"**... આપણી અલ્પજ્ઞતા-મૂર્ખતા અજ્ઞાનનો સ્વીકાર નહિં અને જ્ઞાની ને પ્રમાણપત્ર સર્ટીફીકેટ આપવા બેસી જવાના... જરા ધીરો પડ... તારો ઉતાવળીયો નિર્ણય બધે ના ચાલે ! ધૈર્ય રાખ...

ગુરુદેવ ! ઓ ગુરુદેવ ! મને મારી ભૂલ સમજાવો. મનેં મિથ્યા અભિમાન વાદ-વિવાદ-વિતંડાવાદથી દૂર કરો...

સાધક ! નમુત્થુણં સૂત્ર દેવાધિદેવની સ્તુતિનું ઉત્કૃષ્ટ સ્તોત્ર છે. તેનું બીજું નામ શક્રસ્તવ છે. પ્રભુના ચ્યવન અને જન્મ સમયે ઇન્દ્ર મહારાજા આ સૂત્ર દ્વારા પ્રભુની સ્તુતિ કરે છે. નમુત્થુણં સૂત્ર ઉપર હરિભદ્રસૂરીશ્વરજી મ. જે લલિત વિસ્તરા નામની મહાન સંસ્કૃત ટીકા રચી છે. પૂ.આ. દેવ ભદ્રંકરસૂરીશ્વરજી મ. તથા પૂ. આચાર્ય ભુવનભાનુ સૂરીશ્વરજી મ.સા. દયા કરી તે ગ્રંથના વિવેચન નું પુસ્તક લખ્યું છે પરમતેજ...

નમુત્થુણં નો એક મંત્રકલ્પ પણ છે. તેની ઉપર નમુત્થુણં સૂત્રમાં રહેલ મંત્ર શક્તિનું અદ્ભુત વર્ણન છે.

**નમુત્થુણં સૂત્ર જિનશાસનનું હાર્દ છે. ભક્તિશાસ્ત્રનું પરમ રહસ્ય** છે. તેં ક્યારેક પણ સાંભળ્યું હશે. મહાત્મા સ્થુલભદ્રજી ! મહામંત્રી શક

ટાલના સુપુત્ર નમુત્થુણં સૂત્ર દ્વારા પ્રભુની અદ્ભુત ભક્તિ કરતાં ૩-૩ કલાક સુધી વીણા વગાડતા જાય અને નમુત્થુણં સૂત્ર દ્વારા પ્રભુની ભક્તિ કરતાં જાય. અમારા વર્તમાન ગુરુદેવ રાજયશસૂરીશ્વરજી મ.સા.ને કુલ્પાકતીર્થમાં માણિક્ય સ્વામી સમક્ષ ૭-૭ કલાક એક નમુત્થુણં સૂત્રના પદોચ્ચાર કરી ભક્તિ કરતાં જોયા છે.

નમુત્થુણં સૂત્રના શબ્દો દેવાધિદેવ વીતરાગ પરમાત્માના વિશેષણ છે. પ્રભુના ગુણોનું વર્ણન છે. નમુત્થુણં સૂત્રના પાઠ દ્વારા ઘનઘાતી કર્મ ચકચૂર થાય છે. તને વધુ શું કહું નમુત્થુણંસૂત્રના પાઠ દ્વારા પ્રવચનશક્તિ વિકસિત થાય છે. સમજશક્તિ વિસ્તૃત થાય છે. અનેક લબ્ધિઓ પેદા થાય છે.

ઓ ગુરુવર ! કબૂલ કરૂં અજ્ઞોડહં... અજ્ઞોડહં... પણ તાવકીનોડહં તાવકીનોડહં... પ્રભુ હું અજ્ઞાની છું પણ તમારો છું જ્ઞાનના પુંજ પાથરો !

ભયને જિતવા તેમાં પૂજ્યતા શું ? સમજાય છે નમો જિણાણં નો અર્થ પણ જિઅભયાણં નો અર્થ સમજાતો નથી.

જિજ્ઞાસુ સાધક ! તું શાસ્ત્ર સમજ... તું શાસ્ત્રના રહસ્ય સમજ... યાદ રાખજે ! નમો જિણાણં જિઅભયાણં પદ ૪૮ લબ્ધિનું પહેલું લબ્ધિપદ છે. આ મંગલ પદનો પ્રભાવ અનેરો છે. આ મંત્ર પદનો મહિમા અત્યંત ઉત્કૃષ્ટ છે. કેટલાય મહાત્માઓ આ મંત્રપદનો ૧ લાખ ૧ કરોડ જાપ કરે છે. નમુત્થુણં સૂત્રનો અર્ક આ મંત્ર પદમાં છે. હવે તને જિઅભયાણં પદની વાત કરૂં ? ભય કેટલા ? ભય કોને લાગે ? ભય લાગે તો સાધના માર્ગમાં શું વિઘ્ન ! આ બધા તારા પ્રશ્નો... પણ અવધૂત યોગી આનંદઘનજી મ. એ પ્રભુભક્તિ કરવામાં લલકાર્યું...

"સેવન કારણ પહેલી ભૂમિકા અભય, અદ્વેષ, અખેદ" પ્રભુના ચરણ-કમલની સેવા કરનારે જ અભય બનવું જોઈએ પ્રભુ તો સર્વભયોને જીતી ગયેલા છે. ભયનો સંબંધ ભૌતિકતા સાથે છે. આધ્યાત્મિકતો સદા નિર્ભય છે... ચોરાય છે... લૂંટાય છે... કોઈ લઈ જાય છે. કોઈ ભાગ પડાવે છે. પદાર્થમાં... પદાર્થ માત્ર ભૌતિક... ગુણ માત્ર આધ્યાત્મિક... ઈહલોક ભય.... પરલોક ભય... ૭ ભય રહિત પ્રભુ!

જિનશાસનમાં તો કહ્યું છે યશ, અપયશનો પણ ભય ન રાખવો... કારણ, યંશ કે અપયશ નામકર્મના ભેદ છે. ઔદાયિક ભાવ છે. કેવલજ્ઞાની ને પણ યશ કે અપયશ ઉદયમાં હોય.

પ્રભુ ! ૧૮ દોષથી રહિત છે... અનંતગુણ સાગર છે... જિઅભયાણં પ્રથમ વિશેષણ દ્વારા પ્રભુના અનંત ગુણોની સ્તવના થાય છે. સાચી આધ્યાત્મિકતા વગર નિર્ભય વૃત્તિ પેદા થતી નથી... સાધક, સાધ્ય પુરુષની નિર્ભયવૃત્તિનું આલંબન લઈ નિર્ભય બનવાની કોશિશ કરે છે. અને અંતે સાધક નિર્ભયતાને પ્રાપ્ત કરે છે. ગુરુદેવ ! સાધનાના મંગલ મનોરથ છે. પણ મારા હૃદયમાં તો એટલો ભય છે. જરાક કંઈક થતાં ધ્રુજી જાઉં છું... રડી પડું છું... વિચારોથી... ભયની ભૂતાવળથી ઘેરાઈ જાઉં છું. હવે તો અજપા જાપ કરીશ. 'નમો જિણાણં જિઅભયાણં...'

પ્રભુ ! નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં જિઅભયાણં...

★ ★ ★ ★ ★

૧૯

# વંદામિ...

હું વંદન કરૂં છું...

વંદન - નમન ક્રિયા ભક્ત કરે છે... આરાધક કરે છે... સાધક કરે છે... વંદના - પૂજના - નમના પૂજ્યને હોય ... આરાધ્યને હોય... સાધ્યને હોય...

વંદન ગુણ પ્રાપ્તિ માટે છે... ગુણીના બહુમાન માટે છે. ગુણીના આદર માટે છે. સન્માન માટે છે. આપણે જેને વંદન કરીએ તેના જેવા ગુણ સહજ રીતે આપણા આત્મામાં પ્રગટ થાય...

હું વંદન કરૂં છું... અનંત ગુણીને .... વીતરાગને .... સર્વજ્ઞને... પ્રભુને વંદન... પ્રભુ પ્રતિમાને વંદન.... પ્રભુના જીવને વંદન... પ્રભુના નામને વંદન ! સમવસરણમાં બિરાજી ધર્મદેશના આપતા તીર્થંકર પ્રભુને વંદન ! વંદન વીતરાગની આજ્ઞાને ! વંદન વીતરાગના શાસન ને ! વંદન વીતરાગની આજ્ઞાપાલન કરતા સમસ્ત મહાત્માને !

વંદામિ શબ્દ બોલતાં હૃદય આનંદ વિભોર થઇ જાય છે. વંદન કેટલી સુંદર અને કેટલી અદ્‌ભુત ક્રિયા છે. વંદન દ્વારા ગુણી આત્મા સાથે પ્રત્યક્ષ પરિચય થાય છે... ગુણી આત્માનું સાંનિધ્ય પ્રાપ્ત થાય છે. શાસ્ત્ર એ વંદન વિધિના અનેક ભેદ-પ્રભેદ બતાવ્યા છે. વંદન કરવા યોગ્ય કોણ ? વંદનીય કોણ ? વંદન ના ફળ શું ?

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયનમાં ગુરુ ગૌતમસ્વામી પ્રભુને પૂછે ભંતે ? વંદન નું ફળ શું !

પ્રભુ ફરમાવે ... નીચ ગોત્ર કર્મ ખપાવે છે... ઉચ્ચ ગોત્ર કર્મ બાંધે છે. સૌભાગ્ય નામ કર્મ બાંધે છે... અપ્રતિહત ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે. દાક્ષિણ્ય ભાવને ઉત્પન્ન કરે છે...

આપણે મહાત્માઓના શ્રીમુખે સાંભળ્યું છે. શ્રી કૃષ્ણ મહારાજાએ ૧૮,૦૦૦ સાધુને વંદના કરી નરકગતિનું નિવારણ કર્યું... ગુરુદેવ ! ગુરુદેવ ! હું પણ નમ્યો છું... ઝૂક્યો છું... પંચાંગ પ્રણામ કર્યા છે. પણ પરવશતાથી પશુ બની હંમેશા નીચે મુખે ચાલ્યો છું... દર્દના કારણે ક્યારેય સીધો ચાલ્યો નથી... ઝૂકીને જ ચાલ્યો... સર્પ બની સાષ્ટાંગ જ પ્રણામ કર્યા છે. જમીન, ધૂળ, કાંકરા ઉપર મારી ચામડી ઘસાયા જ કરી છે. સ્વાર્થ સિધ્ધ કરવા અનેકને કાલાવાલા કર્યા. કાકલુદી કરી... નહિ કરવા યોગ્ય વ્યક્તિની દાઢીમાં હાથ નાંખ્યા.. શુધ્ધ ગુજરાતીમાં સ્પષ્ટ કહી દઉં...

ગરજે તો ગધેડાને ય બાપ કહ્યો છે. પણ, પ્રભુ એ ફરમાવેલ વંદન આવશ્યક કર્યું નથી... વંદનની વિધિ શીખ્યો નથી... વંદન ના સાચા ભાવ પેદા થયા નથી...

બધાને ઝૂકતા જોયા... નમતા જોયા... વંદન કરતા જોયા... મેં પણ માથું ઝૂકાવી દીધું...

ગુરુદેવ ! ગુરુદેવ ! ત્રણ ખંડના માલિક શ્રી કૃષ્ણ વાસુદેવ... પ્રભુ નેમિનાથના બંધુ શ્રી કૃષ્ણ...તેઓના હૃદયમાં કેવા શુભ ભાવ આવ્યા હશે કે વંદન વિધિ નરકનું નિવારણ કરી શકે ! મારૂં તો દિલ ખળભળી ઉઠે છે...

પ્રભુ ! ક્રિયા તો હું સવારથી સાંજ સુધી કરૂં છું... પણ મારૂં વંદન કોને ? પ્રભુ ! ભોળિયો ભટ્ટાક છું ... મારા મનમાં પાપ નથી... મારી

ખાનગીમાં ખાનગી વાત કહી દઉં છું...

મારા ઉપકારી ગુરુને વંદન કરૂં... પણ જો તેઓએ મને કંઇ કહ્યું હોય; મારા ઉપર નારાજ થયા હોય... ગુસ્સે થયા હોય તો ક્યારેક વંદન કરૂં પણ અને ન પણ કરૂં ! બાહ્યથી વંદન વિધિ નવકારશીની રજા લેવા કરી લઉં ? અબ્ભુટ્ઠિઓ એક મિનિટમાં પુરો... પુરો પાઠ પણ ન બોલું... હું ગુણને વંદન કરતો નથી... ગુણીને વંદન કરતો નથી; શ્રમણ ભાવને વંદન કરતો નથી; સાધુતાને વંદન કરતો નથી; અને મારાથી વડીલ હોય... પૂજનીય હોય પણ મારા મનમાં તેમના પ્રત્યે દ્વેષ આવી ગયો મારો અને તેમનો વ્યવહાર ન રહ્યો તો હું વંદન પણ ના કરૂં ? કોઇ સમજાવે તો પણ દ્વેષ ના છોડું... પ્રભુ ! નવકારમંત્ર ગણું... સવાર-સાંજ પ્રતિક્રમણ કરૂં... ત્રિકાળ ચૈત્યવંદન કરૂં મારા જીવનનની ધિટ્ઠાઇ કેવી છે ? વીતરાગ દેવ... આપના ફરમાવેલા સૂત્રના અર્થ મારા હૃદયમાં ગુંજતા નથી... આપના ફરમાવેલ આગમના રહસ્ય મારા દિલને સ્પર્શતા નથી.

પ્રભુ મને ફરમાવો ! સાચું કહો... મારા આવા વ્યવહાર વંદનનું મને ફળ શું મળશે ? શું મારૂં અભિમાન ચાલી જશે ? શું કષાયો મારો છેડો છોડશે ?

પ્રભુ ! કષાયો મારી પાછળ નથી. પણ હું અજ્ઞાની કષાયથી ઘેરાયેલો રહું છું... ગુરુદેવ ! ગરમીથી ત્રાસી જાઉં છું... ઠંડીથી ઠરી જાઉં છું... વરસાદથી ભીંજાઇ જાઉં છું પણ મારા અજ્ઞાન, આવેગ, આવેશને અભિમાનથી થાકતો નથી. મારૂં મોઢું તો જુઓ તો લાગે રાવણે જ મારામાં પ્રવેશ કર્યો છે.. મુખ પર હાસ્ય નહિ... આંખમાં મધુરતા નહિ વાણીમાં મીઠાશ નહિ... પણ મારી કેવી વિવશતા છે. આખી

દુનિયાના મોઢા મને દેખાય છે પણ મને મારૂં મોઢું દેખાતું નથી. આજ મનની રાવણવૃત્તિની કેવી માયા જાળ છે....

પ્રભુ ! તારૂં શાસન પામી હું અભિમાની જ રહીશ ! ઇર્ષાળુ જ રહીશ ! મારી જાતને હું શું માનું છું... મને સમજાતું નથી... શાસ્ત્ર સમજતો નહિ શાસ્ત્ર વાંચતો નહિ ત્યાં સુધી કહેતો હતો... કેવા વિચિત્ર છે... આ દુનિયાના લોકો... આટલી નાની બાબત માટે ઝઘડા કરે છે. પણ હવે હું મારી જાતને પુછું છું... મારા મનને પુછું છું... એય ઢોંગી બિલાડા ! તું મારી પાસે શું શું નાટક કરાવે છે શું ઢોંગ કરાવે છે ? રોજ બોલું 'નમો લોએ સવ્વ સાહૂણં' અને મનથી પાંચ દશની બાદબાકી કરૂં ! રોજ બોલું જાવણિજ્જાએ - નિસીહિયાએ... યથાશક્તિ પાપનો ત્યાગ કરી વંદન કરૂં અને કેટલા ગોટાલા કરૂં ? રોજ બોલું જાવંત કેવિ સાહુ... વાત કરૂં ભરત-ઐરાવત-મહાવિદેહ ક્ષેત્રના સાધુના વંદનની અને રાગ-દ્વેષ અહંથી મારી બાજુમાં બેઠેલ ગુણીજનના વંદન છોડી દઉં.

પ્રભુ ! આ રાગ-દ્વેષ ... આ અભાવ શું મારા સમ્યક્ત્વનો નાશ નહિં કરે !

પ્રભુ ! પ્રભુ ! પ્રભુ ... અભિમાનના અજગરના ભરડામાં છું. આ નાગચૂડ ભીસમાંથી છૂટતો નથી...હું વંદન નથી કરતો એ જાહેર થઇ ગયું પછી તો હવે વંદન કેમ કરી શકાય ... હું ખોટો હતો એ સાબિત થાય... પ્રભુ ! કોઇ એક ધન્ય દિને આપની અપરંપાર મારા ઉપર કૃપા થઇ ત્યારે મને મારા આત્માનું સાચું દર્શન થયું... મારી ભૂલો મને પ્રત્યક્ષ દેખાયી... જિનાજ્ઞાનો હું ભંજક છું તેવું ભાન થયું બાકી તો મેં સૂત્ર પાઠ પોપટ પાઠ કર્યા છે. ભૂલે ચૂકે ય મારા આત્માને શુભ ભાવ

સ્પર્શ કરતાં નથી... વંદન ના ફળ વિચારતાં માથું ચકરાવે ચઢે છે... વંદનથી નીચ્ર ગોત્ર કર્મનો ક્ષય... વંદનથી ઉચ્ચ ગોત્ર કર્મ બંધાય. પ્રભુ! મારા મનમાં તો રાઈ ભરાયેલી છે. જન્મ ગમે ત્યાં લીધો... હું ઓળખાઈશ મારી પ્રતિભાથી ... મારા વ્યક્તિત્ત્વથી... ખાનદાનિયત શું? ખાનદાન કુટુંબનો પ્રભાવ શું? ઉચ્ચ લોહી કોને કહેવાય? ઉચ્ચકુળમાં પેદા થવાથી સહજ કેટલા સદ્‌ગુણોની ધર્મની પ્રાપ્તિ થાય... પ્રભુ ! મારી વાત કરતાં ક્યારેક હું મલકાઈ જાઉં છું... હું ભલે ગમે તેવો ખરાબ રહ્યો પણ મારા પ્રભુ તો મહાન છે... મારો ધર્મ તો શ્રેષ્ઠ છે. મારા ગુરુ તો સલુણા છે... કેટલા સારા ... મારી ગમે તેવી ભૂલો માફ કરી દે... પણ મારો તિરસ્કાર ન કરે... મને ગર્વ છે... મારા ગુરુ ઉપર...

ગુરુદેવ ! મારી ધિક્કાઈ છે. કલ્પવૃક્ષની છાયામાં રહી મેં બોર વીણ્યા... અને ખાધા... મને સમજાતું નથી. મારાથી બોલાય કે ન બોલાય... પણ આદત વશ બોલી જાઉં છું... વંદામિ... સવ્વે તિવિહેણ વંદામિ...

પ્રભુ ! ગળું રૂંધાઈ ગયું છે... મારો અવાજ ફાટી જાય છે... બસ, મને વંદનને યોગ્ય બનાવો... વંદામિ... જ્યાં સુધી બોલી શકું ત્યાં સુધી વંદામિ...

★ ★ ★ ★ ★

---

- *જોવું તે જીવનનો અધિકાર, મોહવું તે મોહનો અધિકાર....*
- *વિરતિવાન માનવ વિશ્વ પ્રત્યે જાગૃત અને દયાળુ બને છે...*
- *ટીપાયા પછીનું જીવન જ ટીપટોપ બને છે....*

૧૭

# દેવ ! દિજ્જ બોહિં !

હે દેવાધિદેવ ! મને બોધિ આપો...માંગવું એ ભિક્ષુક વૃત્તિ છે... લેવુંએ લાલચ વૃત્તિ છે...પ્રાર્થના કરવી એ ભક્તભાવ છે ..પ્રભુ ! મેં માંગ્યુ લાખો કરોડો... અનંતવાર... કારણ અનંત અનંત... અનંત જન્મના સંસ્કાર છે માંગણ વૃત્તિના, મને મારામાં કંઈ દેખાતું નથી એવી હીન વૃત્તિ થઈ ગઈ છે. માંગ્યા વગર મજા આવતી નથી. દૂધવાળા પાસે દૂધ લીધું... એય ! જરા દૂધ નાંખ... દૂધવાળો જરા દૂધ નાંખે અને મારૂં મોઢું મલકાઈ જાય... પણ પેલો દૂધવાળો પાછળ મોઢું ફેરવી હસતાં હસતાં કહે છે... મારા જેવા તુચ્છ વ્યક્તિ પાસે તમે દૂધ માંગી મને તો શેઠ બનાવી દીધો...

પ્રભુ ! મારી વૃત્તિ શું કહું ! શાકવાળાને કહું છું ૧ ભીડો, ૧ તુરીયું વધારે નાંખ... શાકવાળો શેઠ અને હું ભિખારી...

ગાડીમાં જાઉં... લાયબ્રેરીમાં જાઉં... અરે પૂજા કરવા જઉં ત્યાં પણ માણસને કહું એક ફુલ વધારે આપ.. ખરેખર મારી વૃત્તિ જ માંગણીવૃતિ બની ગઈ છે. મને લેવામાં જ આનંદ આવે છે. આપવામાં આનંદ આવતો જ નથી. જાણે અજાણે કંઈક નાનું મોટું દાન થઈ ગયું હોય તો બધે જ ગાયા કરૂં ? દાનનો આનંદ આવતો નથી... અહં નો આનંદ આવે છે. મારી વૃત્તિ લોભથી ઘેરાયેલી છે. જાણે આપવું, દાન

કરવું આ બધા શબ્દોનોય્ વિરોધી બની ગયો છું અને પ્રભુ કહું મારા હૃદયની વ્યથા, મને માનની ભયંકર ભૂખ છે. માન અને સન્માનથી તો મારો આત્મા ક્યારેય સંતોષાતો નથી. ક્યારેક કંઇક સારૂં કરું છું તે સારું કરવા નહિ પણ માન મેળવવા મારો ધર્મ, મારું જ્ઞાન, મારી ભક્તિ મારી સેવા પણ મેં માન માટે વેચ્યા છે.

પ્રભુ ! મને સમજાતું નથી મારી આવી ભયંકર દીન હીન વૃત્તિ ક્યાં સુધી રહેશે ?...ન આપવા માટે જુઠુ બોલું ! મારી સ્થિતિ ક્યાં છે ? સ્થિતિ હોય તો આપીએ ને ! મારા તો સંયોગો એટલા બધા વિચિત્ર છે. આમ બોલી મગરના આંસુ લાવું. લોભ કષાયથી મારૂં આત્મ દ્રવ્ય દબાઇ ગયું છે. લોભે લક્ષણ જાય... તેમ હું દુર્ગુણથી ઘેરાઇ ગયો છું પણ કોઇક ધન્ય દિને મારા કાને ચૌદ પૂર્વધર ભદ્રબાહુ સ્વામીના શબ્દો સંભળાયા.

દિજ્જ બોહિં... દેવ ! દિજ્જ બોહિં...

એકવાર તો મારૂં દિલ જોરથી હસી પડ્યું..

ઓ ભદ્રબાહુ સ્વામી ! તમે પણ મારા મોટા ભાઇ !

હું ય માંગુ અને તમે ય માંગો... મહાધ્યાની... મહાજ્ઞાની ગુરુદેવ ! મારા માનસપટમાં ખડા થયા. તેમના જ્ઞાનની આભા... પ્રભા... તેજસ્વીતા જોઇ ઝૂકી ગયો... નમી ગયો... ગુરુદેવ ! ઓ જ્ઞાની ગુરુદેવ ! મારા મનના ભાવ તમે જાણો છો... મને જાણો છો. પ્રભુ ! મારા અંધકારને પ્રકાશમાં પરિવર્તિત કરો... ગુરુ...ગુરુ જ છે. ગુરુવર હંમેશા ગરવા હોય... મહાન હોય... તુચ્છ ના હોય... ગંભીર હોય... દિલના દિલાવર હોય... ક્યાંય સુધી કશું બોલતાં નથી...પણ

મારી સામે અપલક દૃષ્ટિ એ જોઇ મરક-મરક હસ્યા… ગુરુવરના હાસ્યે મારી જીભ ખુલી, બોલવાની હિંમત થઇ… ગુરુદેવ ! સૂત્ર અર્થથી ચૌદ પૂર્વના જ્ઞાતા આપ… સૂત્ર અર્થથી ચૌદપૂર્વના અંતિમ વેત્તા આપ… નેપાલમાં જઇ મહાપ્રાણાયામ ધ્યાનમાં લીન બનનાર આપ પણ સંઘ સમુદાયનું હિત ચિંતવી આપ શિષ્યો વચ્ચે પધાર્યા… ૫૦૦-૫૦૦ શિષ્યોને ૬-૬ કલાક -૮-૮ કલાક વાંચના આપનાર આપ.. અદ્ભુત વાચનાચાર્ય આપ… .

સકલ સંઘના વાત્સલ્યથી મહામંત્રમય - મહાપ્રભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર ના રચયિતા આપ…

આપે રચેલ ઉવસગ્ગહરં સ્તોત્ર જેટલું પ્રભાવિક એટલું જ આપે બનાવેલ પ્રભાવિક કલ્પસૂત્ર - આપ મહાન રચનાકાર… આપની રચના મહાન… મારી ભાષામાં કહું… આપ કાલજયી છો… આપની રચના કાલંજયી છે. શબ્દો જડતા નથી. મારી રીતે શબ્દોનો પ્રયોગ કરૂં? ઓ મારા ગુરુ ભગવંત ! આપ શાશ્વત અને આપની રચના શાશ્વત!

પણ, મારા મનમાં મીઠી મુંઝવણ થાય છે. હું પણ માંગુ અને આપ પણ માંગો … આવું કેમ બને ! કંઇ ફરક નહિ મારામાં અને આપમાં… ક્યારેક મનમાંય થાય છે .. ભૂલતો નથી થતીને … પ્રસન્ન વદન ગુરુદેવ ! પ્રસન્નતાથી મને સમજાવો… આપ મને નહિ સમજાવો તો મને કોણ સમજાવશે…

કૃપાળુ… કૃપા કરો… અનુગ્રહ કરો… મારો તો આત્મ-વિશ્વાસ છે. આપના જ્ઞાન-ધ્યાનથી પવિત્ર થયેલ વાતાવરણમાં મારો અવશ્ય

ઉધ્ધાર થશે. સ્વીકારો... મારી શરણાગતિ... કરો મારા શંકાના નિવારણ...

સાધક ! માંગવુ મોહનીય કર્મનો ઉદય છે. પ્રાર્થના કરવી એ મોહનીય કર્મનો ક્ષયોપશમ છે...

**અજ્ઞાની માંગે છે... જ્ઞાની પ્રાર્થના કરે છે.**

**અજ્ઞાનીની ઝંખના પદાર્થ માટે છે...**

**જ્ઞાનીની ઝંખના ગુણ પ્રાપ્તિ માટે છે...**

**અજ્ઞાની પ્રાપ્તિ માટે વલોપાત કરે છે...**

**જ્ઞાની વિનંતી કરે છે...**

મહાનુભાવ ! બીજી વાત પણ સમજી લે... **જગત પાસે જે માંગે છે તેને પ્રભુ પાસે માંગવાનો અધિકાર નથી...**

**પ્રભુ પાસે જે માંગે છે તે જગત પાસે સ્વપ્નમાંય હાથ ફેલાવવો પડતો નથી..**

**પદાર્થ માગનાર યાચક છે. ગુણ માગનાર ભક્ત છે.**

**ભક્ત પ્રાર્થના કરે છે... યાચક ભિક્ષા માંગે છે.**

ઉવસગ્ગહરં સ્તોત્ર પાર્શ્વપ્રભુ નું અદ્ભુત સ્તોત્ર... પાંચ ગાથા અને ૧૮૫ અક્ષર, સમસ્ત શાસ્ત્રોનો સાર...

આજ સ્તોત્રમાં ચિંતામણિ મંત્ર, આજ સ્તોત્રમાં અનેક યંત્ર, અનેક ગુપ્તતંત્ર , ઉવસગ્ગહરં પાસં જેવા, મહામાંગલિક શબ્દથી સ્તોત્રનો પ્રારંભ... "ભવે ભવે પાસ જિણચંદ" શબ્દથી સ્તોત્રની પૂર્ણાહુતિ...

આ સ્તોત્ર ઉપરનું કેટલું વિશાળ સાહિત્ય પાર્શ્વચંદગણિ વિરચિત

વિશાળ ટીકા... ભાનુચંદ્ર ગણિ વિરચિત મહામંગલમયી ટીકા... ઉવસગ્ગહરં સ્તોત્રની ભવ્યકથા, અનેક આરાધક - સાધક - મહાપુરુષો તથા અનેક ભાવિકોને થયેલા ચમત્કારોના અનેક અનુભવ !

દેવ ! દિજ્જ બોહિ... માંગણી નથી પ્રાર્થના છે.

પ્રભુ ! મને યોગ્ય સમજો... મારી યોગ્યતા લાગે તો મને બોધિ આપો... શ્રધ્ધા આપો... સમ્યક્ત્વ આપો... મોક્ષની ચાવી આપો... જ્ઞાનની પૂર્વભૂમિકા આપો... ચારિત્રનું બળ આપો... સર્વાર્થ સંજીવની સર્વ સિધ્ધકર બોધિ આપો... બોધિની અનુચર સંબોધિ છે... સંબોધિનું અનુસરણ કરે છે સમાધિ ... પ્રભુ પાર્શ્વનાથની આરાધના સાધના સદા સમાધિદાતા છે.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર મંત્રમય છે. તેના પ્રત્યેક શબ્દમાં મંત્રશક્તિ છે. 'મનનાત્ મંત્ર' મનન કરવાથી મંત્રશક્તિ પ્રગટે છે. દેવ! દિજ્જ બોહિં ! શબ્દને આત્મસાત્ કરી લે...

પ્રભુના ચરણ કમલમાં નતમસ્તકે પુનઃપુનઃ એક જ પ્રાર્થના કર. દેવ ! દિજ્જ બોહિં ! હે દેવાધિદેવ ! હે વીતરાગ પરમાત્મા ! હે ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વ પ્રભુ ! આપ ઉપસર્ગહર છો ! ઉપસર્ગને દૂર કરનાર છો... મોહનીય કર્મનો મહાસેનાધિપતિ મિથ્યાત્વ મારા શ્રધ્ધા ધનને હરી લે છે. રક્ષણ કરો... મને બચાવો... ભયથી વિહ્વળ થઇ ગયો છું, ફરી ફરી એક જ વાત થઇ જાય છે. દેવ ! દિજ્જ બોહિં.... મારી એક જ માંગણી... એક જ પ્રાર્થના... મને ક્ષાયિક શ્રધ્ધા આપો. દર્શન મોહનીય કર્મ અને અનંતાનુબંધી કષાયોને બંધ-ઉદય-સત્તામાંથી વિદાય

આપો...જરા કંઈક થાય... મારી શ્રધ્ધા હલી જાય છે...તૂટી જાય છે... બોલી ઉઠું છું... ધર્મમાં આવું ! પ્રભુ મારે શ્રેણિક મહારાજા જેવી શુધ્ધ શ્રધ્ધા જોઈએ. શ્રીકૃષ્ણ જેવી શ્રધ્ધા જોઈએ. મહાશ્રાવિકા સુલસા જેવી શ્રધ્ધા જોઇએ.

દુનિયાની કોઈ વ્યક્તિની વાતોમાં ના આવી જાઉં... પરમાત્મા મહાવીરનું રૂપ લઇ આવે તોય દોડી ના જાઉં. મારા આત્માની એવી યોગ્યતા હોય કે ભગવાન મહાવીર જેવા અનંતજ્ઞાની પણ મને ધર્મલાભ પાઠવે. શુધ્ધ શ્રધ્ધાના બળે શ્રાવિકા સુલસા પરમાત્મા મહાવીરના ધર્મલાભની યોગ્યતા પ્રાપ્ત કરી શકે તો હું કેમ ન પ્રાપ્ત કરી શકું ! કોઇપણ પ્રસંગમાં જિનશાસનમાં વ્યક્તિની મૉનોપોલી રહેતી નથી. ગુણની મોનોપોલી રહે છે.

ઓ ઉવસગ્ગહરં પાર્શ્વપ્રભુ ! મારી માનસયાત્રા ભરતક્ષેત્રના મધ્યપ્રદેશમાં નગપુરામાં શ્રી ઉવસગ્ગહરં તીર્થમાં બિરાજિત અલૌકિક ઉવસગ્ગહરં પાર્શ્વપ્રભુના ચરમ કમલમાં ચાલી રહી છે.

મારી પ્રાર્થના ચાલી રહી છે દેવ ! દિજ્જ બોહિં પ્રભુ ! તમે મને સમ્યક્ત્વ નહિ આપો ત્યાં સુધી હું બોલ્યા જ કરીશ. અટકીશ જ નહિ "દેવ ! દિજ્જ બોહિં" "દેવ ! દિજ્જ બોહિં..."

★ ★ ★ ★ ★

૧૮

# હોઉ મમં તુહપ્પભાવઓ ભયવં !

(પરત્થકરણં ચ)

હે ભગવાન્ ! આપના પ્રભાવથી મને પરમાર્થ કરવાની વૃત્તિ જાગો ! પરોપકારની ભાવના જાગો...

સ્વાર્થ સહુનામાં છે... પરમાર્થ ગુણીજનોમાં છે. સ્વાર્થમાં ફક્ત અજ્ઞાની રહે... પરમાર્થમાં નિરત જ્ઞાની રહે. સ્વાર્થની ગલી ખૂબ સાંકડી છે. પરમાર્થ તો વિશ્વહિતનો રાજમાર્ગ છે. ધોરીમાર્ગ છે... હાઈવે છે.

સ્વાર્થ મલિન મનોવૃત્તિ છે. પરમાર્થ નિર્મલ મનોવૃત્તિ છે. સ્વાર્થ પાપના ઉદયે થાય... પરમાર્થ પુણ્યના ઉદયે થાય..

સ્વાર્થીનો પુણ્યોદય નષ્ટ થાય અને એક દિવસે પાપનો ઉદય જાગી જાય... પરમાર્થીનો... પાપનો ઉદય નષ્ટ થાય છે. પ્રકૃષ્ટ પુણ્યોદય જાગૃત થાય છે. સ્વાર્થી ખુદના હિત અને ખુદની વાતોમાં રચ્યો પચ્યો રહે છે. પરમાર્થીને ક્યારેય પોતાનો વિચાર આવતો નથી. જગત માત્રનો ઉપકાર-હિત કેમ થાય તેની જ ચિંતા રહે છે. સ્વાર્થી જગતનો વિરોધી છે. જીવમાત્રનો વિરોધી છે. પરમાર્થી જગત નો પક્ષકાર છે, જીવમાત્રનો પક્ષકાર છે.. સ્વાર્થીને સમસ્ત જગત દુર્ગુણી દોષિત લાગે છે. પરમાર્થીને સમસ્ત જગતમાં ગુણ અને ગુણી દેખાય છે. સ્વાર્થી સમસ્ત જગતની ફરિયાદ કરશે. પરમાર્થી સમસ્ત જગત ને સહાય કરવા ઈચ્છશે.

**સ્વાર્થનું વિસર્જન...પરમાર્થનું સર્જન એ તો તીર્થંકર પ્રભુનો**

અનુપમ ગુણ છે.

તીર્થંકર પ્રભુનો મહાન ગુણ છે પરાર્થ વ્યસનીતા...

તીર્થંકર પ્રભુ સાથે સીધો સંબંધ સ્થાપિત કરવો હોય તો પરોપકારી બનવું પડે. પરોપકાર ગુણ ચરમ સીમાએ વિકસિત કરવો પડે.

પરોપકારના બદલામાં કંઈક ઈચ્છવું ચાહવું એ તો સોદો છે. વ્યાપાર છે. તીર્થંકર પ્રભુ સ્વભાવથી પરોપકારી હોય છે. પરોપકારના બદલાની કોઈ આશા અપેક્ષા રાખતા નથી. પરોપકાર દ્વારા સ્વાત્માનંદના સુખની અનુભૂતિ કરે છે. પરોપકાર એ જીવનનું વ્યસન હોય તે તીર્થંકર. તીર્થંકર પ્રભુ દેશના દ્વારા ઉપદેશ દ્વારા તીર્થંકરનામ કર્મની નિર્જરા કરે છે.

પરોપકારની ભાવનામાં બીજાને - અન્યને સુખ-શાંતિ પહોંચાડવાની હિત ભાવના હોય છે.

સંયમ જીવનનું ૩૫ મું વર્ષ હતું. અમો દક્ષિણભારતથી ગુજરાતમાં વિહાર કરીને આવી રહ્યા હતાં. વડોદરાથી છાણી આવવાનું હતું. નિઝામપુરા દર્શન કર્યા લગભગ ઘડીયાળ ૧૦-૩૦ થી આગળ વધી રહી હતી. અમે ૧૪ સાધ્વીજી મ. હતા. બે સાધુ ભગવંત પધારી રહ્યા હતા. અમે છાણીનો રસ્તો પૂછ્યો. તેઓ એ ઘડીયાળ જોઇ અમારા સૌના મોંઢા ઉપરનો થાક જોયો. મહાત્મા એ બે ક્ષણ વિચાર કર્યો. અમને કહે અમે આગળ ચાલીએ છીએ. તમે પાછળ આવો તેઓ ફુલ સ્પીડે ચાલવા લાગ્યા. લગભગ ૩ કિ.મી. સુધી. હાઈવે પર ચાલ્યા. શોર્ટકટની ૧ ગલી આવી. અમને કહે આ રસ્તે જાવ ૧॥ કિ.મી. છાણીના મંદિરમાં.

મહાત્મા ! આટલી કૃપા... વંદન ... અમે બોલતાં રહ્યા અને મહાત્મા ચાલ્યા ગયા. એ તો પાણીના પૂરની ઝડપે ચાલ્યા. તેઓએ અમારૂં નામ ન પૂછ્યું ! સમુદાય ન પૂછયો... અમે કંઇ વાર્તાલાપ કરીએ તે પહેલાં તેઓ તો નિઃસંગ ભાવે આગળ નીકળી ચૂક્યા.

મહાત્મા પરોપકારી હોય છે. અધમાત્મા સ્વાર્થી હોય છે.

ગુરુદેવ ! સ્વાર્થ મને પણ ખૂબ પજવે છે. સ્વાર્થના વરવાંરૂપ છે. બહુરૂપીની જેમ નાટક ભજવાય છે. સ્વાર્થ સિધ્ધિ માટે કેટલા પુણ્યાત્માને ગુણીજનને કચડી નાંખુ, રોળી નાંખુ કોઇ પ્રતિભાવંતની પ્રતિભા ખરડી નાંખુ. કોઇની કીર્તિને કલંક લગાડું. યશસ્વીનો અપયશ ફેલાવું. સ્વાર્થના ઉધમાત વ્રત-મહાવ્રત અને છેવટે સૌજન્ય દાક્ષિણ્ય જેવા ગુણને પણ દેશવટો અપાવે છે.

ક્યારેક પરોપકાર પરાયણ મહાત્માને જોઇએ છીએ. મસ્તક ઝૂકી જાય છે. સહસા બોલાય છે પરોપકાર આપને સેવાના માર્ગે લઇ જાયછે. આપ જ્ઞાનીની સેવા કરો... આપ તપસ્વીની પણ સેવા કરો... આપ સંયમીની પણ સેવા કરો. પરોપકારના સ્વભાવ દ્વારા જીવમાત્રને સહાયક થાવ. કોઇને દુઃખ પીડા - અપ્રીતિ પેદા ન કરો. પરોપકારના કર્તવ્ય દ્વારા ઉત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ તીર્થંકર નામ કર્મ બાંધો. સૌને સાનુકુળ સૌની સેવા કરવાની ભાવના એ વિશ્વના સચરાચર પદાર્થ આપને સાનુકૂળ બન્યા. આપના સાંનિધ્યમાં છયે ઋતુ સાનુકૂળ બની. ઇતિ ઉપદ્રવ, મારી મરકી સ્વચક્ર-પરચક્રના ભય નષ્ટ થયા. પવન પણ આપને પ્રતિકૂળ ન થાય. વૃક્ષો પણ આપની સેવામાં ઝૂકી જાય. અરે પેલા માર્ગમાં રહેલા કંટક પણ ઉંધા થઇ જાય. આપની વાણીમાં મધુરતા માલકોશ રાગના શૂરો વહે... મારી વાત કોઇ ના સમજે. ઘણીવાર હું પણ મને ના સમજું. આપની વાણી પણ કેટલી ઉદાત્ત ! દેવ-મનુષ્ય-તિર્યંચ સૌ સમજી શકે.

પરોપકારના ગુણે તીર્થંકર નામકર્મ સાથે ૪૨ પુણ્ય પ્રકૃતિ આપની સેવામાં સમુપસ્થિત થઇ. આપની અનુચરી બની. ૪૨ પુણ્ય પ્રકૃતિ આપના દ્વારા ધન્ય થઇ ગઇ.

પ્રભુ ! પ્રાર્થના આપના ચરણમાં હે વીતરાગ... હે જગદ્‌ગુરુ... આપના પ્રભાવથી મને અનેક ગુણોની પ્રાપ્તિ થાવ.

સર્વગુણ શિરોમણિ ! પરોપકાર ભાવ પ્રાપ્ત થાવ. આ મારી વાત નથી. ખોટી કલ્પના નથી... પણ નાભિનો અવાજ છે. આપની કૃપાના પ્રભાવે મારે પરોપકારી બનવું છે. પ્રાતઃકાળના મંગલ સમયે પ્રાર્થના કરતાં મારા હૃદયમાં એક રહસ્યનું ઉદ્‌ઘાટન થયું છે. એકસો જગાએ એક-એક ફૂટ ખોદવાથી પાણી નહિં મળે. એક જ જગાએ સો ફૂટ ખોદવાથી જરૂર પાણી મળશે.

પ્રભુ ! આપની કૃપાએ પરોપકાર નો ભેખ લીધો છે. પરોપકારનું અસિધારાવ્રત લેવું છે. પરોપકારની પ્રાપ્તિ કરવી છે. એક પરોપકાર ગુણ મને પ્રાપ્ત થશે તો અનેક ગુણો સ્વયં ચાલીને આવશે. પરોપકાર ગુણ ખૂબ મોટા સમુદાયમાં રહે છે. પરોપકાર ગુણ સાજન-મહાજન - ગુણીજન સાથે આવે છે.

હે જગદ્ ગુરુ ! વીતરાગ ! હું ફક્ત જયવીયરાય સૂત્ર બોલતાં જ પરોપકાર ગુણની પ્રાર્થના કરતો નથી. પણ પ્રત્યેક વિધિ વિધાન સમયે પ્રભુ ! આપને વિનંતી કરું છું. હું ચાહક છું... અનુમોદક છું... પરોપકાર ગુણનો મને વિશ્વાસ છે વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પ્રભુ નો પ્રભાવ, કૃપા મને પરોપકારી બનાવશે. કોઈ એવી ઘડી નથી... પળ નથી... પ્રભુ આપના ચરણે નતમસ્તકે મારી પ્રાર્થન ચાલુ ન હોય.

હું પ્રભુ આપના ચરણકમળનો અદનો સેવક છું... બસ, સ્વીકારો... મારી પ્રાર્થના... 'જયવીયરાય ! હોઉ મમં તુહપ્પભાવઓ... પરત્થકરણં ચ' આપ કીમીયાગર છો... જાદુગર છો... મારા ઉપર આપનો જાદુ કરો. હું પરોપકારી બનું - આપ મને પરોપકાર દ્વારા સર્વગુણી સંપૂર્ણ ગુણી બનાવો એજ પ્રાર્થના...

★ ★ ★ ★ ★

૧૮

# ભત્તીઇ વંદે સિરિ વધ્ધમાણં

હું ભક્તિ પૂર્વક શ્રી વર્ધમાન સ્વામીને વંદન કરૂં છું...

વંદન એ ગુણ પ્રાપ્તિની ક્રિયા છે... વંદન એ પૂજ્યની પૂજા છે. વંદન એ વંદનીય મહાપુરુષ સાથે સંપર્ક કરવાનો સર્વશ્રેષ્ઠ માર્ગ છે.

વંદન કદાચ એક,બે,ચાર, દસ વ્યક્તિને થાય પરિમિત સંખ્યામાં જ થઇ શકે. પણ વંદન દ્વારા તો સમસ્ત ગુણીજનોનો સંપર્ક થાય છે. વંદન દ્વારા માન મોહનીયકર્મની નિર્જરા થાય છે. વંદન દ્વારા નમ્રતા ગુણની પ્રાપ્તિ થાય છે.

પ્રભુ ! હું વંદન કરૂં છું... મારો પોકાર છે; અંતરની વાત છે કે મારા હૃદયમાં આપ વંદનીય તરીકે પ્રતિષ્ઠિત છો. તેથી આપ મારા શ્રધ્ધેય છો. પ્રભુ આપના ચરણનો દાસ બની ગયો છું. આપના તત્ત્વજ્ઞાનનો ચાહક બની ગયો છું. આપના ચારિત્રનો ઉપાસક બની ગયો છું. પ્રભુ ! મારા મુખમાં સદા વીર-વીર જાપ થતો જ રહે છે. પ્રભુ! અજ્ઞાની હતો ત્યારે અભિમાની થઇ અક્કડ ફરતો અને મારી જાત માટે મને ખૂબ માન હતું. "હું કંઇક છુ" પણ આપને વંદન કર્યું ત્યારથી મને લાગે છે મારો અહંકાર ઓગળવા માંડયો છે. લાગે છે આપની કૃપાથી ગુણી બનીશ-ગુણાનુરાગી બનીશ અને ગુણાનુવાદી બનીશ.

મારા વંદન વીતરાગને છે. સર્વજ્ઞને છે... તીર્થંકરને છે. મારા

વંદનીય પ્રભુ મને તેમના જેવો બનાવે છે. વંદનીય પાત્ર જેટલું મહાન તેટલું વંદનનું ફળ મહાન... હું અનંત ગુણનિધિ પરમાત્માને વંદન કરૂં છું. એક ધન્ય દિને હું પણ અનંત ગુણી બનીશ. અનંત ગુણનો માલિક બનીશ. મારૂં સ્થાન પણ સર્વોત્કૃષ્ટ સર્વ શ્રેષ્ઠ સિધ્ધશીલા બનશે.

પ્રભુ ! જ્યારે હું બોલું છું... વીર વર્ધમાનને વંદન કરૂં છું ત્યારે પ્રભુનો નંદન મુનિનો ભવ દેખાય છે.

પ્રભુ ! તમે કર્મ ખપાવવા કેટલા માસક્ષમણ કર્યા... આપે જે માસક્ષમણ કર્યા તેની ગણત્રી કરતાં પણ થાકી જાઉં છું. વિચાર કરતાં થાય છે... નિકાચિત કર્મ ક્ષીણ કરવા તપ જેવું અમોઘ સાધન નથી. સર્વોત્કૃષ્ટ પુણ્ય પ્રકૃતિ તીર્થંકર નામકર્મ આપે તપ દ્વારા પ્રાપ્ત કરી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મ. જે પ્રભુ વીરની સ્તુતિમાં લલકાર્યું.

'વીરસ્ય ઘોરં તપો' તીર્થંકર પ્રભુ ચોવીસ. પ્રત્યેક તીર્થંકર પ્રભુના આત્માની યોગ્યતા સમાન... પણ વીર વર્ધમાન પ્રભુની જીવન સાધના અલૌકિક, વીર વર્ધમાન પ્રભુના ચારિત્ર વાંચે એટલે સૌ વીરના ચરણે ઝૂકી જ જાય. સમસ્ત સંસારીને સાંસારિક જીવન માટે જે સદ્ગુણ જોઇએ સમસ્ત સાધકને સાધના માટે જે સદ્ગુણ જોઇએ તે પ્રભુનું જીવન ચરિત્ર વાંચતા સહજ રીતે પ્રાપ્ત થાય. પ્રભુનું ચરિત્ર હૃદયને હચમચાવી મૂકે છે.

**પ્રભુ ! તમારી કરૂણા અપૂર્વ ! પ્રભુ ! તમારી સહનશીલતા અપૂર્વ. પ્રભુ ! તમારૂં વાત્સલ્ય અપૂર્વ...**

ઘનઘોર જંગલ વચ્ચે આપ કાર્યોત્સર્ગ ધ્યાનમાં સ્થિર થયા હતા.

ચંડકૌશિક સર્પ આપને આવીને ડસ્યો હતો... પણ આપના મુખમાંથી શબ્દો નીકળ્યા હતા... બુજ્ઝહ બુજ્ઝહ ચંડકોશિય. આ વર્ણન વાંચતા ઘણીવાર ચોધાર આંસુએ રડી પડું છું...

પ્રભુ ! હું ચંડકૌશિક હોત તો ય આપની કરૂણાને પાત્ર બનત.

પ્રભુ ! ક્યારેક વિચારે ચઢી જાઉં છું. મારા તીર્થંકર ભગવંતે "બોધ પામ", કહી વિશ્વને સમજાવવાનો એક સનાતન માર્ગ ચીંધ્યો... લઢવાથી કંઇ વળતું નથી...બબડવાથી કોઇ સુધરતું નથી... બોલવાથી કોઇ સમજતું નથી. કાબુમાં રાખવાથી કોઇ બદલાતું નથી. સત્તા આવવાથી કોઇનામાં પણ શાણપણ આવતું નથી. સમજથી જ શાણપણ આવે છે. આત્મબોધ થવાથી જ જીવન પરિવર્તન થઇ શકે છે. તેમાં પણ ક્રોધ-મહાક્રોધ-ભયંકર અવળ ચંડાઇને દૂર કરવાનો માર્ગ આત્મજાગૃતિ, આત્મનિરીક્ષણ જ છે.

જ્યારે જ્યારે પરમાત્મા આપનો ચંડકૌશિક સાથેનો પ્રસંગ મારા માનસપટમાં ખડો થાય છે ત્યારે સમજ અંગે એક સંપૂર્ણ આયોજન, સંપૂર્ણભાવ ખ્યાલમાં આવે છે.

પ્રભુ ! કોઇવાર મારી જાતને હું સમજદાર માનું છું... બુધ્ધિશાળી માનું છું છતાંય નાની મોટી અથડામણ - અકળામણ કેટલીય વાર કરી બેસું છું.

પ્રભુ ! તમારા આ અદ્‌ભૂત દર્શન - મહાદર્શન - મારી વિચારની અવસ્થા... જીવનની વ્યવસ્થા સુધારવામાં નિમિત્ત નહિ બને ? પ્રભુ ! પ્રત્યેક સ્થિતિ - પરિસ્થિતિમાં શાંત પ્રશાંત સમાચિત્ત રહી શકું એવી

માનસિક શક્તિ આપો...

બોધ કરનાર આત્મા ધીર હોય... ગંભીર હોય... ઉત્કૃષ્ટ પુણ્યના સ્વામી હોય... પ્રભુ ! પ્રભુ ! હું કેટલી વાર બોલું છું...

'ભત્તીઇ વંદે સિરિ વધ્ધમાણં' મેં મારા આત્મા સાથે તુંગતાનુગતિકથી... આલાપ અને સંલાપ કર્યો છે; વીર વર્ધમાનને વંદન કરે છે કે ભક્તિથી વંદન કરે છે...

ક્યારેક હૃદયમાંથી ભક્તિ પ્રગટે છે. ક્યારેક ભક્તિના ઢોંગ પણ કર્યા છે અને ક્યારેક ગુરુ ગૌતમસ્વામીને વિનવણી કરી છે; આપનો ભક્તિભાવ મને ઉછીનો આપો.

પૂજનીય ગુરુવર.પરંપરાથી સાંભળવામાં આવે છે પરમાત્મા મહાવીરની ગૌચરી ગુરુ ગૌતમસ્વામી લાવતા...ત્યારે પોક મૂકીને રડી પડાય છે.

ઓ ગુરુ ગૌતમ ! આપ હંમેશા પ્રભુના ભક્તિ રસિક શિષ્ય - આપને ગૌચરી જતાં ગણધરપદ વચ્ચે ના આવ્યું ? પ્રભુની ભક્તિ કરતાં પચાસ હજાર શિષ્ય આડા ન આવ્યા ? પદ, પ્રતિષ્ઠા સમાજનું માન સન્માન નડ્યા નહિ...

ભક્તિ કરવી છે પણ હવે હું... મારાથી આવું કામ થાય ? હવે મારાથી ઠલ્લા, માત્રુ પરઠવા ન જવાય, પડિલેહણ - કાજો ન થાય, ગૌચરી પાણી ન જવાય. બસ, હવે તો પલાંઠી વાળી મારા ગુરુ સાથે બેસીને વાતો થાય. મારા ગુરુને કોઇ બોલે. મારા ગુરુનું કોઇ બોલે તો મારૂં લોહી તપી જાય. શું કરૂં ? સંયમ પર્યાય વધતાં મારી ભક્તિ વધી કે

ભક્તિભાવ વરાળ થઇ ગયો.

શાસ્ત્ર અધ્યયન ચિંતન કરી પ્રભુની આજ્ઞા શિરસાવંદ્ય કરી ઉત્કૃષ્ટ માર્ગે ચાલુ છું કે શાસ્ત્ર વાંચનથી ઉત્સર્ગનો રાજમાર્ગ છોડી અપવાદની ગલીકુંચીમાં જાઉં છું. પ્રભુ ! આપ જ મારા નિર્ણાયક છો... પરીક્ષક છો... આપ જ મારા ન્યાયાધીશ છો. મારી ભક્તિ, કમભક્તિ જે લાગે તેનો નિર્ણય આપો. પણ પ્રભુ ! હું વારંવાર એક જ વાત કરીશ...

'ભત્તીઇ વંદે સિરિ વંધ્ધમાણં' સારા શબ્દ બોલતાં સારા ભાવ એક દિવસ પેદા થાય છે.

પ્રભુ ! આપના ચરણે વંદન કરી એક જ પ્રાર્થના... હું ભક્ત નથી. પણ ભક્ત બનવાના મારા આંતરિક મનોરથ છે.

પ્રભુ ! મને ભક્ત બનાવો... મારો પોકાર છે.

"ભત્તીઇ વંદે સિરિ વધ્ધમાણં"

★ ★ ★ ★ ★

---

- *બને તેટલી ઓછી ફરિયાદ, તે સાધુ જીવનની મસ્તિ....*
- *કોઇપણ સામગ્રી કે ચીજનો ઉમેરો થયા વિનાની સુખ પ્રાપ્તિ એટલે શાન્તિ....*
- *ઇચ્છાના વશમાં રહોતો અશાંતિ-ઇચ્છા તમારા વશમાં રહેશેતો શાંતિ....*
- *સમજુ - શાણાને વૈરાગ્ય સહજતાથી ઉત્પન્ન થઇ શકે છે...*

## ૨૦

# સંસાર દાવાનલ દાહનીરં... નમામિવીરં...

સંસારરૂપ ભયંકર દાવાનલના તાપને દૂર કરવા જલ જેવા પ્રભુવીરને હું નમસ્કાર કરૂં છું.

ધોમધખતો તડકો... બપોરના ૧૨ વાગ્યા નો સમય... ચારે બાજુ રેતાળ પ્રદેશ... એક પણ ઝાડ ન હોય. જીભ તાળવે ચોંટી જતી હોય; હાય મરી ગયો... મરી ગયો થતું હોય ત્યાં સામેથી એક મુસાફર મળે અને કહે ભાઈ ! ગભરા નહિ... થોડું ચાલ આગળ એક સરોવર છે...

સરોવર દૂર રહો... જળ દૂર રહો પણ સરોવરનું નામ પણ માણસને જીવનદાનમાં સહાયક થઈ જાય છે. ઘડી પહેલા બેસી જવા વિચારતો મુસાફર દોડવા લાગે છે. થાકેલા... હારેલા માણસને ચાલવાની શક્તિ કોણે આપી ? પાણીના સ્થાને... પાણીના સ્થાનની આ તાકાત છે પાણીની શું તાકાત ? પાણીના દર્શનની અદ્‌ભૂત તાકાત તો... જલપાનની શક્તિનું શું વર્ણન કરૂં ? જલપાન કરે અને માણસ તૃપ્ત થઈ જાય. નવજીવન પ્રાપ્ત કરી લે.

પ્રભુ ! ઓ મારા મહાવીર પ્રભુ ! ત્રિશલાનંદન ! સિધ્ધાર્થ સુનુ ! મારી વિતક કથા સાંભળો ! કૃપા કરો... મારી વિનંતિ... પ્રભુ ! હવે હું એક જ વાર બોલીશ ... હાંફી ગયો છું... થાકી ગયો છું. હું એક સંસારી

છું. કર્મ મારી કતલ કરી રહ્યાં છે. પ્રભુ એક સાધુ છું ત્યાં તેર તૂટે છે... શાંતિ શબ્દ-શબ્દ કોશની શોભા બન્યો છે. મારા જીવનમાં દાહ છે; ઉકળાટ છે; પારાવાર ગરમી છે; આ ગરમી સતત ચાલુ રહી તો ઘડીમાં હતો ના હતો થઇ જઇશ. બહાવરો બની મારી ચારે બાજુ જોઉં છું... મારી આંખો ચકળ-વકળ થઇ રહી છે. અરે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, દિશા, વિદિશા, ઉપર-નીચે જયાં જોવું ત્યાં બધા જ મારા જેવા દુઃખી! માયકાંગલા... રડતા...દેખાય છે. પ્રભુ ! સમસ્ત દુનિયા ઘુમી વળ્યો. રાજમહેલમાં જઇ આવ્યો. ઝુંપડપટ્ટીમાં જઇ આવ્યો... શ્રીમંતના ઘરે જઇ આવ્યો... ગરીબના ઘરે જઇ આવ્યો. સત્તાધીશને ત્યાં જઇ આવ્યો. બાપડા... બિચારા રોડ પર જીંદગી ગુજારતા ને ત્યાં જઇ આવ્યો... બધે જ જઇ આવ્યો. જયાં હું જઇ શક્યો ત્યાં બધે જ પૂછાય તેટલું પૂછી લીધું જોવાય તેટલું જોઇ લીધું. પ્રભુ ! સાચું કહું છું... હું આટલી પીડા... આટલા દુઃખ... આટલા કષ્ટમાં પણ મારાથી સહજ હસી પડાયું. બધા જ મારા ભાઇ... બધા જ દુઃખી... કોઇ જ સુખી નહિ...

પ્રભુ ! પ્રભુ ! પ્રભુ ! તમે... તમે પધારો... ઓ દીનબંધુ ! દીનાનાથ આપ પધારો... આ દુઃખી જગત ને સુખી બનાવો.

ઓ મહાનુભાવ ! તું તારી ડાયરીમાં લખી રાખ. સુખ કોઇ પદાર્થ નથી. સુખ કોઇ ચીજ નથી કે જે આપી શકાય... લઇ શકાય...

**સુખ એ તો અનુભૂતિ છે**

**સુખ સમજમાં છે... સુખ સહનશીલતામાં છે...**

**સુખ સદ્વિચારમાં છે.... સુખ સંતોષમાં છે....**

પદાર્થથી સુખ પ્રાપ્ત થતું હોત તો કોઇ ઇંદ્ર, કોઇ ચક્રવર્તી, કોઇ

રાજા દુઃખી ન હોત... ઇંદ્ર પણ દુઃખી છે... ચક્રવર્તી પણ દુઃખી છે. જેણે વગર વિચાર્યે રેસ લગાવી છે; હાંફી, થાકી ઉભા રહી જાય છે અને જોરથી ચીસાચીસ કરે છે.

પ્રભુ ! ઓ મારા દેવ ! સંસારમાં કોઇ સુખી નહિ, બધાં જ દુઃખી, બધા જ બિચારા...બાપડા... આ શું ... જેમ જેમ લોકોના પરિચયમાં આવ્યો... તેમ સમજાતું ગયું.જાણે દુઃખ તો ભયંકર ચેપી રોગ છે. સારી દુનિયાના સમસ્ત જીવોમાં ઘર કરી ગયો છે. બધામાં જ રૂદન બધાની જ હૈયા વરાળ.ભયંકર વેદના-વ્યથા પ્રભુ ! માનવને દુઃખ, પશુને દુઃખ... નરકને દુઃખ પણ દેવને તો સુખ જ હશે ને !

સમજુ સાધક ! દેવ એટલે તું શું સમજે છે !

સાધન વધારે, સામગ્રી વધારે, સાધનની શીઘ્ર પ્રાપ્તિ - માંગે નહિ; વિચારે ત્યાં જ બધું હાજર... પણ તને દેવલોકના દુઃખ ખબર નથી. ત્યાં પણ દેવો દુઃખી છે... તને ચમરેન્દ્રની કથા ખબર નથી... ભવનપતિનો ઇંદ્ર અવધિજ્ઞાની..: એક દિવસ જ્ઞાનનો ઉપયોગ મૂક્યો. મારા મસ્તક ઉપર કોણ અરે ! અરે ! મારા મસ્તક ઉપર સૌધર્મ ઇન્દ્ર ! મારા શિર ઉપર તેનો પગ સૌધર્મ ઇન્દ્રને પાઠ ભણાવી દઉં, એક હાથે તેનો પગ ખેંચી દઉં... પરમાત્મા મહાવીર ભરત ક્ષેત્રમાં વિચરી રહ્યા હતા. વિહરી રહ્યા હતા. પ્રભુને વંદન કર્યા... નમન કર્યા... ૬૪ ઇંદ્ર સમકિતી... ભવ્યાત્મા.... એક દિવસ જરૂર મોક્ષે જવાના... પ્રભુના ચરણોપાસક પણ ખરા, છતાં અભિમાને ચમરેન્દ્રની બધી વિચારદિશા બંધ કરી દીધી. અભિમાનનું ભૂત સવાર થઇગયું. એકવાર... એકવાર સૌધર્મ ઇંદ્રને પાઠ ભણાવી દઉં. પ્રભુનું શરણ લઇ ચમરેન્દ્ર પહોંચી

ગયા... પ્રથમ દેવલોકમાં, ભયંકર ધાંધલ, ધમાલ કરી. સૌધર્મ દેવલોકમાં ભયંકર અવ્યવસ્થા સર્જી. સૌધર્મઇંદ્ર અને ચમરેન્દ્રની આંખ સામે આંખ મળી. બંનેની આંખમાંથી અંગારા વરસે છે. શું થશે કલ્પના નથી... સૌધર્મઇંદ્ર એ વજ્ર તરફ દૃષ્ટિ કરી અને ચમરેન્દ્ર ગભરાયો... શીઘ્રાતિશીઘ્ર ગતિએ દોડ્યો... ભાગ્યો... ચમરેન્દ્ર આગળ ... તેની પાછળ સૌધર્મ ઇન્દ્રનું વજ્ર પણ... સૌધર્મ ઇન્દ્ર વિચાર કરે અરે ! આ અસુર આવ્યો કેવી રીતે... પ્રભુવીરનું શરણ લઇને આવ્યો. વીર પ્રભુના ભક્તને... સેવકને... મારાથી કેમ હણાય ?, હવે સૌધર્મ ઇન્દ્ર પણ દોડ્યા.

ચમરેન્દ્ર પ્રભુના ચરણમાં આળોટી રહ્યો... વજ્ર ચાર આંગળ દૂર છે. સૌધર્મ ઇન્દ્ર સર્વોત્કૃષ્ટ ગતિથી માનવલોકમાં આવી ચાર આંગળ દૂર રહેલા વજ્રને પકડી લે છે.

અનંતકાળે દસ આશ્ચર્ય થાય છે. દસ આશ્ચર્યનું એક આશ્ચર્ય ચમરેન્દ્રનો ઉત્પાત...

દેવ પણ લડે... દાનવ પણ લડે... કષાયો સૌની કમ બખ્ની કરે. કરૂણા મૂર્તિ સંત અને મહંત, પણ ઇર્ષા અને કીર્તિમાં ભૂલા પડી જાય. એક વાત તારા મન મસ્તિષ્કમાં નિશ્ચિત કરી દે.

**સાધનથીજ સુખ નહિં. સમજ હોય ત્યાં સુખ.**

સંસાર એટલે ભયંકર દાવાનલ... ભયંકર ન બુઝાય તેવી આગ... કોલસાની ખાણમાં ચાલતીય આગ કરતાં ભયંકર આગ. ઝરીયા, આસન સોલના તાપ કરતાંય ભયંકર તાપ. સમસ્ત સંસારી જીવ કષાયના દાવાનલમાં, તાપમાં શેકાઇ રહ્યાં છે. ભુંજાઇ રહ્યાં છે.

બળીને ખાખ થઈ રહ્યાં છે. ત્યારે વીર વર્ધમાનની વાણી જલસમાન છે. ભયંકર તાપને નિવારણ કરવા પાણી સમાન છે. તમે સમસ્ત જગતને શાંતિ આપનાર, શાંતિના પીયૂષ પાન કરાવનાર જલ છો. જલની રાશિ છો... જલના નિધિ છો.

પ્રભુ ! ઓ વીતરાગ... ઓ વીર વર્ધમાન...

સંસાર દાવાનલ દાહ નીરં વીરં નમામિ...

પ્રભુ પાવાપુરીના સમવસરણમાં પહોંચી ગયો છું. સમવસરણને પ્રદક્ષિણા આપું છું અને બોલું છું... સંસાર દાવાનલ દાહ નીરં વીરં નમામિ... પ્રભુ ! તમને પ્રદક્ષિણા દેતો રહું અને બોલ્યા કરું...

નમામિ વીરં... જપામિ વીરં... જપામિ વીરં...વીરં...વીરં

★ ★ ★ ★ ★

---

- *માત્ર સ્થાનથી નહીં પણ હૃદયથી મોટા બનો....*
- *મધુર વચન પણ આરાધના કહેવાય....*
- *માન મળી જાય તો સુખ, માન લેવાની ભાવના થાય તો દુઃખ...*
- *નાની નાની પ્રવૃત્તિઓમાં પણ ચીવટ રાખવાથી મોટી સફળતા પ્રાપ્ત થાય છે...*
- *જગત ઉપરના રાગને એક વ્યક્તિમાં સીમિત કરવાથી પણ ત્યાગની ભૂમિકાનું સર્જન થાય છે...*

૨૧

# ધમ્મસ્સ સાર મુવલબ્ભ કરે પમાયં ......?

## ધર્મના રહસ્યને પ્રાપ્ત કરી કોણ પ્રમાદ કરે..?

ધર્મ બે પ્રકારના..... શ્રુતધર્મ અને ચારિત્રધર્મ.

શ્રુત ધર્મ મનને નિર્મળ કરે છે....

ચારિત્ર ધર્મ તનને નિર્મળ કરે છે....

જેનું મન નિર્મળ થાય તેનું તન અવશ્ય નિર્મળ થાય.

પુખ્ખરવરદીવઢ્ઢે સૂત્રમાં બે અધિકાર છે.

વર્તમાન તીર્થંકર પ્રભુને વંદના અને જ્ઞાનને વંદના.....

પુખ્ખરવરદીવઢ્ઢે સૂત્રનું આ પદ છે; ધમ્મસ્સ સારમુવલબ્ભ કરે પમાયં...

ધર્મ પામીને પ્રમાદ કોણ કરે ? તેમ કહ્યું નથી પણ ધર્મના રહસ્યને પામીને કોણ પ્રમાદ કરે ?

'સાર' શબ્દ ખૂબ સૂચક છે. ધર્મ તો લાખો, કરોડો, અને અસંખ્ય જીવોને પ્રાપ્ત થાય. પણ ધર્મનું રહસ્ય કોઈ વિરલ આત્માને જ પ્રાપ્ત થાય. પુણ્યાનુબંધી પુણ્ય, ગુરુજનોની કૃપા અને અનેક મહાનુભાવોના શુભાશિષ વગર ધર્મનું રહસ્ય પ્રાપ્ત ન થાય.

અહીં ધર્મ, શ્રુત ધર્મ છે. શ્રુત ધર્મ વ્યક્તિને મહાત્માથી મળે; ગુરુથી મળે, આચાર્યથી મળે, સમુદાયથી મળે.

શબ્દ જ્ઞાન અલગ... શબ્દાર્થ અલગ... શબ્દાર્થનું રહસ્ય અલગ - શાસ્ત્રજ્ઞાન અલગ અને શાસ્ત્રના અર્થનું રહસ્ય જુદુ છે.

પંડિતપણું અલગ છે. જ્ઞાનીપણું અલગ છે.

શબ્દશાસ્ત્ર નિષ્ણાત પંડિત... પણ શાસ્ત્ર પ્રમાણે જીવનાર જ્ઞાની.....

ધર્મનું રહસ્ય વિનયી પ્રાપ્ત કરી શકે !

ધર્મનું રહસ્ય જ્ઞાનના આઠ આચાર પાળે તે પ્રાપ્ત કરી શકે? ધર્મનું રહસ્ય પ્રાપ્ત કરવાનો માર્ગ છે. આઠ જ્ઞાનાચારનું પાલન, પણ પ્રમાદ કોણ ન કરે ? જેને ધર્મનું રહસ્ય પ્રાપ્ત કર્યું છે તે.....

ધર્મનો વિરોધી પ્રમાદ છે. ધર્મનો સાર અને પ્રમાદ બે સાથે ના રહે. સૂર્યનો પ્રકાશ ફેલાય અને અંધકાર ઉઠમણાં કરે. તેમ ધર્મનો સાર પ્રાપ્ત થાય પ્રમાદને પોટલા બાંધી પલાયન થવું જ પડે.

પ્રમાદ.... પ્રકૃષ્ટ મદ - અત્યંત અભિમાન.....

જયાં નમન કરવાનું છે... વંદન કરવાનું છે ત્યાં પણ અહં વૃત્તિ... હું કંઈક છું. આ વૃત્તિ વ્યક્તિનો વિવેક નષ્ટ કરે છે. સાર અસાર મેળવવાની દષ્ટિ લુપ્ત થઈ જાય છે..જેના હૃદયમાં હું જ કંઈક છું..... તે જગતને તુચ્છ માને છે.

આ વિશ્વ તુચ્છ અને હું કંઈક.....

મહાન વ્યક્તિ પ્રમાદમાં આવે ત્યારે જ્ઞાનને ભૂલે છે.....જ્ઞાનીને ભૂલે છે....... ઉપકારીને ભૂલે છે.... સહાયકને ભૂલે છે.

મુખ્યવૃત્તિ એ પ્રમાદના આઠ ભેદ છે.

અજ્ઞાન, સંશય, મિથ્યાત્વ, રાગ દ્વેષ, સ્મૃતિભ્રંશ, ધર્માચરણમાં

આળસ, મન, વચન અને કાયાનો દુરુપયોગ.

ક્યારેક ક્યારેક પ્રમાદના આઠ ભેદ ઉપર મનમાં એટલું ચિંતન ચાલે છે.....

આ વિચિત્ર પ્રમાદ માટે હું એક રસ્તો બંધ કરું છું તો બીજા રસ્તેથી ઘુસી જાય છે. પ્રમાદના એક રૂપને રોકું છું ત્યાં બીજા રૂપે મારા આત્મમંદિરમાં પ્રવેશ કરી મારા આત્મગુણને વેરણ-છેરણ કરી દે છે.....

કોની પાસે જઈ રડું? કોને ફરીયાદ કરું? મારા પ્રમાદને રોકો,

....ગુરુજનનો દિવ્યનાદ સંભળાય છે.

ધર્મનું રહસ્ય.... જ્ઞાનમાં રમણતા- જ્ઞાનલીનતા આવે તો પ્રમાદને પોબારા કરવા પડે જ.

પરમાત્મા મહાવીર પચાસ હજાર શિષ્યના ગુરુ અનંત લબ્ધિ નિધાન ગુરુ ગૌતમને હાકલ કરે.....

'સમયં ગોયમ મા પમાયએ'

મને કોઈ ના કહી શકે... તું પ્રમાદ ન કર... કોણ જાણે. પ્રભુ ! મારી શું માનસિક સ્થિતિ છે. એક શબ્દ કોઈ મને કહે તો ખરા! સ્પષ્ટ કહી દઉં છું. .... મને કહેવાની જરૂર નથી. મારી આંખો ફાટવા લાગે છે. મારો ભયંકર અવાજ.... મારી ત્રાડ કાચા-પોચાને હચમચાવી દે છે.

આમ કરીને પણ મારું મન પોરસાય છે. આનંદ અનુભવે છે... બધાને ચૂપ કરી દીધા... તાકાત કોની છે કે મને કહી શકે ?

પ્રભુ ! આ છે મારી માનસિક પરિસ્થિતિ......

નથી મારા હૃદયમાં પ્રભુ..... નથી મારા હૃદયમાં ગુરુ ...

નથી મારા હૃદયમાં શ્રધ્ધા નથી મારા હૃદયમાં જ્ઞાન.....

..... નથી મારા હૃદયમાં ચારિત્ર પ્રેમ.....

દિવસ-રાત-સુતાં બેસતાં....જાગતાં...ઉંઘતા એક જ પાઠ ભણું છું. હું કોણ.... મને કહેનાર કોણ? પ્રભુ કોઈ જન્મમાં રાવણની બેન હોઇશ. શૂપર્ણખા, શૂપર્ણખા ન હોત તો રામ-રાવણનું યુદ્ધ થાત? રાવણ સીતાને ઉપાડી ગયો હોત ? શું મારા આત્મામાં શૂપર્ણખાનો પ્રવેશ થયો હશે ?

પ્રભુ ! મારો આત્મા નિંદમાં પણ શાંતિ નથી પામતો.

સ્વપ્ન પણ આખો દિવસ જે કર્યું હોય તેના જ આવે. મારી રાત્રિ પણ લડાઈમાં જાય છે. સ્વપ્નમાં પણ લઢવાડ - ક્લેશ - ગુસ્સો પ્રભુ ! મારૂં કોમળ મુખ ખોવાઈ ગયું છે. મારા મુખ ઉપર ક્રુરતા આવી ગઈ છે. મારી ચાલ બદલાઈ ગઈ છે. પગ પડે છે ત્યાં ધરતી ધ્રુજે છે.

પ્રભુ ! પ્રભુ ! આજે જરા શાંત છું એટલે આટલી વાત કરૂં છું. કાલે કહીશ... તમે મને ખરાબ કહો છો પણ મારી પાસે તમારી આખી જીંદગીની કુંડલી છે.

તમારા ભવભવના ચોપડા છે. પ્રભુ ! પ્રભુ ! હવે તો હું પણ મારાથી થાકી ગયો. અને સૌ પણ થાકી ગયા. તોફાની બંદરથી સહુ ડરે તેમ મારાથી સહુ ડરે છે. મારા આજુબાજુ વાળા એટલા ત્રાસી ગયા છે કે મારા જૂઠ અપરાધમાં સાથ પૂરાવે છે. મારી પ્રવૃત્તિ વૃત્તિ જાણે બીનલાદેન કરતાં પણ દુષ્ટ ન હોય તેવું વાતાવરણ સર્જાઇ ચૂક્યું છે.

પ્રભુ ! પ્રમાદી છું કારણ મારામાં અજ્ઞાન છે. અવિવેક છે. હું શંકાવાળો બની ગયો છું. મારી જ વાતને સાચી કહી જાણે મિથ્યાત્વ

તરફ સરકી રહયો છું. હવે તો મારી યાદદાસ્ત પણ ઓછી થવા લાગી છે. ખરાબ વિચાર, ખરાબ વાણી, ખરાબ પ્રવૃત્તિઓએ મારો ભરડો લીધો છે.

પ્રભુ ! સવાર સાંજ થઈ ચાર વાર પુખ્ખરવરદી બોલું છું. ન આવે ધર્મ, ન આવે ધર્મનું રહસ્ય... ફક્ત મારા આત્મ ઘરમાં પ્રવેશ પામી રહયા છે. પ્રમાદ .....

ગુરુ ગૌતમ ! મારી કાળજું કંપાવે એવી ચીસ સાંભળી મારી મદદે આવો... મારા સહાયક બનો... ઉદ્ધારક બનો... હેરાન કરતાં પ્રમાદ ગુંડાને રોકો.

ઓ ગુરુ ગૌતમ ! આજે રડતાં રડતાં પણ કહું છું તમને લબ્ધિ માટે બોલાવતો નથી.... ચમત્કાર માટે બોલાવતો નથી. પ્રભાવ માટે બોલાવતો નથી.... આવી સિદ્ધિ તો મને સ્વપ્નમાં પણ પ્રાપ્ત થવાની નથી. ગુરુ ગૌતમ મને વિનય આપો. નમ્રતા આપો, મને ના તડપાવો..... મારી ઉપર કરૂણા કરો... જ્ઞાન મને મળતું નથી... તો જ્ઞાનનું રહસ્ય ક્યાંથી મળે અને પ્રમાદ પ્રવેશ કરી ગયો છે. ગાંડો બની ગયો છું. .... પાગલ બની ગયો છું, મારા દર્દની અમૃત સંજીવની આપની પાસે છે મને વિનય આપો.....

ગુરુદેવ ! આપના બધા શિષ્યોને કેવલજ્ઞાન આપ્યુ છે પણ મને વિનય તો આપો..... ભિક્ષુક બનીને આપના ચરણમાં આવ્યો છું. મને વિનય આપો..... મારૂં અભિમાન હટાવો.....

ગુરુ ગૌતમ સ્વીકારો વિનંતી મારી....

★ ★ ★ ★ ★

૨૨

# નમો સયા સવ્વ સિદ્ધાણં...

હું હંમેશા સર્વ સિદ્ધોને નમસ્કાર કરૂં છું....

ઉભયકાલ આવશ્યક ક્રિયામાં સિદ્ધાણં-બુદ્ધાણં સૂત્ર ચાર વાર બોલાય છે. સિદ્ધ સ્તવની પ્રથમ પંક્તિ ગેય છે. ધૂનને યોગ્ય છે. જાપને યોગ્ય છે.

જિનશાસનમાં અંતિમ આરાધ્ય પદ જો કોઈ હોય તો તે છે સિદ્ધપદ. સિદ્ધપદ ધ્યેય છે તેથી સાધક પ્રતિદિન સદા હંમેશા સર્વ સિદ્ધ ભગવંતને વંદન કરે છે.

... સાધક માત્રના સાધ્ય - આરાધ્ય દેવ સિદ્ધ છે. સિદ્ધ પ્રભુ ! મારો અને આપનો સંબંધ જુગજુનો છે. વર્ષો - યુગો કાળ ચક્રો પુરાણો છે. એક સિદ્ધ ભગવંત મોક્ષે જાય ત્યારે એક અવ્યવહાર રાશિમાં રહેલ નિગોદનો જીવ વ્યવહાર રાશિમાં આવે.

સિદ્ધ પ્રભુ ! તમે મારા સૌથી પ્રથમ ઉપકારી.....

આપ જ મારી પ્રગતિ પથના પ્રથમ પથ પ્રદર્શક.... આપના ઉપકારની સ્મૃતિ મારી આંખોને અશ્રુથી ભીની કરે દે છે. હે સિદ્ધ પ્રભુ ! હું કેટલો બુદ્ધ છું ? મારા બધા ઉપકારી સહાયકને તો ક્યારેક યાદ કરી સ્મૃતિ કરૂં છું. કૃતજ્ઞભાવે તેમના ઉપકારને યાદ કરૂં છું. ક્યારેક કોઈનો આભાર માનું છું. પણ કૃતઘ્ની છું. મારા ઉપકારીના લીસ્ટમાં આપનું નામ ભૂલી જાઉં છું. પ્રથમ પંક્તિમાં આપની સ્તુતિ કરવી જોઈએ. પણ પ્રભુ મારી આત્મિક યોગ્યતા ઉચ્ચકોટિની નથી....નિમ્ન કોટીની છે.

પણ પ્રભુ સૂત્ર અને સૂત્રના અર્થ કંઈક ક્યારેક મારા હૃદયને સ્પર્શી જાય છે. હૈયાના હેતથી અંતરના આદરથી ક્યારેક ભક્તિ ભાવમાં લીન બની સૂત્ર પાઠ કરૂં છું. સિદ્ધસ્તવનો પાઠ કરતાં 'નમો સયા સવ્વ સિદ્ધાણં' પદ આવે છે. ત્યારે ચૌદરાજલોકના અગ્રભાગ ઉપર રહેલી અતિનિર્મળ અતિ પવિત્ર સિદ્ધશિલાના દર્શન થાય છે. અને અનંત અનંત સિદ્ધાત્માનો સાક્ષાત્કાર થાય છે.

મારી કલ્પના પહોંચે ત્યાં સુધી સિદ્ધ ભગવંતની લાંબી કતાર દેખાય છે. નિરંજન નિરાકાર - પૂર્ણ સિદ્ધાત્માની સૃષ્ટિ મારી ભાવનાની સૃષ્ટિમાં ખડી થાય છે. મારા મુખમાંથી પુનઃ પુનઃ એક જ શબ્દ નીકળે છે., 'નમો સયા સવ્વસિદ્ધાણં' ક્યારેક કોઈ પૂછી લે છે. તમારું સિદ્ધાણં બુદ્ધાણં ક્યાં સુધી ચાલશે . હું કહું છું..... હું બોલું છું ને તમે થાકી જાવ છો. મારી વાત સાંભળો..... મારી ભાવના તો અનંત વાર.... નમો સયા સવ્વ સિદ્ધાણં બોલવાની છે. ક્યારેક મનમાં વિચાર આવે છે. સિદ્ધપદ પ્રાપ્તિ એ મારો મુદ્રા લેખ છે. જીવન સિદ્ધ અધિકાર છે. જ્યાં સુધી સિદ્ધ ન બનું ત્યાં સુધી આ એક જ મંત્ર રટયા કરીશ.

સિદ્ધાણં બુદ્ધાણં સૂત્રની આ પંક્તિએ મારા મન પર કામણ કર્યું છે. સિદ્ધ પદની મને મોહની લાગે છે. ઘેલું લાગ્યું છે.

પૂ. દાદા ગુરુદેવ લબ્ધિ સૂરીશ્વરજી મ.સા. ના વ્યાખ્યાનનું પુસ્તક વાંચ્યું. 'સિદ્ધપદ વિવેચન' જગતના બધા પદ પદવીઓનો મોહ ઉતરી ગયો. સિદ્ધત્વનું સ્વરૂપ સમજમાં આવ્યું નહતું. ત્યારે મનમાં એટલા બધા સંકલ્પ-વિકલ્પ થતા હતા. શું કરૂં અને શું ના કરૂં? જેને જોઉં તેના જેવા બનવાનું મન થતું. એ કલ્પનામાં પણ આનંદ આવતો હતો. એકવાર એક લેખિત સ્પર્ધા હતી. તમે શું બનવા ઇચ્છો છો. તે ચોવીસ લાઇનના નિબંધમાં લખો. એટલા પાત્રો મારી આંખ સામે

આવ્યા ભરત મહારાજાથી શરૂ કરી વર્તમાનના અનેક પાત્રો કલ્પના સૃષ્ટિમાં ખડા થવા લાગ્યા. ચક્રવર્તી બનું.... ચક્રવર્તીનું સ્ત્રી રત્ન બનું, ભરત બનું કે બાહુબલી... મલ્લીનાથ બનું કે મહાસતી મૃગાવતી બનું, જાદુગરની દુનિયાની જેમ અનંત પાત્રો દેખાય પણ આ બધાની અપૂર્ણતા... અયોગ્યતા અને અશાશ્વત્‌ના વિચારે મન ચઢ્યું.

અરે આત્મા ! ઓ પવિત્ર આત્મા ! તું અશાશ્વતનો ઉપાસક.... અશુદ્ધ અને વિનાશીનો ઉપાસક... મારી વિચાર ધારા બદલાઈ..... જાદુગરના ડાબડામાં બધા ભૂત પેસી જાય. અલોપ થઈ જાય... તેમ મેં વિચાર કર્યો. ના મારે તો સિદ્ધ બનવું છે. .... અનંત ગુણી બનવું છે... વીતરાગ સર્વજ્ઞ અને સિદ્ધત્ત્વની પ્રાપ્તિ કરવી છે.

મારું ધ્યેય- લક્ષ્ય જીવનકાર્ય નિશ્ચિત થઈ ગયું. સિદ્ધત્વની અભિલાષા સિવાય અન્ય અભિલાષાને સ્થાન ન રહ્યું - તેથી 'નમો સયા સવ્વ સિદ્ધાણં' સ્વર પુનઃ પુનઃ મારા મન મસ્તિકમાં ગુંજે છે. સિદ્ધાચલ ગિરિરાજ ચઢતા-ઉતરતાં આ મંત્ર પદ જ મારા મુખમાંથી પુનઃ પુનઃ નીકળે છે. સિધ્ધાચલ ઉપર ક્યારેક મારા પગ થંભી જાય છે. રોકાઈ જાય છે... જે ગિરિરાજ ઉપર કાંકરે કાંકરે અનંત સિદ્ધ થયા છે તે શાસ્ત્ર વચનને સ્વીકારૂં છું. સદ્દહું છું અને સિદ્ધભૂમિ ઉપર મારા પગ.....

પ્રભુને વિનંતિ કરૂ છું એક વિદ્યાધર દેવ મોકલો.....
હું તેની મદદથી ગિરિરાજ અરાહોણ કરી દઉં.....
મારાથી આ સિદ્ધોથી પવિત્ર થયેલ પૃથ્વી પર પગ નહિ મૂકાય....
તમે કંઈક મદદ કરો.... મને સહાય કરો.....

ગિરિરાજ ચઢતાં.-ઉતરતાં મને જે જે પુણ્યત્મા મળે તે બધાને દ્રવ્યસિદ્ધરૂપે નિહાળું છું... ભાવસિદ્ધરૂપે વંદન કરૂં છું... પ્રત્યેક

ભવ્યાત્મામાં ભાવ સિદ્ધત્વ નિહાળવાની કોશિશ કરૂં છું. શાસ્ત્રજ્ઞાન શાસ્ત્ર રહસ્ય દ્વારા મારી દૃષ્ટિ સંજય બની ગઈ છે.

'નમો સયા સવ્વ સિદ્ધાણં' બોલતાં ભૂતકાળના અનંત - સિદ્ધ ભગવંત દેખાય છે. એટલું જ નહિ ભવિષ્યકાળના અનંતાનંત સિદ્ધ પ્રભુના દર્શન થાય છે.

'નમો સયા સવ્વ સિદ્ધાણં' બોલતાં ક્યારેક પંદર ભેદે સિદ્ધ થયેલ સર્વ પૂર્ણ આત્માના દર્શન થાય છે. અને બોલી ઉઠું છું......

'નિરંજનો કી નગરી હમકો ભી દિખા દેના'

જગતના સર્વ સંબંધો હેય - છોડવા લાયક......

પ્રભુ જ્યોતિ મેં જ્યોત મિલા દો .......

હવે આ દેહ પસંદ નથી. દેહ ના સંબંધો પસંદ નથી......

મારી પસંદગી એક જ પદ પર છે.

'નમો સયા સવ્વ સિદ્ધાણં' પ્રભુ આપના કેવલજ્ઞાનમાં સર્વ જીવોના સર્વભાવો, અવસ્થા, પર્યાય છે. પણ મારી ભાવના વ્યક્ત કર્યા વગર રહી શકતી નથી.

પ્રભુ ! આપ કૃપાએ સ્વપ્નમાં ક્ષપક શ્રેણીનો પ્રારંભ થાય છે અને હું સિદ્ધ બનું છું......

ઓ સ્વપ્ન રહિત સિદ્ધ પ્રભુ !

મારૂં સિદ્ધત્વનું સ્વપ્ન પૂર્ણ થાય તેવા શુભભાવથી કહું છું.....

"નમો સયા સવ્વ સિદ્ધાણં......નમો સયા સવ્વ સિધ્ધાણં"

★ ★ ★ ★ ★

## ૨૩

# સમ્મદિટ્ઠી સમાહિગરાણં...

સમ્યગદષ્ટિને સમાધિ કરનાર......આરાધક આત્માને અનુમોદના માટે......

જિનશાસન વીતરાગને પૂજ્ય માને છે....

મહાવ્રતધારીને પૂજ્ય માને છે....

જિન પ્રવચનના આધાર રૂપ શ્રી સંઘને પૂજ્ય માને છે..... જે પૂજ્ય હોય તેને નમન..... વંદન.... બહુમાન.... સમર્પણ.... જે સહાયક હોય તેનું સ્મરણ, અભિવાદન, અભિનંદન, અનુમોદના.

કોઈપણ તંત્ર, કોઈ પણ સમાજ કોઈ પણ સંસ્થામાં બે મુખ્ય વિભાગ હોય એક પૂજ્ય...... બીજો સહાયક......

એક આયોજક..... એક સંયોજક......

પૂજ્યોના ચરણે સમર્પણ એ આત્મિક યોગ્યતાનું પ્રધાન કર્તવ્ય છે. પણ સહાયક - ઉપદ્રવ નિવારણ કરનાર આત્માનું પણ સ્મરણ અનુમોદન અત્યંત જરૂરી અને પરમ ઉચિત કર્તવ્ય છે.

મહાન જિનશાસસનની ઉચ્ચ પ્રણાલી, ઉચ્ચ આચાર પરંપરા વિચારતાં શિર ઝૂકી જાય અને મુખમાંથી સહસા શબ્દ નીકળી જાય... ધન્ય પ્રભુ શાસન પણ ધન્યોડહં ... ધન્યોડહં. ક્યારેક હું મને કહું છું પ્રભુ શાસને મને પણ ધન્ય બનાવ્યો. સહાયકની સ્મૃતિ કૃતજ્ઞતાનું કર્તવ્ય છે. જૈન શાસનમાં ચૈત્યવંદન. પ્રતિક્રમણ જેવી મહાન ક્રિયામાં વેયાવચ્ચગરાણં સૂત્ર બોલી એક નવકારનો કાઉસગ્ગ કરવામાં આવે

છે અને ચોથી સ્તુતિ બોલાય...... વિધિપૂર્વક બોલાય.... આદર અને બહુમાનથી બોલાય..... ચતુર્વિધ સંઘ સાથે બોલાય...... મુદ્રા સાથે બોલાય.....

જિનશાસનની કેટલી મહત્તા છે.... કેટલો અનુપમ મહિમા છે. તમે કોઈનું શ્રેય કર્યું... મંગલ કર્યું..... કલ્યાણ કર્યું..... તમે કોઈની સેવા કરી.... તમે કોઈને શાંતિ આપી..... તમે કોઈને સમાધિમાં સહાયક થયાં... તમને અમારા હાર્દિક અભિનંદન......

તમારા શુભભાવની સ્મૃતિ...... તમારી સેવા નિમિત્તે અમારો કાઉસગ્ગ...... બે પ્રતિક્રમણનું નાનુ મજાનું વેયાવચ્ચગરાણં સૂત્ર અને ત્રીજું પદ સમ્મદિટ્ઠી સમાહિગરાણં પદ જ્યારે જ્યારે બોલું ત્યારે ચિત્તના ચક્રો ખુલી જાય છે. મનનના માર્ગો મોકળા થઈ જાય છે. મન પ્રસન્નતાથી ભરાઈ જાય છે.

સમાધિ એટલે શું ? માનસિક ચિંતા શાંત થવી તે.....

સહજ અર્થ એવો કરાય મનની શાંતિ અર્થાત ક્ષુબ્ધતા, વ્યાબાધા

પીડારહિત મન તે સમાધિ.....

નામસ્તવ સૂત્રમાં બોલીએ સમાહિવરમુત્તમં દિંતુ...... પ્રાર્થના સૂત્રમાં બોલીએ સમાહિ મરણં ચ......

સિદ્ધાચલના સ્તવનમાં પૂ. દાદા ગુરુદેવ મુક્ત કંઠે ગાય

ગિરિરાજનું શરણ હો..... આદિ પ્રભુ સ્મરણ હો....

પંડીત હમ મરણ હો......

આઉર પચ્ચક્ખાણ વિગેરેમાં ફરમાવે છે. .... પંડિત મરણમાં સમાધિ પ્રાપ્ત થાય.

જીવન સમાધિમાં .... શાંતિમાં ..... તેની અંતિમ અવસ્થા પણ સમાધિમય...... સમાધિ ઉપરથી ટપકી પડનારી ચીજ નથી. શું કોઈ પાઠ બોલશે અને આપણે સમાધિમાં આવી જશું ?...

ના, સમાધિ એક સાધના માત્ર નથી.... મહાસાધના છે. આત્મિક શાંતિ માટે વિશ્વના સમસ્ત દુર્ગુણોની દોસ્તી છોડવી પડે. આપણું લક્ષ્ય..... ધ્યેય નિશ્ચિત કરવું પડે.

ચૈત્યવંદન મહાભાષ્યમાં વાદિવેતાલ શાંતિ સૂ.મ.સા. ફરમાવે છે. "સમ્યક્ આધીયતે મોક્ષં પ્રતિ આત્માયેન સમાધિઃ" જેના વડે આત્મા મોક્ષ માર્ગ પ્રત્યે સ્થાપિત કરાય તે સમાધિ.....

શૂન્ય થઈ જવું...... બધા વ્યવહાર છોડી દેવા. જગત સાથે છેડો ફાડી દેવો તેટલામાત્રથી સમાધિ મળે નહિં.

આત્માની વૃત્તિ શુદ્ધાત્માની......

**આત્માની પ્રવૃત્તિ શુદ્ધાત્મા બનવાની તે સમાધિ......**

શુદ્ધાત્મા બનવા ચાહતા આત્માને આવતાં કષ્ટ - વિઘ્ન અંતરાય દૂર કરવા તે સમાધિ....

મહામુનિ સ્થુલભદ્ર સ્વામીના સૌથી વડીલ ભગિની..... આર્ય રક્ષિત સૂરીશ્વરજી મ.સા. અને આર્ય મહાગિરિજી જેવા મહાન્ આત્માની જિનશાસનને ભેટ આપનાર મહત્તરા યક્ષા સાધ્વીજી એક દિવસે ભવોદધિ તારક મોક્ષ માર્ગ પ્રાપક ગુરુ ચરણમાં રૂદન કરે છે. શ્વાસ રૂંધાતા સ્વરે પૂછે છે. આપની આ શિષ્યા આરાધક કે વિરાધક?

યક્ષા આર્યા ! તમારૂં જીવન ઉત્તમ છે. તમારી જીવન વ્યવહારની શૈલી ઉત્તમ છે. સ્વપ્નમાં પણ તમે ક્ષુબ્ધ નથી થનાર.

ભગવંત... ભગવંત.... મેં આગ્રહ કર્યો, દબાણ કર્યું. ભાઈ

મુનિ શ્રીયકજીને ઉપવાસ કરાવ્યો. શ્રીયકજીનો દેહ છુટી ગયો. આ મૃત્યુમાં હું નિમિત્ત થયી. પંચેન્દ્રિયનો નાશ એક મહાન આત્માનો કાલધર્મ થયો.

આ વાત મારા મનને ડંખી ખાય છે.... હું વિરાધક કે આરાધક. ગુરુવરે ફરમાવ્યું તમે શાંતિ રાખો..... શાસન અધિષ્ઠાયક ચક્રેશ્વરી માતાને બોલાવું. ચક્રેશ્વરી માતા સાધ્વીજી મ. ની સમાધિ માટે પધાર્યા.... યક્ષા સાધ્વીજી ને સીમંધર પ્રભુ પાસે લઈ શંકાનું સમાધાન કર્યું.

શાસનદેવો તમે સમ્યગ્ દૃષ્ટિને સમાધિ આપનાર અવિરતિ સમ્યગ્ દૃષ્ટિ ગુણસ્થાને રહેલ આત્મા છઠ્ઠા ગુણ સ્થાને રહેલ આત્માને સમાધિમાં સહાયક થાય... તો હું સાધકના લેબાશમાં સૌને સમાધિમાં સહાયક કેમ ન થાઉં ?

પ્રભુ સેવા કરવાના..... વૈયાવચ્ચ કરવાના અમારા મનોરથ જ રહ્યાં નથી. તનથી થાક્યા છીએ. ક્યારેક મનથી થાક્યા છીએ. સેવા લેનારા થઈ ગયા છીએ. સેવાના એદી અને વ્યસની થઈ ગયા છીએ.

પ્રભુ ! એક વરદાન આપો.... અમારો આત્મા સમાધિમાં રહે. સૌને સમાધિમાં સહાયક થઈએ.....

જગત વ્યવહાર તો ચાલે છે અને ચાલતો રહેવાનો છે. પણ, સમાધિની પ્રાપ્તિ અતિ દુર્લભ છે.

ચૈત્યવંદન મહાભાષ્યમાં સમાહીનો અર્થ કર્યો છે. સંઘ ... સંઘના... મનના દુઃખનો અભાવ કરવો તે સમાધિ.

શાસનદેવ તમે સંઘની સમાધિમાં સહાયક... અને મારી પરિસ્થિતિ... ક્યારેક મારા વ્યવહાર... વર્તનથી... વાણીથી....

સ્વભાવથી.... જીદ થી... આગ્રહી.... દુરાગ્રહી..... સ્વભાવથી કોઈ વ્યક્તિનો સમાધિનો ભંગ કરૂં છું.... સમુદાયની સમાધિ ડહોળું છું... સંઘની શાંતિ સમાધિ ક્ષુબ્ધ કરી દઉં છું......

ના .... પ્રભુ !

સમાધિમાં સહાયક થાય તે જ સાચો સહાયક.... ઉપકારી.... કોઈને હું સમાધિમાં સહાયક થઈશ. તો જ મારૂં જીવન સમાધિમાં અને મરણ સમાધિમાં અને બીજા જન્મમાં સુગતિ.....

ગુરુવર ! કેટલીયેવાર વેયાવચ્ચગરાણં સૂત્રનો સમ્મદિટ્ઠી સમાહિગરાણં પદ બોલતાં રોકાઈ જાઉં છું.... મારા આત્માને કહું છું. સમાધિ સાધક બનવામાં તારે જ તૈયાર થવાનું છે.... નથી કોઈ સ્પર્ધા..... નથી કોઈ પ્રતિ સ્પર્ધા... નથી તારા માર્ગમાં કોઈ રૂકાવટ તૈયાર કરી દે તારા મનને.... મનમાં શુભ વિચારું છું. શાંતિનું સામ્રાજ્ય સ્થાપી દે.... તું સમાધિમાં સિદ્ધ થઈ જઈશ સહુને સમાધિમાં સહાયક થઈ જા.

બસ, આજથી મારૂં વ્રત સમાધિની સાધના.... આજથી મારી પ્રાર્થના 'સમાહિ વર મુત્તમં દિંતુ'

પ્રભુ ! ખાલી હાથે પાછો ના વાળતો.....

હું ભિક્ષુક બનીને આવ્યો છું.... સમાધિના દાતાર ત્રિભુવનનાથના દ્વારે....

સ્વીકારો મારી પ્રાર્થના....

★ ★ ★ ★ ★



२४

# દુજ્જાઓ દુવ્વિચિંતિઓ...

દુર્ધ્યાન વડે અથવા દુષ્ટ ચિંતન વડે મનની અનેક અવસ્થા છે. મુખ્ય અવસ્થા બે છે: ધ્યાન અને ચિંતન.

આ બંને વૃત્તિ મન દ્વારા જ પેદા થાય છે પણ મનની કલુષિતતા જેટલી અધિક એટલો કર્મબંધ અધિક. મનની જેટલી નિર્મળતા અધિક તેટલી કર્મ નિર્જરા અધિક.

સવાર સાંજ ઉભયટંક પ્રતિક્રમણ સૂત્રની આવશ્યક ક્રિયામાં દેવસિઅં આલોઉં? રાઈઅં આલોઉં... સૂત્ર બોલાય છે. પ્રતિક્રમણનું વિશિષ્ટ સૂત્ર છે. દિવસ અને રાત્રિમાં જે જે આચાર કરવાના છે તે આચારનું સમ્યગ્ સુંદર યથાયોગ્ય પાલન ન થયું. ક્યાંય અયોગ્ય આચરણ થયું તો આ સૂત્ર દ્વારા વિચારણા થાય છે.

આરીસામાં જેમ મુખ દર્શન કરીએ અને ક્યાંય ગરબડ હોય તો દૂર થાય એમ આ સૂત્ર પણ આત્મ દર્શનનો આરીસો છે.

જ્યારે જ્યારે પ્રતિક્રમણમાં આ પદનું ઉચ્ચારણ થાય છે દેવસિઅં આલોઉં? રાઈઅં આલોઉં? પક્ખીઅં આલોઉં? ચોમાસીઅં આલોઉં? સંવચ્છરીઅં આલોઉં? ત્યારે મારા મનઃ ચક્ષુ સમક્ષ વીતી ગયેલ દિવસ - રાત્રિ -- પક્ષ - ચારમાસ અને એક વર્ષનો ઈતિહાસ ખડો થાય છે.

જીવન એટલે સમયનો સમુદાય.... દિવસ રાત્રિ કે વર્ષ

જીંદગીનો એક જ ભાગ:

આલોઉં ? આલોચયામિ... હું આલોચના કરૂં છું. હું વિચાર કરૂં છું.... પ્રકાશ કરૂં છું.....

જેનો દિવસ સુંદર પસાર થયો તેની રાત્રિ પણ સુંદર પસાર થાય છે. જેના દિવસ રાત મંગલમય પસાર થયા તેનો પક્ષ ભવ્ય બને છે. પંદર દિવસ ભવ્ય બન્યા તેના ચાર મહિના પણ કલ્યાણમય બને અને ચાર મહિના કલ્યાણમય બને તેનું વર્ષ પણ આદર્શ બને. વર્ષનો સમૂહ તે જીંદગી. જેનું વર્ષ આદર્શમય અનુકરણીય બને તેનું જીવન પણ અનુમોદનીય બને છે.

જિનશાસનની કેવી અદ્‌ભૂત પ્રણાલી છે ? મહાનુભાવ કહે છે હું મારા દિવસનો વિચાર કરૂં છું.

ભલા સાધક ! દિવસ બાર કલાકનો જ છે. રાત્રિ પણ બાર કલાકની જ છે. તારે વિચાર કરવાનો છે. તારે જાહેર કરવાનું છે. તારો દિવસ સફળ કે નિષ્ફળ. તારો દિવસ ધન્ય પુણ્ય આરાધનામય કે ક્લેશ કંકાશથી વિરાધનામય... તું જ બોલે છે..

હું વિચારૂં છું... હું પ્રકાશ કરૂં છું.

વિચાર આવે છે તીર્થંકર ભગવંત મલ્લિનાથ પ્રભુએ સવારે દીક્ષા લીધી અને સાંજે કેવલજ્ઞાન.... દિવસ તો તેઓને માટે બાર કલાકનો હતો અને મારે માટે પણ બાર કલાકનો છે.

આત્મ પુરૂષાર્થથી બાર કલાકમાં બે કલ્યાણકની પ્રાપ્તિ. જીવનના મહાન બે અદ્‌ભુત શિખરનું આરોહણ......

પ્રભુ મલ્લિનાથ..... આપની ઝડપ, આપની શીઘ્ર કાર્ય શક્તિ, કેટલી મનની શક્તિ વિકસિત કરી. એકજ દિવસમાં બે મહાન સિદ્ધિ.

મારા દિવસ નહિ જીવન અંગે વિચારૂં છું. મેં શું પ્રાપ્ત કર્યું. અનાદિની આહાર - ભય - મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા. શું ધર્મ સંજ્ઞા મારામાં પ્રગટ જ નહિ થાય ?

ઓ મલ્લિનાથ પ્રભુ ! તમે તો રેસ લગાવી. બધા તીર્થંકર પ્રભુથી આગળ દોડી ગયા. એક જ દિવસમાં દીક્ષા અને કેવલજ્ઞાનની પ્રાપ્તિ.

પ્રભુ ! હું શું કરૂં ? હસી શકતો નથી. રડી શકતો નથી. મારી કથા કરૂણ છે. જે મન આપને મળ્યું તે જ મને મળ્યું છે. મનોવર્ગણાના પુદ્ગલમાં શું ફેર ?

આપનું મન આપને સાધનાના શિખર આરોહણ કરાવે અને મારૂં મન મને વિરાધનાની ઊંડી ખાયમાં કેમ લઈ જાય છે ? એક દિવસ એટલે ચોવીસ કલાકનો સમૂહ... એક કલાકની ૬૦ મીનીટ. એક મીનીટમાં તો અસંખ્ય સમય પસાર થઈ ગયા.

પ્રભુ ! કૃપા કરો.... મને મનનો માલિક બનાવો.... મારા મનને મહાન બનાવો.....

દેવસિઉ આલોઉં સૂત્ર બોલું અને હું વિચાર કરૂં છું.... શું મારામાં વિચારની શક્તિ છે ? મારો ઇતિહાસ ગરબડ ગોટાળાવાળો છે. ક્રોધ - માન - માયા - લોભથી ખરડાયેલ છે. પ્રમાદ, આળસ મને ભરખી ખાય છે.

પ્રભુ ! મારી ધૃષ્ટતા.... મનો કોઈ કહે આમ શું દિવસ બગાડે

છે. ઝટ બોલી દઉં છું એક-જ દિવસ ગયો છે. જીવન તો નથી વ્યતીત થઈ ગયું ને ? મારી જીંદગી ઘણી લાંબી છે. આમ, હું જ મારા જીવનની ક્રૂર હત્યા કરનાર ઘાતકી છું. .... દુષ્ટ છું.

પ્રભુ ! મારો જીવન પથ ઉજાળો.......

મારા મન મસ્તિકમાં આલોઉં શબ્દ ઘણના ઘા કરે છે. વિચાર ...... વિચાર.... શું વિચારૂં...... મનને મેં દુર્ધ્યાન અને દુર્વિચારમાં જ વ્યસ્ત રાખ્યું છે. સંકલ્પ - વિકલ્પની ભયંકર માયાજાળ ઉભી કરી છે. કલાકો અને દિવસો દુંર્વિચારમાં પૂર્ણ થાય છે. હિંસાનો વિચાર આવ્યો ત્યાં તો ક્રૂરતા અને જૂઠ અનુક્રમે અઢાર પાપસ્થાનકની નાગચૂડ મને ઘેરી વળે છે. અને પ્રભુ ! દુષ્ટ વિચારમાંથી દુષ્ટ ધ્યાનમાં પહોંચી જાઉં છું.....

મારું કે મરૂં ? કોઈ પણ સંજોગોમાં બદલો લઈશ......

મારી હાલત શું કહું ? સારો વિચાર તો એક સેંકડમાં ફૂસ થઈ જાય છે. હવામાં ઉડી જાય છે. મારૂં મન બળવો પોકારે છે. મને થાય મારૂં વાતાવરણ કેવું છે. મારી આજુબાજુ કેવા લોકો છે. હું તો ખૂબ સારી છું. - જીંદગીથી તો હારી નથી ગઈ. આત્મહત્યા તો કરતી નથી.... મારી જગ્યાએ બીજા કોઈ હોત તો .......

ભલા મન ! તું ખૂબ હોશીયારી ન કર. તેં તારી આત્મહત્યા નથી કરી તેના ધન્યવાદ. પણ તારી વાત અને વર્તણૂકથી કેટલાની માનસિક હત્યા કરી. કેટલાને દુભવ્યા એ તું જ વિચાર......

મનને સદ્‌વિચારનું માલિક ના બનાવ્યું .....

મનને શુભધ્યાનમાં સ્થિર કર્યું નથી......

પ્રભુ ! મારા દિવસનો હું શું પ્રકાશ કરૂં ? શું ખુલાસો કરૂં ?

તમઃ તમ પ્રભા નારકીમાં જેવો ઘોર અંધકાર છે. તેવો મારા મનમાં ભયંકર અંધકાર છે. મારામાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની ભયંકર પરંપરા સર્જાય છે.

બસ, પ્રભુ ! તમારા શાસને....આરાધના માર્ગે હવે મને એક લાભ આપ્યો છે. મને મારા દુર્ગુણ દેખાય છે. મારી ભૂલ સમજાય છે. આપનો ધર્મ..... આપનું તત્ત્વજ્ઞાન પામ્યો ન હતો. ત્યાં સુધી સૌને ખરાબ કહેતો.... હવે હું વિચાર કરૂં છું. પ્રભુ ! આપ - આપનો ધર્મ - આપના ધર્મના આરાધકમાં તાકાત છે. મારા જેવા અધમ આત્માનો પણ ઉદ્ધાર કરો. પ્રભુ ! વિચારું છું. આપનું સંબોધન "મહાનુભાવ".... હવે વિચાર કરતાં એક જડીબુટ્ટી જડી છે. આપના શબ્દો હૃદયની ભાવના. મને મહાનુભાવ બનાવશે. દુષ્ટધ્યાનથી મારૂં રક્ષણ કરશે. દુર્વિચારથી દૂર દૂર કરશે.

આ સૂત્રના બે શબ્દ દુજ્ઝાઓ..... દુવ્વિચિંતિઓ મારા જીવનને જરૂર સાધનાની પગદંડીએ લઈ જશે.

આલોએમિ..... આલોએમિ....

સૂત્ર પાઠનું સ્મરણ - ચિંતન એજ મારો અભ્યાસ બને. પ્રભુ સ્વીકારો મારી સદ્‌વિચારની પ્રાર્થના.....

★ ★ ★ ★ ★

# ૨૫

# અણિગુહિઅ બલ વીરિઓ પરક્કમઇ

અણિગુહિઅબલ અને ઉત્સાહથી પરાક્રમ કરે છે.

બાલ્ય ઉંમરમાં વર્ષો સુધી સાંભળેલું "અતિચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કરો."

ગુરુવર્યાએ અર્થ કરાવ્યા, ગુરુદેવોએ શાસ્ત્ર જ્ઞાન આપ્યું.

હવે સમજાયું. અતિચારની આઠ ગાથા નહિ... આચારની આઠ ગાથા પણ આ આચારો ન જાણીએ, એની શ્રધ્ધા ન કરીએ, એના પાલનમાં ખામી રાખીએ તો અતિચાર થાય.

આચાર પાંચ પણ પંચાચાર પર પ્રકાશ પાડતી આઠ ગાથા, શાસ્ત્રનો સમસ્ત ચરણ કરણાનુયોગ પંચાચારનો જ વિસ્તાર છે.

જૈન ધર્મ આચાર પ્રધાન ધર્મ છે. તેથી દ્વાદશાંગીનું પહેલું સૂત્ર આચારાંગ સૂત્ર છે. આચારાંગ સૂત્રને સમજવામાં મદદ કરતું દશવૈકાલિક સૂત્રનું ત્રીજું - ચોથું અધ્યયન જિન શાસનનું પરમ રહસ્ય છે.

જે એગં જાણઈ સો સવ્વં જાણઈ
જો સવ્વં જાણઈ સો એગં જાણઈ

જે એક આત્માને જાણે છે.... સમજે છે તે સર્વ જગતને જાણે છે; સમજે છે.... સર્વ જગતને જાણે... સમજે વિચારે છે તે જ એક આત્માને સંપૂર્ણ રીતે જાણી શકે....

**આત્માને જે પ્રવૃત્તિ પવિત્ર કરે તે આચાર.**

જિન શાસનમાં મુખ્ય આચાર પાંચ કહ્યાં છે. પાંચ આચારના પેટા ભેદો અનેક છે.

પાંચ આચારમાં વીર્યાચાર એક એવો આચાર છે જે ચાર આચારને પાળવામાં સહાયક થાય....

બલ : એટલે શારીરિક શક્તિ

વીર્ય : એટલે આત્માનો - ઉત્સાહ....

અણિગુહિઅ : છૂપાવ્યા વગર બલ અને વીર્ય પરકમ્મઈ: પરાક્રમ કરે છે. જગત જીવોનો સ્વભાવ એવો છે તેને સારા બનવા કરતાં સારા દેખાવાનો શોખ વધારે છે. મને સૌ સારો કહે.... શ્રેષ્ઠ કહે.... એવી આંતરિક ઈચ્છા હોય છે... અભિલાષા હોય છે.

ભલા સાધક ! કાગળના પુષ્પ અવશ્ય આપણી આંખને આકર્ષણ કરી શકે. મન મોહક હોઈ શકે. પણ તેમાં સુગંધ ન હોય. જગત ને સુગંધ આપી કરમાઈ ના શકે. તેમ સારા બન્યા વગર સારા કહેવરાવીશું તો તુચ્છ બનીશું. મહાન નહિ બની શકીએ.

જિનશાસનમાં તીર્થંકરોના નામની પૂજા પણ ત્રણ ચોવીસી સુધી થાય છે. ત્રણ ચોવીસી પછી નામ ગૌણ બની જાય છે. અને અરિહંત-તત્ત્વની તીર્થંકરત્વની પૂજા થાય છે. વ્યક્તિ ગૌણ છે. વ્યક્તિત્ત્વ મહાન છે.

પંચાચારનું પાલન અને પ્રવર્તન એ જ જિનશાસનનું પરમ રહસ્ય છે. જિનશાસને તત્ત્વજ્ઞાનને આચારમાં પ્રવર્તન કરવાનું જીવનમાં જીવવાનું કહ્યું છે.

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચારમાં પ્રાણ પૂરનાર વીર્યાચાર છે.

જીવનમાં બે શક્તિ - ઉર્ધ્વગામી બનવામાં સહાયક છે. શારીરિક શક્તિ અને આત્મિક ઉત્સાહ બે શક્તિના સુભગ મિલન દ્વારા પરાક્રમ કરવાનું છે.

શ્રાવકો માટે આચાર - વિચારના કાઉસગ્ગમાં આનું જ ચિંતન મનન..... સાધુને સાધ્વાચારનો વિચાર કરવાનો છે. પણ સાધુ કે શ્રાવકે શારીરિક બળ ગોપાવ્યા વગર આત્મિક ઉત્સાહથી પ્રયત્ન કરવાનો છે.

શાસ્ત્રમાં વપરાયેલ શબ્દ પરાક્રમ કરવાનો છે. પરાક્રમ શૂરવીરમાં હોય, ભડવીરમાં હોય - કાયર - માયકાંગલા પાસે રોદણા દીનવૃત્તિ હોય.

ધર્મ શૂરવીરનો છે તેથી કહે છે ...... પરાક્રમ કરે છે. પરાક્રમની વ્યાખ્યા ખૂબ સુંદર છે.

**ઇચ્છિત - અભિમતની પ્રાપ્તિ સુધી ઝઝૂમતું રહેવું તે પરાક્રમ**

મારી શારીરિક શક્તિ અને આત્માના ઉત્સાહ પ્રમાણે કરૂં છું. આવી અધુરી અણ સમજું વાતો ન ચાલે. પરાક્રમ કરવું -પરાક્રમ- સાહસને પ્રગટ કરે છે. સાહસ વગર સિદ્ધિ ના મળે.

સાહસિકની પ્રત્યેક પ્રવૃત્તિ લક્ષ્યની પ્રાપ્તિ પૂર્ણાહુતિ માટે હોય. એકવાર બે વાર દશવાર કરવાનું કાયર હોય તે આ પ્રશ્ન પૂછે. શૂરવીર તો કહે લક્ષ્યની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ઝઝૂમીશ અટકીશ જ નહિ.

ભલા સાધક ! પ્રભુ ઋષભદેવ શુધ્ધ અન્ન માટે ૧૩ મહિના ૧૩ દિવસ ઘર ઘર અને ગામ ગામમાં ફર્યા. પરમાત્મા મહાવીર ખુદના અભિગ્રહ પૂર્ણ કરવા ૫ મહિના ૨૫ દિન ફર્યા. મહાસતી સુંદરીએ

દીક્ષાની આજ્ઞા મેળવવા ૬૦ હજાર વર્ષ આયંબિલ કર્યા.

શક્તિ હોવી અને શક્તિનો ઉપયોગ-સદ્ઉપયોગ કરવો તે એક અલગ વાત છે -

શક્તિ સાથે આત્મિક ઉત્સાહ જોડાય છે ત્યારે આલ્પ્સ ડુંગરા કૂદવા કે હિમાલય ઓળંગવો રમત વાત છે.

આત્મામાં અનંત શક્તિ છે પણ તે પ્રગટ ક્યારે થાય આત્મામાં ઉત્સાહ પ્રગટે તો....

પ્રભુ ! પ્રાતઃ કાળના મંગલ સમયે પ્રાર્થના કરૂં.

ઓ મારા વીર વર્ધમાન પ્રભુ મારી આંખ સામે આવે છે. આપના કાનમાં ખીલા ઠાકોયા છતાં આપ ધ્યાનસ્થ અવસ્થામાં... અને મારી દશા.... ક્યાંક બૂમ પડી અવાજ થયો. ગભરાઈ ગયો. ભાગી ગયો.... નાસી છૂટ્યો.... આ સમયેં હું કોણ ભૂલાઈ જાય છે.

વીર વર્ધમાન પ્રભુ ! કાન જેવા કોમલ સ્થાનમાં ખીલા ઠોકાય અને આપની ધ્યાનાવસ્થા વિચલિત નથી થતી. પ્રભુ ! આ દૃઢતા ક્યાંથી પેદા થઈ...... વિચારતાં ય થાકી જાઉં છું.....

શું આ શક્તિ કે ચમત્કાર......

પ્રભુ મિચ્છામિ દુક્કડમ્ ....... ચમત્કાર દેવના હોય.......

મારા દેવાધિદેવ વીતરાગ પ્રભુનો પ્રભાવ હોય.....

**ચમત્કાર પુણ્યથી પેદા થાય છે. પ્રભાવ આત્મ શક્તિના વિકાસથી થાય છે**

મારા જેવા ડરપોકની કથા શું કહું ?

મહાવીરનો ભક્ત અને મહાવીર તો ન જ બન્યો. પણ વીરેય

નહિ વીરતા તો દૂર રહી. ગભરૂતા, કાયરવૃત્તિ, દીનતા ઘેરીવળી છે. કંઈને કંઈ સતત્ કર્યા કરૂં છું. મારા મનથી પોરસાયા કરૂં છું. હું પણ ઉદ્યમી છું. પ્રયત્નશીલ છું. પણ પરમાત્મા મહાવીર આપની સમક્ષ ઉભાં રહેતા જ મારાં અંતરનો એક્સ-રે તુરંત આવી જાય છે. સંપૂર્ણ શારીરિક શક્તિનો ઉપયોગ નહિ. વધુ મહેનત કરૂં. વધુ શક્તિ વાપરૂં તો.... બિમાર થઈ જાઉં. થાકી જાઉં... હારી જાઉ....

પરમાત્મા મહાવીર ! આપના દર્શને મારી માનસ સૃષ્ટિના દ્વાર ઉદ્દ્ઘાટન્ થઈ ગયા છે. ફુલ કરતા પણ અનંત ગણા સુકુમાલ શાલિભદ્રજી આપનું સાંનિધ્ય પામી વૈભારગિરિ પહાડ પર અણસણ કરે.... ત્યારે તેઓ જ અણિગુહિઅ બલવીરિયો પરક્કમઈ મહાત્મા શાલિભદ્રજી અને ધન્નાજીના ચરણનો દાસ બની ગયો છે.

આત્મ શક્તિ માટે પ્રચંડ પુરૂષાર્થ. પરમાત્મા મહાવીર !

શાલિભદ્રજી ઉપર કૃપા કરો.... ધન્ના ઉપર કૃપા કરો.... હું પણ કોઈક વાર તો રાજગૃહીનો કઠીયારો હોઈશ. આપની કૃપાને પાત્ર જેટલા ધન્ના શાલિભદ્ર એટલા જ કઠીયાર મુનિ. ચાલો, ને હું કઠીયારા મુનિનો શિષ્ય બની જાઉં. પણ આપના કૃપા પાત્ર શારીરિક શક્તિ ગોપવ્યા વગર આત્મિક ઉત્સાહથી અનંતના માર્ગે પ્રસ્થાન કરૂં....પ્રયાણ...

પ્રવાસ મારો... પણ પ્રભુ મારા પથ પ્રદર્શક રહેવા કૃપા કરજો... આંતરની આરજુ......

★ ★ ★ ★ ★

## ૨૯

# "ચઉવીસ જિણ વિણિગય કહાઈ વોલંતુ મે દિઅહા"

શ્રી ચાવીસ તીર્થંકર પ્રભુના મુખમાંથી નીકળેલી કથા શ્રવણ કરતાં મારા દિવસો પસાર થાવ.

પ્રત્યેક માનવ પાસે મન છે. મન છે એટલે મનોરથ હોય છે. અભિલાષા હોય છે.

કોઈપણ વ્યક્તિની બે-ચાર ઇચ્છા - આશા - અભિલાષા પૂછો માણસ જે આશા - અભિલાષા કહે તેનાથી તેના હૃદયની ભાવના જાણી શકાશે.

પરીક્ષામાં પ્રથમ નંબર એક વિદ્યાર્થીને પ્રાપ્ત થાય છે. પણ પ્રથમ નંબર પ્રાપ્ત કરવાની ભાવના સૌ કોઈ કરી શકે છે. જેના હૃદયમાં ભાવ છે તે ક્યારેક તો પ્રથમ નંબર અવશ્ય મેળવી શકે છે.

લાખો કરોડો લોકો માનવજીવનનું મૂલ્ય સમજ્યા વગર અમૂલ્ય માનવજીવનને વ્યર્થ વેડફી નાંખે છે. કેટલાક માનવો એટલા અણસમજુ હોય છે. જેમને જીવનનું મૂલ્ય સમજાતું નથી. આહાર, નિદ્રા અને ગામ-ગપ્પામાં જીંદગી વ્યર્થ વેડફે છે.

પ્રત્યેક વસ્તુનું આયોજન કરવું, અને તેમાં સફળ આયોજન કરવું અતિ કઠીન છે.

અનુપમાને મહામંત્રી વસ્તુપાલ - તેજપાલ કહી રહ્યા છે.

જમીનમાંથી અઢળક ધન પ્રાપ્ત થયું છે. શું કરવું છે ? તમારો અભિપ્રાય જણાવો.

જન્મ અને મૃત્યુના મર્મને સમજેલી - ધર્મ અને કર્મના રહસ્યને પ્રાપ્ત કરેલી અનુપમા કહે છે. જમીનમાંથી ધન પ્રાપ્ત કર્યું તેને મંદિર નિર્માણ દ્વારા પહાડ - ગિરિ શૃંગ પર સ્થાપિત કરો. લાખો કરોડો જનતા પ્રેરણાના પીયૂષપાન કરે - પણ કોઈ તેને લઈ ના જઈ શકે. ચોરી ના શકે.

વ્યક્તિ - વ્યક્તિની દૃષ્ટિ અલગ - દૃષ્ટિ અલગ તો મૂલ્ય અલગ.

નિદ્રા અને પ્રમાદમાં પણ જીંદગી પૂર્ણ થઈ શકે છે. ધ્યાન અને સાધના દ્વારા પણ જીંદગી ધન્ય થઈ શકે છે.

ભકત કથા - દેશકથા - રાજકથા અને સ્ત્રીકથામાં જીંદગીને વેડફનાર કરોડો માનવ છે. આજે આની પંચાત - કાલે બીજાની - ત્રીજા દિવસ માટે વિષય તૈયાર. કેટલીવાર વાતો સાંભળનાર થાકે છે; પણ બોલનાર થાકતો નથી. અવિરત વણ થાક્યે બોલ્યા જ કરે છે. કોઈ વિષય નહિ - વિષય સાથે સંબંધ નહિ. પૂર્વાપરનો વિચાર નહિ - પ્રસંગ પરિસ્થિતિનો ખ્યાલ નહિ, બસ બોલવું, એટલે બોલવું. પૂછીએ કેમ બોલો છો ? જવાબ મળે છે. જીભ છે એટલે બોલીએ છીએ, અમને સમય છે એટલે બોલીએ છીએ. છેવટે ચિડાઈને કહે છે, અમે અમારી જીભે બોલીએ છીએ તમારી જીભે નહિ, તમારે ન સાંભળવું હોય તો તમારા કાન બંધ કરો. અમારી સાથે માથાકૂટ ન કરો. આવા ખુદાબક્ષ માનવોથી ભરેલી દુનિયા છે.

તત્ત્વજ્ઞાની-અધ્યાત્મીની વાત અનેરી છે. તે કહે છે મારે એવું બોલવું છે - એવું સાંભળવું છે. જેનાથી શ્રોતા અને વક્તા બંનેનું મંગળ થાય.

સજ્જનો - ચિંતકો - તત્વજ્ઞ જીવનને ધન્ય બનાવવા ઇચ્છે છે. એટલે સમયનો સદ્‌ઉપયોગ કરે છે. આ મહાનુભાવો ક્યારે પણ સમયનો દુરુપયોગ કરતા નથી. તેઓ સમયનું આયોજન કરે છે. સંયોજન કરે છે. સમય - કલાકો - દિવસો દ્વારા જીવનને ધન્ય પુણ્ય બનાવે છે.

શ્રાવકોનો, જિનભક્તોનો મંગળ ઉદ્દઘોષ છે. "ચઉવીસ જિણ વિણિગય કહાઈ વોલંતુ મે દિઅહા" મારા જીવનને સફળ કરવાનો મંગલમાર્ગ એક જ છે. તીર્થંકર પરમાત્માએ ફરમાવેલી કથા શ્રવણ કરવી. તીર્થંકર પ્રભુ સર્વજ્ઞ છે. વીતરાગ છે. તેથી તેમની કહેલી કથા વૈરાગ્ય ઉત્પન્ન કરનારી હોય - વિશુદ્ધ કરનારી હોય. વીતરાગ બનાવવાની ક્ષમતા તેમાં હોય.

કથા શબ્દનો અર્થ વાર્તા - જેટલો ટુંકો લેવાનો નથી. વીતરાગનું પ્રવચન - વીતરાગનો હિતોપદેશ - વીતરાગીની વાણીના સંપર્ક વડે મારા દિવસો ફક્ત પસાર થતા નથી. મારી જીંદગી ધન્ય પુણ્ય બને છે.

મારો સંકલ્પ છે. મારું અસિધારા વ્રત છે. તીર્થંકર પ્રભુની દેશના વડે મારા જીવનને ધન્ય બનાવીશ. મારી આંખો સામે કલ્પના ચિત્ર ખડું થાય છે. દુંદુભિનો દિવ્યનાદ સંભળાઈ રહ્યો છે. સમવસરણમાં અશોક વૃક્ષ નીચે પ્રભુ બિરાજ્યા છે. પ્રભુ ધીર ગંભીર

નાદે માલકોશ રાગમાં દેશના આપી રહ્યા છે. બારે પર્ષદા દત્ત ચિત્તે વાણી શ્રવણ કરી રહી છે. પ્રભુનો ઉપદેશ વીતરાગનો ઉપદેશ શ્રવણ કર્યો. પ્રભુના ચરણે સમર્પિત બની ગયો. પ્રભુ આપની દેશના - મારા જન્મ જન્મમાં એકત્રિત થયેલા પાપનો નાશ કરનારી છે. પ્રભુ આપની દેશના મારા લાખો કરોડો ભવમાં થયેલ પાપને પલાયન કરનારી છે.

પ્રભુ ! આપની દેશના મારા આત્મકલ્યાણમાં સહાયક છે. મને મોક્ષમાર્ગ પ્રદર્શક છે. મારા મુખમાંથી ફરી ફરી એક જ પંક્તિ ગુંજિત થાય છે. "રૂડીને રઢીયાળી રે વીર તારી દેશના"

પ્રભુ ! ક્ષમા માંગુ, અજ્ઞાન - અણસમજ અને ભૌતિકતાના કારણે મેં મારા મનમાં ભયંકર કચરો ભર્યો. જે હાથમાં આવ્યું તે વાંચ્યું - જે કાને પડ્યું તે સાંભળ્યું. હવે અયોગ્ય અને ક્લિષ્ટ - અશુભ વિચાર ઉત્પાદક વાંચન - શ્રવણનો ત્યાગ કરું છું. અશુભતા પ્રેરક વાંચન - શ્રવણથી ગચ્છન્તિ કરીશ. આ અયોગ્ય-વાંચન-શ્રવણ મારા મનને દુષિત કરે છે. મારા તનને દુષિત કરે છે. મને નીંદમાં પણ હેરાન કરે છે. ખરાબ સ્વપ્રથી મારી રાત્રિ બગડી જાય છે. આમ, મારું મનુષ્ય જીવન મોક્ષની સાધનાના બદલે કર્મનું કારંણ બને છે.

મારે મારા દિવસો - વર્ષ જીંદગી સામે કહેવું છે. પુણ્યાહં - પુણ્યાહં, પ્રીયંતામ્ - પ્રીયંતામ્ - આજનો દિવસ ધન્ય છે. પુણ્ય છે. મેં તીર્થંકરનો ઉપદેશ શ્રવણ કર્યો. પર્યુષણમાં કલ્પસૂત્રના સંપૂર્ણ પ્રવચન સાંભળીશ. ૨૪ તીર્થંકર પ્રભુના ચરિત્ર - સ્થવિરાવલી - ગણધરવાદના શ્રવણથી ખરાબ - અયોગ્ય - પાપકારી શ્રવણ કર્યું છે. તેનું પ્રાયશ્ચિત કરીશ.

મારું પુણ્ય નથી. મને તીર્થંકર પ્રભુની સાક્ષાત્ દેશના શ્રવણ કરવા મળે. પણ મારું પુણ્ય છે; મને જિનાગમો મળ્યા છે. - જિનાગમ સમજાવનાર ગુરુદેવ મળ્યા - જિનાગમ સમજાય તેવી અલ્પ બુદ્ધિ મળી છે. સમસ્ત ગુરુવરોને વિનંતિ કરીશ . મને જિનવાણી દ્વારા ધન્ય બનાવો. મુનિવરો, આર્યાઓ અભ્યાસ કરતાં હશે.- વાંચના લેતા હશે. સ્વાધ્યાય કરતા હશે ત્યારે તેમના ચરણમાં નમ્રભાવે વિનંતિ કરીશ. આપ જ્ઞાની છો. સંપૂર્ણ સૂત્ર *કંઠસ્થ કરશો. તેના અર્થ આત્મસાત્ કરશો. મને ફક્ત તેનો અર્ક આપો. સંક્ષિપ્ત સાર કહો. ગુરુ હેમચંદ્રાચાર્યએ મહારાજા કુમારપાલ પર કૃપા કરી. વીતરાગ સ્તોત્રની રચના કરી અને સમસ્ત દ્વાદશાંગીનો સાર ફક્ત સોળ અક્ષરમાં કહ્યો.

"આશ્રવઃ સર્વથા હેયઃ ઉપાદેયસ્તુ સંવરઃ"

ગુરુદેવ ! આપ મારા કલિકાલ સર્વજ્ઞ ગુરુદેવ હું કુમારપાલ નહિ; આપનો ચરણકિંકર - મારા ઉપર કૃપા કરો. મને પણ સંક્ષેપમાં આત્મબોધની ગુટિકા આપો. મારું જીવન ધન્ય બને. મારું જીવન સફળ બને તેવી કૃપા કરો.

હું પણ હસતાં હસતાં કહું "ધન્યોઽહં કૃતપુણ્યોઽહં" - "અદ્ય મે સફલં જન્મ" આપની કૃપા અને મારી પાત્રતાનું અદ્ભુત મિલન થાય એ જ નતમસ્તકે પ્રાર્થના .......

★ ★ ★ ★ ★

# જ-વ-ણિજ્જં ચ ભે

ભગવંત ! આપની યાપનીય અવસ્થા છે.

આવશ્યક ક્રિયામાં ઈચ્છામિ ખમાસમણોમાં જાવણિજ્જાએ.

સુગુરુ વંદન સૂત્રમાં જાવણિજ્જાએ અને પછી શબ્દ આવે છે જવણિજ્જં (યાપનીયં)

સંયમ જીવનના પ્રાથમિક વર્ષોમાં ઘણા શબ્દોના અર્થ એકવાર કહે અને યાદ રહી જાય અને જ્યારે જ્યારે સૂત્ર બોલાય ત્યારે ત્યારે સૂત્ર અર્થ પૂર્વક બોલાય. સૂત્રના અર્થ સમજાય. યાદ આવે એટલે સૂત્ર બોલતાં એક આનંદ ઉર્મી આવે.

વિ.સં. ૨૦૦૭ મું વર્ષ હતું. ગુજરાતના ઈડર ગામમાં ચાતુર્માસ હતું. દીક્ષાનુ બીજુ વર્ષ વાત્સલ્ય વારિધિ પૂ. દાદા ગુરુદેવ લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં થયું. પૂ. જ્ઞાન સાગર ગુરુદેવ વિક્રમ સૂરીશ્વરજી મહારાજ સાહેબ આજીવન ગુરુનિશ્રા સેવી તેઓ પણ ત્યાં જ હતાં. પૂ. પાદ તારક ગુરુદેવોની સાથે આલાપ - સંલાપ વાર્તાલાપ કરવાનું ગજું ક્યાં ? એ દિવ્ય આત્મ પ્રભા દૂર દૂરથી માણવાનો પ્રયત્ન કર્યો. પૂજ્યશ્રીને વંદન કરવા જઈએ. પ્રવચનમાં જઈએ. વાંચનામાં જઈએ. પ્રવચન સમજવા જેવી કે, વાંચના સમજવા જેવી બૌદ્ધિકતા નહિ પણ કોણ જાણે કોઈ જન્મ - જન્મના ઋણાનુબંધ કે તે બંને મહાપુરુષોની પ્રભા છાયામાં અનેરી શાંતિનો અનુભવ થાય.

ગાંધી વિચારમાં મન ઘેલું બનેલું "સમાજ સેવા જ સર્વશ્રેષ્ઠ". આ અને આવા કંઈક વિચારોથી ઘેરાયેલા મનને શાંતિ પ્રાપ્ત થાયં. સહજ રીતે મનનો બોજ હળવો બને. મહાપુરુષ પ્રત્યે મન ઢળવા લાગ્યું. જે મળશે તે અહીં જ મળશે સમર્પિત બનો.

શરણ અને ચરણ સ્વીકારો. અમારી વડીદીક્ષા આસો સુદ દસમની. પૂ. ગુરુદેવે પંચમહાવ્રતનું સ્વરૂપ સમજાવ્યું. પૂ. દાદા ગુરુદેવે પંચ મહાવ્રત ઉચ્ચારણ સમયે મહાવ્રતનું સ્વરૂપ સમજાવ્યું. સાચે જ હૃદયના ઉત્સાહે મહાવ્રત સ્વીકાર્યા. તેપન વર્ષ એ વાતને થઈ ગયા પણ આજેય જયારે પક્ખીસૂત્ર બોલું... દશવૈકાલિકનો સ્વાધ્યાય કરૂં ત્યારે તે બંને મહાપુરુષો મહાવ્રતનું સ્વરૂપ સમજાવી રહ્યા છે અને હું વડીદીક્ષા લઈ રહી છું. એવા ભાવ જાગે મહાવ્રત ઉચ્ચારણ કરતાં જે આત્માનુભુતિ અને દોષ નિવૃત્તિ થાય તેનો આનંદ અલૌકિક છે. આ મહાપુરુષના ઉપકારે સૂત્ર બોલતાં અર્થનો ખ્યાલ રાખવો તેવું અજ્ઞાત માનસમાં ઘુંટાયેલું.... પણ.

સુગુરુ વાંદણા સૂત્રનો જવણિજ્જં નો અર્થ સ્પષ્ટ ન થાય. યોગશાસ્ત્રની ટીકા વાંચતા અર્થ સમજાયો.

ધન્ય પ્રભુ શાસન ! ગુરુ અને શિષ્યનો વાર્તાલાપ કેટલો ભવ્ય !

વંદનની વિધિ કેટલી ભવ્ય ? કોઈ ગપસપ નહિ. ઈધર ઉધરની વાત નહિ. ... વાદ નહિ.... વિવાદ નહિ... દેહમાં છતાં રાગમાં નહિ... વિરાગી અને વીતરાગીની પૃચ્છા.... વાત.....

યાપનીયમ્ ઇન્દ્રિય નોઇન્દ્રિય ઉપશમાદિના પ્રકારેણ

અબાધિતં. હે ગુરુદેવ ! આપુને પાંચ ઇન્દ્રિય છે. મને પણ પાંચ ઇન્દ્રિય છે. આપની પાસે પણ નોઇન્દ્રિય - મન છે. મારી પાસે પણ મન છે. પણ આપની પાંચે કર્મેન્દ્રિય જ્ઞાનેન્દ્રિય બની. આપનું મન આત્મ સાધનામાં ઉપકારક બન્યુ પણ મારી તો ઇન્દ્રિયની દોડાદોડ અને પાછી પેલા મન મર્કટનો સાથ.

એક સાંધુ ત્યાં તેર તૂટે. સ્પર્શેન્દ્રિય ને સમજાવું મહાપુરુષના ચરણ સ્પર્શ કરી તેમની સેવા સુશ્રુષા કરી ધન્ય પુણ્ય બન, ત્યાં રસનેન્દ્રિયની ધમાલ. સેવા કરતાં થાકી ગયો. ભૂખ લાગી ક્ષુધાને શાંત કરવા બેઠો. પેટ શાંત થાય તે પહેલાં તો રસનેન્દ્રિયે ગામને ગજાવ્યું. આવું અરસ નિરસ ખાવું ! આવું ઠંડુ ખાવાનું ? શું અમે ભિખારી છીએ કેટલા તોફાન ત્રાહિ મામ્ પોકારી ગયો.

આ રસનેન્દ્રિય તો ડબલ રોલમાં કામ કરે. નોન સ્ટોપ ખાવું, નોન સ્ટોપ બોલવું, પાછું મન કહે તારી છાપ ખાઉધરાની ન પડવી જોઇએ. તારી છાપ લઢવાડીયાની ન પડવી જોઇએ. એટલે આખા સમુદાયનો. આખી દુનિયાનો સી.આઇ ડી. બની જાઉં. મારી ડાયરીમાં બધાની જ એક જન્મતિથિ અમાસ, કોઇનીય જન્મતિથિ પુનમની ના લખાય. દિવસ તો ખાવામાં અને લડવામાં પૂરો થાય. પણ રાત્રિએ દારૂણ વેદના અત્યંત ભયંકર લાખો કરોડો ભૂલોના ભણકારા... મારું મન થાકી જાય. હારી જાય. મારી પીડા હું સહી ન શકું. લાગે હમણાં જ માથાના બે ટૂકડા થઇ જશે. ગભરાઇ જાઉં. હમણાં જ હેમરેજ થઇ જશે. ભાગું.... દોડું... ક્યાં જવું સમતાનિધિ - કરુણામૂર્તિ ગુરુ ચરણમાં... તેમનો દિવ્યહાથ મારા મસ્તક ઉપર ફરે અને લાગે

ગંગાજળનો અભિષેક મારા શિર પર થઇ રહ્યો છે. મન શાંત બને. ક્યારેક પ્રશાંતિ અનુભવાય... ગુરુચરણને પકડી ફરી પૂછું... ભગવંત! મને કહો, ફરમાવો મન અને પાંચ ઇન્દ્રિય દ્વારા આપ કેમ હેરાન થતાં નથી ? આપને ઇન્દ્રિય ટોળકી દુ:ખી કરી શકતી નથી. શું કારણ?

મારા પ્રિય શિષ્ય! તું શાંત બન... પ્રશાંત બન! શાંતિસાગરમાં સ્નાન કર. તારી પાસે પણ ભાવના છે. વિશુધ્ધ આત્મ અધ્યવસાય છે. વીતરાગ બનવાની તમન્ના છે. પણ તું... કેમ હેરાન-પરેશાન-અશાંત. વીતરાગ વર્ધમાન માટે જે જગત્ હતું તે તારી પાસે છે. વીતરાગ વર્ધમાન અને સમસ્ત તીર્થંકરો સમસ્ત મહાપુરુષો પાસે જે મન અને ઇન્દ્રિય છે તે જ તારી પાસે છે.

સાધન ઘણાની પાસે હોય પણ સાધનના ઉપયોગની કળા વિરલ વ્યક્તિઓ પાસે જ હોય છે.

અજન્ટા-ઇલોરામાં ભવ્ય કલા સૃષ્ટિ ખડી કરનાર કલાકાર કલાની સામગ્રી દેવલોકમાંથી લાવ્યા ન હતા. પૃથ્વી પરના પદાર્થનો જ તેમણે ઉપયોગ કર્યો છે. કલાકારના હાથમાં રંગ આવે અને ભવ્ય કલાસૃષ્ટિ ખડી થઇ જાય. પાગલના હાથમાં રંગ આવે અને ભૂત બની જાય. મન અને ઇન્દ્રિય મળવાથી મહાન બનાતું નથી પણ ઉપશમના પ્રકાર વડે તેને પીડા રહિત કરવાનું હોય છે.

મન અને ઇન્દ્રિયને ઉપશમ વડે અવ્યથિત રાખવું તે જ જવણિજ્જં - યાપનીયં

ગુરુદેવ ! આપ મન અને ઇન્દ્રિયોને શમ - પ્રશમ શાંતિ વડે

પીડારહિત કષ્ટ રહિત; શાંતિદાયક બનાવી શકો તો હું કેમ ના કરી શકું ? મને પણ શાંતિની સાધના આપો. શાંતિ વગર હું હારી જઈશ.. થાકી જઈશ. આપ કૃપા કરો... આપ યાપનીય જવણિજ્જં.... અને આપનો શિષ્ય હું યાપનીય ના બનું ? ગુરુદેવ ક્યારેક પ્રાતઃ કાળમાં પ્રતિક્રમણ કરતાં ચિત્કાર કરી ઉઠું છું.,

પ્રભુ ! મને જવણિજ્જં બનાવો.

ગુરુદેવ ! તમે તો કેવા કૃપાળુ છો. મારો બધામાં ભાગ પાડો છો. આપની પાસે વસ્ત્રં - પાત્ર - પુસ્તક ઉપકરણ જે આવે તેમાંથી બધું મને આપો. તો મનની શાંતિ કેમ ન આપો ?

ભલા સાધક ! તું ખૂબ મોટી ભૂલ કરે છે. ભૌતિક પદાર્થના ભાગ પડે. આધ્યાત્મિક ઉપલબ્ધિ વ્હેંચાતી નથી... અપાતી નથી. મેળવાય છે. પ્રાપ્ત કરાય છે. ભક્તામરની બારમી ગાથા વારંવાર રટન કર... પઠન કર... મનન કર. દેવાધિ દેવ પરમાત્મા સમક્ષ ભાવ વિભોર બની ભક્તિ કર. તને પણ ઉપશમ પ્રાપ્ત થશે. શાંતિના સહારે મન અને ઇન્દ્રિયો તારી આત્મ સાધાનમાં સહાયક બનશે.

ગુરુવર ! ઓ ગુરુવર ! મહતી કૃપા... મહાન્ માર્ગ બતાવ્યો.

વીતરાગ ભક્તિમાં લીન બનીશ. આપની કૃપા બસ મને આપના જેવો બનાવે... જવણિજ્જં .... કષાયના કેરથી મુક્ત બનું-

એ જ પુનઃ પુનઃ પ્રાર્થના....

★ ★ ★ ★ ★

૨૮

# ભાવઓ ધમ્મનિહિઅ નિયચિત્તો

ભાવથી ધર્મ પ્રતિષ્ઠિત છે. જેના ચિત્તમાં....

મને ખબર નહિ પણ જ્યારે બે પ્રતિક્રમણ સૂત્રના અર્થ આવડતા ન હતા, ત્યારે ય "સવ્વસ્સ જીવરાસિસ્સ, ભાવઓ ધમ્મ નિહિઅ નિઅચિત્તો" પદનું વારંવાર રટણ થયા કરતું. દિવસમાં લગભગ અનેકવાર બેસતા - ઉઠતા આ બે પદનું પુનઃ પુનઃ સ્મરણ રટણ થતું. સવ્વસ્સ જીવરાસિસ્સ અને મનથી જગત સાથે મિચ્છામિ દુક્કડમ્ કરતી......

અમારા ગુરુકુળની પરંપરામાં રોજ સાંભળવા મળતું ગણધર ભગવંતે ગુંથેલ સૂત્ર - અર્થ ન સમજાય તો પણ આત્મ કલ્યાણકારક છે. સૂત્ર શાંતિથી બોલો - ભાવથી બોલો - આદરથી બોલો - વિધિ અને મુદ્રા જાળવીને બોલો. સૂત્ર પ્રત્યેની પ્રીતિ - ભક્તિ અંતરમાંથી અર્થનું ઉદ્ઘાટન કરશે. પૂજ્યોએ અર્થ સમજાવ્યા - બાહ્યવૃત્તિ ઢીલી પડી. અંતરની વૃત્તિ જાગૃત બનવા લાગી - પ્રતિક્રમણ સૂત્રનું ચિંતન પ્યારું લાગવા માંડ્યું.

વિ.સં. ૨૦૨૪ ના મદ્રાસના ચાતુર્માસ બાદ કેસરવાડીમાં ઉપધાન પૂ. ગુરુદેવની આજ્ઞાથી પાંચ - સાત મુમુક્ષુ સાથે સ્વામી રીખવદાસજી અને હું પંચસૂત્રના અર્થનું ચિંતન કરતા હતા. સૂત્ર વિચારણાની વાતો નીકળતાં સૂત્ર એકનું એક સૂત્ર ક્યાં સુધી બોલ્યા કરવું. સૂત્ર ચિત્રમય રૂપે માનસ ચક્ષુ સમક્ષ ખડું ન થાય ત્યાં સુધી સૂત્ર

બોલ્યા કરવું. ભાવોની દુનિયા વિશાળ બની ગઈ તેમ હૃદયમાં ભક્તિની સરવાણી ફૂટતી ગઈ.

પૂ.પા. ગુરુદેવના શ્રીમુખે ભક્તામર સ્તોત્ર શ્રવણ કરતાં લાગ્યું. ભક્તિની ભાગીરથી અહીં છે. જેમ જેમ ભક્તામર શ્રવણ કરશો, અલૌકિકતા પ્રાપ્ત થશે. ભક્તામરમાં ભાવોએ લગની લગાડી.

પ્રમાદી આત્મા ક્યારેક ભક્તિની ભાગીરથી છોડી કષાયના કીચડમાં ડુબી જાય. પણ આયરિય ઉવજ્ઝાય બોલતાં એકદમ જાગૃત થઈ જવાય.

આત્મા ! તું તૈયાર થા, કટિબદ્ધ થા, તારા મનોમંદિરને નિર્મળ બનાવ. તું કોણ ? અને ક્ષમા કોણ કરી શકે ? મને મસ્તી શરુ કરી દીધી. હું જે છું તે જ તું... વધારે કહું પ્રભુ તમે જે છો તે હું સોऽहं સોऽहं જાપ ખૂબ કર્યો છે. પણ "ભાવઓ ધમ્મ નિહિઅ નિયચિત્તો" પદે આત્માને અહેલક જગાડી ... કોઈ મંત્ર સિધ્ધ - કોઈ તંત્ર સિધ્ધ કોઈ યોગ સિદ્ધ - કોઈ પાઠ સિદ્ધ. શું તારે ક્ષમા સિદ્ધ બનવું છું ?

બધી સાધના સહેલી છે. આસાન છે. સુકર છે પણ કઠીન છે ક્ષમાની સિદ્ધિ - મિચ્છામિ દુક્કડમ્ - મિચ્છામિ દુક્કડમ્ શબ્દ બોલતાં વાર નહિ લાગે - પણ પ્રાણીમાત્રને ક્ષમા આપવામે યોગ્ય કોણ ? કોઈપણ કાર્યના પ્રારંભ પહેલાં તે કાર્યની યોગ્યતા લાયકાત કેળવવી ખૂબ જરૂરી છે. જીવ માત્રને ક્ષમાપના કરવી ખૂબ દુરાધ્ય છે. દુઃસાધ્ય છે. જીવમાત્રનો મિત્ર બન્યા વગર સમસ્ત જીવ સાથે ક્ષમાપના ક્યાંથી થાય ?

સમસ્ત જીવોની ક્ષમાપના માટે ચિત્તશુદ્ધિ અત્યંત આવશ્યક છે. ચિત્તમાં સ્થાપના કરવી જરૂરી છે. પ્રતિષ્ઠા કરવી જરૂરી છે. ધર્મની ચિત્તમાં પ્રતિષ્ઠા થાય ત્યારે સૌ સાથે ક્ષમાપના થાય. દશ પ્રકારના યતિધર્મમાં સૌ પ્રથમ ક્ષમા ધર્મ; નવ ધર્મને કહે છે; અમને આમંત્રણ

નહીં આપો. અમને બોલાવશો નહિ. તો પણ અમે આવીશું. ક્ષમાના અમે અનુચર છીએ. અનુગામી છીએ. ક્ષમાધર્મને નિમંત્રણ આપો. અમે તો તેની પાછળ વગર આમંત્રણે દોડ્યા દોડ્યા આવીશું.

ક્ષમા ધર્મની પ્રતિષ્ઠા ચિત્તમંદિરમાં પ્રથમ થાય. પછી સર્વ જીવો સાથે ક્ષમાપના થાય. ક્ષમાપના કેટલો મોટો ધર્મ. ક્ષમાની કેટલી અપૂર્વ તાકાત - સમ્યક્ત્વ ટકાવી રાખે. આ ક્ષમાપના ધર્મની સિદ્ધિ માટે હૃદયમાં ક્ષમાને બિરાજિત કરવાની.... હજી આગળ એક શબ્દ આયરિય ઉવજ્ઝાય સૂત્રમાં છે. "ભાવઓ ધમ્મ નિહિઅ નિયચિત્તો" ક્ષમા ધર્મનો સત્કાર દ્રવ્યથી કોઈ કારણથી નહિ - ગરજથી નહિ - લાલચથી નહિ - ક્ષમાધર્મનો સ્વીકાર ભાવથી કરવાનો.

ભલા સાધક ! ધર્મક્ષમાને પોતાનો સ્વભાવ બનાવી દેવાનો તારી પ્રકૃતિ ક્ષમાની બનાવી દેવાની. જગતમાં કોઈ પણ પ્રસંગ આવે વિચલિત નહિ બનવાનું. ભાવથી ક્ષમા ભાવમાં સ્થિર રહેવાનું. આપણા હાથ - પગ - આંખ - શરીરમાં તકલીફ થાય, પણ આપણા હૃદયમાં બિરાજિત મહાદેવી ક્ષમાનું આસન જરા પણ ચલિત ન થવું જોઇએ. જગતના જેટલાય આસુરીબળો તામસ બળો હોય તે બધા એક બનીને આવે તો પણ કહેવાનું તમે...પાપી નથી. ગુનેગાર નથી. અપરાધી નથી. તમે જીવ છો - આત્મા છો - એક દિવસ તમે શિવ બનવાના છો - એક દિવસ પરમાત્મા બનાવાના છો, ઓ મહાનુભાવો! પધારો..... પધારો..... તમારું અંતરના અદકેરા ભાવથી સ્વાગત... તમે આજે મહોરું અલગ લગાડ્યું છે. પણ પુણ્યાત્મા હું તમને ઓળખું છું. આજે પણ તમે દ્રવ્ય સિંદ્ધના આત્મા છો. આપને ખબર નથી. હું તો નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવના ભેદે સર્વક્ષેત્રે સર્વકાળના સિદ્ધાત્માની પૂજા કરૂં છું. આપ સૌ નમનીય

- વંદનીય - પૂજનીય. આ ભાવ સ્થિર રહે તો ક્ષમા કરવા યોગ્ય મારો આત્મા બને અન્યથા ગણધર ભગવંતના સૂત્રો સાથે મેલી રમત રમનાર દુષ્ટાત્મા.

અતિ ઉત્તમ છે... સર્વશ્રેષ્ઠ છે... સર્વોત્તમ છે... જિનેશ્વર ભાષિત સૂત્રો - પુનઃ પુનઃ રટણ ચાલે છે. "ભાવઓ ધમ્મ નિહિઅ નિયચિત્તો"

આ જગતના ચોગાનમાં બેસી આખી દુનિયાને પ્રમાણપત્ર આપ્યા છે. યોગ્યતા અને અયોગ્યતાનો માપદંડ મારા હાથમાં હોય અને મારામાં જ હોય તેમ. વીતરાગ સર્વજ્ઞ ભગવંતો પણ ફરમાવે ગુસ્સો કરે અઢાર પાપસ્થાનક આચરે તો નરકે જવું પડે. મારા અધમ આત્માએ તો કેટલા સાથે હલકો વ્યવહાર કર્યો. તું નરકગતિમાં જઈશ તિર્યંચ ગતિમાં જઈશ - આ બધા અશુભ અધ્યવસાય સામે "ભાવઓ ધમ્મ નિહિઅ નિયચિત્તો" પદ લાલબત્તી ધરે છે. રૂક જા... નિયચિત્તો ખુદના હૃદયમાં ભાવથી ક્ષમાધર્મની સ્થાપના કરી. હવે ક્ષમાપના કરવા જાવ, જીવમાત્ર સાથે તું ક્ષમાપના કરી શકીશ., સફળ ક્ષમાસાધક બનીશ, તારે હવે કોઈ સાધના નહિ કરવી પડે. સર્વસિદ્ધિ તારી અનુચરી બનશે.

ગુરુવર ! આપના ચરણ અને શરણમાં આવ્યો છું. સિદ્ધિ પ્રસિદ્ધિ નથી જોઈતી. મારે જોઈએ મારાં હૃદયમાં ભાવથી ધર્મ પ્રતિષ્ઠા. આપ મારા પ્રતિષ્ઠાચાર્ય ગુરુદેવ ! મને એક જવાબ આપવા કૃપા કરો. મારા મનો મંદિરમાં ક્ષમા ધર્મની પ્રતિષ્ઠાનો શુભ દિન શુભ ઘડી મુહૂર્ત ક્યારે આવશે ? ફરમાવો... હું ઉત્સુક છું..... ઉત્સાહ મારો.... આશીર્વાદ આપના......

★ ★ ★ ★ ★

## ૨૯

# જેસિં સુય સાયરે ભત્તી

જેઓની શ્રુતસાગરમાં ભક્તિ છે.

વિશ્વમાં પ્રત્યેક પ્રાણી કંઈને કંઈ આરાધના કરે છે.
કોઈ ભોજનના ભક્ત હોય તો, કોઈ ભજનના ભક્ત હોય,
કોઈ અજ્ઞાનના ભક્ત હોય તો, કોઈ જ્ઞાનના ભક્ત હોય.
કોઈ ખુદના ભક્ત હોય તો કોઈ પરમાત્માના ભક્ત હોય.
વ્યક્તિ માત્ર ભક્તિ કરે છે. પણ અજ્ઞાનની ભક્તિ કરે છે કે જ્ઞાનની ભક્તિ કરે છે.

**અજ્ઞાન અંધકાર છે - જ્ઞાન પ્રકાશ છે.**
**અજ્ઞાન તિમિર છે - જ્ઞાન સૂર્ય છે.**
**અજ્ઞાન રાત્રિ છે - જ્ઞાન દિવસ છે.**
**અજ્ઞાન અમાસ છે - જ્ઞાન પૂર્ણિમા છે.**

જ્ઞાનનો પ્રકાશ સ્વને તારક છે - પરને તારક છે વિશ્વને તારક છે. પાક્ષિક પ્રતિક્રમણમાં પક્ખીસૂત્ર બાદ બોલાતી સ્તુતિનું પદ છે. 'જેસિં સુય સાયરે ભત્તી'

સ્વર સુંદર, મધુર હોય તો સંગીતના માસ્ટર બની શકે. વાણી મીઠી હોય તો અનેક મિત્ર કરી શકે, તો જેને શ્રુત સાગરમાં ભક્તિ હોય તે તો પરમાત્માનો પરમચાહક બની જાય. શ્રુતસાગર એટલે અનંત જ્ઞાન. અનંત જ્ઞાન પ્રાપ્તિ માટે લગન ચાહના - મસ્તી - ભક્તિ - ભક્તિનું તત્ત્વ ભૌતિકતાથી ખૂબ અલગ છે. જગત ભૂલાય અને

જગતગુરુ સાથે દોસ્તી થાય - જાતનું વિસ્મરણ અને ક્ષણે ક્ષણે જિનેશ્વરનું સ્મરણ થાય ત્યારે ભક્તિ. ભક્તિમાં વ્યક્તિ ગૌણ બને છે અને ગુણની ઉપાસના સર્વશ્રેષ્ઠ બને છે.

શ્રુતસાગરમાં ભક્તિ એટલે અનંતજ્ઞાન પ્રાપ્તિ માટે અવિરત પુરુષાર્થ - સતત પુરુષાર્થ - સમયની મર્યાદા નહીં, દિન રાતની ગણત્રી નહિ, કોઈ સ્પર્ધા નહિ, કોઈ હરીફાઈ નહિ, કોઈની સાથે તુલના નહિ; કોઈની સાથે સરખામણી નહિ. એક જ આંતરિક ભાવ મારે અનંત જ્ઞાનની પ્રાપ્તિ કરવી છે. અનંતજ્ઞાનના પ્રકાશમાં મારે મારા આત્માના દર્શન કરવા છે. પરમાત્માના દર્શન કરવા છે. વિશ્વને પરમાત્મ પંથનું પથ દર્શન કરવું છે.

જ્ઞાનની ઝંખના - ચાહનામાં એક એવી મસ્તી હોય છે. ભૌતિકપદાર્થ અને ભૌતિક મનોવૃત્તિ છૂટી જાય છે. ત્યાગ સ્વાભાવિક થઇ જાય છે. ત્યાગની તપની પરીષહની કોઇ પીડા નથી હોતી. હસતાં હસતાં કહે કેળા ખાવાં હોય તોછાલ છોડવી પડે. કેળાની છાલ છોડીએ તો જ કેળાનો રસાસ્વાદ પ્રાપ્ત કરી શકીએ.

જ્ઞાનની પ્રાપ્તિ માટે તુચ્છને છોડવાનું છે. અમૂલ્યને પ્રાપ્ત કરવાનું છે.

સ્તુતિપંક્તિ પણ ખૂબ સુંદર છે. ઉદ્‌બોધક છે. ચિંતન પ્રેરક છે. સમસ્ત શ્રુતસાગરમાં ભક્તિ કહી છે. એકાદ ગ્રંથ કે એકાદ આગમમાંજ નહિ.....

આકાશ જેમ અનંત તેમ જ્ઞાન સાગર પણ અનંત - અનંતને પ્રકાશક શ્રુતસાગર - શ્રુતસાગરની મસ્તી કિનારેથી માણી ના શકાય.

એ તો એકાદ તરંગની હોય શીતળતાનો અનુભવ કરાવી ચાલી જાય. શ્રુતસાગરમાં મરજીવા બની ડુબકી મારે એને શ્રુતસાગરમાંથી રત્નો મળે. બાકી સાગરના કાંઠે બેસી સાગરની હવા ખાવી છે તેને તો છીપલાજ મળે.

એકાદ ગ્રંથ કે એકાદ વિષયમાં નિષ્ણાત બની એ તો પાંચસો હજાર શ્લોકના અર્થ સમજાય થોડું ઘણું જ્ઞાન પ્રાપ્ત થાય.

આકાશનો અંત નહિ. જ્ઞાનનો અંત નહિ. જ્ઞાનની મસ્તી અને જ્ઞાનની ભક્તિ હતી ઉપાધ્યાય યશોવિજયમહારાજાના ગુરુવર નયવિજયમાં. એક જ્ઞાન સાધક હતા. એક જ્ઞાન આરાધક હતા, શિષ્યની જ્ઞાન પ્રાપ્તિ માટે ગુણીયલ ગુરુએ ગુજરાતના સીમાડા છોડ્યા. ભયંકર જંગલ અને ઘાટી ભેદતા કાશી પધાર્યા. વારાણસી નગરીને અલંકૃત કરી.

સારસ્વતોની પુણ્ય ભૂમિ-તીર્થંકરોની જન્મભૂમિ-પુણ્ય સરિતા ભાગીરથી ગંગાનાં પવિત્ર જળ - શિષ્ય એ શ્રુતસાગરની ભક્તિથી સમાધિમય બની ઐં મંત્રની ઉપાસના શરુ કરી - ભાષ્ય જાપ - ઉપાંશુજાપ માંથી માનસજાપમાં પ્રવેશ્યા - લાખોની ગણત્રી ઓળંગાઈ ગઈ કરોડોની સંખ્યામાં જાપ ચાલી રહ્યા છે. માતા સરસ્વતી પ્રસન્ન થયા. જ્ઞાન પ્રાપ્તિના વરદાન આપી દીધા પણ ... મને નહિ.... તમને નહિ... અન્ય કોઈને નહિ... ફક્ત યશોવિજય ઉપાધ્યાય મહારાજ સાહેબને, પણ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે. શ્રુત સાગર મારી મોનોપોલી નથી, મારા તારક ગુરુવરની મોનોપોલી નથી. અરે ગણધર - તીર્થંકરોની મોનોપોલી નથી શ્રુતસાગર સૌના માટે

ખુલ્લો છે. અનંતની આરાધના ઉપર કોઈના લેબલ લાગતાં નથી. જ્ઞાન તો જે આરાધે તેનું. સંપત્તિ વારસામાં આપી શકાય છે. સદ્ગુણ વારસામાં અપાતા નથી; પ્રાપ્ત કરાય છે. તેમ જ્ઞાન વારસામાં અપાતું નથી, મેળવાય છે.

જેમની શ્રુતસાગરમાં ભક્તિ છે; તેમના અનંત અનંત જ્ઞાનાવરણીય કર્મક્ષયમાં શ્રુતદેવતા સહાયક થાય છે; અર્થાત્ જ્ઞાન પ્રાપ્તિની વચ્ચે આવતાં વિઘ્નો; અંતરાયોનું શ્રુતદેવતા નિવારણ કરે છે.

નવાંગી ટીકાકાર અભયદેવ સૂ. મહારાજે નવ આગમ સૂત્ર પર વૃત્તિ રચી, પણ પ્રેરિકા ભગવતી પદ્માવતી માતા - સહાયિકા - ભગવતી પદ્માવતી માતા

શાસનદેવ દેવી જ્ઞાન આરાધનાના વિઘ્ન દૂર કરે - અંતરાય દૂર કરે - સહાય કરે પણ જેના હૃદયમાં શ્રુતસાગર પ્રત્યે ભક્તિ હોય તેના.

જૈન શાસન કહે છે સ્વ પુરુષાર્થ વગર શુધ્ધિ નહિ, સિદ્ધિ નહિ અનંતજ્ઞાનનો પ્રકાશ નહિ.

તમે આત્મગુણ માટે પુરુષાર્થ કરો, સહાયક અનેક ઉચ્ચ બળો તમને ટેકો આપશે, મદદ કરશે. તમારી સિદ્ધિના રખેવાળા કરશે. જૈન ઈતિહાસમાં અનેક મહાત્મા પ્રસિદ્ધ છે; જેમને દેવતત્ત્વ એ મદદ કરી છે. પ્રભાવનામાં પૂરક બન્યા છે. પણ આરાધક - સાધક મહાત્માને. ખુદની આરાધનાનો દીપ જલવંત કરો. અનેક સહાયક આત્મા તમારા દીપકમાં ઘી પૂરશે. એકવાર આત્મજ્ઞાનનો દીપક પ્રજ્વલિત કરો હજારો નહિ લાખો પુણ્યાત્મા તમારી આરાધનાના અભિનંદન કરવા

ઉત્સુક છે. જ્ઞાન પ્રાપ્તિ માટે કૃત સંકલ્પ બનો. કેવળજ્ઞાનની ઝંખના જાગૃત કરો.

ગુરુવર ! ઓ મારા ગુરુવર ! આપે મારો ભ્રમ ભાંગ્યો. ભમ્રણાના જંગલમાંથી બહાર કાઢ્યો. મને હતું; ધર્મધ્વજ રજોહરણ આપે આપ્યું; મહાવ્રત આપે આપ્યા. અનંતજ્ઞાન પણ આપ જ આપશો. પણ આપે મને પથ ચીંધ્યો. આપ મારા માર્ગદર્શક ગુરુવર છો. આપ મને પંથ ચીંધજો. આપના ચીંધેલા માર્ગે ચાલુ અને શ્રુતસાગરની ભક્તિ દ્વારા કેવળજ્ઞાની બનું - સંપૂર્ણ જ્ઞાની બનું. મારા જ્ઞાનાવરણીય કર્મ - ઘાતિ કર્મ વિલીન થાય એ જ આપ ચરણે નત મસ્તકે અંજલિપૂર્વક પ્રાર્થના.....

★ ★ ★ ★ ★

---

- *ઘસાઇ જવાથી જીવનમાં ચમક આવશે,*
  *કટાઇ જવાથી શરીરનો નાશ જ થશે....*
- *સાચામાં સાચી અને સારામાં સારી સલાહ આપણને આપણો લિંક જ આપે છે....*
- *નફરત સંયમ નથી પણ સમજણ સંયમ છે...*

# શિવં સદા સર્વ સાધૂનામ્

સર્વ સાધુઓને હંમેશા શિવં (આપો)

સ્વાર્થ માટે માંગણી કરનાર ઘણા; પણ પરમાર્થ માટે માંગણી કરનાર બહુ ઓછા.

સ્વકાજે પ્રાર્થના એ પ્રાકૃત પુરુષનો ક્રમ છે.

સર્વકાજે પ્રાર્થના એ મહાજનોનો ક્રમ છે.

સાધુકાજે પ્રાર્થના એ ઉત્તમપુરુષનો ક્રમ છે.

ઉત્તમ પુરુષ ક્યારેય ક્યાંય કોઈ પણ ચીજ પોતાના માટે માંગતા નથી - ચાહતા નથી. ઈચ્છતા નથી - વિશ્વકાજે વિશ્વમંગલ ઈચ્છતા સાધુ મહાત્મા માટે પ્રાર્થના કરે છે.

"શિવં સદા સર્વ સાધૂનામ" આ પદ બોલતાં દિલ વર્ણનાતીત આનંદ અનુભવે છે. - પ્રભુ ! વીતરાગ તારું શાસન મળ્યું તો સાધુના શિવની હંમેશા શુભ ભાવના સહ આવશ્યક ક્રિયા મળી. પ્રભુ, વીતરાગ તમે ન મળ્યા હોત તો પરમાર્થની ભાવના જાગૃત ક્યાંથી થાત?

સાધુ એટલે સીધા - સાદા, નહિ દેખાવ - નહિ આડંબર નહિ જગતને ખુશ કરવાની ભાવના, નહિ જગતને દુઃખી કરવાની ભાવના, સાધુ જીવ માત્ર પ્રત્યે કરૂણાના મહાસાગર, કદાચ સમુદ્રના જળનું પરિમાણ થાય પણ સાધુના હૃદયની કરુણાનું પરિમાણ ન થઈ

શકે, સાધુ વિશ્વકાજે - વિશ્વના મંગલ માટે જીવનાર - ઝઝુમનાર. મથનાર. સાધુનું જ્ઞાન આત્મ દર્શન માટે, પરમાત્મ દર્શન માટે, વિશ્વ દર્શન માટે. સાધુ વાદ ન કરે. સાધુ વિવાદ ન કરે. સાધુ વિતંડાવાદ ન કરે, સાધુના હૈયામાં વિશ્વના મંગલ - કલ્યાણની ભાવના છે. એટલે સાધુ આગમરૂપ આરીસામાં આવી દર્શન કરે છે. આત્મદર્શનમાં કષાય - પ્રમાદ -દુષ્ટભાવના ક્યાંય કુરુપતા પેદા કરતી નથી. સ્વાધ્યાય અને સંયમમાં સાધુ રત રહે છે. વાચના - પૃચ્છના પરાવર્તના - અનુપ્રેક્ષા ધર્મકથા આ પાંચ પ્રકારના સ્વાધ્યાય દ્વારા ખુદના આત્માનું નિરીક્ષણ કરે છે. સંયમ દ્વારા આત્માના દુર્ગુણોને દૂર કરે છે. સંયમ સંવર અને નિર્જરાત્મક છે. સંયમ સંવર દ્વારા દુર્ગુણની ચોકી થાય છે. આત્મ મંદિરમાં દુર્ગુણ પ્રવેશ કરી શકતા નથી. સંયમ નિર્જરા દ્વારા પ્રાચીન દુર્ગુણ દૂર રહે છે.

સ્વાધ્યાયમાં મસ્ત સાધુની પ્રતિદિન મુલાકાત ગણધર - ગુરુ ભગવંત, સુધર્મા સ્વામી સાથે થાય છે. ઉમાસ્વાતી - હરિભદ્રસૂરિજી મ.સા. હેમચંદ્રાચાર્યજી યશોવિજયજી ઉપાધ્યાય સાથે આત્મીયતાથી વાર્તાલાપ થાય છે.

**સ્વાધ્યાય આત્મનિરીક્ષણમાં તો મદદ કરે છે.**

**સાથે પરમાત્મ પદ પ્રાપ્તિના અનેક માર્ગ દર્શાવે છે.**

**વિશ્વ કલ્યાણની મંગલ ભાવના સાથે વિશ્વ કલ્યાણના ઉપાય દર્શાવે છે.**

મહાત્મા ! ગુરુદેવ ! ક્યારેક મને પણ મન થાય છે. સ્વાધ્યાયના માર્ગમાં સ્થિર થઉં. પણ મન એક જ દોટ મૂકે છે. એક કલાકમાં ૧૦૦૦ સ્વાધ્યાય કરું કે ૧૫૦૦ જ્યારે ૨૦૦૦ ગાથાનો સ્વાધ્યાય થાય છે ત્યારે મન ખૂબ ખુશ થાય છે. એક વાર તો એક

દિવસમાં ૧૦,૦૦૦ ગાથાનો સ્વાધ્યાય કર્યો. અલગ અલગ પાઠ કર્યો પણ મનને સંતોષ ન થયો. મનને લાગ્યું મહાપુરુષની ઉડતી મુલાકાત લીધી. મન ખોલીને વાત ન કરી. સ્વાધ્યાય દ્વારા પ્રભુ મારે આત્મ સંવેદન કરવું છે. આત્મ નિવેદન કરવું છે. મારી આંતરિક પરિસ્થિતિ શી છે તે વાત સ્પષ્ટ કરવી છે. ઓ ગુરુવર ! આપ કૃપાએ સૂત્ર સ્વાધ્યાય થાય છે. પણ અર્થ સ્વાધ્યાય કરી શકું તેવા આશીર્વાદ આપો. આપના આશીર્વાદ મને પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં સ્થિર કરશે. સ્વાધ્યાય દ્વારા જ ધ્યાનની ભૂમિકા પ્રાપ્ત થશે. પ્રભુ હું સમજુ છું; ધ્યાન અગ્નિ વગર અનંત અનંત કર્મની હોળી સળગાવવાની નથી. ધ્યાન અગ્નિથી કર્મો જલે છે. પ્રજવલે છે. ભસ્મીભૂત થાય છે. ધ્યાન દ્વારા જ પરમાત્મ દશાની પ્રાપ્તિ થાય છે.

પાક્ષિક પ્રતિક્રમણમાં ઉપાસકો ભુવનદેવીને પ્રાર્થના કરે છે, હે ભુવન દેવી, તમે સર્વદા સાધુઓને શિવમાં સહાય કરો. સાધુઓને ઉપદ્રવ રહિત કરો, સાધુઓને ઉપસર્ગ રહિત કરો, કોઈપણ ઉપસર્ગ ઉપદ્રવ રોગ કોઈને પણ ખુદના કર્મના ઉદયે આવવાના છે પણ તમારું, સાંનિધ્ય તમારી હાજરી તમારી સહાય સાધુને સમાધિમાં સહાયક થાય છે. ભગવતી સૂત્રમાં વર્ણન આવે છે. સનત કુમાર ઇન્દ્ર ભરત ક્ષેત્રમાં વિચરી રહેલ સાધુના જ્ઞાન દર્શન - ચરિત્રમાં સહાયક થાય છે. હે ભુવન દેવી ! સર્વ સાધુઓને નિરુપદ્રવ કરો, અમારું કાર્ય તો તમને સ્મૃતિ કરાવવાનું છે. તમે જાગૃત છો. અવધિજ્ઞાનના ઉપયોગવાળા છો. સાધુ ભક્ત છો, દર પંદર દિવસે યાદ કરાવીશું.

વ્યવહારથી કહેવાય યાદ કરાવીશું. પણ ભાવોની ભાષામાં કહેવાય તમે સાધુઓને શિવ મંગળમાં સહાયક થાવ છો. દર્શન

સાધર્મિક અમે તમારી અનુમોદના કરીએ છીએ તમારામાં રહેલ વૈયાવચ્ચના ભાવની... શાંતિ કરવાની ભાવના અને સમાધિમાં સહાયક થવાના ઉત્તમ ગુણની સ્તુતિ કરીએ છીએ ઉપબૃંહણા કરીએ છીએ. તમારામાં સમસ્ત દેવલોકમાં રહેલ સમસ્ત દેવોમાં આ શુભભાવ જાગ્યો શ્રદ્ધાના બળે - સમ્યક્ત્વના બળે તેથી આ સ્તુતિ દેવની સ્મૃતિ માત્ર નથી. દેવભવમાં રહેલ સમ્યક્ત્વ ગુણ ની અનુમોદનાની છે.

જિન શાસનની કેટલી વિશાળતા છે ! મિથ્યાત્વને પણ પહેલું ગુણસ્થાનક કહ્યું અને સમજાવ્યું. ત્યાં પણ જે આત્મા સમ્યક્ત્વાભિમુખ રહેલ છે તેઓની ગણના કરવી. પ્રભુ તારું શાસન એટલે ક્યાંય પણ રહેલ ગુણોને શોધવો . ગુણોની શોધ કરવી. પાક્ષિક પ્રતિક્રમણ જેવી ધર્મવિધિમાં સ્મૃતિ શાસનદેવની... શાસન દેવને યાદ... પણ ઇચ્છા ચાહના, ઝંખના એક જ "શિવં સદા સર્વ સાધૂનામ્" મારા તારા, મારો ગચ્છ તારો ગચ્છ, મારો સંપ્રદાય તારો સંપ્રદાય આ બધી સાંકડીગલીની વાત નહિ. વિશાળ ભાવના સર્વ સાધુના શિવની ભાવના.

ગુરુવર ! પ્રભાવ તમારો; ભાવ મારો એક જ ભાવના "શિવ સદા સર્વ સાધૂનામ્ " સાધુજનના મંગલથી વિશ્વનું મંગલ - વિશ્વમંગલ એ જ જૈન શાસનનો મંગલ ધ્વનિ.

ગુરુવર ! હું શિવ ભાવના યુક્ત બનું એ જ આશિષ આપો - શિવચાહક - શિવ આશક બનું એ જ પ્રાર્થના.

★ ★ ★ ★ ★

# અખ્ખુયાયાર ચરિત્તા

અખંડ આચાર અને ચારિત્રવાળા

પ્રાતઃ કાળનો મંગળ સમય - પ્રથમ કર દર્શન - હથેળી દ્વારા ચોવીશ તીર્થંકર પ્રભુ તથા સિદ્ધના દર્શન - દેવદર્શન બાદ સાધુ દર્શન - અઢ્ઢાઈજ્જેસુ નો પાઠ બોલતાં અઢીદ્વીપ સમુદ્રમાં વિચરી રહેલા સમસ્ત સાધુ - સાધ્વી મ. ને વંદના

સાધુ વ્યક્તિ - પૂજનીય - વંદનીય બને છે સદ્‌ગુણ અને સદાચાર દ્વારા. આ સૂત્રમાં અનેક બાહ્ય અને આંતરિક સદ્‌ગુણ અને સદાચારના નિરુપણ બાદ એક સુંદર અનુપમ અનોખું પદ છે. મારા મન મસ્તિષ્ક પર હંમેશા આ પદ ગુંજતું રહ્યું છે. ગુરુજનો દ્વારા ઉપદેશથી સમજાવવામાં આવ્યું છે.

માનવના મન, વચન અને શરીર ક્યાંક તો કંઈક નવાજુની કરે જ છે. મન સહકાર આપે ત્યારે તનનો સહકાર ન હોય - તન સહકાર આપે ત્યારે વાણી સહકારી ન હોય. દુનિયાની ઘણી સહકારી બેંક ચાલે પણ મન વચન કાયાની સહકારી બેંક બરાબર ચાલવી એ પણ ખૂબ મોટી સાધના અને ગુરુ કૃપાને આભારી છે. પુણ્યથી પ્રવચન લબ્ધિ મળશે. પુણ્યથી શિષ્ય લબ્ધિ મળશે. પુણ્યથી યશઃ કીર્તિ નામ મળશે. પણ

**અખ્ખુયાયાર ચરિત્તા માટે સદ્‌ભુત સાધનાની જરૂર પડશે.**

સાધુ જીવનના લાખો કરોડો આચાર અને ચારિત્ર વિષયક વિધિ નિયમો, આદેશ ઉપદેશનું એક જ પદમાં અહીં નિરુપણ થયું છે.

"અખ્ખુયાયાર ચરિત્તા"

ખંડ ખંડ સાધના ઘણીવાર થઈ પણ અખંડ આચાર અને ચારિત્ર ખૂબ કઠીન છે. ધન્ય છે પ્રભુશાસન ! વીતરાગનું શાસન કહે છે. અખંડ આચારના પાલન વગર ચારિત્ર - આત્મ સ્વભાવ ન પ્રગટે- ભાવ પરિણતિ પેદા ન થાય.

આચાર માટે પંચાચારનું જ્ઞાન જરૂરી ... પંચાચાર પ્રત્યે બહુમાન જરૂરી .... સાધુ જીવનમાં ફરવું - બેસવું - ઉઠવું - સુવું - ખાવું - બોલવું તેના લાખો વિધિ - નિષેધને અમારા શય્યંભવસૂરિ મ. એક જ ગાથામાં બતાવ્યા છે. જીવંત વ્યક્તિ ગમન - આગમનની ક્રિયા કરશે. બેસવા - ઉઠવાની ક્રિયા કરશે. શરીરના સંરક્ષણ માટે ભોજન કરશે ભોજન ક્રિયા જ એવી છે તે ભાષણમાં પ્રવૃત્ત કરે છે. કેટલા મજાના મધુરા શબ્દોમાં ફરમાવ્યું.

"જયં ચરે જયં ચિટ્ઠે જય માસે જયં સએ
જયં ભુંજંતો ભાસંતો પાવં કમ્મં ન બંધઇ"

તું ફરવાની, સુવાની, બેસવાની, ઉઠવાની, ખાવાની, બોલવાની, એક સુંદર પદ્ધતિ શીખી જા. બધું કરવા છતાં તને ક્યાંય પાપ કર્મ ન બંધાય. પણ નિર્જરા થાય. જયણાને તારી સહચરી બનાવી દે. સાધુથી જયણા વગર ન જીવાય - સાધુની પ્રત્યેક વૃત્તિ ઉપયોગી, સાધુ નિરર્થક કોઈપણ પ્રવૃત્તિ ના કરે. સાધુ હિતકર પ્રવૃત્તિ કરે - અહિતકર પ્રવૃત્તિ ક્યારે પણ ન કરે. સાધુના હૃદયમાં હિત અને

મંગલની ભાવના ભોજન અને ભજનમાં સમાન હોય. સાધુનું ભોજન પણ ધર્મલાભ માટે અને ભજન પણ ધર્મલાભ માટે....

હું પરમાત્માનો સાધુ - મારી વાણીમાં ઈર્ષ્યા અહં તુચ્છકાર વૃત્તિ ના હોય. વ્યક્તિને ભાષા મળી છે. ત્યારથી વ્યક્તિએ ભાષાનો એક ભયંકર અપરાધ કર્યો છે. ભાષા - વાણી દ્વારા સ્વની પ્રશંસાનું ખૂબ મોટું સંગીત રેલાવ્યું છે.

સાધુની વાત હોય કે વ્યાખ્યાન હોય. સાધુનું લેખન હોય કે લેખમાળા હોય પણ સદા સાધુ જાગૃત રહે જયં ભાસંતો

સાધુની ભાષામાં ભાવ કરુણાનું સંગીત હોય, મીઠાશ હોય, પ્રેમ હોય, જીવમાત્રના કલ્યાણની ઝંખના હોય, ઉતાવળ અને આવેગ ના હોય - સાધુની વાણી જિનશાસનની રક્ષક હોય. પ્રભાવક હોય, પણ ક્યાંય કોઈ પ્રત્યે અભાવ. તિરસ્કાર પેદા ન કરે. સાધુ એટલે સાવધાન.

### સાધુ એટલે જાગ્રત

સાધુનું ધ્યેય લક્ષ્ય અખંડ આચાર અને ચારિત્ર માટે - આચાર જ સ્વભાવ કેળવે છે. આદત માણસને વિવશ બનાવે છે.

**ઇન્દ્રિયની ગુલામીને આદત કહેવાય.**

**ઈન્દ્રિયની કાબુયુક્ત પ્રવૃત્તિને આચાર કહેવાય.**

અખંડ આચાર અને ચારિત્ર ખૂબજ મહત્ત્વના અને ઉર્ધ્વગામી સાધના છે.

આચાર પાલનમાં તનનો સહકાર જરૂરી પણ તન કહે હું મારા મન મિત્રને ક્યારે પણ નારાજ ના કરું - હંમેશા તન મનને અનુસરે

છે. વાણી કહે છે. આપણે તો તન મનના પૂરક છીએ તન અને મનની વચ્ચે હું ચાલું છું. મારે કશું ના જોઈએ. તન અને મનના મનોરથ પૂર્ણ કરવા સતત પ્રયત્નશીલ રહું પણ શાસ્ત્રીય રીતે વિચારીએ તો અખંડ આચાર અને ચારિત્રના પાલનમાં મોહનીય કર્મ તો દૂર હટવું જોઈએ. પણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય - ક્ષયોપશમ ન થાય તો સમજ ક્યાંથી પેદા થાય. સમજ-જ્ઞાન વગર આચાર આવે ક્યાંથી ? જ્ઞાનાવરણીય કર્મ હટે એટલે દર્શનાવરણીય કર્મ હટે, પણ ચક્ષુ અચક્ષુ દર્શનાવરણીય કર્મનો સુંદર ક્ષયોપશય થાય તો જ ઇન્દ્રિયનો આરાધનમાં સહકાર - સાથ મળે. ઇન્દ્રિયનો આચાર પાલનમાં સહકાર મળ્યો. ત્યાં વેદનીયકર્મ એ બળવો પોકાર્યો. રોગ - અસાધ્ય રોગ - અસહ્ય ભયંકર રોગ સુંદર ઇન્દ્રિય પણ તદ્દન ચુપચાપ નિષ્ક્રીય બની ગઈ. આચારપાલન માટે શાતા વેદનીય કર્મનો સહકાર પણ જરૂરી. ત્યાં તો અંતરાય કર્મ એ બોમ્બીંગ કર્યું. ઉભા રહો. મારું શારિરીક બળ નથી. મારામાં આરાધના માટે ઉત્સાહ પ્રગટતો નથી. પછી તો દિવાળી હોય કે હોળી હોય, રોજ મરસીયા, રોજ મરણ નોંધ.

અખ્ખુયાયાર ચરિત્તા માટે મુખ્યત્વે ચાર ઘાતિકર્મનો ક્ષયોપશમ અને શાતાવેદનીય કર્મનો સહકાર જરૂરી પણ આયુષ્ય કર્મ કહે છે. દીર્ઘાયુ છો તો તમે આરાધના કરી શકશો ત્યાં ઉચ્ચ ગોત્ર કર્મ કહે છે. મારી પણ નોંધ લેજો. સાધક કહે છે. હું કર્માધીન છું. તમારે બધી જંજીર છોડવી છે. પણ તમારી રાજરમત સમજી ગયો છું. કર્મને હટાવવા કયા કર્મનો સહકાર લેવાનો. મારા ગુરુ શ્રીકૃષ્ણ જેવા નિષ્ણાત છે. અભિમન્યુને અઢાર કોઠા ચક્રવ્યૂહના સમજાવતા હતા. મારા ગુરુએ

મને કર્મના અનંત - અનંત ચક્રવ્યૂહ સમજાવ્યા છે.

ઓ કર્મ ! તમે પુદ્ગલ છો - તમે જડ છો પણ મારા અખંડ આચાર ચારિત્ર પાલનમાં તમારો ઉપયોગ કરીશ વસ્ત્ર પાત્રને ઉપકરણ બનાવવાની કળા મારા ગુરુએ શીખવી. તેમ તમારા ઉપયોગની કળા શીખી જઈશ.

ઓ ગુરુવર ! પ્રાતઃ કાળમાં નતમસ્તકે આચાર - ચારિત્ર પાલન કરનારા અનંત - અનંત મહાત્માનો - મારા શિર પર પવિત્ર હસ્ત સ્થાપિત કરવા પ્રાર્થના કરીશ. "આપ શક્તિપાતના સિદ્ધ સાધક આપ અખંડ આચાર - ચારિત્રની શક્તિપાતની શક્તિના સ્વામી છો. કૃપા કરો - અખંડ આચાર ચારિત્રપાલનની શક્તિ મારામાં આવે. ભલો ભૂંડો પણ શિષ્ય આપનો."

સ્વીકારો...... શિષ્યની શરણાગતિ.....

અખ્ખુયાયાર ચરિત્તા બોલીએ છીએ પણ અખ્ખયાયાર ચરિત્તા પાઠ શુદ્ધ છે.

★ ★ ★ ★ ★

---

- *જૈન સાધુનું જીવન નિયમોનું જીવંત સંગીત છે....*
- *સંયમ આનંદનો પાતાળો કૂવો છે, સંપત્તિ ખાબોચિયાનું પાણી છે...*

૩૨

# જયદેવિ ! વિજયસ્વ

હે જયાદેવી ! તું વિજય પામ

મહા પુરુષની વાણી કેટલી મંગલ કલ્યાણ અને ભાવોત્પાદક હોય છે. મહાપુરુષના પવિત્ર હૃદયને જાણવા-સમજવાના બે જ રસ્તા છે. (એક) તેઓશ્રીના સાંનિધ્યમાં રહો, બીજો રસ્તો તેઓના ગ્રંથોનું ચિંતન મનન કરો.

કોઈપણ મહાપુરુષનું આયુષ્ય મર્યાદિત હોય છે પણ તેઓએ રચિત ગ્રંથો કાલંજયી હોય છે.

મહાપુરુષનું સાક્ષાત્ સાંનિધ્ય પ્રાપ્ત કરવા તેઓની વિદ્યમાન અવસ્થામાં આપણો પણ જન્મ હોવો જરૂરી છે. શું કરું ? પુણ્ય ઓછું પડ્યું ભાગ્યએ સહકાર ન આપ્યો., પણ આ વીતરાગનું શાસન મલ્યું પછી તેનું દુઃખ લાગતું નથી. વર્તમાનમાં જે મળ્યું છે તેને સાર્થક કરવાની કળા આપજો.

પરમાત્મા મહાવીર સ્વામીની ૧૯ મી પાટે મહાન મંત્ર સિદ્ધ પૂ. આચાર્યદેવ માનદેવ સૂ.મ.સા. થયા. માનદેવ સૂ. મ. વીરપ્રભુની સાતમી સદીમાં થયા. સાક્ષાત્ સાંનિધ્ય તો કલ્પનાનો વિષય પણ રહ્યો નથી. પણ તેઓનું ભાવ સાંનિધ્ય તેઓની મહાન રચના લઘુશાંતિના પાઠ ચિંતન મનનથી થઈ શકે છે.

ઓ વાત્સલ્ય-સાગર ગુરુદેવ ! આપ કેટલા સરળ કેટલા વાત્સલ્યના ભંડાર શાકંભરીના શ્રાવકો આપની પાસે ઉપદ્રવ નિવારણ માટે વિનંતિ લઈ આવ્યા તુરંત જ શીઘ્ર સકલ સંઘના મંગલ માટે લઘુશાંતિની રચના કરી આપી. આપ મંત્ર સિદ્ધ તો ખરા... પણ આપ વાત્સલ્ય સિદ્ધ મહાત્મા ! નહિ ફરીવાર આવજો. હમણાં નહિ... આજે નહિ કાલે, કાલે નહિ પરમ દિવસે.

ઓ પ્રભુ જેવા ગુરુ ! મારા તો કેટલા નખરા.... જ્ઞાન ઓછું ને અભિમાન ઘણું, કામ કશું નહિ અને દેખાવ દુનિયાભરનો... પ્રભાવ જરાય નહિ પ્રચાર પાર વગરનો - વાત્સલ્ય જરા ય નહિ અને દેખાવ કરુણા સાગરનો... શાસ્ત્રજ્ઞાન નહિ અને વાતો તો મોટી મોટી શાસ્ત્રની. માનદેવસૂરિ મ. મારી ઉપર કૃપા કરો. મારી કઠોરતા હટાવો મને કોમળ બનાવો - મારી મમતા હટાવો નિર્વ્યાજ વાત્સલ્યનું દાન કરતા શીખવો. હું પણ સ્નેહ પ્રેમ વાત્સલ્યના ઢોંગ કરું છું. પણ મારો સ્નેહ - પ્રેમ વાત્સલ્ય સીમિત છે. મારા તારામાં વહેંચાયેલ છે. ખરડાયેલ છે. કોઈ અજાણ્યા કોઈ દુઃખી કોઈ પીડિતને જોઈ દ્રવી ઉઠું. કોઈના દુઃખે હૈયું સ્નેહથી ભીનું બની જાય. જ્યાં આશ્વાસનની જરૂર છે. ત્યાં હૃદયનું સાચું આશ્વાસન આપું. પણ તત્ત્વજ્ઞાનની ફીલોસોફી ના સંભળાવું. જ્યાં સાથ સહકાર મદદની જરૂર છે ત્યાં પાપ પુણ્યની કથા કરવા ના બેસું.

પ્રભુ ! આપ તો મંત્રસિદ્ધ મહાત્મા. આપના મુખમાંથી જે શબ્દ નીકળ્યો તે જ મંત્ર બની ગયો. આપ જેવા મહાન શક્તિના સ્વામી પાસે નતમસ્તકે વિનંતિ - મારા હૃદયમાં કોઈ વ્યક્તિ પ્રત્યે

ધિક્કાર - તિરસ્કાર અપમાનની ભાવના પેદા ન થાય. પરિચયમાં આવેલ કોઈ પણ આત્મા જિનશાસનના ચરણ અને શરણમાં રહે - દેવગુરુનો અનુયાયી રહે બસ થોડી કૃપા કરજો.

ઓ ગુરુવર ! લઘુશાંતિનું એક નાનુ પદ પુનઃ પુનઃ સ્મરણમાં આવે છે. "જયદેવિ ! વિજયસ્વ"

જય વીયરાય.... જયઉ પાસુ... જૈનં જયતિ શાસનમ્ પણ એક શાસન દેવીને **"વિજયસ્વ"** જેમ જેમ વિચાર કરું તેમ તેમ ઓ વાત્સલ્યના હિમાલય ગુરુવર ! આપના ચરણનો ભવોભવનો સેવક બની જાઉં છું. આપ તો છઠ્ઠા સાતમા ગુણસ્થાનકે બિરાજમાન છો. "તિત્થયર સમો આયરિયો" અને જયાદેવીને આશીર્વાદ આપો છો.

**"વિજયસ્વ"**

શું કહું ? મારા હૃદયનો આનંદ વર્ણનાતીત છે. શબ્દાતીત છે. ક્યારેક તો મનમાં થઈ જાય છે. આપના સાંનિધ્યમાં આપના દિવ્ય ચરણ કમલમાં શિર ઝુકાવ્યું છે. મને પણ આશીર્વાદ મળી જાય. "વિજયસ્વ."

ઓ પ્રભુ ! ગુરુ ! આપ તો મારા તારાથી સો કોશ દૂર છો. ચરણ અને શરણમાં આવનારને તારવામાં અસિધારા વ્રત યુક્ત છો.

આપના શબ્દો જયદેવિ વિજયસ્વની ક્યારેક તો માળા ગણું છું. સાધુ સાધ્વી – તો આપના વાત્સલ્યના અધિકારી પણ ચોથા ગુણસ્થાનકે રહેલ દેવ - દેવી પણ આપના વાત્સલ્યનાં અધિકારી ક્યારેક આપ ફરમાવો છો. 'ભવતુ નમસ્તે ભગવતિ' ભગવતી આપને નમસ્કાર કરે કે આપ ભગવતીને કહો ભગવતિ ! નમસ્તે - સાચે

આપનો સ્વભાવ નમ્રતાયુક્ત છે. વર્તમાનમાં કેટલાક મહાપુરુષોને નિહાળ્યા છે. વંદન કરીએ તો હાથ જોડે - સામેનું પાત્ર નમવા યોગ્ય છે કે નહિ પણ તેઓનો સ્વભાવ નમનીય છે.

માનદેવ સૂરિ મ. જયદેવિ ! વિજયસ્વ કહી આપે સમસ્ત વિશ્વમાં રહેલ સમ્યગદૃષ્ટિ જીવોને આશીર્વાદ આપ્યા છે વિજયસ્વ.

અમારી માનસિક પરિસ્થિતિ એવી છે અમે અમારો જ વિચાર કરીએ. કોઇકવાર વળી વડીલના મંગલની ભાવના થાય પણ નાના અનુયાયીવર્ગ માટે વિજયની ભાવના સાચું કહું અમારું ઉત્તરદાયિત્વ ખબર નથી. વિચાર શક્તિ શૂન્ય બની છે. સ્વાર્થ સાધનામાં તન્મય છું.

ગુરુ પરંપરાથી સાંભળ્યું છે. જયા અને વિજયાદેવી આપની ચરણ કમલની ઉપાસિકા હતી. સદા આપની આજ્ઞા શિરસાવંદ્ય કરતી હતી તે દેવીને "વિજયસ્વ" મારા તો મગજની બહારની વસ્તુ છે. કેવા કૃપાનિધિ ! સાચે આપનો આ વિજયસ્વ શબ્દ જયાદેવી માટે સિમીતિ નથી. કોઈ પણ ગુરુપદ ભક્ત સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકા - દેવ - દેવી માર્ગાનુસારી - સૌજન્ય શીલ સમસ્ત ગુરુભક્તને આપના આશીર્વાદ "વિજયસ્વ"

ક્યારેક મનમાં થાય છે. જય પામ વિજય પામ આ આશીર્વાદ તો કોઈ લડાઈ કોઈ રણ સંગ્રામમાં ગયેલ યોદ્ધા સૈનિકને હોય શિષ્યને હોય. પણ આપ મારી માનસ દુનિયામાં પધારી ફરમાવી કહો છો. વિજય પામો મેં કેમ કહ્યું દુનિયાના બધા જય ક્ષણમાં હારમાં પરિવર્તિત થાય છે. વિજયસ્વ કહી કહ્યું. આત્મા અને કર્મની - જડ અને ચેતનની-

ધર્મ કર્મની - દુર્ગુણ-સદ્ગુણની લડાઈમાં તું શાશ્વત્ જય પ્રાપ્ત કર એટલે વિજયને વર. વિજયસ્વ... વિજયનો અર્થ કર મોક્ષ. ઓ માનદેવસૂરિ મ. ! આપ મારા માનસસૃષ્ટિમાં પધાર્યા. આપના દર્શન સફળ જ થાય. મારા મસ્તક પર હસ્ત કરકમલ સ્થાપી રહ્યા છો. વિનંતિ.. નમ્ર વિનંતિ... "વિજયસ્વ" આશીર્વાદથી મને ધન્ય બનાવો. ફરીફરી અનંતવાર એક જ પ્રાર્થના આશીર્વાદ આપો.....

ગુરુવર !

સમજું છું આશીર્વાદ મંગાય નહિ. આશીર્વાદ તો મેળવાય. પણ શું કરું ? આદતથી મજબુર છું. ફરી ફરી કહું છું મને પણ વિજયસ્વના આશીર્વાદ આપો.

★ ★ ★ ★ ★

---

- *કષાય થાય તો જિનાલયમાં હોવા છતા શેતાનના ધ્યાનમાં, કષાય ન થાય તો જિનાલયમાં ન હોવા છતા પ્રભુના ધ્યાનમાં છો...*
- *નિવૃત્તિના ચાહકે માન મેળવવાની ઝંખનાનો સદંતર ત્યાગ કરવો જોઇએ...*

33

# સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉં :

તે જિન પ્રાર્શ્વ પ્રભુ મારા વાંછિતનું પ્રદાન કરો....

વિશ્વનો એક સનાતન નિયમ છે. કોઈપણ વ્યક્તિ પાસે માંગણી કરતાં તેના વ્યક્તિત્ત્વનો ખ્યાલ કરવો જોઈએ.

વ્યક્તિ જેટલી મહાન. તેટલી તેની પાસે માંગણી-યાચના મહાન હોવી જોઈએ.

વ્યક્તિનું મૂલ્ય તેના વ્યક્તિત્ત્વને સમજવામાં છે.

જ્યાં સુધી લોભ છે. ત્યાં સુધી માંગણી યાચના થયા કરે છે. નિર્લોભી દશા આવે પછી ઝંખના - ચાહના - આશા - ઈચ્છા ન રહે પછી માંગણી જ ન રહે. પ્રભુ ! ક્યારેક મારી આશા-ઈચ્છા પર વિચાર કરું છું; મેં કેટલી માંગણી કરી તો ગણતાં થાકી જાઉં ? આગળ પ્રશ્ન ના પૂછશો તારી કેટલી માંગણી પૂરી થઈ. જવાબ આપતાં શરમાઈ જાઉં છું. એટલો મોહમાં ફસાયેલો છું કે ઈચ્છા પ્રમાણે મળ્યું કે ના મળ્યું ઈચ્છા પ્રમાણે કોઈ વસ્તુ મળવાથી સંતોષ થયો કે ના થયો તો પણ ઈચ્છા તો કર્યા જ કરું છું.

પ્રભુ ! ગુરુવર ! મારી મજાક ના કરો મને પ્રશ્નો પૂછી હેરાન ના કરો. હું તો એટલો મૂર્ખ છું. ઈચ્છા પ્રમાણે મળ્યું તો પણ રડ્યો અને લડ્યો - ઈચ્છા પ્રમાણે ન મળ્યું તો બહાવરો બની ભટક્યા કર્યો.

પ્રભુ ! શું કહું આ જગતના ચોગાનમાં મોહનીય કર્મ એ મને ઘણા ઘણા નૃત્ય કરાવ્યા છે. મોહનીય કર્મના કારણે મેં એટલા પાત્રો ભજવ્યા છે જેની ગણત્રી ના થાય. આપના આગમે મને સમજાયું. ઇચ્છાપૂર્તિના માર્ગે ના જા... આ માર્ગ પર ભ્રમણ જ છે. નથી આરો કે ઓવારો - રખડપટ્ટી સિવાય કશું નહિ મળે. "ઇચ્છા હુ આગાસ સમા અણંતયા" જયાં ઉભો છે ત્યાં જ રુક જા.... આજે જ ઇચ્છાને સંતોષમાં પરિવર્તન કર.... **સંતોષ** જ તને શાંતિ; સ્નેહ અને સ્વસ્થતા આપી શકશે.

મહાપુરુષ આપનું વચન તથાસ્તુ ! મોહને છોડવા શાસ્ત્રાભ્યાસ શરુ કર્યો. લોગસ્સ શીખ્યો, "સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ," રટતો રહ્યો. ઉવસગ્ગહરં શીખ્યો; જપતો રહ્યો "દેવ દિજ્જ બોહિં" - જયવીયરાય શીખ્યો. માંગણી-માંગણી માંગણી નું મોટું લીસ્ટ ચઉક્કસાય શીખ્યો. "સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉ"....ગોખતો રહ્યો.

ઈચ્છાથી ડરી ધર્મમાર્ગે ડગ ભર્યા - ત્યાં પણ માંગણી ચાહના, ઝંખના. ક્યાં જઉં - ક્યાંય માર્ગ જ નહિ.

ઓ મારા ભોળા સાધક !

માંગણી અને પ્રાર્થનાનું અંતર સમજ -

**મોહથી થાય તે માંગણી ભક્તિથી થાય તે પ્રાર્થના**

યાચક અતૃપ્ત હોય છે. ભક્ત તૃપ્ત હોય છે.

યાચક દુનિયા પાસે કરગરે છે. ભક્ત ફક્ત પ્રભુને પ્રાર્થના કરે છે.

યાચના ભૌતિક પદાર્થોની પ્રાપ્તિ માટે હોય છે. પ્રાર્થના આત્મ ગુણોની પ્રાપ્તિ માટે હોય છે.

યાચના ભૌતિક ભૂતાવળને ઉભી કરે છે. પ્રાર્થના શાશ્વતની સિદ્ધિ આપે છે.

સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉં -આ સામાન્ય પ્રાર્થના નથી. અસાધારણ આત્મા પાસે અસાધારણ પ્રાર્થના છે.

પાર્શ્વ પ્રભુ ! આપો નહિ -પ્રયચ્છ - એક જ વાર આપો - પુનઃ નહિ.. પ્રાર્થના નહિ.. આપવાનું.. પ્રયચ્છ.. કોણ આપે. કોની પાસે મંગાય.

જગત પાસે જે માંગે છે તેને પ્રભુ પાસે માંગવાનો અધિકાર નથી પ્રભુને જે પ્રાર્થના કરે છે તેના હૈયામાં જગત્ પાસે કોઈ માંગવાની ઝંખના જ નથી.

પાર્શ્વ પ્રભુ ! તમે પૂર્ણ પરમેશ્વર છો. આપ આત્મા નથી આપ મહાત્મા નથી; આપ તો શુદ્ધ, વિશુદ્ધ, વીતરાગ, સર્વજ્ઞ પરમાત્મા છો.

રાગી - દ્વેષી આપે તો પણ રાગ - દ્વેષની ઝંઝટ વધારનારું આપે. હકીકતમાં આપવાને બદલે લોભને ભડકાવે લોભનો લાવારસ જગાડે. પછી તો બસ લાવ... લાવ... જેટલું મળે તેટલું ઓમ્ ફૂટ્ સ્વાહા....

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ! આપના મુખદર્શને જ મારો આત્મા શાંત બની જાય છે. પરમ શાંતિનો અનુભવ થાય છે. વીતરાગ આપની મુખમુદ્રા દેખતાં મારી ઇચ્છાઓ ગચ્છન્તિ કરે છે. અને આપના આગમોનું વાંચન કરતાં, શાસ્ત્રના રહસ્ય સમજતાં મોહનીય કર્મની જંજાળ સમજાય છે.

મોહનીય કર્મ જાદુગર થઈ મને કેવી રીતે મુંઝવે છે; તે સમજાય છે. માતા - પિતા - ભાઈ -બેન - પત્ની - પુત્ર છેવટે શિષ્ય

- નામ - કીર્તિ -- શાસન સેવા-શાસન પ્રભાવના - અદ્‌ભુત પ્રવચન શક્તિના અને છોતરામણના રુપ લઈ આવે છે.

મોહનીય કર્મ ! તેં મારી તો ફિલ્મ ઉતારી પણ તારા સંકજામાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મહારાજ પણ આવી ગયા. કુમારપાલને સુવર્ણ સિદ્ધિ મળી જાય તો ખૂબ શાસન પ્રભાવના થાય. શિષ્ય જાય ક્યાં? તેની આધિ - વ્યાધિ ઉપાધિ આશા મનોરથ બધું જ ગુરુચરણે નિવેદન કરે. ગુરુ હેમચંદ્રાચાર્ય મહાગુરુ દેવચંદ્ર સૂરિ મહારાજ પાસે ગયા. વિનય વિવેકપૂર્વક વાત કરી પણ શાંત - મહાશાંત ગુરુ દેવચંદ્ર સૂરિ મહારાજની આંખમાંથી આગ ઝરવા લાગી. મોહના માર્ગે અજ્ઞાનના માર્ગે - વિરાધનાના માર્ગે ચલ, અહીંથી ભાગ, ગુરુની આંખે હેમચંદ્રાચાર્યનો મોહ ભાંગ્યો.

**સાધન દ્વારા સિધ્ધિ નહિ સાધનાથી સિદ્ધિની પ્રાપ્તિ**

પ્રભુ ! ગુરુ ! તમે મારા ઉપર કેમ કડક થતા નથી. ખૂબ વિચારું છું. મને સમજાયું મારી યોગ્યતા કાચા માટીના ઘડા જેવી છે. જરા ઠોકર લાગે ખલાસ. ફટકીયું મોતી છતાં હવે હું કંઈક સમજું થયો છું. પ્રભુ ! કોઈ પાસે કશું નહિ માંગુ મારી ભીષ્મ પ્રતિજ્ઞા છે.

અંતરની.... હૃદયની પ્રાર્થના પ્રભુ ચરણે "સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉ"

હે જિન પાર્શ્વ પ્રભુ ! મારા વાંછિત આપો. હવે હું મારા પ્રભુનુ અવમૂલ્યાંકન થાય તેવું નહિ માંગુ પ્રભુ ! તમારા ભક્તનું પણ અવમૂલ્યાંકન ન થવું જોઈએ.

સાધુ સાધ્વીજી મ. ને દિવસ અને રાત્રિમાં થઈ સાતવાર ચૈત્ય વંદન કરવાના છે. પૌષધધારી શ્રાવક અથવા વ્રતધારી શ્રાવકને સાત

ચૈત્યવંદન કરવાના છે. સાત ચૈત્યવંદનનું અંતિમ સાત મું ચૈત્યવંદન - સાત માં ચૈત્યવંદનની અંતિમ પંક્તિ... "સો જિણુ પાસુપયચ્છઉ વંછિઉ".. પ્રભુ ! મારા જીવનની પણ અંતિમ પ્રાર્થના.

સમાધિના દાતા ! પાર્શ્વ પ્રભુ ! મને વાંછિત આપો. પ્રભુ જયાં સુધી સમજ ન હતી જ્ઞાન ન હતું. બુદ્ધિ ન હતી, ત્યાં સુધી મારી બુદ્ધિ વાનર જેવી અનુકરણીય હતી. જેને જોઉં તેના જેવું બનવાનું મન થતું પણ પ્રભુ ! આપના દર્શને સુધરી ગયો છું. મારા અંતરનો ઉઘાડ થયો છે. પ્રભુ ! આપની પાસે હવે ક્યારેય અયોગ્ય નહી માંગુ. આપની પાસે યોગ્યની જ પ્રાર્થના કરીશ.

ઓ ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વ પ્રભુ ! આપ કમઠને ય તારો કમઠના ય ઉદ્ધારક - તો મારી નમ્ર વિનંતિ - પ્રાર્થના મને મનોવાંછિત- આપો. હવે મારું મનોવાંછિત એક જ છે પ્રભુ ! મને આપના જેવો બનાવો. વીતરાગ - સર્વજ્ઞ - તીર્થંકર - શુધ્ધ - વિશુદ્ધ - પરમશુદ્ધ આત્મા પરમાત્મા બનાવો. પ્રભુ ! મારા અંતરમાં સિદ્ધ - બુદ્ધ - નિરંજન - નિરાકાર - અરુપી બનવાની ભાવના છે. પુનઃ પુનઃ મારું એક જ ગીત... એક જ ધૂન "સો જિણુ પાસુ પયચ્છઉ વંછિઉં."

★ ★ ★ ★ ★

# જેસિં નામગ્ગહણે, પાવપ્પબંધા વિલયં જંતિ

જેમનું નામ ગ્રહણ કરવાથી પાપના સમૂહ નાશ પામે છે.

જગતમાં જ્યારે સૌ જન્મ લે છે ત્યારે નામ વગર જન્મ લે છે. પણ ત્યારબાદ તેના ઉપર એક લેબલ લગાડાય છે; નામનું. વ્યક્તિ પોતે પોતાનું નામ પસંદ કરતી નથી. કોઈ નામ પસંદ કરે પણ નામ ઉપરનું મમત્વ કેટલું થઈ જાય છે. ઊંઘમાં પણ પોતાનું નામ સાંભળતા પોતે જાગી જાય છે. ભયંકર કોલાહલ વચ્ચે પણ વ્યક્તિને પોતાનું નામ સંભળાઈ જાય છે. પોતાના નામ જેવું બીજી વ્યક્તિનું નામ હોય તેના પ્રત્યે સહજ પ્રીતિ થાય છે.

વ્યક્તિ સૌથી ઓછું પોતાનું નામ બોલે છે. પણ નામ પ્રત્યે એટલો પ્રેમ - મોહ - માયા - મમત્વ થઈ જાય છે કે પોતે આત્મા છે તે પણ ભૂલાઈ જાય છે. અને જે નામે લોકો બોલાવતાં હોય તે હું આ જ માન્યતા અને વ્યવહાર બની જાય છે.

આખા દિવસમાં એકવાર પણ મનમાં થતું નથી હું અનામી આત્મા; લોકોએ મને નામ આપ્યું છે. પણ આશું વ્યવહારની માયા જાળમાં નિશ્ચય શુધ્ધ સ્વરૂપ આત્માનું વિસ્મરણ થઈ જાય છે!

વ્યક્તિ નામની માયાજાળમાં લપટાઈ કેટલા ઝઘડા - ટંટા - ફીસાદ કરે છે. ગર્વથી કહે છે મારું નામ તો લઈ જુઓ કોની તાકાત છે? ક્યાંય માન - સન્માન - કીર્તિનો પ્રસંગ છે. આપણી સાથે રહેલા

બે ચાર નામ બોલાયા - જાહેર થયા - આપણું નામ ન આવ્યું. બસ પછી તો પાણીપતનું યુદ્ધ - મોંઢામાંથી સરસ્વતીની વાગ્ધારા સહસ્રધારાથી છૂટવા લાગી . મને જ કેમ ભૂલે ? મારું જ નામ નહિ અમારી તો ગણત્રી જ નહિ.

ભલા સાધક ! નામની ઝંઝટ છોડવા તેં સિદ્ધ પદની ઉમેદવારી નોંધાવી છે. નામનો મોહ ન આવે તે માટે તું નામસ્તવનો પાઠ કરે છે. જાપ કરે છે. કાઉસ્સગ્ગ કરે છે.

અરે મહાત્મા ! હું નામસ્તવ લોગસ્સનો પાઠ એટલા માટે ગણું છું. મારું નામ તીર્થંકર જેવું આખી દુનિયામાં ફેલાય - મારા નામની પણ માળા ગણાય. મહાત્મા ! સાચું કહું કંચન છોડ્યું. કામિની છોડી પણ કીર્તિ છૂટતી નથી. અને તેમાંય મારું નામ તો ક્યારેય ભૂલાતું નથી. નામ માટે આકાશ - પાતાળ એક કરવા તૈયાર છું . કંસના કૃત્ય દુષ્કૃત્ય ઓછા હશે. પણ મારા નામ માટે દુષ્કૃત્ય તેનાથી ય ભયંકર હશે !

નામની માળાએ મારામાં ભયંકર ઈર્ષ્યા ડાકણનો પ્રવેશ કરાવ્યો છે. એક જ ભૂત સવાર થયું છે. મારા નામના સિક્કા સર્વત્ર લાગવા જોઇએ. નામ પાછળ પાપ - પુણ્ય, - કર્તવ્ય - અકર્તવ્ય - શક્તિ - અશક્તિ - જ્ઞાન - અજ્ઞાન - કુલ - ખાનદાનિયત બધું છોડવા તૈયાર થઈ જાઉં છું. બધામાં મારું નામ રહેવું જોઇએ કાર્યકરમાં મારું નામ તપસ્વીમાં મારું નામ, સેવામાં મારું નામ, દાનવીરમાં મારું નામ, બુદ્ધિશાળીમાં મારું નામ, સમજદારીમાં મારું નામ.

બોલ, તારું નામ ક્યાં નહિ ?

હું ગુંડાગિરિ કરું પણ ગુંડાની ટોળકીમાં મારું નામ ન જોઇએ. હું બદમાશનો સરદાર બનું; પણ તેમાં મારું નામ ન જોઇએ.

જગતમાં જેટલું સારું થયું તેટલું મારાથી થયું. મારાથી ખોટું

થાય નહિ. ખોટામાં મારું નામ નહિ.

મારા માતાપિતાના નામ વગર ચાલે. મારા પરિવારના નામ વગર ચાલે, મારા શિક્ષકના નામ વગર ચાલે. મારા ઉપકારીના નામ વગર ચાલે. મારા ગુરુવરના નામ વગર ચાલે. જો મારું નામ ગૌણ થતું હોય તો પ્રભુના નામ વગર પણ મને ચાલે - કોઈ ઉત્સવ - મહોત્સવ પ્રસંગ હોય તો મારું નામ હોય તો હું કેટલું ય દોડું, ભાગું અને મારું નામ ન હોય તો હું ક્યાંય ગુમ થઈ જાઉં ?

નામના નાટક વિચારતાં થાય શું હું આત્મા છું ? મેં આવા ભયંકર નાટક નામ માટે કર્યા ?

ભલા માનવ ! તું નામ ઝંખે છે. કીર્તિની ઝંખના કરે છે. યશની ઝંખના કરે છે. પણ યશસ્વી થાય તેવા કાર્ય કર.. આ

**જગતમાં વ્યવહાર નામથી ચાલે છે પણ**

**સ્મરણ - સ્મૃતિ તો ગુણ દ્વારા જ થાય છે**

નામને ગૌણ કર. કાર્યને મુખ્ય કર. નામ ભૂલાશે પણ કાર્ય તો યુગ યુગ સુધી શાશ્વત રહેશે.

ઓ મારા ગુરુ ! હું પણ તમારો જ ચેલો છું. તમે મને નામ ગૌણ કરવા કહો છો ? શું તમે જ મને નથી શીખવાડ્યું; જિનશાસનમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવદ્વારા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તમે જ મને નામ જાપનો મહિમા સમજાવ્યો છે. મારી દીક્ષા થઈ તો મારા ગુરુનું નામ નિશ્ચિત થયું. મને પણ સંસારી નામ બદલી બીજું નામ આપ્યું. પ્રભુ પ્રતિષ્ઠાનો પ્રસંગ આવ્યો તો કહ્યું તારા નામે કયા ભગવાનની લેણાદેણી છે; તે જોવી પડશે. ક્યાંય જવાનું હોય તો તારે કયા નામના ગામ સાથે લેણું છે તે જોવાય. સંસારમાં નામનું મહત્ત્વ છે. તો ધર્મમાંય નામનું જ મહત્ત્વ છે ને; નામ વગર કોઈ વાત નહિ, વ્યવહાર નહિ,

ધર્મ નહિ. બસ, મને મારું નામ થાય તેવો કોઈ કીમીયો બતાવો. રસ્તો બતાવો. સાચું કહું એકવાર મને મારા નામનો અભરખો પૂર્ણ કરવા દો. પછી ઓ મારા ગુરુ ! તમારી વાત - શિખામણ ઉપદેશ સાંભળીશ. હમણાં તો મને મારું નામ થાય તેવો જ કોઈ મંત્ર આપો. નહિતર હું પાગલ થઈ જઈશ. - મારી માનસિક પરિસ્થિતિ તો સાંભળો ?

ઓ મારા વત્સ ! ઓ ભોળા શિશુ ! અહીં આવ- તને નામ અમર કરવાનો કીમિયો બતાવું - જિનશાસનના મહાન્ ધુરંધર ગુરુદેવોને કોઈ પૂછે આપનું નામ શું ? તો શું કહે ખબર છે ? આપ જ બોલો મારા શિર પર હાથ પસારતાં જાવ. આપનો હાથ મારા મનને શાંત કરે. આપની વાણી સાંભળતો જાઉં છું બોલો આપ આગળ બોલો.

ઓ સમજુ શિષ્ય ! ગુરુવર કહે હું ફલાણા ધર્માચાર્યનો શિષ્ય છું. આવા મહાપુરુષ જે નામથી પર થયા છે. તેઓ પ્રાતઃ કાળમાં બ્રાહ્મ મુહૂર્તમાં આવશ્યક જેવી પવિત્ર ક્રિયામાં અનેક અન્ય સાધુ મહારાજ ના નામ દઈ તેમને નમસ્કાર કરે છે. સાધ્વીજી મહારાજનું અને શ્રાવકનું નામ સ્મરણ કરે છે. શ્રાવિકાનું નામ સ્મરણ કરે છે.

કોઈના સાથે ઉંચી આંખ કરીને વાત કરતાં પણન હોય તેઓ પણ બ્રાહ્મ મુહૂર્તમાં...સુલસા - ચંદનબાળા નામ દઈ આરાધના કરે. પાછું તેને સ્વાધ્યાય કહે, આત્મચિંતન કહે. તે નામ દ્વારા સ્તુતિ કર્યા બાદ રાત્રિ પ્રતિક્રમણમાં સ્થિર બને છે. તેથી તો ભરહેસરમાં કહ્યું છે. **"જેસિં નામ ગહણે પાવપ્પબંધા વિલયં જંતિ"** જેનું નામ ગ્રહણ કરવાથી પાપના પડલો દૂર થાય છે. કારણ તે મહાસત્ત્વશાળી ગુણથી યુક્ત છે. ગુણી પુરુષોને વિનંતિ છે. "દિંતુ સુહં"

જે પુણ્યાત્મા નામનું વિસ્મરણ કરે છે. કર્તવ્યની વેદી પર પોતાનું બલિદાન કરે છે. તેનું નામ અજર - અમર થાય છે. ઓ

મહાનુભાવ ! ધન્યાત્મા ! તું એવું કર.... તારું નામ પણ ભરહેસરમાં આવે હું નહિ સમસ્ત ધર્માત્મા પ્રાતઃ કાળમાં તારું નામ લે. સુલસા ચંદનબાળાનું નામ લે અને તારું નામ કેમ ન લે ? પણ તારા નામનો ઈતિહાસ રચ. તારા જીવનથી - કર્તવ્યથી પ્રેરણાના પિયૂષ પાન કરાવ, તારા આત્માને નિર્મળ બનાવ. પવિત્ર બનાવ, નિર્મળ અને પવિત્ર આત્માના નામ સ્મરણમાં એટલી અદ્‌ભુત તાકાત છે; તે ભાગ્યશાળીનું નામ દેતાં પાપના પડલો - જન્મ જન્મના પાપ નાશ પામે છે.

ઓ મારા સદ્‌ગુણી શિષ્ય ! મારા મનની અભિલાષા ભરહેસરમાં તારું નામ થાય તેટલી સીમિત નથી. મારી અંતરની ઈચ્છા છે તું ભરહેસરને ઓળંગી જા. તારું નામ લોગસ્સ સૂત્રમાં આવે. જિનશાસનમાં તો સૌને પ્રવેશ છે. સૌને અધિકાર છે. પણ પ્રવેશ માટે એક પૂર્વ શરત છે.

**નામને ગૌણ કરી, કર્તવ્યને મુખ્ય કર અભિમાનને અળગુ કરી નમ્રતાને સ્વીકાર.**

નમ્રતા તારા અંતરના અનંત... અનંત જ્ઞાનના ભંડારો ઉદ્‌ઘાટિત કરશે. તને અનામી થવાના આશીર્વાદના બહાને અનંતજ્ઞાની બનવાના આશીર્વાદ આપું છું. બસ, એક જ મંત્રનો જાપ કર.

"ૐ હ્રીઁ શ્રી તત્ત્વાવબોધ રુપાય શ્રી સમ્યગ્ જ્ઞાનાય નમઃ"

ગુરુવર ! ફક્ત એક જ શબ્દ મારા મુખમાં આવી રહ્યા છે.
"ઈચ્છામો અણુસટ્ઠિં -- ઈચ્છામો અણુસટ્ઠિં"

હે ગુરુ ભગવંત ! આપનો ઉપદેશ - આપની અનુશાસ્તિ હું ચાહું છું.

★ ★ ★ ★ ★

# મન્હ જિણાણં આણં

જિનેશ્વરની આજ્ઞા માન

જગતમાં સ્વીકાર અને તાબે થવું આ બે વચ્ચે સદાય ફરક રહ્યો છે.

સ્વીકારમાં આત્મ સમર્પણ છે.

તાબે થવામાં લાચારી છે.

જિનશાસન વ્યક્તિને લાચાર - દીન પરિસ્થિતિમાં લાવી કશું કરવા કહેતું નથી - ધન્યાત્મા ! તારે કોઈની આજ્ઞા માન્ય કરવી છે તો જગતમાં વીતરાગીના ચરણે જજે. રાગીનું શરણ ના સ્વીકારતો.

જેના ખુદના જીવન અનિશ્ચિત છે તે શરણાશ્રિતના જીવનને કેવી રીતે ધન્ય બનાવશે.

જગતના જીવો રાગ - અજ્ઞાન અને મોહથી કોઈનું વચન માન્ય કરે છે. આ રાગ - અજ્ઞાન અને મોહનું ચક્કર એટલું ભયંકર હોય છે. આજે જે વ્યક્તિ પૂજ્ય લાગતી હોય તે કાલે અપૂજ્ય લાગે છે. આજે પરાર્થી લાગતી હોય છે તે કાલે સ્વાર્થી લાગે છે.

જીવનમાં કોઈની પણ આજ્ઞા માન્ય કરવી જ જોઈએ. ઘોડાને ચાબુક જોઈએ - હાથીને અંકુશ જોઈએ. તો પ્રત્યેક માનવીને એક

શિરછત્ર જોઇએ. અને શિરછત્રની આજ્ઞા શિરસાવંદ્ય કરવી જોઇએ.

ગુરુદેવ ! અમે કલિકાલના જીવ છીએ. માથા ઉપર શિર છત્ર જોઇએ પણ અમને શિરછત્ર અમારી ઇચ્છા મુજબનું જોઇએ - અમે આજ્ઞા માનીએ પણ અમારા સ્વાર્થનીપૂર્તિ અમારી ઇચ્છાપૂર્તિ થાય તેવી.

જિનેશ્વરની આજ્ઞા સ્વીકારવા મિથ્યાત્વ મોહનીયનો ક્ષય થવો જોઇએ. સમ્યકત્વ મોહનીયનો ક્ષય થાય તો સર્વોત્તમ વાત છે. પણ સમ્યકત્વ મોહનીયનો ક્ષયોપશમ તો અવશ્ય જોઇએ. અનંતાનુંબધી ચાર કષાયનો ક્ષય કે ક્ષયોપશમ જોઇએ. નમ્રતા અને હૃદયની શુદ્ધિ વગર દેવાધિદેવ વીતરાગ પરમાત્માની આજ્ઞા શિરસાવંદ્ય થતી નથી.

કોઈપણ સદ્‌ગુણ પ્રયત્નથી સિદ્ધ થાય છે. કોઈપણ સિદ્ધિ લબ્ધિ પુણ્યથી પ્રાપ્ત થાય છે.

મીલેટરીમાં પ્રવેશ કરવો છે - ઓર્ડરનું પાલન કરવું નથી તો ચાલે જ નહિ. મીલેટરીમાં તો એક જ સૂત્ર તમારા લાખો કરોડો પ્રશ્ન બાજુ પર મૂકો. ઓબે ટુ ઓર્ડર તો તમને પ્રવેશ નહીંતર સીધાવો. જે વ્યક્તિએ દેશના સંરક્ષણની જવાબદારી સ્વીકારવી છે. તે પોતાના નાયકની વાત માને નહિં તો કેમ ચાલે ? લાખો - કરોડો વ્યક્તિના રક્ષણની વાત હોય ત્યાં ખુદની ઇચ્છા - ખુદના વ્યૂહ - ખુદનું પ્લાનિંગ ન ચાલે - પ્રશ્નને પૂર્ણ વિરામ કરી દો તો જ મીલીટરીમાં પ્રવેશ.

શ્રાવક જીવન - સાધુ જીવનની પહેલી વાત - પહેલી શીખ - જિનેશ્વરની આજ્ઞા માન્ય કર.....

ગુરુદેવ ! મને વીતરાગ ખૂબ વહાલા છે. ગમે છે. તેમને નમું છું... ઝૂકું છું. તેમનું વંદન પૂજન કરું છું. પણ મારા મનમાં થાય છે. બધી જ વાત માન્ય કરવાની, અમને પણ મન છે મનોરથ છે ઇચ્છા છે; ઇચ્છા સાકાર કરવાની ભાવના ન થાય. કોઈવાર મનમાં થઈ જાય બસ બધે જ આજ્ઞા - આજ્ઞા અમારું કંઈ વ્યક્તિત્વ જ નહિ ? કોઈના કહ્યા પ્રમાણે કરશું તો અમે તો સાવ અક્કલ વગરના થઈ જઈશું - સાચું કહું ઘણીવાર તો મનમાં એવું થાય છે; બધી જ વાત કોઈની સાંભળવાની - તે પ્રમાણે કરવાનું મૂર્ખને હોય. બુદ્ધિશાળી... ડાહ્યા માણસે તો થોડું થોડું પણ પોતાની બુદ્ધિથી વિચારીને કરવું જોઇએને, આપણા દિલમાં તો એવું થાય મોટી મોટી વાત માની લીધી બસ. પછી હેરાન કરવા ન જોઇએ. ઘણીવાર થાય સવાર પડીને 'બહુવેલ સંદિસાહુ' થી શરૂ કરી રાત્રિ સુધી 'અણુજાણહ જિટ્ઠિજ્જા' આમ જ કર્યા કરવાનું - આજ્ઞા આપો. રજા આપો - દીક્ષા લીધી ત્યારે કહી દીધું શિષ્ય તમારો છું. બસ શિખામણ આપજો - શિક્ષા આપજો - એકવાર કહી દો - રોજ રોજ ઘડી ઘડી આજ્ઞા માંગ માંગ શું કરવાની? હું શું મૂર્ખ છું ? બુધ્ધુ છું ?

ઓ મારા શિષ્ય ! તું ખૂબ હોશિયાર છે. ભલાભાઈ તું ક્યારેય મૂર્ખ હોય ? તારી બુદ્ધિ - તારી બૌદ્ધિક શક્તિમાં મને એટલો બધો વિશ્વાસ છે. તું અડતાલીસ મિનિટમાં ૧૪ પૂર્વનો સ્વાધ્યાય કરી શકે. એક પદ પરથી સંપૂર્ણ ગ્રંથ બોલી શકે. ગણધર બને તો બીજ બુદ્ધિ દ્વારા ત્રિપદીમાંથી દ્વાદશાંગીની રચના કરી શકે. તું શું ન કરી શકે ? એક સમયમાં સાત રજ્જુ ઉર્ધ્વ પહોંચી શકે.

ગુરુદેવ ! આજે મને કેમ ખૂબ ઉંચે ચઢાવવા લાગ્યા જો આટલી બધી મારામાં શક્તિ તો મારે કોઈનું માનવાનું શા માટે ? થોડું તો મારું ચાલવા દો. સાચું કહું છું. મને જ્યાં મારું માન થાય. સન્માન થાય, ગણત્રી થાય, હું છું બધા મને પૂછે ? આ ખૂબ ગમે - અંતરની વાત કહી દઉં. મારા ગુરુ પણ મને પૂછીને કરે તો ખૂબ ગમે - જ્યાં માન થાય ત્યાં જ મને ગમે - મારું જરા પણ માન ન થાય ત્યાં મારા ઝઘડા શરુ થઈ જાય - દીક્ષા લીધી - શિક્ષા લીધી પણ માન મારો કેડો મૂકતો નથી.

કોઈ પરિવારમાં કોઈ સંસ્થામાં કોઈ સમુદાયમાં ઝઘડા - ક્લેશ લડાઈ હોય તો શાના કારણે ? માન કષાયના કારણે.

અલગતા વાદ - નાના જુથ અહં અને અતિમાનની દેણ છે. આજે રોજ સવાર પડેને સાંભળીએ એક નવી સંસ્થા ખુલી - સંસ્થાની જરૂર હતી ના અમને પોસ્ટની સત્તાની જરૂર હતી. પાંચ દશ વર્ષ દીક્ષા લીધા ન થયા અને ગુરુ બની ગયા. મને માનની જરૂરત છે. એટલે વડીલનો સ્વાંગ સ્વીકારી લીધો.

પ્રભુ ! બાહુબલી આપના પુત્ર... શિષ્ય અને અમે આપના શિષ્ય નહિ. બાહુબલીનો ઉદ્ધાર કરવા બ્રાહ્મી સુંદરીને મોકલો અને મને માન ગજથી નીચે ના ઉતારો... પ્રભુ ઋષભદેવ તો બાહુબલીજીના પિતા હતા. મારા તો ભગવાન છે... પ્રભુ છે... તારક છે... તીર્થંકર છે... પ્રભુ મારા માનના તોફાન શું કહું ? તમે આખી દુનિયાને ખરાબ કહો. હું આખી દુનિયાને ખરાબ કહી શકું પણ મને જો કોઈ ખરાબ

કહે જરા માન ન આપે. ઓછું સાચવે તો બતાવી દઉં મારું રૌદ્ર સ્વરૂપ.. મારી જ ઈચ્છાથી થાક્યો છું. હાર્યો છું. માન કષાય આત્માને સાચો શિષ્ય બનવા દેતો નથી. ભક્ત બનવા દેતો નથી. પ્રભુ મને આરાધક બનવાનો માર્ગ ચીંધો.

ભલા ! .... "આજ્ઞારાધ્ધા વિરાધ્ધા ચ શિવાય ચ ભવાય ચ" પ્રભુની આજ્ઞાનું આરાધન મોક્ષ માટે થાય છે. પ્રભુની આજ્ઞાનું વિરાધન જન્મ મરણ માટે થાય છે એટલે જ સૌથી પહેલી તને શીખ છે. "મન્હ જિણાણ માણં" આજ્ઞા પ્રધાન બન. જિનેશ્વરની આજ્ઞા સ્વીકાર.... આ જ તારા સૌના આત્મકલ્યાણનો રાજમાર્ગ છે. આજ સુધીમાં અનંત આત્મા મોક્ષે ગયા - જઈ રહ્યા છે. અને ભવિષ્યમાં અનંતાનંત આત્મા મોક્ષે જશે તે સૌએ વીતરાગની આજ્ઞા માન્ય કરી. વીતરાગની આજ્ઞાનું પાલન કર્યું. બસ નમ્ર બન.... વિનમ્ર બન... માન મોહનીયને વિદાય આપ... તું પણ ભવ્ય છે તું જરૂર સિદ્ધ - બુદ્ધ - નિરંજન-- નિરાકાર બની શકીશ. જિનની આજ્ઞા તને જિન બનાવશે.

પ્રભુ ! પ્રભુ ! મારું કશું નહિ. મને કશું ના આવડે. આપની વાત..... પણ ભાવ મારા હૃદયનો - સ્વીકારો મારી પ્રાર્થના.

"જિણાણં જાવયાણં - તિન્નાણં તારયાણં - બુદ્ધાણં બોહયાણં "
મુત્તાણં મોઅગાણં બસ, આટલી જ માંગણી - કાકલૂદી
સેવકને આપના ચરણમાં સ્થાન આપજો........

★ ★ ★

# જિનવર નામે મંગલ કોડ...

જિનેશ્વરના નામથી ક્રોડો મંગલ.....

જગતમાં સૌ મંગલની ઝંખના કરે છે. પણ કેટલાક વ્યક્તિ જ ખુદ મંગલ બનવા પ્રયત્ન કરે છે. અને કોઈ વિરલ વ્યક્તિ જ મંગલમય જીવન બનાવી શકે છે. ત્યારે કોઈ ધન્યાત્માનું જીવન જ સહજ મંગલમય હોય છે. ધન્યાતિ ધન્યાત્માના જીવનથી નામથી ક્રોડો મંગલ સર્જન થાય છે.

પ્રાતઃ કાલમાં પ્રતિક્રમણમાં બોલાતું સકલ તીર્થ જીવ વિજય મ.ની અમરકૃતિ છે. બે પ્રતિક્રમણમાં શીઘ્ર યાદ રહી જતું અને વારંવાર મુખ પર આવતું સૂત્ર સકલ તીર્થ કેટલી સુંદર રચના ત્રણ જગતના સર્વ પ્રભુ પ્રતિમા - પ્રસિદ્ધ તીર્થ અને મુનિ ભગવંતને વંદના થાય તેવું પ્રાંજલ ગેય સ્તોત્ર.

પ્રથમ લાઈન મંગલવાચી, દ્વિતીય લાઈન પણ મંગલ વાચી "જિનવર નામે મંગલ કોડ" જ્યાં સુધી સૂત્રના રહસ્ય સમજાતા ન હતા, ત્યાં સુધી એક જ અર્થ આવડતો હતો. ધન્ય છે...... મારા પ્રભુ ! દેવાધિદેવ ! આપના નામથી પણ ક્રોડો મંગલ....... ત્યારેં એટલું જ સમજાતું પ્રભુ આપના નામનો જાપ કર્યા કરૂં...... આપના નામથી ક્રોડો મંગલ છે. ક્યારેક મનમાં થતું પ્રભુ ! તમારા મંત્રનો .... તમારા ઉપદેશનો આગમનો કેટલો મહિમા હશે ? એતો મારા જેવા

અલ્પબુદ્ધિને અગમ્ય છે., પણ આપના નામથી ક્રોડો મંગલ..... આ વાત મનમાં બેસી ગઈ... કેટલાય વર્ષોથી ....

"ૐ ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપ્રાર્શ્વ, ચંદ્રપ્રભ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ વર્ધમાનાંતા જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવન્તુ સ્વાહા"

આ નામ મંત્રની માળા પ્રાતઃ બ્રાહ્મ મુહૂર્તમાં ગણું છું. પછી થોડા વર્ષો બાદ લોગસ્સ સૂત્ર સ્વાધ્યાયનું વાંચન કર્યું અને પ્રાતઃ કાળમાં લોગસ્સની માળા ગણી.

કોઈ એક ધન્ય દિવસે પ્રતિક્રમણમાં જિનવર નામે મંગલ કોડ શબ્દ બોલતાં અંતરના આનંદે અનુભૂતિ થઈ.

જિનવર નામે.... નામ જાપ સુધી સીમિત અર્થ નહિ કરવાનો. જિનવર નામે મંગલ કોડ... જિનવરના પ્રભાવે મંગલ ક્રોડ..... જિનવરના પુણ્યે... જિનેશ્વરના સાંનિધ્યે.... જિનેશ્વરની શ્રદ્ધાએ.... જિનેશ્વરની શરણાગતિ એ..... પછી તો આંખ સામે મથુરાનગરી અને સુપાર્શ્વનાથ પ્રભુની મંગલમૂર્તિના દર્શન થવા લાગ્યા. ક્યારેક પ્રભુના વિહાર અવસ્થાના દર્શન થવા લાગ્યા. ક્યારેક પ્રભુ દેશના આપતાં સમવસરણના દર્શન થવા લાગ્યા. એક વાર નહિ કેટલીયવાર મનમાં સ્મરણ થવા લાગ્યું......

'જિનવર નામે મંગલ કોડ' સકલ તીર્થ પૂર્ણ જ ન થાય. પ્રભુ ! આપ મારા માટે મંગલ સ્વરૂપ છો. મંગલનિધિ છો. મંગલ કોડ...

આમ ક્રોડ સંખ્યા વાચી શબ્દ બોલું છું. કારણ અંતે શરીરમાં લોહી વણિકનું છે. એટલે લેખા, જોખા સંખ્યામાં જ થાય. સંખ્યા વાચી શબ્દ બોલું છું. ક્રોડ.... મારૂં મન સંખ્યાતીત બની ગયું છે. અર્થ સમજાય છે.... ક્રોડ નહિ અનંત અનંત..... હે જિનેશ્વર આપના પ્રભાવે અનંત અનંત મંગલ શ્રેણિ સર્જાય છે. આપ મંગલના મહાસાગર છો.

ઓ મારા પ્રભુ ! આપના પ્રભાવે ક્રોડો મંગલ.... આપ માતાના ગર્ભમાં પધારો ત્યારથી મંગલની શરૂઆત....

આપના પુણ્ય બળે સૌધર્મઇન્દ્રનું સિંહાસન કંપાયમાન થાય. ભક્તિભાવ વિભોર બની ઇન્દ્ર પ્રભુની સ્તુતિ કરે; માતાને ચૌદ મહા સ્વપ્ન આવે. માતા ગૂઢ ગર્ભા જ હોય. પ્રભુના જન્મ સમયે બધી ઋતુ સમાન હોય. ક્યાંય ઇતિ ઉપદ્રવ ન હોય... છપ્પન દિગ્ કુમારીકા પ્રભુનો જન્મ મહોત્સવ કરે. ૬૪ ઇન્દ્રો પ્રભુનો જન્મ મહોત્સવ કરે. ૪ અતિશય સહિત પ્રભુ હોય..સંસારમાં રહે પણ કમલસમા નિર્મલ રહે. લોકાંતિક દેવની વિનંતિ થતાં સંવત્સરી દાન દઈ પ્રભુ દીક્ષા માટે તત્પર બને. પ્રભુનો દીક્ષા મહોત્સવ કરવા ઇન્દ્ર માનવ લોકમાં આવે. પ્રભુ કરેમિ સામાઇયં ઉચ્ચરે અને ઇન્દ્ર પ્રભુના ખભે દેવ દુષ્ય સ્થાપે. પ્રભુને કેવલજ્ઞાન થાય. સમવસરણની રચના થાય. પ્રભુની માલકોશ રાગમાં દેશના સાંભળવા દૂર દૂરથી ભાવિકો આવે. જઘન્યથી કરોડો દેવો પ્રભુની સેવામાં રહે. જેટલા ભાવથી જન્મ કલ્યાણક ઉજવે તેટલા જ શોકથી દેવો નિર્વાણ કલ્યાણક ઉજવે. બાદમાં નંદીશ્વરની યાત્રા કરે. પ્રભુનો જન્મ મંગલ દાયક..... પ્રભુનું જીવન મંગલદાયક.... પ્રભુનુ નામ મંગલ દાયક..... પ્રભુના આગમ મંગલદાયક..... પ્રભુની

દેશના મંગલદાયક....પ્રભુના ગણધર મંગલદાયક..... પ્રભુની પાટ પરંપરા મંગલદાયક..... પ્રભુનો ચતુર્વિધ સંઘ મંગલદાયક..... પ્રભુની વિહાર ભૂમિ મંગલદાયક. પ્રભુના તીર્થો મંગલદાયક.... મારા જિનેશ્વર પ્રભુને જીવ વિજય મ. એ કહ્યું જિનવર નામે મંગલ કોડ. પ્રભુ આપનો આત્મા તો મહામંગલ પણ પ્રભુનો દેહ પણ મંગલ... વિશ્વમાં જેટલાય શાંત રાગના પરમાણું છે તેમાંથી પ્રભુ આપનો દેહ નિર્માણ થયો.... પ્રભુ આપના શરીરમાં સામુદ્રિક શાસ્ત્રના બધા મંગલ ચિહ્નો આપના ચરણમાં અષ્ટમંગલ.... આપના શ્વાસો શ્વાસમાં કમળની સુગંધી... આપ મંગળ, આપની આગળ પાછળ મંગલ.... આપની ચારે બાજુ મંગલ.....

જિનવર નામે મંગલ કોડ બોલતા જે આનંદની અનુભૂતિ થાય છે તે શબ્દાતીત છે. એ તો અંતરની દુનિયાની અનુભૂતિ છે.

પ્રભુ આપના પ્રભાવે વિશ્વમાં તો ચમત્કાર સર્જાય છે. સર્વત્ર મંગલ-મંગલ જ દેખાય છે. પણ પ્રભુ ! આપ મારા હૃદયમંદિરમાં બિરાજયા-પધાર્યા ત્યારથી મારી મનઃસ્થિતિ પરિવર્તિત થઇ ગઇ છે. અહંની જગાએ અર્હંની પ્રતિષ્ઠા થઇ છે. ક્રોધ-આક્રોશ-આવેગ દૂર ભાગ્યા છે. ક્ષમા માતાનું સ્વાગત થઇ રહ્યું છે. આગ્રહ-હઠાગ્રહ-દુરાગ્રહ-કદાગ્રહ દૂર ભાગી રહ્યા છે. સદાગ્રહ-સંતકૃપા સદ્‌બુધ્ધિના આગમનની છડી પોકારાઇ રહી છે.

પ્રભુ ! આપના પ્રભાવે મારા જીવનમાં અનંત-અનંત ગુણોનું આગમન અવશ્ય થશે..પ્રભુ ! આપ જ મારા ભાગ્યવિધાતા છો. મારા મંગલ કલ્યાણના જનક છો. પ્રભુ ! આપના પ્રભાવે મારા દુર્ગુણોને-

કર્મોને પોબારા ગણવા પડશે જ. પ્રભુ ! આપના પ્રભાવે જ હું એક દિવસ ક્ષપક શ્રેણિનો આરંભ કરી ચારઘાતિ કર્મના નાયક મોહનીયકર્મ ઉપર વિજય મેળવીશ. પ્રભુ ! કર્મનો મહાસેનાપતિ મોહ પરાજિત થતાં જ્ઞાનાવરણીય કર્મ - દર્શનાવરણીય કર્મ વિચ્છેદ થશે. અનંતજ્ઞાન - અનંત દર્શન પ્રાપ્ત થતાં કેવલજ્ઞાનના પ્રકાશથી મારા આત્મામાં મહામંગળ થશે. પ્રભુ ! હું પણ ધર્મદેશના આપીશ. છેવટે યોગ નિરોધ કરી ચૌદમા ગુણસ્થાનકને સ્પર્શી કરી સંપૂર્ણ શુધ્ધાત્મા - સિધ્ધાત્મા બનીશ.

વીતરાગપ્રભુ ! તમારો પ્રભાવ - તમારો ચમત્કાર-જાદુ થશે મારા જીવનમાં મંગલ - મંગલ થશે. ક્રોડો મંગલ નહિ અનંત મંગલ થશે. હે જિનવર ! કૃપા કરજો. અનંત મંગલનો મારો માર્ગ સરળ બને.... સહજ બને..... આપ મગ્ગદયાણં છો.મને મોક્ષમાર્ગનો મુસાફર બનાવો. મોક્ષ માર્ગનું દાન કરો.

પ્રભુ ! આપના પ્રભાવે મારા જીવનમાં અનંત મંગલ થાવ એજ પ્રાર્થના....

★ ★ ★ ★ ★

# એવં અદીણ મણસો અપ્પાણ મણુ સાસઇ

અદીન મનયુક્ત થઈ આત્માનું અનુશાસન કરે છે.

રાજા ગામને કાબુમાં રાખે છે. - સમ્રાટ દેશને કાબુમાં રાખે છે. - ચક્રવર્તી ષટ્ખંડ પર પ્રભુત્વ ધરાવે છે. જગતમાં કોઈ પણ ઉપર કાબુ રાખવો આસન છે. દુર્લભ છે પોતાના આત્મા ઉપર કાબુ મેળવવો.

અન્યનું અનુશાસન કરવું ખૂબ સહજ છે. પણ ખુદના આત્મા ઉપર અનુશાસન કરવું અત્યંત કઠીન અને દુષ્કર છે.

જિનશાસનનો સાધક દિન પૂર્ણ થયે આવશ્યક ક્રિયા બાદ સ્વાધ્યાય કરે છે. બાદમાં બીજા દિવસની સાધના કરવા માટે શરીરને તૈયાર કરવા નિદ્રાની સંથારાની તૈયારી કરે છે.

સાધકની નિદ્રાપૂર્વની અવસ્થા તે સાચે એક આત્માની જીવન સંધ્યાની તૈયારી જેવી ભવ્ય તૈયારી હોય. સાધક નિદ્રાધીન થતાં પહેલા પોતાના આત્માનું અનુશાસન કરે છે. શરીર તને આરામ આપવાનો છે. પણ મારા નિયમોનું કડક પાલન કરવું પડશે. શરીરને આરામ આપું અને કદાચ શરીર છૂટી જાય તો તે પહેલાં હું આહારની ઝંઝટ છોડી દઉં. ઉપધિ સંસારના બધા સાધનોનો ત્યાગ કરું. છેવટે દેહ ઉપરના

મમત્વનો ત્યાગ કરીશ. દેહ દ્વારા થયેલા બધા પાપો અરિહંત - સિદ્ધ - સદ્‌ગુરુ સમક્ષ કબુલ કર્યા પછી જ કર્માધીન આત્માને નિદ્રાને શરણે જવા દઈશ.

નિદ્રા આવતાં પહેલાં હું ભાવનાના જળ દ્વારા આત્માને સ્નાન કરાવીશ. કષાયનો મેલ અઢાર પાપસ્થાનકનો મેલ હટાવીશ - બાર પ્રકારની ભાવના અનુપ્રેક્ષા કરીશ. સંસારમાં સંબંધના કારણે જ પાપની પરંપરા-રાગ- દ્વેષની ભયંકર ભૂતાવળ સર્જાઇ છે. ઘડીકમાં મારા જેને માન્યા તેના માટે જગત સાથે લડ્યા મારા ન માન્યા તેને હલકા કહેવા હલકા ચીતરવા જગતના બધા જ રસ્તા અપનાવ્યા. જગત અને મારી જાતનું નિરીક્ષણ કરું છું. ત્યારે અંતરથી અવાજ આવે છે. "આત્મા સાથે સંયોગ કર્યો છે. સંબંધ કર્યો છે." મારે ..... કોઈની સાથે સંબંધ નથી. મેં તો બધાંને કહી દીધું છે. તમે મારા નથી. મારે અને તમારે સ્નાન - સૂતકનો ય વ્યવહાર નથી.

ભલા સાધક ! જગતના બધા વ્યવહાર વ્યહારનયને આધીન છે. પણ આત્માનું અનુશાસન તો, વ્યવહાર - નિશ્ચય નયને આધીન થશે.

શાસ્ત્રના સમગ્ર વ્યવહારનું પાલન કરવું પડશે અને આત્માને નિશ્ચય નયથી શુદ્ધ બનાવવો પડશે. મન, વચન અને કાયા ત્રણેની પ્રવૃત્તિ - વૃત્તિ સમાન બનાવવી પડશે. જગતના વ્યવહાર છોડવા - આત્માને રાગ - દ્વેષના બંધનથી - સંબંધથી; મુક્ત કરવો-પડશે. રાગ દ્વેષનો એક પણ અંશ રહેશે તો આત્માનું અનુશાસન નહિ થાય. કર્મને દૂર કરવા અપ્રમત્ત આત્મિકભાવના જિનાજ્ઞાપ્રધાન સંયમની જરૂર

પડશે. કર્મને દૂર કરવા કર્મબંધના કારણોને દૂર કરવા પડશે. મિથ્યાત્વ-અવિરતિ - કષાય દૂર કરીશ. પણ પ્રમાદ દૂર નહિ થાય, તો મન વચન - કાયાનો યોગ ફરી પાછો જાદુગરની જેમ બધી માયાજાળ લઈ આવશે.

વિશ્વનો સનાતન નિયમ છે. મન શાંત થાય તો નિદ્રા આવે. સાધકની એક અદ્ભુત વિચારધારા છે. દિવસ દરમ્યાન જીવન અને જીવન વ્યવહારને ટકાવવા લાખો પ્રયત્ન કરવા પડે છે. કેટલાક આશ્રવયુક્ત વ્યવહાર પણ થઈ જાય છે. કેટલીક પ્રવૃત્તિથી નિર્જરા પણ થઈ જાય છે. ત્યારે સાધક - આરાધકની નિદ્રાઅવસ્થા વીતરાગ અવસ્થાની પૂર્વાવસ્થા હોય, ધ્યાનાંતરિકા જેવી નિર્મળ અવસ્થા હોય, દેહમાં હોય પણ દેહના બંધનથી રહિત હોય, કર્મના બંધનથી યુક્ત હોય પણ કર્મના બધા બંધન શિથીલ થઈ ગયા હોય, જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ યુક્ત આત્મા જ્ઞાનના પૂર્ણ પ્રકાશમાં મહાલતો હોય, છદ્મસ્થ અવસ્થાને કારણે નિદ્રા તરફ મન કરે પણ અંતરભાવો વીતરાગત્ત્વની પ્રાપ્તિને ઝંખતા હોય. એક જ ઉપાશ્રયમાં અનેક સાધુ મહાત્મા સાથે પરિવરેલ હોય. પણ અંતરમાં એક શાશ્વત સત્ય કોતરાયેલ હોય. "એગો મે સાસઓ અપ્પા નાણદંસણ સંજુઓ" પણ દીન - હીન - લાચાર ન હોય, કોઇએ મને છોડ્યો નથી. પણ મેં મારા શાશ્વત્ આત્મા ખાતર સૌનો ત્યાગ કર્યો છે. સંસારના સૌ સ્નેહીને છોડતાં - દુઃખ કષ્ટ નથી લાગ્યું. મારામાં સાત્ત્વિકવૃત્તિ શુભભાવ જાગ્યા છે - ત્યાગનો આનંદ છે. જરા જેટલું પણ મનમાં કષ્ટ નથી.

સંસારીને ગંદકી છોડતાં વાર ન લાગે, સાધુને રાગ અને

રાગના કારણ છોડતાં વાર ન લાગે.

દીન-હીન વૃત્તિ તો પ્રભુનુ શાસન મળ્યું ત્યારે જ ત્યાગી દીધી છે. જગત જીવો સાથે સંબંધ મારા આત્માના લાભ માટે નથી. હું સંબંધ રાખુ કે સંસારી સંબંધ રાખે - આ તો કાજળની દોસ્તી, કાજળ હાથ કાળા કરે. કર્માધીન આત્મા કર્મબંધથી યુક્ત રહે - મારા આત્મામાં અરિહંત મંગલરૂપે બિરાજ્યા છે. લોકોત્તમ રૂપે મેં સ્વીકાર્યા છે. તેથી જ તેમની શરણાગતિમાં મારા આત્માને સુપ્રત કરું છું. ક્યારેક નિદ્રા પૂર્વે મનમાં થાય છે. ભલા... જરા....તો ગજસુકુમાલ બની જા. કોઈકવાર તો અરણિક મુનિ બની જા. કોઇકવાર તો વૈભારગિરિ ઉપર ધન્ના-શાલિભદ્રની અણસણ ભૂમિનો પ્રવાસી બની જા... ક્યારેક તો ચૈત્રી પૂર્ણિમાએ સિદ્ધાચલ ઉપર પાંચ કરોડ મુનિવરની બાજુમાં તારો સંથારો જોવાની કોશિશ કર.

ગુરુવર ! મનની એક વાત કહું નિદ્રા પહેલા શુભ ભાવ જોઇએ એટલા આવતા નથી. પણ સ્વપ્નમાં સમેતશિખરની યાત્રા થાય છે. વીસ તીર્થંકર ભગવંતની કૃપાએ પાર્શ્વનાથહીલના પગલાં પાસે અણસણ સ્વીકારું છું તે પણ પાદોપગમનઅણસણ.... આવા શુભ ભાવ આવે છે. પણ મારા મનની વ્યથા ભયંકર છે. નિદ્રામાં આવેલું વીતરાગિતાનું અદ્ભુત સ્વપ્ન આંખ ખુલતા ખોવાઈ જાય છે. અને પછી મારો આત્મા રાગ - દ્વેષની સાંકડી ગલીમાં અટવાઈ જાય છે.

સંથારા પોરિસિ દ્વારા પ્રાપ્ત થયેલ આત્માનું અનુશાસન દિન - રાત જાવજજીવ કરવાનું છે. ઘણા આયોજન - સંયોજન કરનાર મારો આત્મા અખંડ અવિરત આત્માનું અનુશાસન કરી શકતો નથી. પ્રભુ!

ઓ મારા ગુરુદેવ ! હું એટલો સ્તબ્ધ થઈ ગયો છું. મારા આત્મા માટે રડી શકતો નથી. કાકલૂદી કરી શકતો નથી. શું કરું ? શું ના કરું ? ક્યારેક શૂન્ય મનસ્ક થઈ જાઉં છું. માથે હાથ દઈ બેસી જાઉં છું.

ભલા સાધક ! સાધનાનો માર્ગ શૂરાનો પંથ છે. વીરનો પંથ છે. અહીં હારની ગણત્રી કરવાની નહિ "શુભે યથાશક્તિ યતનીયં"

ઓ ગુરુદેવ ! આપે માર્ગ બતાવ્યો, કરોળીયાથી શીખ લઈશ. આપની એક હિતશિક્ષામાં લાખો કરોડો વાત આવી ગઈ "શુભે યથાશક્તિ યતનીયં" "અપ્પાણં અણુસાસઇ"

★ ★ ★ ★ ★

# ૩૮

# ભક્ત્યા નિત્યં પ્રપદ્યે શ્રુત મહ મખિલં સર્વ લૌકેક સારમ્

.... હું ભક્તિ પૂર્વક હંમેશા જગતના સારભૂત સમસ્ત શ્રુતજ્ઞાનને વંદન કરૂં છું.

સ્રગ્ધરા છંદમાં 'સ્નાતસ્યા' ની સ્તુતિનો ત્રીજો શ્લોક છે. સ્નાતસ્યાના પહેલા બે શ્લોક શાર્દૂલવિક્રીડિતમ્ છંદમાં છે. છેલ્લા બે શ્લોક સ્રગ્ધરા છંદમાં છે. એકદમ મનોહર ગેય.... આ શ્લોક સૌ પ્રથમ ધાર્મિક પાઠશાળામાં પ્રાર્થનામાં સાંભળેલ. બાદમાં પક્ખી પ્રતિક્રમણમાં સાંભળેલ સંસ્કૃતનો અભ્યાસ કર્યા બાદ આ પંક્તિ મુખમાં રમવા લાગી.

"ભક્ત્યા નિત્યં પ્રપદ્યે" પદ મુખ પર વારંવાર રમવા લાગ્યું. હું સ્વીકાર કરૂં છું. કબુલ કરૂં છું ભક્તિપૂર્વક અને હંમેશા આ બે શબ્દ એ વિચારના દ્વાર ખોલ્યા. સ્વીકાર ભક્તિ પૂર્વક થવો જોઈએ અને ભક્તિ નિત્ય થવી જોઈએ......

જિનશાસનમાં ભક્તિયોગનું મહત્ત્વ તો સર્વશ્રેષ્ઠ કહ્યું છે. પણ સમસ્ત ધર્મોમાં ભક્તિ યોગની વ્યાખ્યા એક જ છે. ભગવદ્‌ભાવમાં ખુદના આત્માનું વિસર્જન કરી દેવું. ભક્તિયોગમાં ભક્ત અને ભગવાન એટલા અદ્વૈત થઈ જાય છે કે કોણ ભક્ત અને કોણ ભગવાન

તે સમજાય નહિ. આરાધક, સાધકની માનસિક ભૂમિકા એટલી બધી ઉચ્ચ કોટિની હોય છે કે ધ્યેય અને ધ્યાતા તન્મય બની જાય છે. ક્યાંક તો ભક્તિ યોગનું વર્ણન કરતાં લખ્યું છે. જો ભક્તમાં ભગવાનના દર્શન ન થાય તો હજી ભક્તિ યોગ સિદ્ધ થયો નથી. ભકત ભક્તિ એક દિવસ કરતો નથી. કોઈક દિવસ કરતો નથી. ભકત ભગવાનમાં એવો ખોવાયેલો છે. મસ્ત બનેલ હોય છે તેના માટે દુનિયામાં ભગવાન સિવાય કશું હોતું નથી એટલે પ્રતિદિન પ્રતિપળ પ્રતિ સમય ભગવાનમાં જ લીન હોય છે. જિનશાસન કહે છે, ભગવત પ્રાપ્તિનો રાજમાર્ગ જ્ઞાન સાધના છે. જ્ઞાનની ઉપાસના આરાધના વગર તમે તમારા આત્માને ઓળખી શકતા નથી તો પરમાત્માને ક્યાંથી ઓળખી શકો. જ્ઞાનોપાસના - જ્ઞાન આરાધના ભગવદ્ ભક્તિનો રાજમાર્ગ છે.

પૂ. શય્યંભવ સૂરીશ્વરજી મ.સા. એ તો બાલ મુનિ મનકને પાઠ ભણાવ્યા. પઢમં નાણં તઓ દયા.... પ્રથમ જ્ઞાન પ્રાપ્ત કરો. જ્ઞાન વગર જીવ અજીવ કેવી રીતે જાણી શકાશે ? આરાધના - વિરાધના કેવી રીતે સમજી શકાશે ?

અજ્ઞાની શું કરે ? અજ્ઞાની શ્રેયઃ અને અશ્રેયઃ ને સમજે જ નહિ. તો શ્રેયઃ માર્ગે કેવી રીતે સંચરે અને અશ્રેયઃ માર્ગનો ત્યાગ કરે.

પ્રભુ સમસ્ત જ્ઞાનને હું ભક્તિપૂર્વક નિત્ય સ્વીકારું છું.

'શ્રુતમ્ અહં અખિલં' આ શબ્દ બોલતા આંખો સામે એક દૃશ્ય ખડું થાય છે. પ્રભુ આપને કેવલજ્ઞાન થયું. ગણધર ભગવંતે દીક્ષા લીધી અને પ્રથમ પ્રશ્ન પૂછયો; કિં તત્તં ? ક્યારેક મનમાં પ્રશ્ન થાય છે. શિષ્યને ગુરુની પ્રાપ્તિ થાય તો લાભ શું ?

તત્ત્વ પૃચ્છા, તત્ત્વ જ્ઞાન, ગુરુ શિષ્યના સંબંધને જોડતી કોઈ કડી હોય તો તે છે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ,

**તત્ત્વજ્ઞાન પ્રાપ્તિમાં સહાયક થાય તે ગુરુ**

**તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે તે શિષ્ય**

જ્ઞાનના આદાન - પ્રદાન થાય તો ગુરુ શિષ્યનું મિલન શ્રેષ્ઠ બન્યું. અન્યથા દેહ દેહીનો સંબંધ.

પ્રભુ ! મારા ગુરુ દ્વારા મને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય એ જ ઝંખના; એજ ચાહના.... દિલની વાત કહી દઉં જ્યા છોડવા ગયો. ત્યાગવા ગયો ત્યાં ય ભિખારી બન્યો... કષાયનો ભિખારી !

પ્રભુ ! અજ્ઞાનના કારણે મેં ગુરુ પાસે - ગુરુ સાંનિધ્યમાં પણ માનનો વેપાર કર્યો. ત્યાં પણ માન - સન્માનની જ ભાવના રાખી. શિષ્ય બની શિક્ષા હિતશિક્ષા ન ગ્રહણ કરી.

ગણધર ભગવંતની દીક્ષા અને ગુરુ સાથે વાર્તાલાપનો પ્રારંભ કિં તત્તં થી ... એક બે અને ત્રણ વાર તત્ત્વની પૃચ્છા. બીજ બુદ્ધિ દ્વારા દ્વાદશાંગીની રચના..... બાર અંગ...તેમાં બાર માં દષ્ટિવાદ અંગમાં ચૌદ પૂર્વ.

નહિ પુસ્તક; નહિ પાટી કેવી ભવ્ય અદ્ભુત પદ્ધતિ.... સમસ્ત જ્ઞાનની પ્રાપ્તિ ગુરુ મુખારવિંદથી. જ્ઞાન પ્રાપ્તિ સાથે પ્રતિક્ષણ ગુરુ સાંનિધ્ય ગુરુ ભગવંતના દર્શન - તેઓના પવિત્ર વાતાવરણમાં જ રહેવાનું. જ્ઞાન પ્રાપ્તિ માટે ગુરુને સંપૂર્ણ અનુકૂળ બનવાનું. ગુરુની છાયા બનીને શિષ્ય જીવે તો જ જ્ઞાનપ્રાપ્તિ.... ગુરુના કેવા અદ્ભુત રખવાળા.

ઓ શાસનદેવ ! અમારી વિનંતી સાંભળો.... ફરી એ સુવર્ણ યુગ આપો. પુસ્તકની જંજાળમાંથી છૂટીએ. કેવું કમભાગ્ય અમારે અજીવથી જ્ઞાન પ્રાપ્તિ કરવાની ? કેવો એ ધન્ય સમય ! ગુરુ દ્વારા ચૈતન્યના મહાહિમાલયમાંથી ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનની પ્રાપ્તિ......

ભદ્રબાહુ સ્વામી જેવા મહાન્ ગુરુવર પાંચસો પાંચસો શિષ્યને શાસ્ત્રજ્ઞાન, વાંચના પ્રદાન કરતા હશે? કાળની વિષમતા, દુષ્કાળનો સમય પાંચસો માંથી એક સ્થુલિભદ્રજી ગુરુની જ્ઞાન ગંગાનું અક્ષયપાત્ર બન્યા. ભદ્રબાહુ સ્વામીના મુખ પર કેવી સંતોષની રેખા પથરાતી હશે ? પ્રભુ ! મારે તો જ્ઞાન મેળવવાનું પુસ્તકના સહારે પુસ્તક મળે અને આંખ ના સહકાર આપે તો ... આંખ મળે અને પુસ્તક ના મળે તો.... સૂત્રનું જ્ઞાન મેળવવા એકની પાસે અર્થનું જ્ઞાન મેળવવા બીજા પાસે, સંસ્કૃત ભાષા શીખવા ત્રીજા પાસે, એક સાંધુ ત્યાં તેર તૂટે..... શું ભણું ?શું ના ભણું ? આ વિચારમાં જ મારી જીંદગી ચાલી જાય. જ્યોતિષવિદ્યા મંત્રવિદ્યા, તંત્રવિદ્યા, કથા ચરિત્ર, આગમ, નિર્યુક્તિ, ભાષ્ય ચૂર્ણિ, ટીકા, વ્યાકરણ કાવ્ય, કોશ, લક્ષણ શાસ્ત્ર, પ્રાકૃત, સંસ્કૃત, બસ જીંદગી વહી જાય છે. વિચારમાંને વિચારમાં રહી જાય છે.

ના પ્રભુ ! વિચારમાં નહિ, મને વિચાર કરતાં ક્યાં આવડે છે. અવિચારમાં જીંદગી ખતમ થઈ રહી છે. ક્યારેક તો કોઈ સારા શ્રેષ્ઠ જ્ઞાનમંદિરનું સૂચિપત્ર જોઉં છું અને ચીસ પાડી ઉઠું છું. ગભરાઈ જાઉં છું. રડી પડું છું. ચિત્કાર કરૂં છું. 'શ્રુતમ્ અહં અખિલં સર્વ લોકૈક સારમ્' પ્રમાદમાં અને અણસમજમાં જ્ઞાનરૂપ ઝવેરી બજારના વેપારી બની અજ્ઞાન, અયોગ્ય જ્ઞાન, બિન જરૂરી માહિતી પેપર હેન્ડબીલ મારા તારાની વાતોના છીપલા જ એકઠાં કર્યા. સર્વ લોકૈક સારમ્, જ્ઞાન રત્નની ઉપેક્ષા કરી ફેંકી દીધું.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મ. સાડા ત્રણ કરોડ શ્લોકની રચના કરી શકે ! હરિભદ્ર સૂરીશ્વરજી મ. ૧૪૪૪ ગ્રંથની રચના કરી શકે ! યશોવિજયજી ઉપાધ્યાય માત્ર બિંદુ નામના જ ૧૦૦ ગ્રંથની રચના કરી શકે. (અન્યગ્રંથો તો અલગ) ઉમાસ્વાતિ મ. ૫૦૦ ગ્રંથો બનાવી શકે ? સમય સુંદરજી ૮ અક્ષરના ૮ લાખ અર્થ કરી શકે ?

આ મહાન સારસ્વતપુત્રોની સ્મૃતિ થતાં મારા અંતરમાં જે વેદના થાય છે તે અકથ્ય થાય છે. હું જ્ઞાનનો સ્વીકાર કરૂં છું. એટલે જ્ઞાનપ્રાપ્તિનો પુરુષાર્થ કરૂં છું. ભક્તિથી તન્મય બની જાઉં છું. મારા માટે એક દિવસ જ્ઞાનપંચમી નહિ ૩૬૦ દિવસ જ્ઞાન પંચમી નહિ ! જ્ઞાનપંચમીના પુસ્તકના દર્શન કરૂં છું કે જ્ઞાન પ્રાપ્તિનો સંકલ્પ કરૂં છું. ક્યારેક થાય તો છે આવશ્યક ક્રિયામાં જ્ઞાનની ત્રીજી થોય બોલતાં કાચીંડાની જેમ માથું ઝુકાવું છું.

પ્રભુ ! મારી પ્રવૃત્તિ - મારી જીવન ચર્યામાં જ્ઞાન - આરાધના - ઉપાસના સદંતર ગૌણ બની ગઈ છે. જ્ઞાન ઉપાસનામાં ચૈતન્યનો ધબકાર હોય. ચૈતન્યના આદર આરાધન હોય... છતાં અંતરના એક ખૂણે મુખ્યતયાએ ગૌણ ભાવનાએ જ્ઞાન પ્રાપ્તિનું લક્ષ્ય છે. મારા અજ્ઞાનના વરવા દર્શનથી લાજી મરૂં છું. હતાશ થઈ જાઉં છું... કૃપા કરો..... પ્રભુ કૃપા કરો... મારો પણ નંબર કેવલજ્ઞાનના વિદ્યાર્થીમાં કરો. મારે પણ કેવલજ્ઞાન જોઈએ. અપૂર્ણજ્ઞાનથી તૃપ્તિ થતી નથી. અલ્પજ્ઞાનથી સંતોષ થતો નથી. ઓ જ્ઞાની ગુરુભગવંત ! દાસ આપના ચરણનો, ... કૃપા કરજો..... જ્ઞાન સરિતામાં સ્નાન કરાવી જ્ઞાન સરિતાના નિર્મળ - શાંત જળના સ્પર્શે..... કષાયના લાવારસ શાંત કરો. ઈર્ષ્યાની આગ બુઝાય..... એજ પુનઃ પુનઃ પ્રાર્થના......

★ ★ ★ ★ ★

૩૯

# "ભવ્યાનાં વિદધાતુ વાંછિત ફલં શ્રી વીતરાગો જિનઃ"

હે વીતરાગ પરમાત્મા ! ભવ્યાત્માઓને વાંછિત ફલ આપો....

આશા - અપેક્ષા - ચાહના - ઝંખના મોહનીય કર્મ છે. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય મ.સા. ની મંગલ પ્રાર્થના, "હે વીતરાગ! ભવ્ય જીવોને વાંછિત આપો."

રાગ રહિત - અજ્ઞાન રહિત - કર્મ રહિત - પ્રભુ પાસે ચાહના - ઝંખના વાંછિત આપો - વીતરાગ પ્રભુ મોહ રહિત છે. તમે મારી આશા - અપેક્ષા પૂર્ણ કરો. આમ કેમ કહેવાય, અને તેમાં પણ વાંછિત આપો કેમ કહેવાય ?

ભિક્ષુક- યાચક તેનામાં પણ વિવેક હોય અને મારામાં વિવેક ન હોય તો કેમ ચાલે ? શબ્દ અટકી જાય છે. પણ ચિંતન ચાલુ થઈ જાય છે.

'તિત્થયરા મે પસીયંતુ' -
'સિધ્ધા સિદ્ધિં મમ દિસંતુ'

'જયવીયરાય જગગુરુ હોઉ મમં તુહપ્પભાવઓ' -
'ચૂરય દુષ્ટવ્રાતં' - પૂરય મે વાંછિતં નાથ !
દેવ દિજ્જ બોહિં'

કોઈની પાસે મંગાય નહિ - માંગવાથી મળે નહિ - પુણ્ય હોય તેટલું જ મળે. આ બધી વાતો મગજમાં એટલી ઘુસી ગયેલી છે. માંગવાનું આવે ત્યારે મન બળવો પોકારે છે - હું માંગુ - શું હું ભિખારી બની જાઉં ? મરી જઈશ પણ માંગીશ નહિ આવો મારો મિજાજ છે.

ભલા સાધક ! ઘણીવાર આપણા અભિમાનને આપણે સદ્ગુણમાં ખપાવવાની કોશિષ કરીએ છીએ. શુભ ભાવ રાખવા અલગ છે અને અહં અલગ છે - અહંમાં હઠાગ્રહ હોય - શુભભાવમાં સદાગ્રહ હોય - કદાગ્રહ ક્યારેય ન હોય - જીવન પદ્ધતિ બદલીશ તો વચન પદ્ધતિ બદલાશે. હું મારી જરૂરત ઓછી કરીશ તો મારે કોઈની પાસે યાચક બનીને જવું નહિ પડે.

ઓ ગુરુવર ! આપની વાત માની લીધી. સ્વીકારી લીધી પણ વીતરાગ પાસે માંગવા જવાનું કે વીતરાગ પાસે ત્યાગવા જવાનું. મોહનીય કર્મ રહિત પ્રભુ પાસે મોહ પોષવા જવાનું - ભલે મેં દુનિયા પાસે માંગ્યું પણ વીતરાગ પાસે તો નહિ જ માગું. પછી આપ કહો કે હેમચંદ્રાચાર્ય મહારાજ કહે મને જે વાત ગળે ઉતરે નહિં. સમજાય નહિ તે વાત હું કોઈની પણ ન માનું. ઘણા વર્ષ થયા હવે હું પણ થોડો ઘણો ધરમ સમજું છું.

પ્રભુ પાસે લાલચથી ન જવાય - લાલચ લોભ પૂરા કરવા ન

જવાય, લોભને તો સ્થાન જ ન અપાય. ગુરુદેવ ! મને ના સતાવો - મને ડર લાગે છે - વધુ બોલવામાં હું માન મર્યાદા ચૂકી જઈશ "મિચ્છામિ દુક્કડમ્" મારા તારક આપ જ ફરમાવો.

ઓ ભોળા ભગત ! આજ સુધી મારા મનમાં હતું તું કંઈક સમજે છે. પણ સાચું કહું તું લકીરનો ફકીર છે. ભીખ - યાચક અને ભક્તિ – પ્રાર્થના - ભક્ત આમાં તું કંઈ સમજતો જ નથી. કોઈ એક શબ્દ બોલે એટલે ઉછળે - શાસ્ત્રો - મોક્ષ આ બધા શબ્દ બોલી બડાઈ હાંકવાની મોટાઇ મારવાની તને આદત પડી ગઈ છે. જરા શાંત સ્વસ્થ થા. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ એટલે કલિકાલ સર્વજ્ઞ - અઢાર દેશના રાજવી કુમારપાલ હોય, ધરાને ધ્રુજાવનાર સિદ્ધરાજ હોય, પણ સૌને સત્ય સમજાવે - સત્ય સમજાવનારની ભાષા મધુર હોય. કઠોર ન હોય. પરમાત્મા મહાવીર પાસે ગુરુ ગૌતમ આવ્યા. પ્રભુએ ઇંદ્રભૂતિને કહ્યું કે હે ઇન્દ્રભૂતે કિં સુખેન સમાગતવાન્ અસ્તિ! જો તારામાં કુબુદ્ધિ આવે તો ભગવાનની પણ ટીકા કરે. ભગવાને એમ કેમ ન કહ્યું તું મોક્ષ માટે આવ્યો. ધીરો પડ બાપલીયા ધીરો પડ... કોણ બોલનાર છે ? કોની પાસે બોલે છે ? જીવનભર તેમણે શું કર્યું છે ? શબ્દનું જિનશાસનમાં મૂલ્ય છે. પણ તેનાથી ય અધિક શબ્દ બોલનારનું મૂલ્ય છે. ધર્મલાભ શબ્દ હું બોલું તું બોલે અને એક તપઃપૂત, જ્ઞાનપૂત, ચારિત્રપૂત - સંયમી આત્મા બોલે બે વચ્ચે મોટો ફરક છે. ચલ તારી વાત આગળ કરું.

યાચના અને પ્રાર્થનામાં બહુ ફરક છે.

ભૌતિક પદાર્થની માંગણી તે યાચના

અધ્યાત્મિક ગુણ પ્રાપ્તિ માટે વિનંતિ તે પ્રાર્થના

સદ્‌ગુણ માટે પ્રાર્થના અનંત સદ્‌ગુણી પાસે થાય અનંત સદ્‌ગુણીનું સાંનિધ્ય - સેવા - તેઓની ઉપાસના જ સદ્‌ગુણ આપી શકે.

સંપૂર્ણ જગત ફરીવળીએ પણ સદ્‌ગુણ - શ્રદ્ધા - મોક્ષ - સમાધિ મરણ વીતરાગ પાસે જ મળે. વીતરાગ સિવાય મોક્ષ ના મળે એટલે વીતરાગની ભાવના - ઉપાસના - આરાધના વગર મોક્ષ ના મળે - યાચના અને પ્રાર્થનાનું અંતર સમજ - એકવાર નહિ; અનંતવાર પ્રાર્થના કર - પ્રભુ મારા અજ્ઞાન દૂર કરો. મને જ્ઞાનનો પ્રકાશ આપો કેવલજ્ઞાનનો ઉપાસક બનાવો.

હજી એક વાત સમજી લે કોઈ અજ્ઞાની છે; અણસમજુ છે. તારા જેવા ઉચ્ચ શબ્દો ઉચ્ચ ભાષા સૌની પાસે ના હોય દરેક વ્યક્તિ ભાષાનો ઉપયોગ ભાવ વ્યક્ત કરવા કરે છે - બોધિ - સમાધિ - સમ્યક્ત્વ - મોક્ષ - નિઃશ્રેયસ - પરમપદ - જેવા શ્રેષ્ઠ શબ્દ બધાને આવડતાં નથી. તેથી કહે પ્રભુ ! મને મનોવાંછિત આપો. મારા મનોરથ પૂર્ણ કરો. પણ પ્રત્યેક ભક્તનો ભાવ પ્રભુની કૃપા પ્રાપ્તિનો છે. પ્રભુના સાંનિધ્યનો છે.

પ્રભુ પાસે પ્રભુત્ત્વ સિવાય કશુ મંગાય નહિ પ્રભુ પ્રભુત્ત્વ સિવાય કંઈ આપે નહિ.

હવે જરા આગળ વાત કરીએ 'પસીયંતુ' પ્રસન્ન થાવ. 'દિસંતુ' આપો. 'દિજ્જ ' 'પ્રયચ્છ' આ બધા શબ્દો શાસ્ત્રમાં વપરાયેલ છે. શું

વીતરાગ કોઈને કશું આપે ? જો આપે તો વીતરાગ શાના ? શાસ્ત્રમાં આ બધા શબ્દનો પ્રયોગ આપણા આત્માને સમજાવવા છે. બાળબુદ્ધિને સંતોષ કરવા છે. વ્યવહાર ભાષા છે. નિશ્ચય નયથી તારા આત્મામાં રહેલ શુદ્ધ સ્વરૂપને પ્રગટ કર. જિનશાસન અનેકાંતમય છે. એક નય - એકાંત પ્રભુ શાસનમાં માન્ય નથી. વ્યવહાર અને નિશ્ચય નય બંને જિનશાસનમાં માન્ય છે.

**આત્મા ઉપર અનુશાસન કરવા નિશ્ચય નયને મુખ્ય બનાવ.**
**શાસન સંચાલન માટે વ્યવહાર નયને મુખ્ય બનાવ.**


પણ ક્યારેય વ્યવહાર અને નિશ્ચય નય બેમાંથી કોઈને દૂર કરતા નહિ. યશોવિજયજી ઉપાધ્યાય મહારાજ ના સાહિત્યનું વારંવાર ચિંતન - મનન કરજે. સમ્યક ચિંતન કર્યા બાદ જરૂર આનંદથી ગાજે 'ભવ્યાનાં વિદધાતુ વાંછિત ફલં શ્રી વીતરાગો જિન'

બહુશ્રુત ગીતાર્થ ગુરુ ભગવંતના સાંનિધ્યમાં વિચરજે, વિહરજે. શાસ્ત્રના અર્ક તેઓ દ્વારા પ્રાપ્ત કરી ધન્ય બનજે.

ગુરુદેવ ! એક પ્રાર્થના કરી મૌન થઈ જાઉં છું. આપની આજ્ઞા હશે તો જ બોલીશ.

"સુહગુરુ જોગો તવ્વયણ - સેવણા આભવમખંડા"

★ ★ ★





# મમય દિસઉ સંજમે નંદિ...

મને પણ સંયમમાં હર્ષ ખુશી આપો.

હર્ષ ખુશી આનંદની માંગણી પ્રાર્થના વિનંતિ ત્યારે જ થાય. વ્યક્તિને પોતાને લાગે મારૂં કાર્ય પૂર્ણ છે. શ્રેષ્ઠ છે. આનંદ દાયક છે.

અપૂર્ણ તૈયારીવાળો ક્યારેય પરીક્ષામાં ઉભો રહેતો નથી. ઈન્ટરવ્યું આપતો નથી.

અજિત્-શાંતિ એક અદ્‌ભૂત ગેય સ્તોત્ર છે. પાક્ષિક - ચૌમાસીક, સંવત્સરી પ્રતિક્રમણની વિધિમાં સ્તવનની જગ્યાએ બોલાય છે, ૪૦ ગાથામાં પ્રાકૃત ભાષામાં રચાયેલ આ સ્તોત્ર વિવિધ છંદોમાં બનેલું છે. અભયં, અણહં જેવી નાની ગાથા છે. તો "સાવત્થિ", "કુરુજાણવય" જેવી મોટી ગાથા છે. પુરિસા ! જઈ દુક્ખવારણં જેવી ગાથામાં રચનાકાર મહાત્માના પ્રશ્નકાર - માર્ગદર્શક તરીકે દર્શન થાય છે. ક્યાંક મહાત્માના અલંકાર વિદ્ તરીકે દર્શન થાય છે. ક્યાંક લક્ષણ શાસ્ત્ર પારંગત તરીકે દર્શન થાય છે. પણ

**મમય દિસઉ સંજમે નંદિં**

પદ દ્વારા કમાલ કરી દીધી છે. એક મહાત્માની એક સાધુ હૃદયની અભિલાષા શું હોય ? શું હોઈ શકે ?

તમને શું ગમે છે ? શું ઈચ્છો છો ? આ પ્રશ્ન પૂછીએ ત્યારે પાંચ વાર તો કહેશે મને પૂછો છો ? હા ભાઈ હા... તને પૂછીએ છીએ. બોલ

તને શં ગમે છે ? તું શું ઈચ્છે છે ? મારે જવાબ આપવાનો છે... મને શું ગમે છે. હે... હે... બસ દિવસો વર્ષો વીતાવી નાંખ્યા અને છેવટે માનવની દુર્લભ જીંદગીં પણ આમ જ વીતી જશે. અને ધ્યેય શું ? લક્ષ્ય શું ? ધ્યેય પ્રાપ્તિ માટે શું પુરુષાર્થ ? જવાબ આપવાનો આવે છે; ત્યારે માથુ ખંજવાળું છું. ઘડી પહેલાનો પ્રવચનકાર, વ્યાખ્યાનકાર ચુપ થઈ જાઉં છું. શું આપણી ક્રિયા મન વગરની હતી. સંમૂર્છિમ ક્રિયા હતી.

પરીક્ષાના ઉત્તર લખતાં થાય છે. મેં વાંચન નથી કર્યું.

અજિત શાંતિકાર મહાત્માનું ચિત્ર કેટલું સ્પષ્ટ છે. મમય દિસઉ સંજમે નંદિ મને સંયમમાં આનંદ આપો... વૃદ્ધિ આપો.... મારૂં સંયમ મંગલમય બને તેવા આશીર્વાદ આપો....

તુચ્છ વ્યક્તિ - અજ્ઞાની વ્યક્તિ આશીર્વાદ જેવી મહાન શક્તિ માટે માંગણી કરે...

**આશીર્વાદ એ તો અંતરની મહાન શક્તિ છે.**

**માંગવાથી મળતી નથી.....**

ચૌદપૂર્વધર ભદ્રબાહુ સ્વામીને સ્થુલિભદ્રજી વંદન કરે અને ગુરુદેવના મુખમાંથી શબ્દ સરી પડે. "દુક્કરં કયં" "દુક્કરં કયં" "દુક્કરં કયં"

સ્થુલભદ્રજીની પાત્રતા હતી તો ગુરુ દ્વારા શક્તિપાત થયો.

પાત્રતા વગર પ્રાપ્ત થયેલ આશીર્વાદ તારક બનતા નથી. પ્રત્યેક ગુરુના આશીર્વાદ છે

**નિત્થારગ પારગા હોહ...**

તું ભવપાર પામ, પણ આસન્નભવી નિકટભવીને જ

આશીર્વાદ સફળ થાય.

પ્રભુ ! મારા મનની અવળચંડાઈ અયોગ્યતા કહું. હું તો મારા ગુરુને કહું તમે જેવા આશીર્વાદ આપ્યા તેવો હું થયો. આપે આશીર્વાદમાં કંજૂસાઈ કરી તો મારો વિકાસ ના થયો. આપે આશીર્વાદમાં પક્ષપાત કર્યો એટલું હું પાછળ રહી ગયો. પણ મેં ક્યારેય વિચાર કર્યો નથી. મારી યોગ્યતા વિકસિત કરૂં ? પાત્રતા વિકસિત કરૂં ?....

દુનિયામાં દરેક સાથે ચડસા ચડસી હુંસા તુંસી કરૂં છું. આ યુદ્ધ મારા તારક ગુરુવર સાથે પણ કરૂં છું. હજી એક ગુપ્ત વાત કહી દઉં મને કંઈ પ્રાપ્તિ થઈ.... સિદ્ધિમળી... ત્યારે થયું મારી પ્રગતિમાં સૌનો સહકાર કેટલો ? કોઈએ માર્ગદર્શન કર્યું. પણ પુરુષાર્થતો મારો જ ને.... ત્યારે ગુરુને ભૂલી જાઉં છું. સહકારીને, સહભાગીને ભૂલી જાઉં છું.....

"સંજમે નંદિં" સંયમ એકલા લેવાય નહિ. એકલા પળાય નહિં. સંયમ ગુરુની કૃપાએ મળે. સંયમનું પાલન સમુદાયના સહકારે થાય. સંયમની વૃદ્ધિ, સંયમની શુદ્ધિ ગુરુના સહકારે થાય.

પ્રભુ ! અભિમાનમાં અંધ બની ક્યારેક મોફાટ બોલું છું અને કહી દઉં છું. મને કોઈનીય જરૂર નથી. વિચારૂં છું. ત્યારે ખબર પડે છે. આ શબ્દો તો બોલી લીધા પણ સંયમીની અવજ્ઞા - આશાતના કરવા દ્વારા મેં ભયંકર મોહનીય કર્મ બાધ્યું......

ઓ મોક્ષગામી મહાત્મા ? શાસ્ત્રમાં ત્રીસ મોહનીય કર્મ બંધ સ્થાનકમાં જે સ્થાનો કહ્યાં છે તેનો વિચાર કરજે. કઈ પ્રવૃત્તિ કરવાથી સીત્તેર કોડાકોડી સાગરોપમ પ્રમાણ મોહનીય કર્મનો બંધ થાય છે.

તારી જીવન ચર્યા, તારો વાર્તાલાપ તેમાં ક્ષણે ક્ષણે સંયમ ધર્મનો આદર બહુમાન પ્રગટવા જોઇએ. સંયમી પ્રત્યે સદા નમ્ર વિનયી રહેવું જોઇએ.

મહામના મહાત્મા "મમ ય દિસઉ સંજમે નંદિં" આશીર્વાદ માંગવા યોગ્ય છે અને આશીર્વાદ પ્રાપ્ત કરવાને યોગ્ય છે.

મહામના મહાત્મા તેં ફક્ત માથું નથી મુંડાવ્યું પણ મન મુંડાવ્યું છે. શિર પર કાળા કેશ નહિ અને હૃદયમાં કાળો ક્લેશ નહિ. મસ્તક પર કેશનો ભાર નહિ હૃદય પર ક્લેશનો કારમો કેર નહિ.

સંયમમાં આનંદ પ્રાપ્ત કરવા અલ્પ કષાય જોઇએ. અલ્પ કષાય વગર સંયમમાં આનંદ પ્રાપ્ત ન થાય.

**સંયમ એટલે તદ્દન ઓછી જરૂરત તદ્દન ઓછી સગવડ**

પોતાની જાત માટે કોઈ દાદ નહિં કોઈ ફરિયાદ નહિ. જે મળ્યું જેવું મળ્યુ તેમાં જ આનંદ અને તેને જ આરાધનાનું સાધન બનાવવાનું......

સંયમના સુંદર પાલન માટે સ્વભાવ - મૃદુ જોઇએ. કોમળ જોઇએ, શાંત જોઈએ, સહનશીલ જોઈએ. મિલન પૂર્ણ ભાવ રહેવો જોઇએ. સાધુને જીવકાય સંયમ તો પાળવાનું પણ અજીવકાય સંયમ પાળવાનું. સાધુનો જીવમાત્ર સાથે વ્યવહાર સંરક્ષકનો હોય. સંયમી માત્ર પ્રત્યે આદર બહુમાન પૂર્વકનો હોય. એક સંયમી આત્મા બીજા સંયમી આત્માને જુએ અને તેની આંખમાંથી અમૃતધારા વરસવા લાગે મુખમાંથી વાણી નીકળે... સાધુનાં દર્શનમ્ પુણ્યમ્........

સંયમમાં જેને સહજ આનંદ - ઉમંગ - ઉત્સાહ ભાવ હોય

તે જ પ્રભુની ભવ્ય પ્રાર્થના બાદ વિનંતિ કરી શકે.. મમય દિસઉ સંજમે નંદિં.....

સાધના અંતર ઉત્સાહે... ભવ્ય પુરુષાર્થથી પ્રાપ્ત કરવાની, રસ્તે આવ્યા બાદ વિનંતિ કરવાની. મારા પુરુષાર્થની પૂર્ણાહુતિ, સાધનાની સિદ્ધિ આપના પ્રભાવે, હવે મને આશીર્વાદનું બળ આપો - આપની હૂંફ, આપનું આશ્વાસન, આપનું માર્ગદર્શન, આપનું રક્ષણ એજ મારૂં કવચ, એજ મારું બખ્તર.

ગુરુદેવ ! આપ મહાન્ આત્માનો શિષ્ય છું. મારું પણ લક્ષ્ય મહાન છે. આત્મ સ્વભાવમાં સ્થિરતા રૂપ સંયમ, ચારિત્ર આપો જે શુદ્ધ હોય... વિશુદ્ધ હોય... તે આત્મા જ તત્ત્વપરિણતિની અવસ્થા પ્રાપ્ત કરે, પ્રાર્થના મારી, પુરુષાર્થ મારો... પણ આપના આશિષે જ સિદ્ધિ - નિઃશ્રેયસ્‌ની પ્રાપ્તિ, એ મારો મુદ્રાલેખ છે. મહાન ગુરુનો મહાન શિષ્ય બનાવો......

બસ, અલમ્ અતિ વિસ્તરેણ

★ ★ ★ ★ ★

# મનઃ પ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે...

.... જ્યાં જિનેશ્વરની પૂજા થાય છે ત્યાં મનની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

જગતમાં સર્વ જીવ ખુશી આનંદમાં રહેવા ઇચ્છે છે. પણ ખુશી... આનંદ એ રતિ મોહનીય કર્મનો ભેદ છે. મન પસંદ કંઈક ચીજ પ્રાપ્ત થઈ ખુશી થઈ; રતિ મોહનીય કર્મનો ઉદય રતિ મોહનીય કર્મનો બંધ.......

મન પસંદ કંઈ ના મળ્યું. નારાજગી થઈ અરતિ મોહનીય કર્મનો ઉદય- અરતિ મોહનીય કર્મનો બંધ... માનવે જન્મ લીધો અને આ જગતમાં સૌ પ્રથમ કાર્ય કર્યું હોય તો રૂદનનું.......

ક્ષણવારમાં ખુશી..... ક્ષણવારમાં નાખુશી...... જરા મન પસંદ મળ્યું; હસી પડ્યા, જરા મન વિરૂદ્ધ થયું રડી પડ્યા. જરા આપણને ગમતું મળ્યું; હસી ખુશી.... જરા અણગમતુ મળ્યું..... રડવું નારાજગી.

એક રાશિમાં પ્રવેશ કરેલ ચંદ્ર અઢી દિવસે બદલાય પણ માનવ મન તો ક્ષણે ક્ષણે રંગ બદલે છે.

આ તો માનવનો સામાન્ય સ્વભાવ થઈ ગયો છે. ના , જરા વાક્ય બદલવાની જરૂર છે. સામાન્ય માનવનો સ્વભાવ અલ્પ

પ્રાપ્તિમાં ખુશી, અલ્પ અપ્રાપ્તિમાં નાખુશી.

મહામાનવો - મહાત્માઓ આપત્તિ આવે ... વિપત્તિ આવે... કષ્ટ આવે... ભયંકર મુસીબત આવે પણ અકળાતા નથી કે મુંઝાતા નથી. પ્રત્યેક પરિસ્થિતિમાંથી સમાધાન શોધી સમાધાનના માર્ગે આગળ વધે છે.

જિનશાસનમાં તો રૂદનમાંય પાપ અને હાસ્યમાંય પાપ.... જીવવાનું કેવી રીતે ?

**જીવનને કલાત્મક બનાવવું એ જ જિનશાસનનો સાર છે.**

માનવ.... સબૂર કર... પહેલા જવાબ આપ તું કેમ રડે છે? તું કેમ હસે છે ? ઓ મારા મોટા ભાઈ આ કંઈ પૂછવા જેવો સવાલ છે?

તમે તો કમાલ કરો છો કેવું પૂછો છો ' કેમ હસે છે ?, કેમ રડે છે ? અરે ! જીવતો છું એટલે હસું છુ અને રડુ છું. મરી જઈશ તો હસીશ નહિ, રડીશ નહિ.

ઓ ભોળા આત્મા ! હું તને પ્રશ્ન પુછું અને આમ અકળાઈ ન જા. તને ભૌતિક પ્રાપ્તિમાં આનંદ અને ભૌતિક અપ્રાપ્તિમાં જ દુઃખ છે. ભૌતિક સાધનની પ્રાપ્તિ તને હસાવે છે અને ભૌતિક સાધનની અપ્રાપ્તિ તને દુઃખી કરાવે છે.

ભૌતિક ઉપલબ્ધિમાં વ્યક્તિ માત્રમાં ફરક રહેવાનો. તેં માંગ્યું..... ચાહ્યું ત્યારે મળવું જોઈએ તો જ ખુશી. માગ્યું..... ચાહ્યું.... ઝંખ્યુ ત્યારે ન મળ્યું તો દુઃખ રૂદન..

તને ઘડીમાં સુખ અને ઘડીમાં દુઃખ થવાનું એટલે તારા હાસ્ય-રૂદન દિન રાતની જેમ અવિરત ચાલ્યા કરવાના.

મહામના મહાત્માના રૂદનનો પણ ઈતિહાસ છે. અને હાસ્યનો પણ ઈતિહાસ છે.

માતા મરૂદેવાના રૂદને તેમને કેવલજ્ઞાન પ્રાપ્તિનો માર્ગ આપ્યો. આચાર્ય શય્યંભવના બે આંસુ કર્તવ્ય પૂર્ણાહુતિના સૂચક બન્યા. તું યાદ રાખજે. અમારા પરમાત્મા મહાવીરની આંખમાં પણ બે આંસુના બુંદ આવી ગયા હતા. બે આંસુ કરૂણા સમુદ્રમાંથી સર્યા હતા. સુભદ્રાના બે આંસુએ ધન્નાજીને ચારિત્ર માર્ગે અગ્રસર કર્યા.

હાસ્યનો પણ ઈતિહાસ છે. બાલમુનિને કાજો લેતાં અવધિજ્ઞાન થાય. ઈન્દ્રની આનંદની પ્રક્રિયા જોઈ હસવું આવે મજાક સુઝે તો અવધિજ્ઞાન ચાલ્યું જાય.

નંદિષેણ મુનિની; વેશ્યા મજાક કરે દસમાં તમે, અને બાર વર્ષના ભોગાવલીના બંધન તૂટે.અને સંયમ માર્ગે પુનઃ સંચરે.

આર્દ્રકુમારના પગે કાચા સુતરના તાંતણા બંધાય અને મુનિવરનો આત્મા કર્મબંધનના મહાબંધન તોડવા ઉજમાળ બને.

ભલા સાધક ! આપણે ખૂબ રડ્યા અને ખૂબ હસ્યા. પણ ક્યારેય ગુણ પ્રાપ્તિ માટે રડ્યાં નથી. હસ્યા નથી. સદ્‌ગુણ અંગે વલોપાત થયો નથી. સ્વભાવમાં ગંભીરતા નથી, સહનશીલતા નથી, સ્વભાવમાં તુચ્છતા અને આક્રમક વૃત્તિ છે.

લઘુશાંતિ અને બૃહદ્‌શાંતિના ચરમ મંગલમાં ફરમાવ્યું છે. મનઃ પ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે......

જિનેશ્વર પ્રભુ જ્યાં પૂજાય ત્યાં મનની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

પ્રસન્નતા આત્મિક સદ્‌ગુણ છે. જિનેશ્વર પ્રભુની પૂજા વગર

મન પ્રસન્ન ક્યાંથી બને...

**પ્રસન્નતા અંતરમાંથી પ્રગટ થતો આધ્યાત્મિક આનંદ છે..**

સમક્તિના પાંચ લક્ષણમાં પ્રથમ લક્ષણ શમ. શમની સિદ્ધિ તે પ્રશમ. તેનાથી આગળનું એક પગથિયું તે પ્રસન્નતા.

**પ્રસન્નતા મનની વ્યવસ્થિતતા, સ્થિરતા,ધીરતા વગર પ્રગટ થતી નથી**

વિચારકતા જ આપણા સ્વભાવમાં સ્થિરતા લાવે છે. સ્થિરતાના સહારે ધીરતા આવે છે. અને ધીરતાના સહારે પ્રસન્નતાના સ્નેહભર્યા સ્વાગત થાય છે.

**પ્રસન્નતા એટલે જગતની બાહ્ય કોઈ પણ ચીજની પ્રાપ્તિ કે અભાવની ઝંખના જ નહિ.**

આત્મામાં આત્મ સ્વભાવે લીન બનવું. બહારનું કંઈ મેળવવું એ જ વિભાવદશા..... પૌદ્ગલિક દશા છે. આત્મામાં આત્મ સ્વભાવે લીન બનવું તે જ સ્વભાવ દશા..... નિજાનંદ અવસ્થા છે.

પુદ્ગલ પ્રીતિ ઘટે નહિ અને આત્મ શક્તિ વિકસે નહિ ત્યાં સુધી પ્રસન્નતા પ્રગટે નહિ.

મહાત્માઓ બાહ્ય અનુભૂતિથી શૂન્ય બની ગયા હોય છે. અંતરના આનંદમાં મસ્ત બની ગયા હોય છે. તેથી જગત્ ની કોઈ પરિસ્થિતિ તેમને રડાવતી નથી. હસાવતી નથી....

અમારા પેલા સ્વભાવના યોગી આનંદઘનજી મહારાજે તો સિદ્ધાચલ શિખર ઉપર યુગાદિ દેવ આદીશ્વર પ્રભુ સમક્ષ અંતરવીણાના તાર છેડ્યા અને આત્માની મસ્તીમાં મહાલતા પરમાત્મ ભક્તિમાં લલકાર્યું.

'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફલ કહ્યું. પૂજા અખંડિત એહ'

સાચે મહાપુરુષ આજના હોય કે લાખો વર્ષ પહેલા થયા હોય પણ તેઓની વાણીમાં..... ઉપદેશમાં કોઈ ફરક ન હોય.....

'મનઃ પ્રસન્નતામેતિ પૂજ્ય માને જિનેશ્વરે' બોલો કે 'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું.' અર્થમાં કોઈ ફેર નહિ. આનંદઘનજી મ. તો ફરમાવે છે વીતરાગની પૂજા કરી. સર્વજ્ઞની પૂજા કરી તો તને અલૌકિક, અપૂર્વ, અદ્વિતીય જ પ્રાપ્ત થાય. આ વિશ્વમાં મનની પ્રસંન્નતા જેવું કંઈ પણ અપૂર્વ નથી. આનંદઘનજી મ.સા. તો હજી આગળ કહે છે. ચિત્ત પ્રસન્નતા એ જ પ્રભુની અખંડ પૂજા. આનંદ ધનજી મ. ગીતાર્થ મૂર્ધન્ય છે. શબ્દ નહિ.... શબ્દાર્થ નહિ પરમ રહસ્યના ઉપાસક છે. અખંડિત પૂજા એટલે જિનાજ્ઞાની અવિરત આરાધના.... જિનાજ્ઞાનો અખંડિત આરાધક એટલે ચિત્ત પ્રસન્ન આત્મા... મનઃ પ્રસન્ન મહાત્મા.....

દેહમાં હોય પણ દેહાતીત હોય.... કર્મમાં હોય પણ કર્મબંધનથી અલગ હોય. માનવલોકમાં, માનવદેહમાં ... માનવોની વચ્ચે પણ સિદ્ધાત્મા સદશ નિર્મળ, ઉજ્જવળ, પવિત્ર. ચિત્ત પ્રસન્નતા એટલે રાગ દ્વેષના વળામણા. રાગદ્વેષના બેસણા રહે જ નહિ.

ચિત્ત પ્રસન્નતાના અનુભવ ગમ્ય છે. શબ્દથી અકથ્ય છે. ચિત્ત પ્રસન્નતાની સાધના માટે સદા માટે જાગૃત બને છે.

સેટેલાઈટ પ્રેરણાતીર્થમાં અમારા વર્તમાન ગુરુદેવના પ્રવચનનો મુખ્ય સૂર આજ રહેલ. આપણે આપણા જીવનનો વ્યવહાર પદ્ધતિ-વિચાર એ જ રીતે કેળવવા જોઈએ આપણી પ્રસન્નતાની સાધનામાં

ક્યાંય સ્ખલના ન થવી જોઇએ. ક્ષણે ક્ષણે જાગૃત રહો. જગતના કોઈ પણ વ્યવહારમાં કોઈ પણ આદાન - પ્રદાનમાં પ્રસન્નતા જળવાઈ રહેવી જોઈએ. દુઃખી ના થવું જોઇએ. દુઃખ એ મનઃ સ્થિતિ છે. પણ હકીકત નથી. હકીકતતો પ્રસન્નતા છે. પ્રભુની આજ્ઞાનુ આરાધન, પ્રભુની ઉપાસના રાગ - દ્વેષ હરાવે..... રાગ દ્વેષ વગરની આનંદની અનુભૂતિ તે પ્રસન્નતા. પ્રભુની પૂજા એટલે આજ્ઞાની આરાધના......

આજ્ઞાની આરાધના એટલે ચિત્ત પ્રસન્નતા..... મનઃ પ્રસન્નતા આ સત્યને હૃદયમાં શાશ્વત્ સ્થાપિત કરે. સમ્યક્ત્વ પ્રાપ્તિની રેખા ચિત્ત પ્રસન્નતા છે.

ઓ મારા ગુરુવર ! મેં આપના વિવિધ પ્રસંગે દર્શન કર્યા છે. આપની પ્રસન્ન મુખમુદ્રા એ જ મારું આકર્ષણ કેન્દ્ર છે. હું પણ ચિત્ત પ્રસન્નતા પ્રાપ્ત કરૂં એજ મારો ઉદ્યમ પુરુષાર્થ, રહે તેવા આશીર્વાદની ઝંખનાએ......

★ ★ ★ ★ ★



પૂ. દાદા ગુરુદેવ શ્રી લબ્ધિસૂરીશ્વરજી મ.સા.

જિનકી લબ્ધિ સે વિકસિત હૈ
ભારત કા યહ દેશ હમારા
લબ્ધિસૂરીશ્વરજી ગુરુવાર પ્યારા
વંદન ઉનકો કોટિ હમારા






















DHARNIDHAR - 6631074